
# શ્રીમદ્‌ની સિદ્ધપદ ભાવના
## (અપૂર્વ અવસર)

સરયુ રજની મહેતા

# શ્રીમદ્‌ની સિદ્ધપદ ભાવના

## (અપૂર્વ અવસર)



શ્રીમદ્ રાજચંદ્ર

# શ્રીમદ્‌ની સિદ્ધપદ ભાવના

# (અપૂર્વ અવસર)

સરયુ રજની મહેતા

પ્રકાશક
શ્રેયસ પ્રચારક સભા
મોરબી હાઉસ, ડો. સુંદરલાલ બહલ પથ, મુંબઈ ૪૦૦ ૦૩૮.

| | | |
|---|---|---|
| પ્રકાશક | : | શ્રેયસ પ્રચારક સભા વતી<br>શ્રી જે. બી. મોદી<br>મોરબી હાઉસ, ડો. સુંદરલાલ બહલ પથ, મુંબઈ 400038.<br>અને<br>વકીલ્સ, ફેફર એન્ડ સાયમન્સ પ્રા. લી. વતી<br>શ્રી અરુણ કે. મહેતા<br>ઈન્ડસ્ટ્રી મેનોર, અપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ 400 025. |
| મુદ્રક | : | વકીલ એન્ડ સન્સ પ્રા. લી. વતી<br>શ્રી અરુણ કે. મહેતા<br>ઈન્ડસ્ટ્રી મેનોર, અપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ 400 025. |
| ISBN No. | : | 978-81-8462-046-7 |
| બીજી આવૃત્તિ | : | ઈ. સ. 2011 પ્રત : 2000 |
| કિંમત | : | રૂા. ૩૦/- |


**પ્રાપ્તિસ્થાન :**

શ્રેયસ પ્રચારક સભા
મોરબી હાઉસ, 3rd ફ્લોર,
ડો. સુંદરલાલ બહલ પથ,
મુંબઈ 400 038
ફોન : 91-22-2261 5587

ડો. નિમુબેન ઝવેરી
સનફ્લાવર, 4th ફ્લોર,
રાજાવાડી પાસે, ઘાટકોપર,
મુંબઈ 400 077.
ફોન : 91-22-21023461

Shree Chandubhai S. Parekh
(50-51) Guide Bldg., 13th Floor,
L. D. Ruparel Marg,
Off. Nepean Sea Road,
Mumbai 400006
Ph: 91-22-23697288/23625806

Hareshbhai C. Sheth
37C Galaxy Towers,
7002 Boulevard East,
Guttenberg, NJ 07093. USA
Tel: (732) 422-8385
Cell: (609) 510-8760

શ્રી યોગેશ જૈન
સત્યોગ, સ્વામી વિવેકાનન્દ રોડ,
રામકૃષ્ણ નગર,
રાજકોટ 360001
ફોન : 91-281-2466320 મોબાઈલ : 9825210210

શ્રી દિલિપભાઈ જે. સંઘવી
૫૦-બી સ્થાનકવાસી જૈન સોસાયટી,
નારણપુરા રોડ,
અમદાવાદ - 380013
ફોન : 91-079-27552957; 079-27552256

Shri Jayesh J. Doshi
3-4, Mihir Park Society,
Old Padra Road,
Vadodara 390020
Ph: 91-265-2340850

Anurag H. Thakor
6885 Baird Dr.
Plano, TX 75024. USA
(H): 972-491-7551
(C): 469-644-8965

E-mail : inquiry@shrikevaliprabhunosaath.org

# અનુક્રમણિકા

પાન ક્રમાંક

**પ્રાક્કથન** ............................................................ vii


**પ્રકરણ ૧:** શ્રીમદ્‌ની જીવનસિદ્ધિમાંથી પ્રકરણ ૬ – અપૂર્વ અવસર ... **૧**

**પ્રકરણ ૨:** શ્રી કેવળીપ્રભુનો સાથ (ભાગ ૫) – પ્રકરણ ૧૮માંથી અપૂર્વ અવસર ........................................... **૧૦૧**

**પરિશિષ્ટ ૧** – શ્રી કેવળીપ્રભુનો સાથ (ભાગ ૪) – પ્રકરણ ૧૫માંથી અપૂર્વ અવસરની કડી – ૨૦ ............................ **૧૩૩**

**પરિશિષ્ટ ૨** – શ્રી કેવળીપ્રભુનો સાથ (ભાગ ૪) – પ્રકરણ ૧૫માંથી અપૂર્વ અવસરની કડી – ૨૧ ............................ **૧૩૭**

**પરિશિષ્ટ ૩** – શ્રી કેવળીપ્રભુનો સાથ (ભાગ ૪) – પ્રકરણ ૧૭માંથી અપૂર્વ અવસરની કડી – ૨૧ ............................ **૧૪૨**



શ્રી મહાવીર વર્ધમાન સ્વામી

## અર્પણ

જેમના સાનિધ્ય અને માર્ગદર્શનથી આવી અપૂર્વ રચના શ્રી રાજપ્રભુ તેમની ૨૯ વર્ષની લઘુવયે કરી શક્યા તે શ્રી મહાવીરસ્વામી અને શ્રી સિમંધરસ્વામીનો તેમના પરનો ઉપકાર અનન્ય છે. તેમના પ્રતિની ઉત્તમ ભક્તિના કારણે જ શ્રી રાજપ્રભુ મોક્ષમાર્ગમાં આગળ વધવા અતિ ઉપકારી એવા પુરુષાર્થનું ક્રમિક વર્ણન કરી શક્યા છે. તેમના આ પુરુષાર્થને આત્મસાત કરવા આ માર્ગના ઉત્તમ પ્રણેતા એવા સર્વ તીર્થંકર પ્રભુને આ રચના અર્પણ કરું છું.

ૐ

# પ્રાક્કથન

ઈ.સ. ૧૯૬૩ થી ૧૯૬૫ ની સાલમાં મેં શ્રીમદ્ રાજચંદ્રનાં જીવન તથા કવનનો પીએચ.ડી. ની ડીગ્રી માટે અભ્યાસ કર્યો હતો. જે ઈ.સ. ૧૯૬૮ માં 'શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ' નામે પ્રગટ થયેલ. તેમાંનું અપૂર્વ અવસર પરનું પ્રકરણ લોકોની માંગણીને લીધે "સિદ્ધપદ ભાવના" એ શીર્ષક નીચે પ્રગટ કર્યું હતું. અને તેને જનસમૂહની ચાહના સારી રીતે પ્રાપ્ત થઈ હતી. અને વારંવાર તેનું પુનર્મુદ્રણ થયું હતું.

તે પછી "શ્રી કેવળીપ્રભુનો સાથ" ના એક થી પાંચ ભાગનું લખાણ કરતી વખતે અવારનવાર 'અપૂર્વ અવસરની' કડીઓનાં છૂટા છવાયાં રહસ્યો મળ્યાં, અને તે મોટા ગ્રંથનાં પ્રકરણોમાં મૂકાયાં પણ ખરાં. હવે જ્યારે 'સિદ્ધપદ ભાવના' ફરીથી છાપવાની જરૂરત ઊભી થઇ છે ત્યારે "શ્રી કેવળીપ્રભુનો સાથ" ના ભાગોમાં આવેલું 'અપૂર્વ અવસર' વિશેનું વિશેષ લખાણ આ પુસ્તકમાં સમાવી દેવાનો વિચાર આવ્યો છે, કે જેથી મળેલાં રહસ્યો એકી સાથે જાણવાનો અવકાશ વાચકને પ્રાપ્ત થાય, આશા છે કે સુજ્ઞ વાચકગણ આ ફેરફારને આવકારશે.

આ પુસ્તકના પ્રકાશનકાર્યમાં જે બધાનો ભાવભર્યો ઉમળકાસહિતનો સાથ મળ્યો છે, તે સહુનો હૃદયથી આભાર માનું છું. અને ભાવિમાં પણ જરૂરત પડયે આવો જ સહકાર સહુ આપતા રહે એવી પ્રાર્થના શ્રીપ્રભુને કરી, વિરમુ છું.

ૐ શાંતિ:

મુંબઈ મોક્ષાભિલાષી

તા. ૫-૮-૨૦૧૧, શુક્રવાર **સરયુ રજની મહેતા.**

હે પ્રભુ! આપનું આત્મબળ એવું ખીલ્યું છે કે એને અંદર સમાવવાના તમારા ભાવ હોવા છતાં તે તેજ તમારી મુખમુદ્રા ઉપર સૂર્યની જેમ ખીલે છે, તે તેજનું દર્શન થવાથી અમને અતિ સુખની લાગણી થાય છે. એ તેજ એવું અદ્ભુત છે કે જગતનાં ત્રણે લોકનાં સર્વ તેજરૂપી પદાર્થને ઝાંખા પાડી દે છે. તેનું કારણ એ સમજાય છે કે આ તેજ સ્વમાંથી ઉત્પન્ન થાય છે અને સ્વમાં શમાય છે. એનાં આદિ તથા અંત પોતામાં જ છે. હે વિભુ! તમે જે પુરુષાર્થથી આ તેજને ખીલવ્યું છે, તે પુરુષાર્થને અને તે તેજને હું વંદન કરું છું, જેથી મારા આત્માને એ સુખનો અનુભવ થાય. એ તેજનો મને અનુભવ થાય એવા આર્શીવાદ માંગી વંદન કરું છું.

– ૐ શાંતિઃ

# પ્રકરણ ૧

# શ્રીમદ્‌ની જીવનસિદ્ધિમાંથી પ્રકરણ ૬ – અપૂર્વ અવસર

શ્રીમદ્ રચિત "અપૂર્વ અવસર" નામનું કાવ્ય સૌપ્રથમ "પરમશ્રુત પ્રભાવક મંડળ" તરફથી વિ.સં. ૧૯૬૧માં પ્રકાશિત થયેલું. "શ્રીમદ્ રાજચંદ્ર"ની પહેલી આવૃત્તિમાં તે કાવ્ય નીચે દર્શાવેલી નોંધ સાથે પ્રગટ થયું હતું :

> "શ્રીમદ્‌નો આ ગુણસ્થાનક્રમ લખાયાનો સમય નિસંશયપણે થઈ શકતો નથી. આ પરત્વે જે કંઈ નિર્ણય અમે કરી શક્યા છીએ તે એ છે કે, વિ.સં. ૧૯૫૨ થી ૧૯૫૬ સુધીના કોઈ વર્ષમાં શ્રી વવાણિયા શ્રેત્રે તે લખાયેલ છે. – સંશોધક." – શ્રીમદ્ રાજચંદ્ર, અપૂર્વ અવસરની પાદનોંધ.

વિ.સં. ૧૯૭૦ માં પ્રગટ થયેલી, "શ્રીમદ્ રાજચંદ્ર" ની બીજી આવૃત્તિમાં પણ શ્રી મનસુખભાઈ રવજીભાઈએ "અપૂર્વ અવસર" ના રચનાસમય વિશે ઉપર પ્રમાણેની જ નોંધ આપી છે. (શ્રીમદ્ રાજચંદ્ર, અપૂર્વ અવસરની પાદનોંધ, પૃ. ૫૧૪). વિ.સં. ૧૯૯૨માં પ્રગટ થયેલી તથા શ્રી હેમચંદ ટોકરશી મહેતા સંપાદિત "શ્રીમદ્ રાજચંદ્ર" ની પાંચમી આવૃત્તિમાં આ કાવ્યના રચનાસમય વિશે નિર્ણયાત્મક નોંધ જોવા મળે છે. તે નોંધ આ પ્રમાણે છે :

> "આ 'અપૂર્વ અવસર' વિ.સં. ૧૯૫૨ના માગશર માસ આસપાસમાં શ્રીમદ્‌ની સ્થિતિ વવાણિયામાં હતી ત્યારે સવારે ઉઠતાં વેંત જ માતુશ્રીના ખાટલા ઉપર બેસીને લખ્યો હતો. જે વખતે ચીનાઈ કાગળ, ખડિયો અને કલમ આ સેવકે લાવી આપ્યાં હતાં, તે વખતે કાગળમાં ફક્ત પહેલું પદ જ લખેલું હતું. – સંશોધક." – શ્રીમદ્ રાજચંદ્ર, અપૂર્વ અવસરની પાદનોંધ, પૃ. ૩૦.

"શ્રીમદ્ રાજચંદ્ર" ની પાંચમી આવૃત્તિમાં આપેલી આ નોંધ તથા આગળની આવૃત્તિઓમાં આપેલી નોંધ જોતાં એટલું સમજાય છે કે શ્રીમદે આ કાવ્ય વવાણિયા ક્ષેત્રે વિ.સં. ૧૯૫૨ પછી રચ્યું હતું. પણ શ્રી હેમચંદભાઈએ આપેલો વિ.સં. ૧૯૫૨ના માગશર માસનો સમય સ્વીકારતાં થોડી મુશ્કેલી ઊભી થાય છે. આ અરસામાં શ્રીમદ્ દ્વારા લખાયેલા પત્રો જોતાં જણાય છે કે તે સમયે શ્રીમદ્‌ની સ્થિતિ મુંબઈમાં હતી અને વિ.સં. ૧૯૫૩ના માગશર માસમાં તેમની સ્થિતિ વવાણિયામાં હતી. આથી એવું અનુમાન થાય છે કે સંશોધકની શરતચૂકથી સાલ કે સ્થળ ખોટું લખાઈ ગયું હશે. વળી, તે પછીથી વિ.સ. ૨૦૦૭માં "શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ" તરફથી પ્રગટ થયેલી "શ્રીમદ્ રાજચંદ્ર" ની પહેલી આવૃત્તિ (પૃ. ૫૬૩)માં તથા ૨૦૨૦ની બીજી આવૃત્તિમાં આ કાવ્યના રચનાસમય અંગે "આ કાવ્યનો નિર્ણીત સમય મળતો નથી" એવી નોંધ સાથે તે વિ.સં. ૧૯૫૩ની સાલમાં રચાયેલું ગણી મૂકવામાં આવ્યું છે. આ બધા પરથી આ કાવ્ય વિ.સં. ૧૯૫૩ના માગશર માસમાં વવાણિયા ક્ષેત્રે રચાયું હોય તેવો સંભવ વિશેષ લાગે છે, કારણ કે સ્થળ કરતાં સાલમાં શરતચૂક થવાનો સંભવ વિશેષ રહે છે. એટલે બીજી કોઈ આધારભૂત માહિતી ન મળે ત્યાં સુધી આ કાવ્યનો રચનાસમય વિ.સં. ૧૯૫૩ના માગશર માસનો ગણવો બરાબર લાગે છે.

અનેક જાતની સંસારિક સુખ-સગવડ હોવા છતાં જીવ શાંતિ પામતો નથી, તેમ બનતું સંસારમાં અનેક વખત જોવા મળે છે. તે પરથી સમજાય છે કે બાહ્ય સાધનો નિરંતર સુખ આપી શકતાં નથી; અંતમાં દુઃખ આપે છે. તેથી આત્મસાધકોએ સાચું સુખ અંતરમાં જ વસે છે, એવો નિર્ણય કર્યો છે. અમુક જાતનો આધ્યાત્મિક અધિકાર મેળવવાથી જીવ સાચું શાશ્વત સુખ મેળવી શકે છે. આ અધિકાર મેળવવા જીવે ક્યા પ્રકારનો આધ્યાત્મિક વિકાસ સાધવો જોઈએ તે વિશેનો પોતાનો આદર્શ શ્રીમદે ૨૧ ગાથા કે કડીના આ કાવ્યમાં આપ્યો છે.

આધ્યાત્મિક રીતે જીવને પોતાનાં લક્ષસ્થાન-મોક્ષ સુધી પહોંચવાનો વિકાસક્રમ શ્રીમદે જૈન આગમોની પરિપાટી અનુસાર દર્શાવ્યો છે. જૈનધર્મમાં જીવની નીચામાં નીચી ભૂમિકા મિથ્યાત્વથી શરૂ કરી ઊંચામાં ઊંચી ભૂમિકા સિદ્ધપદ સુધીની દશાના જીવની યોગ્યતા પ્રમાણે ૧૪ વિભાગ પાડેલા છે. તે પ્રત્યેકને ગુણસ્થાન કહેવામાં આવે છે. આ કાવ્યમાં ૪થા ગુણસ્થાનથી શરૂ કરી ૧૪મા ગુણસ્થાને વર્તતા જીવની સ્થિતિનું વર્ણન કરવામાં આવ્યું છે. પ્રસંગોપાત્ત પોતાની આધ્યાત્મિક સ્થિતિનો તેમ જ અભિલાષાનો ખ્યાલ પણ શ્રીમદે આ કાવ્યમાં આપ્યો છે. તેથી આ કાવ્ય શ્રીમદ્‌ના જીવન-કવનના તેમ જ આત્મિક વિકાસના અભ્યાસમાં ઘણું અગત્યનું બની રહે છે.

૨૧ કડીના આ નાના કાવ્યની ઉત્તમ ગુણવત્તાથી આકર્ષાઈને મુનિશ્રી જયવિજયજી, મુનિશ્રી કાનજીસ્વામીજી, મુનિશ્રી સંતબાલજી તથા નગીનદાસ શેઠ જેવા વિદ્વાનો આ કાવ્યની વિસ્તૃત સમજણ આપતાં પુસ્તકો લખવા પ્રેરાયા છે.

“અપૂર્વ અવસર” પર મુનિ જયવિજયજીએ સૌપ્રથમ વિવેચનપૂર્ણ પુસ્તક લખ્યું છે. “શ્રી ગુણસ્થાન ક્રમારોહણ અથવા શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? એ પદ પર વિવેચન” એ નામનું તેમનું પુસ્તક વિ. સં. ૧૯૭૮માં પ્રકાશિત થયું હતું. તેમાં મુનિશ્રીએ પ્રત્યેક કડીનો ભાવ, વિશેષાર્થ વગેરે વિસ્તારથી સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. આ કાવ્યમાં જીવનો ચોથાથી ચૌદમા ગુણસ્થાન સુધીનો વિકાસક્રમ શ્રીમદે બતાવ્યો છે, અને જીવ કેવા ક્રમથી એક એક ગુણસ્થાન ચડતો જાય છે તે બતાવ્યું છે, તેથી મુનિશ્રીએ આ કાવ્યને “શ્રી ગુણસ્થાન ક્રમારોહણ” જેવા સાર્થક નામથી ઓળખાવ્યું છે.

તે પછી વિ.સં. ૧૯૯૬-૯૭ આસપાસ પૂ. કાનજીસ્વામીનાં “અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? કાવ્ય પરનાં પ્રવચનો”ની પહેલી આવૃત્તિ પ્રગટ થઈ હતી. તે જ પ્રવચનોની બીજી આવૃત્તિ વિ.સં. ૨૦૧૩માં પ્રગટ થઈ. વિ.સં. ૧૯૯૫માં – ઈ.સ. ૧૯૩૯માં – રાજકોટ મુકામે સાત દિવસ સુધી કાનજીસ્વામીએ

"અપૂર્વ અવસર" કાવ્ય પર પ્રવચનો આપ્યાં હતાં. તે પુસ્તકાકારે પ્રગટ થયેલ છે. આમ આ પુસ્તક પ્રવચનોનું સંકલન હોવાને લીધે તેની ભાષા વાતચીતના પ્રકારની છે, તેમ જ તેમાંના મુદ્દાઓ પણ ક્રમસર નથી. વળી, કેટલીક જગ્યાએ એમાં પુનરુક્તિ પણ જોવા મળે છે. આમ છતાં આ કાવ્યની ગુણવત્તા અને મહત્તા બતાવવાનો સ્તુત્ય પ્રયત્ન અહીં જોવા મળે છે.

આ બે પુસ્તક પછી પૂ. મુનિશ્રી સંતબાલજીનું "સિદ્ધિનાં સોપાન" નામનું "અપૂર્વ અવસર" પરનું વિવેચનનું પુસ્તક વિ.સં. ૨૦૦૭માં – ઈ.સ. ૧૯૫૧માં – પ્રગટ થયું. આ પુસ્તકમાં આ કાવ્યનો ગંભીર આશય સમજાવવા ઉપરાંત સાધક પોતાનું દીનત્વ પ્રભુ પાસે કબૂલતો હોય તેવી જાતની કલ્પના કરીને આ કાવ્યનો વિશેષાર્થ સમજાવ્યો છે. આ કાવ્યમાં ૧૪મા ગુણસ્થાનની પ્રાપ્તિ – સિદ્ધપદની પ્રાપ્તિ સુધીનો ક્રમ બતાવાયો છે. તેને લક્ષમાં લઈને મુનિશ્રીએ યોગ્ય રીતે "સિદ્ધિનાં સોપાન" એવું નામ આ કાવ્યને આપ્યું છે.

આ બધાં પુસ્તકોના વિશિષ્ટ ગુણોને લક્ષમાં લીધા પછી, આ આખું કાવ્ય વધુ વિસ્તારથી તથા ઝીણવટથી સમજાવવાનો પ્રયત્ન શ્રી નગીનદાસ ગિરધરલાલ શેઠે તેમના "પરમપદ પ્રાપ્તિની ભાવના" નામના "અપૂર્વ અવસર" પરના વિવેચનના પુસ્તકમાં કર્યો છે. ગુણસ્થાન-ક્રમારોહણ બતાવવાની સાથે આ કાવ્યમાં શ્રીમદે કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની અભિલાષા વ્યક્ત કરી છે. આ કાવ્યની છેલ્લી ગાથાની પહેલી પંક્તિ "એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં" ઉપરથી શ્રી શેઠે આખા કાવ્યનો સાર જણાવતું "પરમપદ પ્રાપ્તિની ભાવના" એવું શિર્ષક યોજ્યું જણાય છે.

આમ "અપૂર્વ અવસર" એ કાવ્ય પર ચાર વિદ્વાનોએ સ્વતંત્ર પુસ્તકો વિવેચનરૂપે આપેલાં છે. આ કાવ્યનો ભાવાર્થ કે ટૂંકામાં સમજણ આપવાનો પ્રયત્ન તો બીજી કેટલીક વ્યક્તિઓએ પણ કર્યો છે. સર્વ વિવેચકો આ કાવ્યની ઉત્તમતા માટે એકમત થાય છે, તે જ તેની મહત્તાનું પ્રમાણ છે.

જૈન આગમોની પરિપાટી અનુસાર શ્રીમદે આ કાવ્યમાં કરેલી ગુણસ્થાનવર્તી જીવની કક્ષાની ગોઠવણી વિશે મુનિશ્રી સંતબાલજી તેમનાં "સિદ્ધિનાં સોપાન" નામના પુસ્તકની પ્રસ્તાવનામાં લખે છે કે :

> "પણ એ વર્ગીકરણ અને ગોઠવણ એવાં તો ઉત્તમ અને સફળ થયાં છે કે આગ્રાનો તાજમહેલ જેમ શિલ્પદુનિયાનો અદ્‌ભુત કળાનમૂનો છે, તેમ આ, ગીતા જેવા સર્વમાન્ય ગ્રંથની હરોળમાં આવે એવો આધ્યાત્મિક જગતના આલેશાન મંદિરનો કળાનમૂનો છે, એમ મને લાગ્યું છે. ગીતાની આસપાસ જેમ આખું આધ્યાત્મિક જગત છે, તેમ આની આસપાસ આધ્યાત્મિક જગતમાંથી કાઢી આપેલો કેવળ મલીદો છે. એ પચાવવા માટે અમૂક ભૂમિકા જોઈએ. પણ જેને પચે એનો બેડો પાર."
> – સિદ્ધિનાં સોપાન, પૃ. ૬.

૨૧ કડીના આ કાવ્યના પૂર્વ અને ઉત્તર એમ બે વિભાગ પાડી શકાય. પૂર્વ ભાગ ૧૨ કડીનો અને ઉત્તર ભાગ ૯ કડીનો. પહેલા ભાગમાં નિર્ગ્રંથ થવાની ભાવના, નિર્ગ્રંથનાં લક્ષણો, સમ્યગ્‌દર્શન અને નિર્ગ્રંથનાં આત્મચારિત્રનું વર્ણન આપેલું છે. ઉત્તર વિભાગમાં ક્ષપકશ્રેણિ, કેવળજ્ઞાન અને મોક્ષનું વર્ણન આપેલું છે. આ કાવ્યમાં ચોથાથી ચૌદમા ગુણસ્થાનનો સમાવેશ કરેલો છે.

આ વર્ણન તેમણે એવી સુંદર રીતે કર્યું છે કે તે સમજવા માટે, આગળ જોયું તેમ, ભૂમિકાની જરૂર છે અને એ સમજાવવા માટે તો એથી પણ ઉન્નત ભૂમિકા જોઈએ. આ ભૂમિકા કોને હોય તે બતાવતાં મુનિશ્રી જયવિજયજી "શ્રીગુણસ્થાન ક્રમારોહણ"ની પ્રસ્તાવનામાં યોગ્ય જ લખે છે કે :

> "આ પદ જો કે ગુજરાતી ભાષામાં લખાયું છે, અને તેથી શબ્દાર્થની સરલતા બહુ દેખાશે, પણ તે પદમાં જૈનદર્શનનો આદર્શ માર્ગ જણાવ્યો હોવાથી જિજ્ઞાસુ દશાથી લઈ પરમ પદ – મોક્ષની પ્રાપ્તિ સુધીનો અદ્‌ભુત

અને પરમ તત્ત્વરહસ્યમય ગુણસ્થાન ક્રમારોહણ હોવાથી તથા આધ્યાત્મિક માર્ગના અતિ ગૂઢ તત્ત્વો અને અલૌકિક રહસ્યોથી ભરપૂર હોવાથી, તે પદનો વાસ્તવિક રહસ્યાર્થ દર્શાવવાને તો મહાન યોગી આનંદઘનજી મહારાજ જણાવે છે. તેમ 'અબધુ સો જોગી ગુરુ મેરા, ઈન પદ કો કરે નિવેરા' ની માફક અસાધારણ જ્ઞાની હોય તે જ દર્શાવી શકે તેમ છે."
— ગુણસ્થાન ક્રમારોહણ, આવૃત્તિ ૧, પૃ. ૫.

તત્ત્વજ્ઞાનથી ભરપૂર આ કાવ્ય જૈનધર્મના તથા અન્ય ધર્મના અનુયાયીયોમાં પણ ઘણું પ્રસિદ્ધ છે, અને તે ઘણે ઠેકાણે પ્રાર્થનામાં પણ બોલાય છે. પૂ. ગાંધીજીને પણ આ કાવ્ય એટલું પ્રિય હતું કે તેમણે તેને "આશ્રમ ભજનાવલિ" માં સ્થાન આપ્યું હતું. શ્રીમદ્‌નો વિરોધ કરનારાઓ તરફથી પણ આ કાવ્યની તો પ્રશંસા જ થઈ છે, તે તેનું ઉચ્ચત્વ સાબિત કરે છે. મુનિશ્રી હર્ષચંદ્રજી, કે જેમણે "શ્રીમદ્ રાજચંદ્ર વિચાર નિરીક્ષણ"માં શ્રીમદ્‌નાં ઘણાં ઘણાં મંતવ્યોનો સાચો કે ખોટો વિરોધ દર્શાવ્યો છે, તેમણે પણ આ વિશે નીચે પ્રમાણેનો પ્રશંસાપૂર્ણ અભિપ્રાય આપ્યો છે :

"અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? એ કવિતા ઘણી રસિક છે, તેમાં રાગ અને તાલનો મેળ છે અને બરાબર વાંચતાં કોઈ પણને હૃદય ઉપર સારી અસર કરે તેવી છે. આ કવિતા જ્યારે શ્રીમદે લખી હશે ત્યારે તેઓ ઘણા ઉચ્ચ વિચારમાં ડૂબી ગયા હશે, એમાં સંશય નથી. કવિતાની કડીઓ એક પછી એક વાંચતાં એમ અનુભવ થાય છે કે જાણે જીવ પોતાના સ્થાનકના સોપાન પર ચઢતો હોય, તે પદ્ધતિએ તે કવિતા તેઓએ રચી છે. આ કવિતામાં તેઓએ આત્મસ્વભાવ જીવસ્થાનકક્રમ ને મોહનીય પ્રકૃતિનાં ક્રમવાર વિલયનાં યથાતથ્ય સ્વરૂપો બતાવ્યાં છે. મન, વચન ને કાયાના સંબંધની વર્ગણા છૂટે, આત્મા સ્વસ્વરૂપમાં આવે એવી દશાનું ક્રમવાર તેઓએ વર્ણન ત્યાં કર્યું છે."
– શ્રીમદ્ રાજચંદ્ર વિચાર નિરીક્ષણ, આવૃત્તિ ૨, પૃ. ૧૮૧.

૨૯ વર્ષની યુવાન વયે ઉચ્ચ આધ્યાત્મિક કક્ષાનું આ કાવ્ય રચનાર શ્રીમદ્‌ની અંતરંગ સ્થિતિ કેટલી ઉચ્ચ હશે તેનો ખ્યાલ આપણને અહીં આવે છે. એક જ બેઠકે અપૂર્વ ગણાય તેવું કાવ્ય રચનાર શ્રીમદ્ ગૃહસ્થાવસ્થામાં હોવા છતાં કેવી ઉચ્ચ કક્ષાએ વિરાજતા હશે કે ઠેઠ સિદ્ધ સુધીની દશાનો તેઓ યથાતથ્ય ખ્યાલ આ કાવ્યમાં આપી શક્યા છે!

## ચૌદ ગુણસ્થાનકો

આ કાવ્યની સમજણ પામવા માટે જૈનધર્મની ગુણસ્થાનક વિશેની તત્ત્વવિચારણાની સમજ હોવી આવશ્યક બને છે. ૧૪ ગુણસ્થાનનાં નામ આ પ્રમાણે છે :

૧. મિથ્યાત્વ,
૨. સાસ્વાદન,
૩. મિશ્ર, મિથ્યાત્વ સમ્યક્ત્વ,
૪. અવિરતિ સમ્યગ્દૃષ્ટિ,
૫. દેશવિરતિ સમ્યગ્દૃષ્ટિ,
૬. પ્રમત્તસંયત,
૭. અપ્રમતસંયત,
૮. અપૂર્વકરણ,
૯. અનિવૃત્તિ-બાદર,
૧૦. સૂક્ષ્મસંપરાય,
૧૧. ઉપશાંતમોહ,
૧૨. ક્ષીણમોહ,
૧૩. સયોગી કેવળી અને
૧૪. અયોગી કેવળી.

ગુણ એટલે આત્માની જ્ઞાન, દર્શન, વીર્ય આદિ શક્તિઓ, અને સ્થાન એટલે તે શક્તિઓની તરતમ ભાવવાળી અવસ્થા. આત્મા પર રહેલાં કર્મનાં પડલ જેમ જેમ દૂર થતાં જાય છે તેમ તેમ તેના ગુણનો વિકાસ થતો જાય છે અને જીવ એક પછી એક ગુણસ્થાન ચડતો જાય છે. એ ગુણસ્થાનો વિશેની પારિભાષિક ટૂંકી સમજણ આ પ્રમાણે છે :

૧. **મિથ્યાત્વ** – આ ગુણસ્થાને વર્તતા જીવમાં દર્શન મોહનીય અને અનુંતાનુબંધી કષાયની પ્રબળતા હોવાને લીધે તેને આત્મા તરફ રુચિ

થતી જ નથી. તેને વીતરાગવાણીમાં શ્રદ્ધા હોતી નથી. મિથ્યાત્વી ત્રણ પ્રકારના છે : (૧) અભવ્ય – જેના મિથ્યાત્વને આદિ કે અંત નથી. (૨) ભવ્ય – જેના મિથ્યાત્વને આદિ નથી પણ અંત છે. (૩) પડવાઈ – જે જીવ સમકિત પ્રાપ્ત કર્યા પછી પતન પામ્યો છે.

૨. **સાસ્વાદન** – સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા પછી પતન પામતો જીવ પહેલે ગુણસ્થાને જતાં પહેલાં અહીં જરા વાર અટકે છે, અને તત્ત્વરુચિના સ્વલ્પ આસ્વાદવાળી ભૂમિકા પ્રાપ્ત કરે છે, તે સાસ્વાદન ગુણસ્થાન. ચડતી વખતે જીવ પહેલેથી ત્રીજે ગુણસ્થાને જાય છે.

૩. **મિશ્ર** – મિથ્યાત્વમાંથી નીકળી સમ્યગ્દર્શન પામતાં પહેલાં જે મનોમંથનવાળી ભૂમિકા જીવને પ્રાપ્ત થાય છે તે મિશ્ર ગુણસ્થાન.

૪. **અવિરતિ સમ્યગ્દષ્ટિ** – આત્મા અસંદિગ્ધપણે સત્યદર્શન, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે તે. અહીં આત્મા પહેલવહેલો આધ્યાત્મિક શાંતિ અનુભવે છે. અહીં અનંતાનુબંધી કષાયની ચોકડીનો વેગ નથી રહેતો, પણ ચારિત્રશક્તિને રોકનાર સંસ્કારોનો વેગ રહે છે, તેથી વિરતિ-ત્યાગવૃત્તિ ઉદય પામતી નથી. આ ગુણસ્થાને જીવ વ્રત, પચ્ચખાણ આદિ જાણે ખરો, પણ પૂર્વકર્મના ઉદયે પાળી ન શકે.

૫. **દેશવિરતિ સમ્યગ્દષ્ટિ** – અહીં અલ્પાંશે વિરતિ ઉત્પન્ન થાય છે, તેથી દેશવિરતિ કહેવાય છે. એક પચ્ચખાણથી માંડીને બાર વ્રત અને શ્રાવકની ૧૧ પ્રતિમા સુધીમાંનું જેટલું પાળી શકે તેટલું આદરે. અહીં ઈચ્છા અલ્પ હોય. તે જીવ અલ્પારંભી, અલ્પપરિગ્રહી, સુશીલ, ધર્મિષ્ઠ, ઉદાસીન, વૈરાગ્યવંત હોય.

૬. **પ્રમત્તસંયત** – વૈરાગ્યમાં જીવ વધુ દઢ બનતાં સર્વવિરતિ ગ્રહણ કરે છે. તેની ત્યાગવૃત્તિ ઉદય પામે છે. તેને પૂર્વાધ્યાસથી થતી ભૂલોનો પશ્ચાત્તાપ થાય છે. અહીં સાધક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને

ભાવથી નવ તત્ત્વને જાણે છે, ૧૭ ભેદે સંયમ પાળે છે, ૧૨ ભેદે તપશ્ચર્યા કરે છે. પણ અપ્રમાદી રહેવાની ઇચ્છા છતાં ક્યારેક તેને પ્રમાદ આવતો હોવાથી આ ભૂમિકાને 'પ્રમત્તસંયત ગુણસ્થાન' કહેવાય છે.

૭. **અપ્રમત્તસંયત** – અહીં જીવ પ્રમાદનો ત્યાગ કરે છે. બીજી બાજુ પૂર્વવાસનાઓ પોતા તરફ ખેંચે છે, તેથી જીવ છઠ્ઠા અને સાતમા ગુણસ્થાન વચ્ચે ઝોલાં ખાયા કરે છે.

૮. **અપૂર્વકરણ** – આમાં પૂર્વે કદી નહીં અનુભવેલો એવો આત્મશુદ્ધિનો અનુભવ થાય છે. સાધક બાદર કષાયથી નિવર્ત્યો છે. આ ગુણસ્થાને સ્પષ્ટ બે શ્રેણિ પડી જાય છેઃ ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિ. આઠમાથી બારમા ગુણસ્થાન સુધીની ભૂમિકા ફક્ત એકાગ્ર ચિત્તની વિચારધારા નિરૂપે છે, તેથી તેની સ્થિતિ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની હોય છે. અને બારમે ગુણસ્થાને ન પહોંચે ત્યાં સુધી સાધકની સાધના ચડતી – પડતી પામ્યા કરે છે.

ઉપશમશ્રેણિવાળો સાધક મોહનીય કર્મની પ્રકૃતિના દળને ઉપશમાવતો (દબાવતો) ક્રમે ક્રમે ૧૧મા ગુણસ્થાન સુધી પહોંચે છે, પણ ત્યાં કર્મનું જોર વધતાં તેનું પતન અવશ્ય થાય છે. ક્યારેક તે પડતાં પડતાં છઠ્ઠે ગુણસ્થાને તો ક્યારેક ચોથે ગુણસ્થાને અટકે છે; તો વળી ક્યારેક તે છેક પહેલે ગુણસ્થાને ઊતરી જાય છે. ત્યાંથી તેને ફરી ચડવાનું રહે છે. ક્ષપકશ્રેણિ માંડતો સાધક મોહનીય કર્મની પ્રકૃતિના દળને મૂળમાંથી ક્ષય કરતો કરતો ૯મે તથા ૧૦મે ગુણસ્થાને થઈ સીધો ૧૨મે ગુણસ્થાને પહોંચે છે. તે વચલા ૧૧મા (ઉપશાંતમોહ) ગુણસ્થાનને સ્પર્શતો જ નથી, તેથી તેના પતનને અવકાશ રહેતો નથી.

૯. **અનિવૃત્તિબાદર** – મોહનીય કર્મના શેષ રહેલા અંશોનો ઉપશમ કે ક્ષય અહીંથી ચાલુ થાય છે. માયા ભાવ અહીં છૂટે છે.

૧૦. **સૂક્ષ્મસંપરાય** – અહીં ૯મા કરતાં વિશુદ્ધ દશા પ્રાપ્ત થાય છે. નિર્મોહીપણું, નિરાભિલાષા, અવિભ્રમ વગેરેનો આ સ્થાનમાં વિકાસ થાય છે.

૧૧. **ઉપશાંતમોહનીય** – ઉપશમશ્રેણિ માંડેલા સાધક માટે જ આ ગુણસ્થાન છે. મોહનીયની બાકી રહેલી સંજ્વલન પ્રકૃતિ અહીં ઉપશાંત થાય છે અને ત્યાંથી આત્માનો વિકાસ અટકે છે અને જીવનું અવશ્ય પતન થવાથી તે નીચેના ગુણસ્થાને ઊતરી જાય છે.

૧૨. **ક્ષીણમોહ** – અહીં દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીયની કુલ ૨૮ પ્રકૃતિઓનો ક્ષય થાય છે, તેથી તે ક્ષીણમોહ ગુણસ્થાન કહેવાય છે. અહીંથી અંતર્મુહૂર્ત જેટલા સમયમાં જીવ કેવળજ્ઞાન પ્રગટાવે છે.

૧૩. **સયોગી કેવળી** – આ ગુણસ્થાને ૪ ઘનઘાતી કર્મ – મોહનીય, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયનો ક્ષય થઈ સર્વજ્ઞપણું પ્રગટે છે. પણ આ ગુણસ્થાનમાં મન, વચન અને કાયાના સૂક્ષ્મ યોગ હોય છે. તેથી તે સયોગી કેવળી કહેવાય છે.

૧૪. **અયોગી કેવળી** – આ ગુણસ્થાને આત્મા મન, વચન અને કાયાના યોગને રૂંધીને બાકીનાં ચાર અઘાતી કર્મોનો પણ ક્ષય કરી, મુક્તિ પામે છે; એક સમયમાત્રમાં ઊર્ધ્વગતિએ સિદ્ધક્ષેત્રે જઈ, જ્ઞાનના ઉપયોગે સિદ્ધ થાય છે. અહીં જીવ યોગરહિત અને કેવળજ્ઞાન સહિત હોય છે, તેથી અયોગી કેવળી કહેવાય છે.

સમકિત થયા પછીથી ક્રમે ક્રમે આગળ વધતાં વધતાં જીવ કેવા ગુણો પ્રગટાવી સિદ્ધ થાય છે તેનો ચિતાર શ્રીમદે આપણને આ કાવ્યમાં આપ્યો છે.

# પૂર્વ વિભાગ

આપણે આગળ જોયું તેમ "અપૂર્વ અવસર" કાવ્યના પૂર્વ અને ઉત્તર એમ બે વિભાગ પાડી શકાય છે; પ્રથમની બાર કડીનો પૂર્વ વિભાગ અને બાકીની નવ કડીનો ઉત્તર વિભાગ. પૂર્વ વિભાગમાં શ્રીમદે નિર્ગ્રંથ થવાની ભાવના, નિર્ગ્રંથનાં લક્ષણો, સમ્યગ્દર્શન અને નિર્ગ્રંથનાં આત્મચારિત્રનું વર્ણન કરેલ છે.

## નિર્ગ્રંથ થવાની ભાવના

કાવ્યનો આરંભ શ્રીમદ્‌ નિર્ગ્રંથ થવાની પોતાની ભાવના વ્યક્ત કરીને કરે છે. કોઈ પણ મુમુક્ષુને જાણે પોતાના હૃદયની ભાવના જ વ્યક્ત થઈ હોય તેવું વાંચતાંની સાથે લાગે તેવી આ કડીની રચના થયેલી છે. જુઓ :

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો? અપૂર્વ ૦ ૧

કાવ્યની પહેલી જ કડીમાં પોતાની નિર્ગ્રંથ થવાની ભાવનાને પ્રશ્નરૂપે શ્રીમદ્‌ રજૂ કરે છે કે જગતના બધાં જ સંબંધો છોડીને, દ્રવ્યથી બાહ્યથી; તેમજ ભાવથી – અંતરથી, સંયમી-નિર્ગ્રંથ થયેલા મહાન પુરુષના માર્ગે, તેમના જેવો જ સંયમી બની, હું ક્યારે જઈશ? આજ સુધી પ્રાપ્ત ન કરેલો એવો "અપૂર્વ અવસર" મને ક્યારે પ્રાપ્ત થશે?

જીવને સંસારમાં જકડી રાખતી રાગદ્વેષની ગાંઠ જેની કપાઈ ગઈ છે તે નિર્ગ્રંથ; અર્થાત્‌ જેના રાગ અને દ્વેષના ભાવ છૂટી ગયા છે તે. મોક્ષની પ્રાપ્તિ માટે નિર્ગ્રંથપણું આવશ્યક છે, તેથી નિર્ગ્રંથ થવાની ભાવના શ્રીમદે પહેલી કડીમાં જ વ્યક્ત કરી છે.

અહીં એ વિચાર આવે છે કે શું આપણે અત્યાર સુધીમાં કોઈ જન્મમાં મુનિપણું નહિ પાળ્યું હોય? શાસ્ત્રકારો કહે છે કે, અત્યાર સુધીમાં અનેક વાર નિર્ગ્રંથપણું ગ્રહણ કર્યું છે, પણ તે માત્ર બહિરાત્મભાવથી એટલે તે સફળ ન થયું.

આત્માના ત્રણ પ્રકાર કહેલા છેઃ બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. બહિરાત્મભાવ એટલે આત્માનો પોતાના સિવાયની અન્ય સર્વ વસ્તુ માટેનો ભાવ. અન્ય સર્વ વસ્તુ એટલે દેહ, કુટુંબ, લક્ષ્મી, પ્રભુતા વગેરે. તેમાં સ્વબુદ્ધિ કરનાર એવો જીવ તે બહિરાત્મા. આત્મા શરીરાદિથી ભિન્ન છે – એવી પ્રતીતિ થાય, અન્ય તરફનો મોહ ટળી જાય અને પોતાના તરફ રુચિ થાય તે અંતરાત્મા. પરમ વિશુદ્ધ વીતરાગદશા જેનામાં હોય તે પરમાત્મા. કેવળજ્ઞાનસ્વરૂપ વિશુદ્ધ આત્મા તે પરમાત્મા. એમ કહી શકાય કે આત્માના આ ત્રણ પ્રકાર એ ખરી રીતે, વિકાસની દૃષ્ટિએ, એક જ આત્માની એક એકથી ચડિયાતી ત્રણ ભૂમિકાઓ છે.

અત્યાર સુધીમાં જીવે વ્રત, તપ કે સાધુપણું પાળ્યું છે તે માત્ર બહિરાત્મભાવથી. તેની પાછળ કંઈ ને કંઇ ભૌતિક સુખ મેળવવાનો કે સંપત્તિ – કીર્તિ મેળવવા જેવો અન્ય કોઈ એવો જ આશય હતો. અત્યાર સુધીમાં જીવે શું શું કર્યું છે, તે શ્રીમદે તેમના “યમ નિયમ” નામના કાવ્યમાં બહુ સારી રીતે સમજાવ્યું છે. બધું જ કર્યું,પણ તે માત્ર બહિરાત્મભાવથી, તેથી તે પરમાર્થમાર્ગની પ્રાપ્તિરૂપે ન ફળ્યું, તે તેમાં સારી રીતે સમજાવ્યું છે.

અહીં શ્રીમદે બાહ્યથી નિર્ગ્રંથ થવાનું કહ્યું છે. એટલે બહિરાત્મભાવથી થવાનું કહ્યું છે તેમ નથી. બાહ્યથી એટલે બાહ્ય વેશથી, ગૃહસ્થપણું છોડી મુનિવેશ ધારણ કરવાનો છે. અંતરથી નિર્ગ્રંથ થવું એટલે રાગદ્વેષરહિત થવું. ગમે તેવા સંજોગો હોય, બધા માન આપતા હોય, અનેક જાતની લબ્ધિઓ પ્રગટી હોય, છતાં તે વિશે જરા પણ માનભાવ ન આણવો; તેમ જ ગમે તેટલી અશાતાનો ઉદય હોય, ગમે તેટલા ઉપસર્ગો ને પરિષહો સહન કરવા પડતા હોય કે નિંદા-અપમાન થતાં હોય છતાં એનું નિમિત્ત બનનાર પ્રત્યે લેશ પણ દ્વેષભાવ ન

આવે, સારી કે દુઃખકારી બંને સ્થિતિમાં સમભાવ રહે તે આંતરિક નિર્ગ્રંથપણું. આમ બાહ્ય તેમ જ આંતરવૃત્તિથી નિર્ગ્રંથ થવાની ભાવના અહીં વ્યક્ત કરાઈ છે. આવા નિર્ગ્રંથ કઈ રીતે થવાનું છે? સાધક કવિ પોતે જ જવાબ આપે છે :

"સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને." અપૂર્વ ૦

સંસારમાં પરિભ્રમણ કરતાં કરતાં જીવે રિદ્ધિ, સિદ્ધિ, વૈભવ, સત્તા એમ અનેક વસ્તુઓનો ભોગવટો અનેક વખત કરેલો છે; તેમ છતાં તે વધુ ને વધુ ભોગવવાની લાલસા રહેતી જોવા મળે છે. ભોગનો મોહ જીવને સંસારમાં બાંધી રાખનાર છે. એ જ રીતે સંસારમાં જીવને બાંધી રાખનાર તેનાથી પણ સમર્થ બીજું બંધન છે, તે અન્ય જીવો – માતા, પિતા, પત્ની, પુત્ર, કુટુંબ આદિ – પ્રત્યેનો સ્નેહ છે. તે બધામાં મારાપણાનો ભાવ વિશેષપણે રહેલો હોય છે, તેથી ખરી રીતે તેઓ બધાં મારાં નથી, પણ રાગદ્વેષનાં કારણરૂપ સંબંધિત અન્ય જીવો છે એમ સમજવું ઘણું મુશ્કેલ છે. આથી અન્ય જીવો પ્રત્યેનો રાગભાવ કે દ્વેષભાવ પણ સંસારમાં જીવને જકડી રાખનાર મજબૂત બંધન છે.

મુનિશ્રી જયવિજયજી જણાવે છે તેમ, સંસારમાં સંબંધ ત્રણ પ્રકારનાં છે : ૧. બાહ્યસંબંધ – શરીર, ધન, કુટુંબ, ઘર આદિ સાથેનો સંબંધ. ૨. આભ્યંતરસંબંધ – મન, વચન, ક્રોધ, માન, માયા, લોભ, રતિ, અરતિ આદિ કષાય, નોકષાય, વેદ વગેરેનો સંબંધ છે. ૩. સૂક્ષ્મ સંબંધ – રાગ, દ્વેષ, અજ્ઞાન એ ભાવકર્મ કે સૂક્ષ્મ સંબંધ છે.

આ સર્વ સંબંધથી ઉત્પન્ન થતાં સુખદુઃખનું મૂળ કારણ રાગ, દ્વેષ કે અજ્ઞાન છે, તેથી બીજા સંબંધ સાથે તેનો પણ અંતરથી ત્યાગ થવો જોઈએ. કારણ કે નહિતર તો પૂ. સંતબાલજી જણાવે છે તેમ –

> "ઘણાય સાધકો બહારની ગાંઠ છોડીને, અંતરની ગાંઠ છોડવા પ્રયત્નશીલ થાય છે, પણ સ્વચ્છંદનો મહારાક્ષસ સામે મોં ફાડીને બેઠો હોય છે. સ્વતંત્રતા મેળવતાં વૃત્તિની ગુલામી સ્વીકારી બેસે છે." – સિદ્ધિનાં સોપાન, પૃ. ૩.

આ બંધનને શ્રીમદે ખૂબ જ તીક્ષ્ણ જણાવેલું છે, કારણ કે તે બંધન છોડવું જીવને શલ્ય પેઠે સાલે છે. આનું એક કારણ એ છે કે અત્યાર સુધી જીવે પોતાનું સાચું સ્વરૂપ અને આત્માનું અનંત સુખ જાણ્યાં નથી, તેથી તેને તે પ્રત્યક્ષ નથી. તે પ્રત્યક્ષ કરાવનાર સત્પુરુષનો યોગ પણ હોતો નથી. બીજી બાજુ જીવ અનાદિકાળથી સંસાર સેવતો આવ્યો છે, તેથી તે રૂઢિ બની ગઈ છે. સાથે સાથે સંસારનાં ભૌતિક સુખ તે પ્રત્યક્ષ જોઈ શકે છે. તે સુખો ખોટાં છે, નાશવંત છે એવી સમજ સુખ મેળવવાની લાલસામાં દબાઇ જાય છે. તેથી અન્ય વધુ સારા સુખ માટે, તે સુખ મેળવવાનો લોભ છોડવો, તે પણ જીવને ખૂબ દુષ્કર લાગે છે. તેથી જીવને સંસારમાં જકડી રાખતું સંબંધનું બંધન ખૂબ તીક્ષ્ણ છે.

આ કાવ્ય જૈન આગમોની પરિપાટી અનુસાર રચાયું હોવાથી તેના પર જૈન સૂત્રોની અસર જોવા મળે તે સ્વાભાવિક છે. એ બધામાં “ઉત્તરાધ્યયન સૂત્ર”ની અસર વિશેષપણે આપણને જોવા મળે છે. “સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને” એ પંક્તિ પર “ઉત્તરાધ્યયનસૂત્ર”ના ૮મા અધ્યયનની ૪થી ગાથાની સ્પષ્ટ અસર દેખાય છે, જુઓ :

सव्वं गंथं कलहं च, विप्पजहे तहाविहं भिक्खु ।
सव्वेसु कामजाएसु पासमाणो न लिप्पई ताई ।।

અર્થ: સાધુ, કર્મબંધ કરવાવાળા સર્વ પ્રકારના પરિગ્રહ અને ક્લેશ છોડી દે; જીવોના રક્ષક મુનિ, સર્વ વિષયમાં બંધન દેખીને એમાં લિપ્ત થતા નથી.

તીક્ષ્ણ બંધન છેદીને નિર્ગ્રંથ થયા પછી તેમની અભિલાષા મહત્પુરુષને પંથે વિચરવાની છે. અહીં “મહત્પુરુષ” શબ્દ વિશિષ્ટ અર્થમાં પ્રયોજાયો છે. નિર્ગ્રંથમાં પણ મહત્પુરુષ એટલે તીર્થંકર પ્રભુ. તેમની સાથે તેમના ગણધરો અને ચૌદ પૂર્વધારી અન્ય મહાત્માઓ પણ મહત્પુરુષ ગણાય. તીર્થંકર પ્રભુ જે માર્ગે ચાલ્યા, કલ્યાણ કરવા તેમણે જે માર્ગ બતાવ્યો, તે માર્ગે ચાલવાની ઈચ્છા

અહીં વ્યક્ત થયેલી છે. મહત્પુરુષને પંથે ચાલવાની ભાવનામાં પૂ. કાનજીસ્વામી તેમનાં પ્રવચનમાં બતાવે છે તે પ્રમાણે —

> "અનંત જ્ઞાની ભગવંતોનો વિનય છે. અને પોતાની પામર અવસ્થાનો ખ્યાલ છે. કારણ કે બેહદ સામર્થ્યવાળું જ્ઞાન જાણ્યું છે, પણ હજુ પ્રગટ્યું નથી." – અપૂર્વ અવસર પરનાં પ્રવચનો, આવૃત્તિ ૨, પૃ. ૪.

આ ત્રણ પંક્તિઓમાં જે ભાવના દર્શાવી છે, તે અત્યાર સુધીના કોઈ પણ સમયમાં ભાવી નથી. તે ભાવના ભાવી હોય તો મુક્તિ થઈ જાય. જેની ભાવના જ ન ભાવી હોય તેને સાક્ષાત્ કરવાનો કાળ તો ક્યાંથી જ આવ્યો હોય? તેથી પૂર્વે કદી પ્રાપ્ત ન થયો હોય તેવો અવસર મને ક્યારે પ્રાપ્ત થશે? – તે પ્રશ્ન પહેલી પંક્તિમાં કવિએ મૂક્યો છે. શ્રીમદ્ અપૂર્વ શબ્દથી મંગળાચરણ કરે છે. "અપૂર્વ"માં અનેક અર્થનો સમાવેશ થઈ જાય છે. આત્માની અનંતશક્તિ, નિર્ગ્રંથનો માર્ગ વગેરે જે કંઈ આજ સુધી પ્રાપ્ત નથી કર્યું તે અપૂર્વ છે. એથી એ શબ્દ જ માંગલ્યસૂચક છે. તેનાથી કાવ્યની શરૂઆત થવી તે સૂચક છે.

સંસારના સર્વ સંબંધ તોડી, બાહ્યાંતર નિર્ગ્રંથ થઈ, મહત્પુરુષને પંથે જવાની સાચી ભાવના જીવમાં ચોથું ગુણસ્થાન આવ્યા પછી જ જાગી શકે છે. તે પહેલાંની ભાવના બહિરાત્મભાવથી થયેલી હોય છે, તેથી અસફળ છે. આથી શ્રીમદ્ ચોથા ગુણસ્થાનથી જીવની દશા બતાવવાનું શરૂ કરે છે.

## નિર્ગ્રંથનાં લક્ષણો

જીવ નિર્ગ્રંથદશા ધારણ કરે તે પછી તેનામાં કેવા ગુણો તથા કેવાં લક્ષણો પ્રગટે છે તે શ્રીમદે બીજી કડીમાં બતાવ્યું છે. બીજી રીતે કહીએ તો એ કડીમાં નિર્ગ્રંથપણાની વ્યાખ્યા આપી છે. જુઓ :

> સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,
> માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો;

અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. અપૂર્વ ૦ ૨

પોતે નિર્ગ્રંથરૂપે વિચરતા હોય તે વખતે પોતાનામાં કેવી જાતનાં લક્ષણોની શ્રીમદ્ અપેક્ષા રાખે છે તે બતાવતાં આ કડીમાં તેઓ કહે છે કે, બધા જ ભાવો પ્રત્યે ઉદાસીનતા પ્રગટી હોય, દેહને પણ ફક્ત સંયમના હેતુરૂપે જ ગણ્યો હોય, તે હેતુ સિવાય કોઈ પણ વસ્તુને કોઈ પણ કારણે ઈચ્છે નહિ, તે એટલે સુધી કે દેહ વિશે પણ સહેજે મમત્વભાવ કે મૂર્છા ન હોય, એવો નિર્ગ્રંથદશાને ફલિત કરતો અપૂર્વ અવસર ક્યારે આવશે?

નિર્ગ્રંથ મુનિને સર્વ ભાવ એટલે કે મોહ, રાગ, દ્વેષ વગેરે કષાયભાવ – પરભાવ પ્રત્યે ઉદાસીનતા હોય છે. સંસારવર્ધક ભાવોથી તે પર રહેવા ઈચ્છે છે, તેથી તે પ્રત્યે મુનિ ઉદાસીનતા ધારણ કરે છે.

“ઉદાસીનતા” અહીં વિશિષ્ટ અર્થ બતાવે છે. સંસાર ઉપરનો મોહ કે પ્રીતિ ઓછાં થવા માંડે ત્યારથી શરૂ કરીને સંપૂર્ણપણે મોહનો નાશ થાય ત્યાં સુધીની જીવની અવસ્થાના મુખ્યત્વે ત્રણ ભાગ પાડેલા છે: ૧. વૈરાગ્ય, ૨. ઉદાસીનતા અને ૩. વીતરાગતા.

૧. **વૈરાગ્ય** – સંસાર પરના મોહનો અભાવ થવા માંડે ત્યારે શરૂઆતમાં સંસાર પ્રત્યે અરુચિ જન્મે છે, પછી અનાસક્તિ આવે છે, અને પછી ઉપેક્ષા થાય છે; આ દશાને વૈરાગ્ય કહે છે. વૈરાગ્યમાં અશુભ વૃત્તિઓનો નાશ અને શુભ વૃત્તિઓનો વધારો થાય છે, કારણ કે તે વખતે કષાયનો ઉપશમ થાય છે. જીવમાં પહેલે ગુણસ્થાને વૈરાગ્યની શરૂઆત થાય છે. તે તીવ્ર બનતાં ચોથે ગુણસ્થાને ઉદાસીનતામાં પરિણામે છે.

૨. **ઉદાસીનતા** – સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયા પછી શુભ કર્મના ઉદયથી સુખસાધનો પ્રાપ્ત થાય તો તેનાથી હર્ષ ન થાય અને અશુભ

કર્મના ઉદયથી દુઃખદાયક સંયોગો મળે તો તેનાથી શોક ન થાય, અર્થાત્ કોઈ પણ દશામાં વિષમભાવો ન થતાં આત્મા સમભાવી જ રહે, એક જ સરખી વૃત્તિથી બંનેને વેદે તે ઉદાસીનતા. આ દશામાં કષાયોનો ઉપશમ અને ક્ષય હોવાથી, સુખદુઃખ સમભાવે વેદાતા હોવાથી, બંને પ્રકારનાં કર્મોનો નાશ થાય છે. વૈરાગ્યદશાની જેમ શુભની વૃદ્ધિ કે અશુભનો ક્ષય તે દશામાં થતાં નથી, કારણ કે બંને ભાવો તરફ તે ઉદાસીન હોય છે. આમ ઉદાસીનતા એ આત્માનો ગુણ છે. કેટલાક ઉદાસીનતાને દુઃખની સ્થિતિ ઉદ્‌ભવતી મનની નબળાઈ તરીકે ગણાવે છે તે અયોગ્ય છે. ઉદાસીનતા અને દીનતામાં ઘણો તફાવત છે. દીનતા લાચારીમાંથી પ્રગટે છે, ઉદાસીનતા આત્માના સામર્થ્યમાંથી પ્રગટે છે.

ઉદાસીનતામાં અશુભ અને શુભ કર્મની નિર્જરા સાથે પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. ચોથાથી સાતમા ગુણસ્થાન સુધી સરાગ સંયમ હોય છે, ત્યાં સુધી સમ્યક્ચારિત્ર સંપૂર્ણપણે પાળી શકાતું નથી, અને કેટલીક શુભ વૃત્તિઓ ઉદયમાં આવી જતાં પુણ્યાનુબંધી પુણ્યનાં – તીર્થંકરગોત્ર જેવાં – કર્મો બંધાય છે.

૩. **વીતરાગતા :** કષાય – રાગદ્વેષનો સંપૂર્ણ અભાવ તે વીતરાગતા. ૮માથી ૧૨મા ગુણસ્થાન સુધીમાં અખંડ ઉપયોગ અને આત્મસ્થિરતાને લીધે પુણ્યાનુબંધી પુણ્યનો પણ અભાવ હોય છે; ત્યાં માત્ર કર્મની નિર્જરા જ હોય છે, તેથી તે વીતરાગદશા કહેવાય છે. ચાર ઘાતી કર્મનો સર્વથા અભાવ જેને હોય તે સંપૂર્ણ વીતરાગ છે.

આમ ઉદાસીનતા એ વૈરાગ્ય પછીની દશા છે. વૈરાગ્યથી નિર્ગ્રંથપણું પ્રાપ્ત થાય છે, તેમાં ઉદાસીનતા આવે છે અને તે ઉત્કૃષ્ટ બનતાં તે વીતરાગતા રૂપે પરિણમે છે. આથી અહીં નિર્ગ્રંથપણાંમાં ઉદાસીન

થવાનું જણાવ્યું છે. શ્રીમદે તેમના એક કાવ્યમાં પણ ઉદાસીનતા વિશે લખ્યું છે કે :

"સુખકી સહેલી હે, અકેલી ઉદાસીનતા,
અધ્યાત્મની જનની તે ઉદાસીનતા." — શ્રીમદ્‌ રાજચંદ્ર,
આંક ૭૭, પૃ. ૧૯૫.

શ્રી બનારસીદાસજીએ પણ શ્રીમદ્‌ પૂર્વે ઉદાસીનતા વિશે આવો જ અભિપ્રાય ઉચ્ચાર્યો છે.

"ઔર જગ રીત જેતી ગભિત અસાતા તેતિ,
સાતાકી સહેલી હે, અકેલી ઉદાસીનતા." — પરમપદ-પ્રાપ્તિની
ભાવના, પૃ. ૫૩.

ઉદ્‌ આસીનતા = ઉદાસીનતા. ઉદ્‌ એટલે ઊંચે, આસીનતા એટલે બેસવાપણું. રાગ, દ્વેષ આદિથી ઊંચે બેસવાપણું તે ઉદાસીનતા.

નિર્ગ્રંથપણામાં દેહ પણ સંયમના નિર્વાહને અર્થે જ ઉપયોગમાં લેવાનો હોય છે; મતલબ કે જે પ્રવૃત્તિ સંયમને પોષક ન હોય તે કરવાની નહીં. દેહ તે મોક્ષ પ્રાપ્ત કરવાનું એક સાધન છે, મોક્ષપ્રાપ્તિમાં તે અનિવાર્ય છે. તેથી દેહને ટકાવવા માટે ખાવાની, પીવાની વગેરે ક્રિયાઓ કરવાની જરૂર રહે છે. તેથી તે ક્રિયાઓ કરવી ખરી, પણ અનાસક્ત ભાવે. બોલવું, ચાલવું, નિદ્રા લેવી વગેરે પ્રવૃત્તિઓ પણ દેહ ટકાવવા કરવી; પણ જેમ બને તેમ ઓછી અને ઉદાસીનભાવે કરવાની અભિલાષા અહીં વ્યક્ત થઈ છે. તે ક્રિયાઓમાં શરીરની શાતાનો મમત્વભાવ હોતો નથી. શ્રી કાનજીસ્વામી આ વિશે લખે છે કે :

"સંયમમાં ઈન્દ્રિયદમન નિમિત્તરૂપે હોય છે, અને મૂળ કારણ આત્મસ્વભાવની સ્થિરતા છે. સહજ સ્વાભાવિક આત્મજ્ઞાનમાં ટકવું તે સ્થિરતા છે." — અપૂર્વ અવસર પરનાં પ્રવચનો, આવૃત્તિ ૨, પૃ. ૭.

આ તો ક્રિયા કરવાની વાત થઈ, પણ સંયમના હેતુ સિવાય બીજી કોઈ પણ ચીજ મુનિને ખપે નહિ. મનના આનંદ માટે, પૂજાસત્કાર માટે, બાહ્ય સુંદરતા માટે કોઈ પણ વસ્તુ ખપે નહિ. કોઈ પણ ચીજનો પરિગ્રહરૂપે મુનિને નિષેધ છે, કારણ કે પૂર્ણ વીતરાગદશા ન આવી હોવાને લીધે તેમાં મમત્વ બંધાવાનો, બાહ્ય સુખની ઇચ્છા થવાનો સંભવ રહે છે. આ અપરિગ્રહીપણું એટલે સુધી લઈ જવાનું છે કે,

"દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો"

દેહ છે, તેના ધર્મો બજાવવાના છે, સર્વ ધર્મકાર્યો પણ તેનાથી જ સાધવાનાં છે, તેમ છતાં દેહમાં જરા પણ મમત્વબુદ્ધિ ન હોવી જોઈએ. તે જ નિર્ગ્રંથપણાનું લક્ષણ છે. દેહને ધર્મ પામવાનું સાધન જાણી તેને ટકાવવા, તેનું લાલનપાલન કરવાની લાલચ થઈ જાય તે સ્વાભાવિક છે, પણ એ લાલચ રોકી પોતાનાં કર્તવ્યમાં જ મગ્ન રહે તે સાચો નિર્ગ્રંથ. કર્મ ભોગવવા માટે દેહ તો મળવાનો જ છે, તે શ્રદ્ધા હોવાથી, 'शरीरमाद्यं खलु धर्मसाधनम्।' એ જાણતો હોવા છતાં શરીરમાં જરા પણ મારાપણું કર્યા વિના પોતે આત્મામાં જ મગ્ન રહેવાની અભિલાષા સેવે છે. દેહ વિશેની અમૂર્છાની અગત્ય બતાવતાં શ્રી સંતબાલજી લખે છે કે :

> "સાધક જ્યારે નિર્ગ્રંથતાની સાધના કરતો હોય, ત્યારે બીજા બહારના સંબંધીજનોની કે પદાર્થોની વળગણા ઓછી થાય છે. પરંતુ પછીથી દેહની વળગણા ય ઘટાડવાનો પ્રબળ પુરુષાર્થ કરવાનો રહે છે. કારણ કે દૂરનાં બંધન કરતાં પાસેનું બંધન હંમેશા જટિલ હોય છે. દેહની મૂર્છા ટળશે તો શરીરમાં કાર્ય કરી રહેલાં અંતરંગ કારણો જેવાં કે પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત એ પણ ટળશે જ, કારણ કે આત્માના વૈભાવિક રસથી જ એ બધાં જન્મ્યાં છે, ને નભ્યાં છે. આ રીતે જીવનની પરાકાષ્ઠારૂપ આત્મસિદ્ધિ માટે અમૂર્છ દશાની મારી આ કલ્પના છે." — સિદ્ધિનાં સોપાન, પૃ. ૭.

નિર્ગ્રંથપણાનાં લક્ષણ બતાવતી આ કડી પર "ઉત્તરાધ્યયનસૂત્ર"ના ૨૯ માં અધ્યયનના બીજા ફકરાની તથા "દશવૈકાલિકસૂત્ર"ના છઠ્ઠા અધ્યયનની ૨૦-૨૧ એ બે ગાથાની છાયા પડી હોય તે સંભવિત છે. જુઓ :

निव्वएणं दिव्वमाणुसतेरिच्छिअएसु कामभोगेसु
निव्वेयं हव्वामाराच्छइ। सव्वविसएसु विरज्जइ ।
सव्वविसएसु विरज्जमाणे आरंभपरिच्चायं करेइ ।
आरंभपरिच्चायं करेमाणे संसारमग्गं ।
वोच्छिंदइ सिद्धिमग्गं पडिवन्ने य भवइ ।

— ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન ૨૯, સૂ. ૩.

ભાવાર્થ (શ્રી સંતબાલજીએ કરેલા અનુવાદમાંથી) : નિર્વેદથી દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી કામભોગોથી વિરક્ત થાય છે, બધા વિષયથી વિરક્ત થાય છે. બધા વિષયથી વિરક્ત થઈ આરંભપરિગ્રહનો ત્યાગ કરે છે. આરંભપરિગ્રહનો ત્યાગ કર્યા પછી સંસારમાર્ગનો ત્યાગ કરી મોક્ષમાર્ગ ગ્રહણ કરે છે.

जं पि वत्थं व पायं वा कंबंल पायपुच्छणं ।
तं पि संजमलज्जट्ठा धारेंति परिहरेंति य ।। – २०
न सो परिग्गहो वुत्तो णायपुत्तेण ताईणा ।
मुच्छा परिग्गहो वुत्तो इइ वुत्तं महेसिणा ।। – २१

— દશવૈકાલિક, અધ્યયન ૬, ગાથા ૨૦-૨૧.

ભાવાર્થ (શ્રી સંતબાલજીએ કરેલા અનુવાદમાંથી) : જે કંઈ વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપુંછન, રજોહરણ ઈત્યાદિ જે સંયમી પુરુષો સંયમનાં ઉપકરણોને સંયમના નિર્વાહને માટે ધારણ કરે છે કે પહેરે તેને જગતના જીવોના રક્ષક જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરદેવે પરિગ્રહ કહ્યો નથી. પરંતુ તેમાં સંયમધર્મ

બતાવ્યો છે. પરંતુ તે વસ્ત્રાદિ કોઈ પણ વસ્તુ પર જો મૂર્ચ્છાઆસક્તિ હોય તો જ તે પરિગ્રહ છે એમ તે ઋષિશ્વરે ફરમાવ્યું છે.

"ઉત્તરાધ્યયન" અને "દશવૈકાલિક" એ બંને સૂત્રની ઉપરની ગાથાઓમાં મુનિ દેહ, પરિગ્રહ આદિનો સંયમાર્થે કઈ રીતે ઉપયોગ કરે છે તે બતાવ્યું છે. મુનિ અસંગપણે રહે છે, મૂર્ચ્છાભાવ કરતા નથી વગેરે લક્ષણો અહીં બતાવ્યાં છે, જે આપણે "અપૂર્વ અવસર" ની બીજી કડીમાં જોઈ શકીએ છીએ. સંપૂર્ણ અસંગપણું પ્રાપ્ત કરવાની ભાવના શ્રીમદે એ કડીમાં ભાવી છે.

શ્રીમદે પોતાના આ જાતના ભાવ અન્ય લખાણમાં પણ કેટલીક જગ્યાએ વ્યક્ત ક્ર્યા છે. તે સર્વ જોવા તો અહીં શક્ય નથી, પણ પરિગ્રહ અને સુખ વિશેના તેમના વિચારો જણાવતાં નીચેનાં વચનો જુઓ :

> "સર્વ જગતના જીવો કંઈ ને કંઈ મેળવીને સુખ પ્રાપ્ત કરવા ઇચ્છે છે. મોટો ચક્રવર્તી રાજા તે પણ વધતા વૈભવ, પરિગ્રહના સંકલ્પમાં પ્રયત્નવાન છે અને મેળવવામાં સુખ માને છે, પણ અહો! જ્ઞાનીઓએ તો તેથી વિપરિત જ સુખનો માર્ગ નીર્ણિત કર્યો કે કિંચિત્‌ માત્ર પણ ગ્રહવું એ જ સુખનો નાશ છે." — શ્રીમદ્‌ રાજચંદ્ર, આંક ૮૩૨, પૃ. ૬૨૦.

આ પ્રમાણે નિર્ગ્રંથપણાનાં લક્ષણો બતાવ્યા પછી શ્રીમદે સમ્યગ્દર્શનનું સ્વરૂપ ત્રીજી કડીમાં દર્શાવ્યું છે.

## સમ્યગ્દર્શન

શ્રીમદ્‌ને પોતાને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ હતી, તેનો ઉલ્લેખ ત્રીજી કડીમાં મળે છે :

> દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે,
> દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો;
> તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
> વર્તે એવું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન જો. અપૂર્વ ૦ ૩

આત્મા અને દેહ બંને જુદા છે તથા આત્મા માત્ર ચૈતન્યમય તથા જ્ઞાનમય છે એવો બોધ દર્શનમોહનીય કર્મના નાશથી પ્રાપ્ત થયો છે. તે જ્ઞાન દ્વારા ચારિત્રમોહનીય કર્મ પણ ક્ષીણ થતું દેખાય છે. પણ પોતાને જે શુદ્ધ સ્વરૂપનો બોધ થયો છે, તે શુદ્ધ સ્વરૂપમાં જ ટકી રહેવાનું બને એવો અપૂર્વ અવસર ક્યારે આવશે? – એ વિચાર શ્રીમદે અહીં મૂક્યો છે.

દર્શનમોહ એ મોહનીય કર્મનો એક પ્રકાર છે. કર્મ અનંત પ્રકારનાં છે. તેમાં આઠ પ્રકારનાં કર્મ મુખ્ય છે. એ આઠ કર્મમાં સૌથી પ્રબળ, સત્તાધારી કર્મ તે મોહનીય છે. મોહનીયના બે ભેદ છે: દર્શનમોહ અને ચારિત્રમોહ. આ મોહનીય કર્મને શાસ્ત્રકારો મદિરા સમાન ગણાવે છે.

**દર્શનમોહ** – નવતત્ત્વ (જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ) ની જિનેશ્વર ભગવાને જે પ્રમાણે પ્રરૂપણા કરી છે તે જ પ્રમાણે તેને યથાર્થ માનવાં, તેમાં અચળ શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન. આત્માના આ દર્શનને આવરણ કરનાર કર્મ તે દર્શનમોહનીય. તેની ત્રણ પ્રકૃતિ છે: સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીય. (કર્મગ્રંથ પ્રકરણ ૧, ગાથા ૧૩-૧૪)

**ચારિત્રમોહ** – હિંસા આદિ વ્યાપારોનો સર્વથા ત્યાગ કરવો તેમ જ અહિંસા આદિનું સંપૂર્ણ પાલન કરવું તે સમ્યક્ચારિત્ર. તેને આવરણ કરનારું કર્મ તે ચારિત્રમોહનીય. તેના બે ભેદ છે: કષાય અને નોકષાય. કષ – સંસાર, આય – લાભ, જેનાથી સંસારલાભ થાય તે કષાય. આ કષાય ૪ પ્રકારના છે: ક્રોધ, માન, માયા અને લોભ. તે પ્રત્યેકના ૪ ભેદ છે: અનંતાનુબંધી, અપ્રત્યાખાની, પ્રત્યાખાની અને સંજ્વલન. આમ કષાયના કુલ ૧૬ પ્રકાર થાય. નોકષાય ૯ છે: હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા અને સ્ત્રી, પુરુષ, નપંસુક એ ત્રણ વેદ મળી ૯ નોકષાય છે. કષાયની સાથે રહી તેને ઉદ્દીપન કરતા હોવાથી તે નોકષાય કહેવાય છે. (કર્મગ્રંથ પ્રકરણ, ૧, ગાથા ૧૩-૧૪)

આત્મસ્વરૂપને આવરણ કરે તે દર્શનમોહ અને આત્મચારિત્રને આવરે તે ચારિત્રમોહ. આત્મસ્વરૂપને આવરણ કરનાર દર્શનમોહનો નાશ થાય ત્યારે સ્વસ્વરૂપ પ્રગટ થાય છે. તેનો નાશ થવાથી અનુભવબોધ ઊપજે છે. આ કડીની પહેલી પંક્તિમાં શ્રીમદ્ લખે છે કે, “દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે” તે પરથી જણાય છે કે તેમને સમ્યગ્દર્શન થયું હતું. દર્શનમોહ વ્યતીત થયો એટલે કે નાશ થયો, અર્થાત્ “સમ્યગ્દર્શન થયું.” દર્શનમોહના નાશથી સમ્યગ્દર્શન થાય તે જિનોક્ત સિદ્ધાંત છે. પણ અહીં તે વાત સર્વસામાન્ય વ્યક્તિ માટે વપરાયેલ નથી, પણ પોતાને અનુલક્ષીને છે. તે આપણે “ઊપજયો” શબ્દ પરથી જાણી શકીએ છીએ. તે વિશે શ્રી નગીનદાસ શેઠ લખે છે કે:

> “જો સામાન્ય રીતે લખ્યું હોય તો ‘ઉપજ્યો’ ને બદલે ‘ઉપજે’ એમ લખત. વળી, ત્રીજી લીટીમાં ‘વિલોકિયે’ શબ્દ પણ એ જ વાત સૂચવે છે કે તેમનું ચારિત્ર ઘણું નિર્મળ થતું જાય છે અથવા થઈ ગયું છે એમ તેઓ પોતે જોઈ શકે છે, અને તે જોઈ શકવાનું કારણ એ કે તેમનામાં શુદ્ધાત્મ સ્વરૂપનું ધ્યાન સદા નિરંતર વર્તતું હતું.” — પરમપદ-પ્રાપ્તિની ભાવના, આવૃત્તિ ૧, પૃ. ૫૮.

સમ્યગ્દર્શનને આવરણ કરનારું દર્શનમોહ કર્મ નાશ પામવાથી એવો બોધ ઉત્પન્ન થયો કે આત્મા દેહથી ભિન્ન છે અને તે ચૈતન્ય તથા જ્ઞાનમય છે. સમ્યગ્દર્શીને તે બોધ વર્તનમાં ઊતરે જ. જેને આવું અનુભવસ્વરૂપ જ્ઞાન હોય નહીં તેને શુષ્કજ્ઞાની થવાનો સંભવ વિશેષ. સમ્યગ્દર્શન અર્થાત્ “દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન” થાય ત્યારે દેહાદિ પદાર્થો બંધનરૂપ, ભવભ્રમણ કરાવનાર જીવને લાગે છે. તેથી તેનાથી છૂટવા, ચારિત્ર ગ્રહણ કરવાનું લક્ષ તેને બંધાય છે, શુદ્ધ આત્મસ્વરૂપ પામવાની તેની ઇચ્છા પ્રબળ બને છે, અને એ ઇચ્છા પૂરી કરવાના હેતુથી જ તેની પ્રત્યેક પ્રવૃત્તિ થતી હોય છે. પરિણામે

તેનાં ચારિત્રની વધતી વિશુદ્ધતા તથા ચારિત્રમોહનીયનો વિશેષપણે ક્ષય જોવાય છે. આ કડીની ૪ થી પંક્તિમાં તે કારણ શ્રીમદે સ્પષ્ટપણે બતાવ્યું છે: “વર્તે એવું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન જો”.

દર્શનમોહનો નાશ થવાથી આત્મસ્વરૂપનાં દર્શન કર્યા પછી જીવને શુદ્ધતમ આત્મસ્વરૂપ પ્રગટાવવાનું જ એક લક્ષ રહે છે. તેથી તે સ્વરૂપ પ્રગટે, ભવભ્રમણ જાય તેવી જ પ્રવૃત્તિ તેનાથી થાય છે. કર્મના ઉદયને લીધે જે કંઈ કાર્ય તે કરે તેમાં આસક્તિ ન હોય. આથી ચારિત્રમોહનીયનો પણ ક્ષય થાય. આ ક્ષય થયા પછી મોહનો ઉદય ફરીથી ન આવે તે જણાવવા શ્રીમદે “પ્રક્ષીણ” શબ્દ બહુ યોગ્યતાથી યોજ્યો છે.

આ કડી ઉપર આપણને “ઉત્તરાધ્યયનસૂત્ર” ના ૨૮મા અધ્યયનની ૩૦ તથા ૩૫ મી ગાથાની છાયા જોવા મળે છે. જુઓ –

नादंसणिस्म नाणं नाणेण विणा न हुंति चरणगुणा ।
अगुणिस्स नत्थि मोक्खो नत्थि अमोक्खरस निव्वाणं ।। – ३०
नाणेण जाणई भावे दंसणेण य सद्दहे ।
चरितेण निगिण्हाइ तेवण परिसुज्झई ।। – ३५

આ ગાથામાં દર્શાવ્યું છે તે પ્રમાણે દર્શન વિના જ્ઞાન નથી, જ્ઞાન વિના ચારિત્ર નથી, ચારિત્ર વિના મુક્તિ નથી અને મુક્તિ વિના નિર્વાણ નથી. વળી જ્ઞાનથી પદાર્થ જણાય છે, દર્શનથી શ્રદ્ધા આવે છે અને ચારિત્રથી કર્મક્ષય થાય છે, તથા તપથી શુદ્ધિ આવે છે. આ જ ભાવ જુદી રીતે શ્રીમદે અહીં વ્યક્ત કર્યો છે. દર્શનથી જ્ઞાન, શ્રદ્ધા આવે છે અને પરિણામે ચારિત્ર ગ્રહણ કરવાથી આત્મા શુદ્ધ સ્વરૂપને પામે છે તેમ તેમણે બતાવ્યું છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયા પછી જ આત્માનો સાચો વિકાસ થાય છે. દર્શન થયા પહેલાં જીવનું વર્તન, જે ભવભ્રમણ વધારનારું હતું, તે પછીથી ભવ કમી

કરનારું બને છે અને આત્માની વિશુદ્ધતા વધતાં વધતાં પૂર્ણતાએ પહોંચે છે. ભવઅંત લાવનાર "સમ્યગ્દર્શન" નું શ્રીમદને મન કેટલું મહત્ત્વ હતું તે તેમનાં આ વચનો જોતાં જણાશે :

> "અનંતકાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને એક સમયમાત્રમાં જાત્યાંતર કરી જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર!" – શ્રીમદ્ રાજચંદ્ર, આંક ૮૩૯, પૃ. ૬૨૫.
>
> "હે સર્વોત્કૃષ્ટ સુખના હેતુભૂત સમ્યક્‌દર્શન! તને અત્યંત ભક્તિથી નમસ્કાર હો!
>
> આ અનાદિ અનંત સંસારમાં અનંત અનંત જીવો તારા આશ્રય વિના અનંત અનંત દુ:ખને અનુભવે છે.
>
> તારા પરમ અનુગ્રહથી સ્વસ્વરૂપમાં રુચિ થઈ, પરમ વીતરાગ સ્વભાવ પ્રત્યે નિશ્ચય આવ્યો, કૃતકૃત્ય થવાનો માર્ગ ગ્રહણ થયો." – શ્રીમદ્ રાજચંદ્ર, નોંધ ૨, પૃ. ૮૨૪.

સમ્યગ્દ્ર્શન પ્રાપ્ત થયા પછીથી જીવ પૂર્ણ શુદ્ધતાને પામે તે વિકાસક્રમને "ગુણસ્થાન ક્રમારોહણ" કહે છે. તે વિકાસક્રમ શ્રીમદે આ પછીની કડીઓમાં બતાવ્યો છે. અર્થાત્ નિર્ગ્રંથના આત્મચારિત્રનું વર્ણન તેમણે કર્યું છે.

## નિર્ગ્રંથનું આત્મચારિત્ર

સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી, પોતાનું શુદ્ધ સ્વરૂપ પામવાના લક્ષથી જીવ દ્રવ્યથી તેમ જ ભાવથી કેવાં ચારિત્રનું પાલન કરે છે તે ચોથીથી બારમી – એ નવ કડીમાં શ્રીમદે બતાવ્યું છે. નિર્ગ્રંથ મુનિ વિશેનો પોતાનો આદર્શ, અર્થાત્ મુનિ તરીકે પોતે પાળવા ધારેલા ચારિત્રનો ખ્યાલ શ્રીમદે આ કડીઓમાં

આપણને આપ્યો છે. તે ચારિત્રમાં આત્મસ્થિરતાને સૌપ્રથમ સ્થાન આપતાં લખ્યું છે કે :

આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહપર્યંત જો;
ઘોર પરિષહ કે ઉપસર્ગ ભયે કરી,
આવી શકે નહિ તે સ્થિરતાનો અંત જો, અપૂર્વ ૦ ૪

આત્માની સ્થિરતા કેવી હોવી જોઈએ તે બતાવતાં અહીં કહ્યું છે કે, ત્રણ યોગના સંક્ષિપ્ત ભાવરૂપ આત્મસ્થિરતા જીવનપર્યંત એટલી પ્રબળતાથી વર્તે કે જેથી, પ્રાણઘાતક નીવડે તેવા પરિષહ કે ઉપસર્ગનો ભય ઉત્પન્ન થાય ત્યારે પણ તે સ્થિરતાનો અંત આવે નહીં. એવો અપૂર્વ અવસર ક્યારે આવશે?

પૂ. સંતબાલજીના લખવા મુજબ આ કડીમાં “જૈન આગમોમાં વર્ણવાયેલા પાંચમા ગુણસ્થાનવર્તી સાધકનું આમાં બયાન છે.” (સિદ્ધિનાં સોપાન, પૃ. ૨૬). પાંચમા ગુણસ્થાને જીવને “ગૃહસ્થ સાધક”, “સરાગ સંયમી”, “વ્રતધારી શ્રાવક” તરીકે ઓળખવામાં આવે છે. પાંચમે ગુણસ્થાને પરિગ્રહાદિથી છૂટવાનો તેનો પ્રયત્ન હોય છે. તે ત્યાગવૃત્તિ પ્રબળ બનતાં તે સર્વવિરતિ ગ્રહણ કરે છે. સર્વવિરતિ સાધુ માટે ૬ અને ૭ એ બે ગુણસ્થાન છે. દીક્ષા લેતી વખતે ભાવ ઉત્કૃષ્ટ હોવાથી જીવ સાતમે ગુણસ્થાને હોય છે, પણ પછી મનની ચંચળતાને લીધે તે છઠ્ઠા અને સાતમા ગુણસ્થાન વચ્ચે ચડઊતર કર્યા કરે છે.

આ કડીમાં પરિષહ કે ઉપસર્ગના ભયથી પણ સાધકની આત્મસ્થિરતા ન ડગવી જોઈએ તેવી ભાવના છે. પરિષહ કે ઉપસર્ગનો ઉપદ્રવ ગૃહસ્થદશા કરતાં મુનિદશામાં વિશેષ સંભવિત છે, એ પરથી આ કડીમાં આપેલું વર્ણન શ્રી કાનજીસ્વામી, શ્રી જયવિજયજી તથા શ્રી નગીનદાસ ગિરધરલાલ શેઠ જણાવે છે તે પ્રમાણે સાતમા ગુણસ્થાનવર્તી જીવને વિશેષ લાગુ પડતું લાગે છે. આ વર્ણન “સરાગ સંયમી” કરતાં “સર્વવિરતિ સાધુ” માટે વધુ સંભવિત છે. એટલે શ્રી સંતબાલજીના અભિપ્રાય સાથે આ વર્ણન વિશે ભેદ આવે છે.

"આત્મસ્થિરતા" એટલે આત્મા વિભાવદશામાં ન જતાં પોતાના સ્વભાવમાં ટકી રહે તે. અર્થાત્ શ્રી કાનજીસ્વામી જણાવે છે તેમ :

> "આત્મસ્થિરતા એટલે મન, વચન, કાયાના આલંબનરહિત સ્વરૂપ મુખ્યપણે વર્તે, તેમાં ખંડ ન પડે એવી સ્થિરતા." – અપૂર્વ અવસર પરનાં પ્રવચનો, પૃ. ૧૫.

અહીં ત્રણ સંક્ષિપ્ત યોગની સ્થિરતાની વાત છે. યોગ એટલે આત્મા અને ક્રિયાનું જોડાણ. ક્રિયા ત્રણ પ્રકારની છેઃ મનની, વચનની અને કાયાની. તેથી યોગ પણ ત્રણ જાતના કહેવાય છે: આત્માનું મન સાથે જોડાણ તે મનોયોગ; મનયોગ એટલે વિચાર. આત્માનું વચન સાથે જોડાણ એટલે વચનયોગ એટલે વાણી. અને આત્માનું કાયા સાથે જોડાણ એટલે કાયયોગ; કાયયોગને વર્તન કહે છે. મન, વચન અને કાયાની ક્રિયાને યોગ કહે છે.

આત્માનું મન, વચન કે કાયા સાથેનું જોડાણ ક્ષણજીવી હોય છે; તે વારાફરતી બીજા બીજા સાથે જોડાતો હોય છે. એક ક્ષણે મન સાથે, તો બીજી ક્ષણે વચન સાથે, તો ત્રીજી ક્ષણે કાયા સાથે તે જોડાતો હોય છે. આથી આ યોગ સંક્ષિપ્ત કહેવાય છે. સંક્ષિપ્ત એટલે ટૂંકા. પરંતુ શ્રીમદ્‌ને અહીં આ અર્થ અભિપ્રેત નથી. સામાન્ય માણસને તે યોગ નિરંકુશપણે પ્રવર્તતા હોય છે, પણ જ્ઞાની મહાત્માને તેમ હોતું નથી. તેઓને હેય – ઉપાદેયનો વિવેક હોય છે, તેથી કર્મનો ઉદય આવે તોપણ તેઓ થતા સંકલ્પ-વિકલ્પને બુદ્ધિપૂર્વક ટૂંકા કરી નાખે છે. ઉદયાધીન સંકલ્પ-વિકલ્પ આવે ત્યારે પણ આત્મજાગૃતિ કાયમ રહેતી હોવાથી યોગ સંક્ષિપ્ત રહે છે, એટલે કે યોગની પ્રવૃત્તિ પોતાના શરીર અને આત્માની બહાર નથી થતી. આમ જ્ઞાનીની બાબતમાં યોગ સંક્ષિપ્ત રહે છે. આથી શ્રીમદે આ કડીમાં બહુ યોગ્યતાથી લખ્યું છે કે :

> "આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની."

પ્રત્યેક પ્રાણીમાં આત્માનું યોગનું જોડાણ તો હોય જ છે. પણ આત્મા વિભાવદશામાં વર્તતો હોવાથી તે ભવભ્રમણનું કારણ બને છે. પણ આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવા માટે સ્વભાવમાં ટકી રહેવું આવશ્યક છે, તેથી કહેવામાં આવ્યું છે કે :

"આત્મા એક ક્ષણ પણ વિભાવદશામાં ન જતાં જીવનપર્યંત સ્વભાવમાં ટકી રહે, જીવનભર આત્મસ્થિરતા ટકી રહે એ ભાવના છે, કારણ કે એથી આત્માની વિશુદ્ધિ ક્ષણેક્ષણે વધતી જાય છે અને ઘણા ટૂંકા કાળમાં શુદ્ધાત્મસ્વરૂપ પ્રાપ્ત કરી શકાય છે." — પરમપદ-પ્રાપ્તિની ભાવના, પૃ. ૬૬.

આ આત્મસ્થિરતા મુખ્યપણે દેહ ટકે ત્યાં સુધી રહે તે ભાવના પાછળ પણ હેતુ છે. શ્રીમદ્ તો મોક્ષપદના અભિલાષી હતા. અને તે પદ તેમને જેમ બને તેમ જલદી લેવું હતું. તેમની ભાવના તો વર્તમાન દેહે જ મોક્ષ મેળવવાની હતી, તેથી જેમાં આત્માની વિશુદ્ધતા ક્ષણે ક્ષણે વધતી જાય છે, તેવી આત્મસ્થિરતા દેહપર્યંત ટકી રહે તેવી ભાવના તેમણે ભાવી છે.

આત્મસ્થિરતાની અગત્ય બતાવતાં શ્રી સંતબાલજી લખે છે કે :

"ભૂલો માત્રનું મૂળ જ આત્મસ્થિરતાનો અભાવ છે. આત્મસ્મૃતિનું ધન લૂંટાઈ ગયા પછી જ બુદ્ધિ દેવાળું ફૂંકે છે. સુખ અને સ્વતંત્રતાને સ્થાને દુ:ખ અને બંધન એથી જ આવી પડે છે, માટે જ આત્મસ્થિરતાની પળે પળે આવશ્યકતા છે. આત્મસ્થિરતાનો અભાવ એજ ભાવમરણ છે." — સિદ્ધિનાં સોપાન, પૃ. ૧૮.

આ આત્મસ્થિરતા કેવી હોવી જોઈએ તે શ્રીમદે આ કડીની છેલ્લી બે પંક્તિમાં સમજાવ્યું છે. તે સ્થિરતા ઘોર પરિષહ કે ઉપસર્ગના ભયથી લેશ પણ ડગવી ન જોઈએ. ત્રીજી પંક્તિમાં "ભય" શબ્દ ખાસ હેતુપૂર્વક યોજાયેલો જોવા મળે છે. "પરિષહ" અને "ઉપસર્ગ" એ બંનેનો ભય સાધકને એટલો

બધો સતાવે છે કે કેટલીક વખત તો ઉપસર્ગ અને પરિષહ પણ એટલા સતાવી શકતા નથી. માનસશાસ્ત્રીઓ પણ જણાવે છે કે સાક્ષાત્ દુ:ખ કરતાં દુ:ખનો ભય માણસને વધુ પીડા આપે છે. આથી ઉપસર્ગ કે પરિષહનાં દુ:ખ કરતાં વિશેષ દુ:ખ તે આવી પડવાના "ભય"માં રહેલું દેખાય છે. એથી જ શ્રીમદે ઉપસર્ગ કે પરિષહના દુ:ખ વખતે જ નહિ પણ તે બંનેના આવી પડેલા ભય વખતે પણ આત્મસ્થિરતા ન ડગવી જોઈએ તેવી ભાવના રાખી છે.

કર્મ ખપાવવા તથા માર્ગથી ચ્યુત ન થવા માટે જે કંઈ સહન કરવું પડે તે પરિષહ કહેવાય છે. એમાંના કોઈ વિશેષ પ્રમાણમાં હોય તો તે પ્રાણઘાતક પણ નીવડે. તેવા પરિષહ ઘોર પરિષહ કહેવાય છે. નિર્ગ્રંથ મુનિને સહન કરવા પડતા પરિષહ બાવિસ પ્રકારના (ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન ૨) કહ્યા છે, તે આ પ્રમાણેઃ ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, દંશમશક, નગ્નતા, અરતિ, સ્ત્રી, ચર્યા, નિષદ્યા, શય્યા, આક્રોશ, વધ, યાચના, અલાભ, રોગ, તૃણસ્પર્શ, મેલ, સત્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન અને દર્શન. તે પ્રત્યેકની ટૂંકાણમાં સમજણ નીચે પ્રમાણે છે :

કોઈ પણ કારણસર શુદ્ધ આહાર ન મળતાં ક્ષુધા સહન કરવી પડે તે *ક્ષુધા પરિષહ*. શાસ્ત્રમાં જણાવેલું ઉકાળેલું અચિત્ત પાણી ન મળતાં તૃષા સમભાવે સહેવી તે *તૃષા પરિષહ*. શિયાળામાં સખત ઠંડીમાં પણ ટાઢ ઉડાડવા કોઈ પ્રયત્ન ન કરતાં ઠંડી સમભાવે સહેવી તે *શીત પરિષહ*. ગ્રીષ્મમાં એ જ રીતે સૂર્યાદિ તાપ સહન કરવા તે *ઉષ્ણ પરિષહ*. ગુફામાં કે અન્ય જગ્યાએ મચ્છર, ડાંસ, માંકડ આદિ જંતુઓના ડંખ પીડા કરે તેથી મનને ચંચળ ન બનવા દેતાં તેને સમભાવે સહેવા તે *દંશમશક પરિષહ*. સચેલક મુનિનાં વસ્ત્ર ફાટી જાય તોપણ કોઈ પાસે વસ્ત્રની યાચના ન કરતાં સમભાવે નગ્નતા વેદે તે *નગ્નતા પરિષહ*. અચેલક માટે તો નગ્નતા એ હંમેશનો પરિષહ રહે છે. કોઈ પણ વસ્તુ પ્રાપ્ત ન થાય છતાં મનમાં શોક થવા દીધા વિના સંયમમાં રહેવું તે *અરતિ પરિષહ*. મુનિને સ્ત્રી વશ કરવા પ્રયત્ન કરે તે વખતે ચલિત ન થતાં સંયમિત રહેવું

તે *સ્ત્રી પરિષહ*. મુનિએ એક સ્થળે સ્થિર ન રહેતાં ચારે બાજુ ફરવું જોઈએ; એક સ્થળે રહેવાથી તે સ્થળ વિશે આસક્તિ થાય; માટે વિહારનાં ગમે તેટલાં કષ્ટો સહન કરવાં તે *ચર્યા પરિષહ*. સારી-નરસી ચીજ માટે રાગદ્વેષ ન કરવો, થયેલા ઉપસર્ગ શાંતિથી સહેવા તે *નિષદ્યા પરિષહ*. મુનિને પોતાના નિવાસ દરમ્યાન સૂવાની પથારી કે જગ્યા સારી ન મળે કે ત્યાં વ્યંતર આદિનો ઉપસર્ગ હોય કે કોઈ અન્ય દુઃખ હોય તે શાંતિથી સહન કરવું તે *શય્યા પરિષહ*. કોઈ વૈરી, અન્યધર્મી કુવચન કહે, નિંદા કરે, ખોટાં આળ ચડાવે વગેરે કરે છતાં તે સમભાવે સહેવાં, સર્વને કર્મનો દોષ માની અન્યનો દોષ ન જોવો તે *આક્રોશ પરિષહ*. ચોર, બદમાશ આદિ ગુસ્સામાં આવી મુનિને મારે કે ક્રોધ કરે કે વધ કરે, છતાં તેના પ્રત્યે દ્વેષ ન કરતાં સમભાવ રાખે અને પોતાને અવિનાશી જાણી તે સર્વનું શાંતિથી વેદન કરે તે *વધ પરિષહ*. ગોચરી માટે જતી વખતે ખોરાક, ઔષધાદિની યાચના કરવી પડે છે, તે વખતે તેમાં ગ્લાનિ કે શરમ ન રાખતાં, પૂર્વની પોતાની સ્થિતિ યાદ કર્યા વિના, યાચવું – અને મળે કે ન મળે તે સમભાવે સહેવું તે *યાચના પરિષહ*. યાચના કરવા છતાં ઇચ્છિત ન મળે છતાં ખેદ ન કરવો અને સમભાવ રાખવો તે *અલાભ પરિષહ*. શરીરમાં ગમે તેવા રોગ ઉત્પન્ન થાય છતાં તે વિશે મનમાં ક્લેશ ન આણે, મુનિને લબ્ધિ પ્રગટી હોય છતાં રોગનિવારણ માટે તેનો ઉપયોગ ન કરે, રોગ સમભાવે વેદે તે *રોગ પરિષહ*. શરીરની નબળી સ્થિતિમાં ઘાસની પથારી ખૂંચે તોપણ શાંતિથી તેને સહે અને મૃદુ પથારીને ઇચ્છે નહિ તે *તૃણસ્પર્શ પરિષહ*. અગ્નિ, ધૂળ પરસેવો આદિથી મેલા થયેલા શરીરને સ્વચ્છ કરવા ઇચ્છે નહિ અને પૂર્વે કરેલી શરીરની સ્વચ્છતા સંભારે પણ નહિ તે *મેલ પરિષહ*. કોઈ સત્કાર કરે કે ન કરે, બંનેમાંથી કોઈ પણ સ્થિતિમાં ગૌરવ કે ખેદ ન કરતાં સમભાવ રાખવો તે *સત્કાર પરિષહ*. ગમે તેટલું જ્ઞાન હોવા છતાં, મુનિ તેનું અભિમાન ન કરે; ઉપરાંત જ્ઞાનદાન કરતાં કદી કંટાળે નહિ, તે *જ્ઞાન પરિષહ*. મહેનત કરવા છતાં જ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યારે મુનિ ખેદ ન પામતાં વધુ ઉદ્યમી

થાય તે *અજ્ઞાન પરિષહ*. પરમાર્થપ્રાપ્તિમાં વિલંબ થતાં આકુળવ્યાકુળ બનાવે તે *દર્શન પરિષહ*.

કુદરતી રીતે ઉત્પન્ન થતાં આ ૨૨ પરિષહો ગમે તે પરિસ્થિતિમાં સમભાવથી સહે તે સાચા મુનિ. બહુ નુક્સાન ન કરે તે હળવા પ્રકારનાં પરિષહ છે, અને પ્રાણઘાતક નીવડે તે “ઘોર પરિષહ” છે. તે સર્વમાં નિર્ગ્રંથની આત્મસ્થિરતા ટકી ન રહે તો તેનું પતન થાય; આથી મુનિએ આવેલા પરિષહો આત્મજાગૃતિપૂર્વક જીતવા જોઈએ. આત્માની વિશુદ્ધિ જેમ જેમ વધતી જાય તેમ તેમ પરિષહની સંખ્યા ઘટતી જાય છે. દશમાથી બારમા ગુણસ્થાને ૧૪ પ્રકારના પરિષહ સંભવે છે, અને ૧૩ તથા ૧૪મા ગુણસ્થાને માત્ર ૧૧ પ્રકારના પરિષહ સંભવે છે. જ્ઞાનાવરણ, અંતરાય, મોહનીય અને વેદનીય કર્મનો ઉદય જ આ પરિષહના નિમિત્તરૂપે હોય છે.

ઉપસર્ગ પરિષહથી જુદા પ્રકારના છે. અન્ય કોઈ જીવ તરફથી મુનિને ઈરાદાપૂર્વક અપાયેલું દુઃખ તે ઉપસર્ગ છે. દેવસંબંધી, મનુષ્યસંબંધી, તિર્યંચસંબંધી અને આત્મસંવેદનીય એમ ચાર પ્રકારના ઉપસર્ગ “ઠાણાંગસૂત્ર” માં કહ્યા છે. (ઠાણાંગસૂત્ર, અધ્યયન ૫, ઉદ્દેશ ૧, ગાથા ૪૦૯).

આ ચારમાંથી કોઈના પણ નિમિત્તથી મુનિને થતું દુઃખ તે ઉપસર્ગ. ૧. દેવસંબંધી: દેવ ચાર કારણથી ઉપસર્ગ કરવા પ્રેરાય છે: હાસ્ય કે કુતૂહલથી, પ્રદ્વેષથી, પરીક્ષા કરવા માટે અને વિમાત્રા – આગળના ત્રણે કારણ સાથે હોય તેથી. ૨. મનુષ્યસંબંધી: મનુષ્ય પણ હાસ્યથી, દ્વેષથી, પરીક્ષા માટે કે કુશીલના બોધથી ઉપસર્ગ કરે છે. ૩. તિર્યંચસંબંધી: તિર્યંચ પણ ચાર કારણથી ઉપસર્ગ કરે છે: ભયથી, પૂર્વભવના વૈરથી, આહાર માટે અને પોતાના રહેવાના સ્થળના રક્ષણ અર્થે. ૪. આત્મસંવેદનીય: પોતાના કારણથી ઉત્પન્ન થતા ઉપસર્ગ પણ ચાર કારણથી છે: ઘટ્ટન, પ્રપત્તન, સ્તંભન અને શ્લેષણ. આંગળી આદિ ઉપાંગના ઘસવાથી થતો કે આંખમાં ધૂળ પડવી, આંખ

ચોળવી ઇત્યાદિથી થતો ઉપસર્ગ તે ઘટ્ટન ઉપસર્ગ છે. યત્ના વિના ચાલવાથી પડી જતાં લાગી જાય વગેરે પ્રપત્તન ઉપસર્ગ છે. હાથ, પગ વગેરે અવયવો શૂન્ય બની જતાં જે દુ:ખ થાય તે સ્તંભન ઉપસર્ગ છે. અને આંગળી વગેરે અવયવો ચોંટી જવાથી કે વાત, કફ, પિત્ત અને સન્નિપાતથી થતા ઉપસર્ગ તે શ્લેષણ છે.

આ બધા ઉપસર્ગ સહન કરતી વખતે મુનિને ઉપસર્ગકર્તા પ્રત્યે દ્વેષ નહીં પણ કરુણા આવે કે ઉપસર્ગકર્તાને કેટલાં કર્મનો બંધ થાય છે!

જીવલેણ નીવડે તેવો પરિષહ કે ઉપસર્ગ સમભાવે સહેવા તે સહેલી વાત નથી. મહાન પુરુષથી જ તે વખતે આત્મસ્થિરતા જાળવી શકાય. એવી સ્થિરતા મહાવીર પ્રભુ આદિએ જાળવી હતી. તે જાળવવાની ભાવના ભાવનારની પણ કેટલી ઉચ્ચ કક્ષા હોવી જોઈએ!

આ કડીમાં શ્રીમદે સ્વરૂપમાં જ રહેવાની, આત્મસ્થિરતા પામવાની ભાવના વ્યક્ત કરી છે; પણ જ્યાં સુધી કેવળજ્ઞાન પ્રગટ થયું નથી હોતું ત્યાં સુધી “આત્મસ્થિરતા” નું સાતત્ય જળવાતું નથી અને મન, વચન તથા કાયાના યોગ પ્રવર્ત્યા કરે છે. આ આત્મસ્થિરતા ન પ્રવર્તે ત્યારે પોતાની મુનિ તરીકેની ચર્યા કેવી હોવી જોઈએ તે વિશેની ભાવના શ્રીમદે પાંચમી કડીમાં મૂકી છે –

> સંયમના હેતુથી યોગપ્રવર્તના,
> સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો;
> તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
> અંતે થાયે નિજ સ્વરૂપમાં લીન જો. અપૂર્વ૦ ૫

પોતે શુદ્ધ સ્વરૂપમાં ન પ્રવર્તી શકે તે સમયના પોતાના પ્રવર્તન વિશેની અભિલાષા વ્યક્ત કરતાં શ્રીમદ્‌ આ કડીમાં કહે છે કે મન, વચન અને કાયાના ત્રણે યોગની પ્રવૃત્તિ, જિનઆજ્ઞા અનુસાર, આત્મસ્વરૂપને લક્ષમાં રાખીને તેમ

જ સંયમના કારણે થાય, અને જેમ જેમ આત્મસ્થિરતા વધતી જાય તેમ તેમ ક્ષણે ક્ષણે તે યોગની પ્રવૃત્તિ ઘટતી જાય અને છેવટે આત્મસ્વરૂપમાં લીન થઈ જવાય તેવો અપૂર્વ અવસર ક્યારે આવશે?

પ્રથમ પંક્તિમાં શ્રીમદે મન,વચન અને કાયાના યોગ સંયમના હેતુથી જ પ્રવર્તે તેવી ઇચ્છા કરી છે. સમ એટલે સમ્યક્ પ્રકારે અને યમ એટલે પાંચ મહાવ્રત. સંયમ એટલે અકષાયીપણે પાંચ મહાવ્રતના પાલનમાં અપૂર્વ સ્થિરતા. આ સંયમની ઉત્કૃષ્ટ સ્થિતિ તે સંપૂર્ણ અસંગતા. મુનિ સંયમની ઉત્કૃષ્ટ સ્થિતિએ પહોંચવા માટે જ સતત મન, વચન અને કાયાના યોગથી પ્રયત્નશીલ હોય છે. અર્થાત્ તેઓ યોગથી આત્મસ્વરૂપમાં લીન રહેવા માટે સતત પુરુષાર્થી રહે છે, કારણ કે પૂ. સંતબાલજી લખે છે તેમ :

> "જેટલે અંશે સંયમ તેટલે અંશે વિવેક તો હોય જ. વિવેક અને વિચાર વિના જ્ઞાન ટકે નહિ, અને જ્ઞાન વિનાનો સંયમ સો ટચનો સંયમ ન ગણાય! એટલે સંયમીને પ્રતિપળે આત્મભાન તો રહે જ."
> – સિદ્ધિનાં સોપાન, પૃ. ૩૦.

તેમ છતાં મુનિ જે સમયે શુદ્ધ ભાવમાંથી નીકળે તે સમયે તેઓ શુભભાવમાં આવે છે. કારણ કે પૂ. કાનજીસ્વામી જણાવે છે તેમ :

> "આત્મસ્થિરતા અને તે સ્થિરતાનો પુરુષાર્થ પોતાને સ્વાધીન છે. પણ મન, વચન અને કાયાના યોગનું સ્થિર રહેવું કે પલટાવું તે ઉદયાધીન છે, સર્વથા તે યોગનું પ્રવર્તન ઘટીને અયોગીપણું તો ૧૪મે ગુણસ્થાને થાય છે." – અપૂર્વ અવસર પરનાં પ્રવચનો, પૃ. ૧૯.

મુનિ શુભભાવમાં હોય તે વખતે તેઓ શાસ્ત્રશ્રવણ શિષ્યાદિને ઉપદેશ, ભક્તિ આદિ કાર્ય કરે છે, પણ તેમાં પોતાનું કર્તાપણું માનતા નથી. એટલે કે પોતે જિનઆજ્ઞાનુસાર વર્તે છે તેવી ભાવના સેવે છે, તે બધાં કાર્ય કરવાના

ભાવને પણ તેઓ હેય ગણે છે. આ કાર્ય કરવામાં પણ તેમનું લક્ષ તો સ્વસ્વરૂપ પામવાનું જ હોય છે; કારણ કે મુનિશ્રી સંતબાલજી કહે છે તેમ, એવે વખતે તેમને :

> "સંયમને માટે સંયમ નથી. અર્થાત્ સંયમ પોતે સાધ્ય નથી, એ પણ એક સાધન જ છે. સાધ્ય તો સ્વરૂપદશા છે અને સંયમ એનું સાધન છે. સંયમને સાધનને બદલે સાધ્ય માનવાથી જ આત્મવિકાસ અને વિશ્વપ્રેમના દ્વાર પર જટિલ પડદો પડી જાય છે." — સિદ્ધિનાં સોપાન, પૃ. ૩૨.

આમ મુનિ પોતાનું સ્વરૂપ પામવાનું લક્ષ રાખીને જ કર્મના ઉદય પ્રમાણે જિનમાર્ગે ચાલવાની ઈચ્છા ધરાવે છે. અહીં શ્રીમદે ખૂબીપૂર્વક સઘળો હેતુ એક "સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો." એ પંક્તિમાં દર્શાવી દીધો છે.

આત્મસ્થિરતામાં ન રહેવાય ત્યારે મુનિઅવસ્થામાં પોતે જિનઆજ્ઞા અનુસાર વર્તવા ઈચ્છે છે, પણ તેમનું લક્ષ તો સંપૂર્ણ આત્મસ્થિરતા પામવાનું જ છે, તે શ્રીમદે બીજી બે પંક્તિમાં બતાવ્યું છે. મન, વચન અને કાયાના યોગો પ્રત્યેક ક્ષણે ઘટાડતા જઈ અંતમાં નિજ સ્વરૂપમાં લીન થવાની તેમની ભાવના છે. જુઓ :

> "તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
> અંતે થાયે નિજ સ્વરૂપમાં લીન જો." અપૂર્વ ૦ ૫

> "ઉદાસીનતા અને ઉપયોગની તીવ્રતા થાય ત્યારે ક્ષાયિકભાવ અથવા વીતરાગભાવ વેદાય છે. એટલે કે જ્ઞાનમાં જેમ આત્મસ્થિરતા વધતી જાય છે તેમ જિનઆજ્ઞાના આલંબનરૂપ નિમિત્તનો વિકલ્પ છૂટી જાય છે."
> — પરમપદ-પ્રાપ્તિની ભાવના, પૃ. ૮૨.

મુનિ આત્મસ્વરૂપમાં સ્થિર રહેવા સતત પ્રયત્નશીલ રહે તે આપણે જોયું. આથી જેમ જેમ તેમના આત્માની નિર્મળતા વધતી જાય છે તેમ તેમ સંયમના હેતુથી થતી યોગની ક્રિયા પ્રત્યેક ક્ષણે ઘટતી જાય છે.

"અહીં ક્ષણ ક્ષણ શબ્દ ખાસ અર્થમાં વપરાયેલો છે, કારણ કે આમાં ક્ષપકશ્રેણિની વાત છે. ક્ષપકશ્રેણિમાં સમયે સમયે આત્મવિશુદ્ધિ વધતી જાય છે, એટલે જિનઆજ્ઞા અથવા શ્રુતજ્ઞાનનું અવલંબન સમયે સમયે ઘટતું જાય છે તે એટલે સુધી કે તે અવલંબન તદ્દન નાશ પામે છે અને અંતે નિજ સ્વરૂપમાં લીન થાય છે." — પરમપદ-પ્રાપ્તિની ભાવના, પૃ. ૮૩.

આ સ્થિતિ ૧૪મા ગુણસ્થાને આવે છે. આમ શ્રીમદે અહીં ૭મા ગુણસ્થાનની સ્થિતિ બતાવતાં બતાવતાં ૧૪મા ગુણસ્થાને પહોંચવાની અભિલાષા ખૂબીથી વ્યક્ત કરી દીધી છે.

સંયમમાં રહેવાની શ્રીમદ્દની આ અભિલાષા સાથે જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરનો સંયમ "આચારાંગસૂત્ર" ના ૯મા અધ્યયનના પહેલાં ઉદ્દેશની ૯-૧૦ ગાથાઓમાં બતાવ્યો છે તે સરખાવવા જેવો છે. જુઓ —

फरुसाइं दुत्तिइक्खाइं अइयच्चे मुणी परक्कामममाणे ।
आधायनद्दगीयाइं दंडजुज्झाइं मुट्ठिजुज्झाइं ।। – ९।।

ભાવાર્થ: વળી ભગવાન, નહીં ખમી શકાય એવા કઠોર પરિષહોની કશી દરકાર નહીં કરતા અને લોકોથી થતા નૃત્ય કે ગીતમાં રાગ નહીં ધરતા, તથા દંડયુદ્ધ કે મુષ્ટિયુદ્ધની વાતો સાંભળી ઉત્સુક નહીં બનતા.

गढिए मिहुंकहासु समयम्मि नाइसुए विसोए अद्दक्खु ।
एयाइं सा उरालाइं गच्छइ नायपुत्ते असरणाए ।। – १०।।

ભાવાર્થ: કોઈ વખતે જ્ઞાતપુત્ર ભગવાન, સ્ત્રીઓને પરસ્પરની કામકથામાં તલ્લીન થયેલી જોતા તો ત્યાં રાગદ્વેષરહિત મધ્યસ્થપણે રહેતા. એ રીતે એવાં જબરજસ્ત સંકટો પર કશું પણ લક્ષ નહીં આપતાં જ્ઞાતપુત્ર ભગવાન સંયમમાં પ્રવર્ત્યા જતા હતા.

આ બંને ગાથામાં કઠોર પરિષહ અને મોટાં સંકટો વચ્ચે પણ ભગવાન મહાવીર સંયમમાં દૃઢ રહેતા હતા તે જણાવ્યું છે. આવી જ સ્થિરતા રાખવાનો શ્રીમદ્‌નો અભિલાષ ચોથી-પાંચમી એ બે કડીમાં જોવા મળે છે. તેમાં બાહ્ય ખરાબ સંજોગો વચ્ચે સંયમ જાળવવાની વાત છે. આ પછીની એટલે કે છઠ્ઠી કડીમાં આંતરિક પ્રમાદ તથા રાગદ્વેષને જીતીને સંયમ જાળવવાની અભિલાષા શ્રીમદે વ્યક્ત કરી છે. નિર્ગ્રંથ મુનિ તરીકેનાં પોતાનાં આત્મચારિત્રના એક વધુ ઊંચા પગથિયાનો લક્ષ આપણને છઠ્ઠી કડીમાં શ્રીમદે કરાવ્યો છે :

> પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
> પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો;
> દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ પ્રતિબંધ વણ,
> વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો. અપૂર્વ ૦ ૬

સાધક તરીકે આત્મસ્થિરતા પ્રાપ્ત કરવામાં અંતરાય આપનાર પ્રમાદ, વિષયાસક્તિ, પ્રતિબંધ આદિને દૂર કરવાની ઇચ્છા વ્યક્ત કરતાં આ કડીમાં શ્રીમદ્ જણાવે છે કે પાંચ ઇન્દ્રિયના પાંચ વિષયોમાં રાગદ્વેષરહિતપણું હોય, પાંચ પ્રમાદમાં મનનો ક્ષોભ કે મનની ડામાડોળ સ્થિતિ ન હોય; દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ ચાર પ્રકારના પ્રતિબંધ વિના એટલે કે બંધન વિના કર્મના ઉદય પ્રમાણે નિર્લોભપણે વિચારવાનું હોય તેવો અપૂર્વ અવસર ક્યારે આવશે ?

અહીં આત્મસ્થિરતા પ્રાપ્ત કરવા માટે સાધકે કેળવવા પડતા ગુણોનો ખ્યાલ શ્રીમદે આપ્યો છે. તેઓ પોતાના વિચારોની સવિશેષ સ્પષ્ટતા કરતા જતા હોય તેવું અહીં જણાય છે.

આંખ, કાન, નાક, જીભ અને ત્વચા – એ પાંચ ઇન્દ્રિયના પાંચ વિષય – રૂપ, શબ્દ, ગંધ, રસ અને સ્પર્શ – પ્રતિ સંપૂર્ણ રાગ કે દ્વેષરહિતપણું પહેલી પંક્તિમાં શ્રીમદે ઇચ્છયું છે. આ પ્રત્યેક વિષયને બે બાજુ છે. કર્ણેન્દ્રિયનો

વિષય શબ્દ છે. શબ્દ સાંભળ્યા પછી તે પ્રશંસારૂપ કે નિંદારૂપ લાગે. ચક્ષુરિન્દ્રિયનો વિષય રૂપ છે. તે સુંદર કે અસુંદર હોય. રસેન્દ્રિયનો વિષય રસ છે, તે ખારો, ખાટો, તીખો, મીઠો, તૂરો વગેરે હોઈ શકે. ઘ્રાણેન્દ્રિયનો વિષય ગંધ છે, તે સુગંધ કે દુર્ગંધરૂપ લાગે. અને સ્પર્શેન્દ્રિયનો વિષય સ્પર્શ છે, તે સુંવાળો, કર્કશ એમ જુદો જુદો હોઈ શકે. આ પાંચ વિષયનાં સારાં રૂપ મળે તો રાગ થાય અને ખરાબ રૂપ મળે તો દ્વેષ થાય તેવો સામાન્ય જનનો અનુભવ છે.

મુનિ અહીં રાગદ્વેષથી અલિપ્ત રહેવા ઇચ્છે છે, કારણ કે રાગદ્વેષના પરિણામે જીવનું બૂરું કરવામાં કશું બાકી રાખ્યું નથી. રાગદ્વેષનાં પરિણામ આવવાથી જીવને બહિરાત્મભાવ થાય છે, તે પોતાનું સ્વરૂપ જ ભૂલી જાય છે, જે તેના ભવભ્રમણનો હેતુ થાય છે. આથી સર્વ વિષયોમાં અનાસક્તિ કેળવવાનો પુરુષાર્થ મુનિ કરે છે, કારણ કે શ્રી સંતબાલજી જણાવે છે તેમ :

> "વિષયો પોતે દૂષિત નથી, પણ મનમાં રહેલી આસક્તિ જ વિષયોમાં દૂષણ જન્માવે છે અને ઇન્દ્રિયો દ્વારા વિષયોનું સેવન કરાવી જીવનમાં દૂષણો વધારે છે." — સિદ્ધિનાં સોપાન, પૃ. ૪૪.

એક ઇન્દ્રિયમાં પણ વિશેષ આસક્તિ હોય તો ઘણી વાર જીવનો નાશ થાય છે; જેમ કે શિકારીના મધુર શબ્દમાં લોભાઈ હરિણી પ્રાણ ગુમાવે છે. કમળની ગંધ પર આસક્ત થયેલો ભ્રમર તેમાં પુરાઈ હાથીથી ખવાઈ જાય છે. માછીમારની કાંટામાં મૂકેલી વસ્તુ રસને લીધે ખાવા જતાં માછલું મરણને શરણ થાય છે. દીવાનું અતિરૂપ જોઈ તે રૂપના મોહમાં પતંગિયું પોતાનો જાન ગુમાવે છે. તેમ જ બનાવટી હાથણીના સ્પર્શના લોભથી બાજુમાં રહેલા ખાડામાં પડી હાથી પણ મરણ પામે છે. એકાદ વિષયમાં આસક્તિ વધતાં આવા હાલ થાય છે, તો પછી બધા વિષયમાં આસક્તિ સેવનારની શી દશા થાય? આથી જ મુનિ પાંચે પ્રકારના વિષયમાં રાગદ્વેષરહિતપણું ઇચ્છે છે.

વિષયોથી ન ડગનાર અને તેવા પ્રસંગોમાં મનને કાબૂમાં રાખનાર સાધકને માટે આત્મસ્થિરતા ડગાવે તેવો એક બીજો શત્રુ છે; તે છે પ્રમાદ. શ્રી કાનજીસ્વામી જણાવે છે તેમ "પ્રમાદ એટલે 'આત્મસ્વરૂપમાં અનુત્સાહ'. અને 'આત્મસ્વરૂપમાં ઉત્સાહ અથવા સ્વરૂપમાં સાવધાની' તેનું નામ અપ્રમાદ છે. એવી સર્વોત્કૃષ્ટ સાધકદશા – સર્વકાળ સ્થિતિસ્થિરતા – વર્તે, એવી શુદ્ધ અવસ્થાની એકાગ્રતા જલદી વર્તો એવી અહીં ભાવના છે." — અપૂર્વ અવસર પરનાં પ્રવચનો, પૃ. ૨૨.

મદ, વિષય, કષાય, નિદ્રા અને વિકથા એ પાંચ પ્રમાદના મુખ્ય પ્રકાર છે. (કેટલીક જગ્યાએ પ્રમાદના પાંચમા પ્રકાર તરીકે "મદ" ને બદલે "સ્નેહ" કે "મદ્ય" ગણાય છે, અથવા તો "નિદ્રા" ને બદલે "નિંદા" ગણાય છે).

૧. **મદ** – મદ એટલે અભિમાન કે અહંકાર. મદ આઠ પ્રકારના છે: જાતિમદ, કુળમદ, બળમદ, રૂપમદ, તપમદ, વિદ્યામદ(કે જ્ઞાનમદ), લાભમદ અને ઐશ્વર્યમદ. આમાંથી કોઈ પણ જાતનો મદ આવે તો જીવમાં ઉદ્ધતાઈ, ઉછાંછળાપણું, સ્વચ્છંદ વગેરે આવતાં, પરિણામે કાં તો એ પદ ગુમાવવાનો વખત આવે છે અને નહિ તો એ પદ સંતોષ આપવાને બદલે અસંતોષ આપનારું થઈ પડે છે. સામાન્ય રીતે જાતિ, કુળ, બળ કે રૂપ જેવાના મદ મુનિને ન આવે; પણ તેમને પોતાના તપ, લબ્ધિ, જ્ઞાન વગેરેનો મદ આવવાનો સંભવ રહે છે. તેથી અહીં કોઈ પણ જાતની મદરહિત સ્થિતિ ઇચ્છી છે.

૨. **વિષય** – પ્રમાદનું બીજું અંગ વિષય છે. અહીં વિષયનો અર્થ કામવિકાર છે. ઉચ્ચ કોટિએ ગયેલા સાધકે ચોથું વ્રત અંગીકાર કર્યું હોય છે, તેથી તેને સ્થૂળ વિષયપ્રમાદ હોતો નથી, પણ કર્મોદયજન્ય વિષય હોય છે. અને તે પણ ઉપશમરૂપ હોય છે. આત્મસ્થિરતા દૃઢ ન હોય તો બાહ્ય નિમિત્ત મળતાં પૂર્વે ભોગવેલા વિષય યાદ આવી

જાય. તેવે પ્રસંગે મનમાં ક્ષોભ પણ ન થાય તેવી ભાવના ભાવી છે. પાંચે પ્રકારના પ્રમાદમાં "વિષય" એ સૌથી ભયંકર છે અને એ એક જીતાઈ જાય તો બાકીનાને જીતવા સહેલા પડે છે. તે વિશે શ્રીમદે લખ્યું છે કે :

"એક વિષયને જીતતા, જિત્યો સૌ સંસાર;
નૃપતિ જીતતાં જીતીએ, દળ, પુર ને અધિકાર."
— શ્રીમદ્ રાજચંદ્ર, મોક્ષમાળા-૩૪, પૃ. ૮૨.

૩. **કષાય** – કષાય એ પ્રમાદનું ત્રીજું અંગ છે. અપ્રમત્તદશામાં આગળ વધતો સાધક વિષય પર કાબૂ મેળવે છતાં ૧૨મા ગુણસ્થાને ન પહોંચે ત્યાં સુધી તેને કષાય રહી જાય છે. આથી ઉપશમશ્રેણિનો સાધક ૧૧મા ગુણસ્થાનેથી અવશ્ય પતન પામે છે. કષાય મુખ્ય ચાર છે: ક્રોધ, માન, માયા, લોભ. તે પ્રત્યેકના ચાર પ્રકારમાંથી પહેલા ત્રણ – અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાનીનો એટલે કે ૧૨ કષાયનો ક્ષય કે ક્ષયોપશમ ન થાય ત્યાં સુધી ભાવચારિત્ર આવતું નથી. કોઈ ક્ષયોપશમી હોય તો, અથવા સંજ્વલન ક્રોધ, માન, માયા કે લોભનો ઉદય આવે તે વખતે પણ, મનમાં ક્ષોભ થાય નહીં એવી ભાવના આમાં છે.

૪. **નિદ્રા** – નિદ્રાની તો દરેક દેહધારીને જરૂર છે. શરીર ટકાવવા ઉચિત પ્રમાણમાં નિદ્રા લેવી તે પ્રમાદ નથી, પણ જરૂર કરતાં વધુ નિદ્રા લેવી તે પ્રમાદ છે. કોઈ અશુભ કર્મના ઉદયથી આ જાતનો પ્રમાદ આવે તો મુનિ આત્મજાગૃતિ રાખી તે દૂર કરે છે અને મનને ક્ષોભ પામવા દેતા નથી. તેવા પ્રમાદથી દૂર રહેવાની અહીં ભાવના છે.

૫. **વિકથા** – પ્રમાદનો પાંચમો પ્રકાર વિકથા છે. સ્ત્રીપુરુષકથા, ભોજનકથા, દેશકથા કે રાજકથા તે વિકથા છે. તે ચારે સંસારની વૃદ્ધિ કરનાર છે.

તેથી મુનિ તેનાથી અલિપ્ત રહે, મુનિને સ્થૂળ વિકથા હોવાનો સંભવ ઓછો હોય છે. પણ અન્ય મુનિ વિશે વિકથા કરવાનો, તેના વિશે તે હલકા છે તેવો ખ્યાલ થવાનો સંભવ સૂક્ષ્મતાએ રહે છે. આવી કોઈ પણ જાતની વિકથામાં ન પડવાની ભાવના અહીં છે.

આત્મસ્થિરતા મેળવવામાં નડતરરૂપ વિષય, પ્રમાદથી અલિપ્ત રહેવાની ભાવના સાથે શ્રીમદે અહીં “પ્રતિબંધ” થી પણ મુક્ત રહેવાની અભિલાષા સેવી છે. “અપૂર્વ અવસર” ની આ કડીમાં જણાવ્યું છે તેમ પ્રતિબંધ ચાર પ્રકારના છે : દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ. પ્રતિબંધ એટલે આવરણ.

૧. **દ્રવ્યપ્રતિબંધ** – બાહ્ય કોઈ પદાર્થની જરૂર હોવી તે દ્રવ્યપ્રતિબંધ. નિર્ગ્રંથ મુનિને સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યગ્ચારિત્ર સિવાય કોઈ પણ વસ્તુની જરૂર ન હોય. વસ્ત્ર, પુસ્તક, આહાર વગેરેમાંથી કોઈના પણ ગ્રહણ કે અગ્રહણ વિશે મતાગ્રહ ન હોય. મતાગ્રહ તે પ્રતિબંધ છે. તે વિશે શ્રીમદે લખ્યું છે કે :

“પુસ્તક છે તે જ્ઞાનના આરાધનને અર્થે સર્વ પ્રકારના પોતાના મમત્વભાવ રહિત રખાય તો જ આત્માર્થ છે, નહીંતર મહાન પ્રતિબંધ છે.” — શ્રીમદ્ રાજચંદ્ર, આંક ૪૩૦, પૃ. ૩૬૪.

એવું જ અન્ય દ્રવ્યો વિશે છે.

૨. **ક્ષેત્રપ્રતિબંધ** – માન, પૂજા, સત્કાર આદિ મળે તેવાં અનુકૂળ ક્ષેત્રમાં જ રહેવું કે પ્રતિકૂળ ક્ષેત્રમાં ન જ રહેવું તે ક્ષેત્રપ્રતિબંધ છે. અનુકૂળતા-પ્રતિકૂળતા જોયા વિના સમભાવે મુનિએ રહેવું જોઈએ. ક્ષેત્રપ્રતિબંધ સમજાવતાં શ્રીમદે લખ્યું છે કે :

“આ ક્ષેત્ર આપણું છે અને તે ક્ષેત્ર જાળવવા ચાતુર્માસ ત્યાં રહેવા માટે જે વિચાર કરવામાં આવે છે તે ક્ષેત્રપ્રતિબંધ.”
— શ્રીમદ્ રાજચંદ્ર, આંક ૪૩૦, પૃ. ૩૬૪.

૩. **ભાવપ્રતિબંધ** – શિષ્ય, અનુયાયી વગેરે માટે પ્રીતિ થવી તે ભાવપ્રતિબંધ. માન આપે તેના તરફ પ્રીતિ થવી અને અપમાન કરે તેના તરફ અપ્રીતિ થવી તે ભાવપ્રતિબંધ છે. તેનાથી મુનિએ છૂટવું જોઇએ.

૪. **કાળપ્રતિબંધ** – અમુક ક્ષેત્રમાં અમુક કાળે જ જવું, અન્ય કાળે ન જવું, તેવી ઈચ્છા તે કાળપ્રતિબંધ; જેમ કે અતિશય ઠંડા પ્રદેશમાં શિયાળામાં ન જવું તે કાળપ્રતિબંધ છે.

આ ચારે પ્રતિબંધ વિશે શ્રી તીર્થંકર પ્રભુનો અભિપ્રાય જણાવતાં શ્રીમદે એક પત્રમાં લખ્યું છે:

> "તીર્થંકર દેવ તો એમ કહે છે કે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી એ ચારે પ્રતિબંધથી જો આત્માર્થ થતો હોય અથવા નિર્ગ્રંથ થવાતું હોય તો તે તીર્થંકરદેવના માર્ગમાં નહિ, પણ સંસારના માર્ગમાં છે."
> — શ્રીમદ્ રાજચંદ્ર, આંક ૪૩૦, પૃ. ૩૬૪.

આથી આ પ્રત્યેક પ્રતિબંધ વિના રહેવાની ઈચ્છા શ્રીમદ્‌ની છે. તેમાં પણ તેઓ ઉદયાધીનપણે તથા વીતલોભ દશાથી રહેવા ઈચ્છે છે તે તેમણે ચોથી પંક્તિમાં જણાવ્યું છે. અહીં "ઉદયાધીન" અને "વીતલોભ" શબ્દો સપ્રયોજન યોજાયેલા છે.

"વિચરવું ઉદયાધીન" એટલે પૂર્વ પ્રકૃતિનો ઉદય આવે તેને વિવેકસહિત જાણી, તેમાં મમત્વ કર્યા વિના સમભાવે વર્તવું. મુનિને સતત વિહાર ચાલતો હોય છે, પણ તે વિહાર પાછળ માન, પૂજા, સત્કાર આદિનો હેતુ ન હોવો જોઈએ. તેમ જ મુનિની અન્ય સર્વ ક્રિયા પાછળ પણ એવો કોઈ હેતુ ન હોવો જોઈએ. બધું કર્મના ઉદય પ્રમાણે નીરાગીપણે થવું જોઇએ. પ્રકૃતિના ઉદયને જાણે પણ તે વિશે સમભાવે રહેવું તે "ઉદયાધીન" વર્તના કહેવાય.

કોઈ પણ કાર્ય ઉદયાધીનપણે થતું હોય ત્યારે તેમાંથી કોઈ પણ જાતનો લાભ લેવાનો હેતુ ન હોય. મુનિ વિહાર કરે, જ્ઞાનદાન કરે કે અન્ય કોઈ કાર્ય કરે ત્યારે તેમાંથી માન, પૂજા, સત્કાર, આદિ કોઈ પણ લાભ લેવાની લેશ પણ ઈચ્છા કર્યા વિના તે કાર્ય કરવું તે "વીતલોભ" પણે કાર્ય કર્યું ગણાય. પ્રત્યેક વસ્તુ સંયમના જ હેતુથી થવી જોઈએ એવી ભાવના છે. અહીં સર્વ કાર્યોમાં "વિચરવા"ની ક્રિયાને શ્રીમદ્ મહત્ત્વ આપી "વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો" એમ કહે છે; કારણ કે મુનિને ક્ષેત્ર પ્રતિ આસક્તિ થવાનો વિશેષ સંભવ રહે છે. જ્યાં માન-પૂજાદિ નિમિત્તો મળે, અનુકૂળ વાતાવરણ હોય ત્યાં રહેવાની ઈચ્છા વર્તવાની શક્યતા વિશેષ છે. તેથી તે જગ્યાએ શ્રીમદે ઉદયાધીન અને વીતલોભપણે વિચરવાની ભાવના વ્યક્ત કરી છે.

પાંચે ઈન્દ્રિયોનો નિગ્રહ કરવાથી શો લાભ થાય તે "ઉત્તરાધ્યયનસૂત્ર" ના ૨૯મા અધ્યયનની ૬૨થી ૬૬ સુધીની કંડિકામાં સમજાવ્યું છે. તે પરથી અહીં સંપૂર્ણ ઈન્દ્રિયજયની ભાવના શ્રીમદે ગાઈ હોય તો તે અસંભવિત નથી. એ જ રીતે પ્રમાદરહિત રહેવાની ભાવનામાં તથા પ્રતિબંધરહિત વિચરવાની ભાવનામાં "આચારાંગસૂત્ર"ના નવમા અધ્યયનના બીજા ઉદ્દેશ (ગાથા ૪, ૫, અને ૭) માં વર્ણવાયેલું – વીરપ્રભુનું ચરિત્ર નિમિત્ત હોય તેમ લાગે છે. તેમાં મહાવીર પ્રભુ કઈ રીતે પ્રમાદરહિત બનીને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તથા ભાવના પ્રતિબંધ વિના વિચરતા હતા તેનું વર્ણન આપેલું છે.

આ કડીમાં, આપણે જોયું તેમ, પાંચ પ્રકારના પ્રમાદમાં કષાયોનું બળ વિશેષ છે, તેનો ૧૨મે ગુણસ્થાને પહોંચ્યા વિના સંપૂર્ણ નાશ થતો નથી. અને ઉપશમશ્રેણિ હોય તો સમય આવ્યે તે ઉદયમાં આવી સાધકનું પતન કરાવે છે. આથી આ કષાયોનો નાશ કરવા, તે ઉદયમાં આવે તો તેની સાથે કેમ વર્તવું તે વિશેની પોતાની વિચારણા શ્રીમદે ૭મી કડીમાં આપી છે. અને તે કષાયોનો કેટલે અંશે નાશ કરવો તેમણે ઈચ્છયો છે તેનું વર્ણન

આપણને ૮મી કડીમાં જોવા મળે છે. આ બંને કડીની ભાવનાઓ તેમણે પાળવા ધારેલા ચારિત્રનું એક પાસું છે. જુઓ :

ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધસ્વભાવતા,
માન પ્રત્યે તો દીનપણાનું માન જો;
માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની,
લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો. અપૂર્વ ૦ ૭

ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર પ્રકારના કષાયની સંજ્વલન પ્રકૃતિ ૭મે ગુણસ્થાને વર્તતા સાધકને જીતવાની બાકી હોય છે. તેને જીતવા માટે તેના પ્રત્યે કેવી શૂરવીરતાથી વર્તવું જોઈએ તે વર્ણવતાં શ્રીમદ્ આ કડીમાં કહે છે કે પોતાને થતા ક્રોધ પ્રત્યે જ ક્રોધ વર્તે, માન પ્રત્યે નમ્રતાનું માન હોય; માયા પ્રત્યે જ્ઞાતાદ્રષ્ટાપણાની – સાક્ષીભાવની – માયા અને લોભ પ્રતિ લોભ કરવા જેવું, એટલે કે લોભનો લોભ કરવા જેવું બીજું કાંઈ નથી, એટલે કે લોભ ન કરવો એવો અપૂર્વ અવસર ક્યારે આવશે?

મોહનીય કર્મ તે સંસાર પરિભ્રમણનું મુખ્ય કારણ છે. મોહનીયના સેવકો તરીકે ઇન્દ્રિયોના વિષયો, પ્રમાદ આદિ કામ કરે છે, તે જ પ્રમાણે ક્રોધ, માન, માયા, લોભ તેના અનુયાયી તરીકે કાર્ય કરે છે. આ ચારે કષાય ઘણા બળવાન છે. ૭મે ગુણસ્થાને વર્તતા નિર્ગ્રંથ મુનિને આ ચારે કષાયની અનંતાનુબંધી પ્રકૃતિનો ક્ષય મુખ્યતાએ હોય છે. કોઈકને જ તેનો ક્ષયોપશમ હોય છે. બાકીની ૩ પ્રકૃતિનો ક્ષયોપશમ હોય છે. બાકી રહેલા કષાયને જીતવાનો ઉપાય અહીં બતાવાયો છે. અલબત્ત, એ ઉપાય તીવ્ર કષાયનો નાશ કરવા માટે પણ એટલો જ ઉપયોગી છે, તે વિચારતાં જણાશે.

મોહનીય કર્મની પ્રકૃતિરૂપ આ ચાર કષાયને ઉપશમથી, ક્ષયોપશમથી કે ક્ષયથી જીતી શકાય છે. ઉપશમ એટલે ઉદયમાં આવેલી તથા ઉદયમાં ન

આવેલી પ્રકૃતિને પ્રદેશ તથા રસથી સમાવી દેવી. ઉપશમમાં નિમિત્ત ન મળે ત્યાં સુધી આત્મા શુદ્ધ રહે છે, પણ નિમિત્ત મળતાં આત્માની સ્થિરતા ડહોળાઈ જવાનો ઘણો સંભવ રહે છે. ક્ષયોપશમ એટલે ઉદયમાં આવેલી પ્રકૃતિનો ક્ષય અને ઉદયમાં ન આવેલી પ્રકૃતિનો ઉપશમ. અહીં આત્માની સંપૂર્ણ જીત હોતી નથી. અને ક્ષય એટલે કષાયનો સંપૂર્ણ નાશ. તે પછી તે કદી પણ ઉદયમાં આવી શકતો નથી. ત્યાં આત્માની સંપૂર્ણ જીત છે.

આ ચારે કષાયને જીતવાનો ઉપાય શ્રીમદે આ કડીમાં બતાવ્યો છે. જલદી અસર કરનાર અને જલદી નાશ પામે તેવો કષાય તે ક્રોધ છે. ચારે કષાયોમાં સહેલાઈથી જીતી શકાય તેવો કષાય ક્રોધ હોવાથી શ્રીમદે સૌપ્રથમ તેનો નાશ કરવો ઇચ્છયો છે. માણસનું જ્યારે કંઈ ધાર્યું ન થાય, કંઈ પ્રતિકૂળ બને ત્યારે તેને તરત જ ક્રોધ આવે છે. આ ક્રોધ અન્ય વ્યક્તિને બાળે તે પહેલાં તો તે ક્રોધ કરનારને જ બાળે છે, તેથી તેનો નાશ કરવો યોગ્ય છે. તેનો નાશ કરવાનો ઉપાય "ક્રોધના ઉદય" પ્રતિ જ "ક્રોધ કરવો" તે છે. એમ કઈ રીતે થઈ શકે તે સમજાવતાં શ્રીમદે ઉપદેશ-નોંધમાં જણાવ્યું છે કે :

> "ક્રોધાદિ કષાયનો ઉદય થાય ત્યારે તેની સામા થઈ તેને જણાવવું કે તેં અનાદિકાળથી મને હેરાન કરેલ છે. હવે હું એમ તારું બળ નહિ ચાલવા દઉં, હું હવે તારા સામે યુદ્ધ કરવા બેઠો છું." — શ્રીમદ્‌ રાજચંદ્ર, ઉપદેશ નોંધ ૩૬, પૃ. ૬૭૮.

ક્રોધ એ આત્માનો સ્વભાવ નહીં પણ વિભાવ છે, તેથી તેનો ઉદય આવે ત્યારે તેને પોતાનાં કર્મનો ઉદય સમજાવાથી તેની સાથે લડવાની શક્તિ સાધકમાં આવે છે.

માન એ ક્રોધ કરતાં પણ મહાન શત્રુ છે. એ અનેક પ્રકારે જીવમાં પ્રવર્તતું જોવા મળે છે. જીવને પોતાનાં રૂપ, વિદ્યા, જ્ઞાન, સંપત્તિ, ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ આદિનું માન હોવા ઉપરાંત "મને માન નથી" નું માન પણ તેને

હોય છે. મુનિ પણ આ માનની જાળમાં ઘણી વખત લપટાઈ જાય છે. માનથી કેવી હાનિ થાય છે તેનું ઉદાહરણ “સનત્કુમાર ચક્રવર્તી” (શ્રીમદ્ રાજચંદ્ર, મોક્ષમાળા, પાઠ ૭૦-૭૧) તથા “બાહુબળ” – (શ્રીમદ્ રાજચંદ્ર, મોક્ષમાળા, પાઠ ૧૭)ની કથામાં મળે છે. આવા માનનો નાશ કરવા માટેનો ઉપાય “દીનપણાનું માન” સેવવાનો છે. તીર્થંકર પ્રભુનાં રૂપ, ગુણ, જ્ઞાન, આદિ પાસે પોતાનાં રૂપ, ગુણ, જ્ઞાન આદિ સિંધુમાં બિંદુ સમાન છે, તેની પ્રતીતિ પોતાનું માન ગાળવા સાધકે રાખવાની હોય છે. શ્રી કાનજીસ્વામી જણાવે છે તેમ :

> “સાધકને પૂર્ણ શુદ્ધ પરમાત્મસ્વરૂપની પ્રતીતિ અંતરમાં વર્તે છે. તેથી જાણે છે કે મારી વર્તમાન દશામાં હજુ અસ્થિરતાની નબળાઈને લીધે, હું પામર છું, એટલે કે પૂર્ણસ્વરૂપનો દાસાનુદાસ છું એવો વિવેક હોવાથી વીતરાગી સત્પુરુષનું બહુમાન કરે છે. પરમાર્થે પોતાનાં સ્વરૂપની તે ભક્તિ છે. મારો પૂર્ણ સ્વભાવ હજુ ઊઘડયો નથી માટે અભિમાન કેમ કરું? એમ જાણતો થકો તે સ્વરૂપની મર્યાદામાં વર્તે છે.” – અપૂર્વ અવસર પરનાં પ્રવચનો, આવૃત્તિ ૨, પૃ. ૨૬.

શ્રી તીર્થંકર પ્રભુની મહાનતા પાસે પોતાની પામરતા વિચારવી એ જ માન ગાળવાનો શ્રેષ્ઠ ઉપાય છે.

માયા એ ક્રોધ તથા માન કરતાં પણ વધુ સુક્ષ્મ છે, પોતામાં માયા પ્રવેશી છે તેનો ખ્યાલ પણ કેટલીક વાર જીવને આવતો નથી. કોઈ પણ જાતનો લાભ લેવા માટે, મનમાં હોય તેથી વિરુદ્ધ બોલવું કે આચરવું તે માયા કહેવાય છે. મન, વચન અને કાયાની એકતા ન હોય ત્યાં માયાનો પ્રવેશ સિદ્ધ થાય છે. પોતાની ભૂલ કોઈ ન જાણે, અને જાણે તો ઘણા નાના સ્વરૂપમાં જાણે તેવી જાતની ઇચ્છા પણ માયાને લીધે થાય છે. આમ માયા એ આત્માનો વિભાવ છે અને તેના થકી બીજા કેટલાયે દુર્ગુણો આત્મામાં પ્રવેશે છે, તેથી માયાનો નાશ કરવો ઉચિત છે. માયાનો નાશ કરવાનો સૌથી અસરકારક ઉપાય

તેની સામે સાક્ષીભાવે – ઉપેક્ષાવૃત્તિથી રહેવું તે છે. માયા થાય તો તેને કોઈ જાતનું મહત્ત્વ ન આપવું, અંતે થાકીને તે નાશ પામશે. માયા સામે નિષ્કપટપણું તથા સરળપણું સાક્ષીભાવે અજમાવવાની શ્રીમદ્‌ની નેમ છે.

ચોથો કષાય તે લોભ છે. તે સૌથી સૂક્ષ્મ અને સૌથી ચીકણો એટલે કે સૌ પહેલાં પ્રવેશે અને સૌની અંતે જાય તેવો આ કષાય છે. સૂક્ષ્મ લોભ તો દશમા ગુણસ્થાન સુધી પ્રવર્તે છે. લોભમાંથી બીજા કષાયોની પણ વૃદ્ધિ થાય છે. એક સંસ્કૃત સુભાષિત છે કેઃ

"लोभात्क्रोधः प्रभावति, लोभात्कामः प्रजायते ।
लोभान्मोहश्च नाशश्च, लोभः पापस्य कारणम् ।।"

અહીં જણાવ્યા પ્રમાણે લોભ એ જ સર્વ અનર્થનું મૂળ છે. સંસારીઓમાં તો લોભ પ્રત્યક્ષ જ છે. પોતાની ગણાતી વસ્તુ અન્યને આપવામાં થતો સંકોચ તેનો લોભ બતાવે છે. મુનિ એ રીતે અપરિગ્રહી હોય છે, છતાં પુસ્તકો મેળવવાનો, શિષ્યો વધારવાનો, કીર્તિ પ્રાપ્ત કરવાનો, લબ્ધિ મેળવવાનો એ વગેરે પ્રકારનો લોભ તો મુનિઓમાં પણ સંભવે છે. નિર્ગ્રંથ મુનિ આ લોભથી બચવા સર્વથા પ્રયત્નશીલ હોય છે. તેમને સ્થૂળ મોહ તો હોતો નથી,પણ તેઓ સૂક્ષ્મ મોહથી પણ દૂર રહેવા મથતા હોય છે. લોભથી બચવા તેઓ લોભનો જ લોભ કરે છે. લોભને જીતવા માટે લોભનો લોભ કરવા જેવો બીજો એકે ઉત્તમ ઉપાય નથી. લોભનો લોભ કરવો એટલે લોભ વાપરવામાં કંજૂસાઈ કરવી, અર્થાત્ લોભ ન કરવો. આમ મુનિ લોભની સામે ત્યાગથી વર્તે છે. લોભને તો દૂરથી જ આવતો ભાળી તેનો નાશ કરવા તેઓ પ્રયત્નશીલ રહે છે. તેઓ ત્યાગ દ્વારા લોભને પ્રવેશવાનો અવકાશ જ આવવા દેતા નથી.

આમ શ્રીમદે ક્રોધ, માન, માયા અને લોભની દુર્જય પ્રકૃતિને જીતવાનો માર્ગ આ કડીમાં બતાવ્યો છે. તેમ કરવામાં તેમણે "દશવૈકાલિકસૂત્ર" ની નીચેની ગાથાનો આધાર લીધો જણાય છે :

"उवसमेळण हणे कोहं माणं मद्दवया जिणे ।
मायं चज्जवभावेण लोभं संतोसओ जिणे ।।"

— દશવૈકાલિક, અધ્યયન ૮, ગાથા ૩૯. પૃ. ૧૩૧

ઉપશમથી ક્રોધને હણો, નમ્રતાથી માનને જીતો, સરળતાથી માયાને દૂર કરો અને સંતોષથી લોભને જીતો, એમ કહી ઉપશમ, નમ્રતા, સરળતા અને સંતોષને ક્રોધ, માન, માયા અને લોભને જીતવાના ઉપાય તરીકે આ કડીમાં બતાવેલ છે. શ્રીમદે પણ આ જ સાધનો ઉપરની કડીમાં દર્શાવેલાં આપણે જોઈ શકીશું.

આ ચારે કષાયનો કેટલે અંશે નાશ કરવો તે વિશે શ્રીમદે લખ્યું છે કે :

બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહિ,
વંદે ચક્રિ તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહિ છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. અપૂર્વ ૦ ૮

પ્રાણઘાતક ઉપસર્ગ આપનાર પ્રતિ પણ ક્રોધ ન આવે, છ ખંડના ધણી ચક્રવર્તી વંદન કરવા આવે તો પણ માન ન થાય, દેહનો નાશ થતો હોય છતાં પણ માયાનો આશ્રય લેવાની એક રૂંવાડે પણ વૃત્તિ ન થાય, અને પ્રબળ સિદ્ધિ તથા લબ્ધિ પ્રાપ્ત થઈ હોય છતાં તેનો ઉપયોગ કરવાનો ક્યારેય લોભ ન થાય – એવો અપૂર્વ અવસર ક્યારે આવશે? અહીં પ્રત્યેક કષાયની અંતિમ કક્ષા દર્શાવી, તે સ્થિતિમાં પણ કષાયનો ઉદ્‌ભવ ન થવો જોઈએ તેવા ઉત્કૃષ્ટ ભાવ અને દ્રવ્ય ચારિત્ર પાળવાની ભાવના શ્રીમદે બતાવી છે.

સામાન્ય કારણે ક્રોધ ન આવે તેટલી જીત તો ઘણા જીવોની થઈ હોય છે. પણ ઘણા મોટા કે તીવ્ર, પ્રાણઘાતક નીવડે તેવા ઉપસર્ગ કરનાર પ્રતિ રોષ ન

આવે અને સમભાવ જ રહે તેવી ભાવના શ્રીમદે અહીં વ્યક્ત કરી છે. નિર્ગ્રંથ મુનિ જાણે છે કે:

"અશુભ કર્મનો ઉદય ન હોય તો કોઈ પણ વ્યક્તિ દુઃખ આપવા સમર્થ નથી. અસાતા વેદનીયનો ઉદય આવે ત્યારે તે ફળ આપી ખરી જાય છે, તે કંઈ સ્થાયી રહેતું નથી. અને તેનાથી કંઈ જ્ઞાનગુણને હાનિ થતી નથી."
— પરમપદ-પ્રાપ્તિની ભાવના, પૃ. ૧૨૦.

આ જાતની ઉત્તમ સમજણથી મુનિ કોઈ પ્રતિ ક્રોધ ન કરતાં ક્ષમાભાવ રાખે છે. આવી ઉત્તમ ક્ષમાનું ઉદાહરણ "ગજસુકુમાર મુનિ" નું કથાનક છે." — શ્રીમદ્ રાજચંદ્ર, મોક્ષમાળા, પાઠ ૪૩.

કોઈ પણ વ્યક્તિ થોડું પણ માન આપે ત્યાં જીવને માનભાવ થતો જોવાય છે. ત્યારે અહીં તો શ્રીમદે ચક્રવર્તી જેવી સંસારની સર્વોત્તમ મનાતી વ્યક્તિ વંદન કરવા આવે તોપણ માન ન થવું જોઈએ તેવી ભાવના ભાવી છે. ચક્રવર્તી છ ખંડની ધરતીના ધણી, ૯૬ કરોડ પાયદળના સ્વામી, ૬૪૦૦૦ રાણી અને ૧૪ રત્ન તથા ૯ નિધિના ભોક્તા હોવા ઉપરાંત પોતાનું રૂપ વિકુર્વી શકવાની શક્તિવાળા હોય છે. આવા અઢળક સંપત્તિ અને સામર્થ્યવાળા પણ જ્યારે મુનિને મહાન ગણી વંદન કરવા આવે ત્યારે પણ મુનિ આત્માની અનંત શક્તિ વિચારી ચક્રવર્તીને મળેલાં પુદ્‌ગલના વૈભવથી જરા પણ અંજાયા વિના માનથી દૂર રહી શકે, તેટલી હદ સુધીનો માનનો પરાજય કરવાની ભાવના શ્રીમદે અહીં વ્યક્ત કરી છે.

ક્રોધ અને માનની જેમ માયાનો પરાભવ કરવાની અભિલાષા પણ શ્રીમદે સેવી છે. કોઈ પણ જીવ કે પદાર્થ પ્રતિ રાગ કે દ્વેષાદિનો ભાવ ન રાખતાં સમભાવ રાખવાની તેમની મનોકામના છે. પોતાના દેહ પ્રત્યે પણ માયા ન રાખવાનો એમનો નિર્ધાર અહીં જણાય છે. દેહ આદિ મારાં નથી, હું શુદ્ધ, ચૈતન્યમય, અવિનાશી આત્મા છું, દેહનાશથી મને કશું નુકસાન થવાનું

નથી – એવી જાતની ચિંતવના કે ભાવના દ્વારા મુનિ ધર્મને અર્થે દેહને પણ જતો કરી દે છે અને તેમાં જરાય રાગ કરતા નથી, કારણ કે સૂક્ષ્મ રાગ પણ જીવને આડો આવે છે. ગૌતમસ્વામીનો મહાવીર પ્રભુ પરનો સૂક્ષ્મ રાગ તેમના કેવળજ્ઞાનને પ્રગટ થવા દેતો નહોતો એ ઉદાહરણ શ્રીમદે મોક્ષમાળામાં આપ્યું છે. (શ્રીમદ્ રાજચંદ્ર, મોક્ષમાળા, પાઠ ૪૪). ધર્મને માટે દેહ જતો કરનાર, તેમાં મમત્વપણું ન કરનાર સુદર્શન શેઠ (શ્રીમદ્ રાજચંદ્ર, મોક્ષમાળા, પાઠ ૩૩) જેટલો માયાત્યાગ કરવાની અહીં ભાવના છે.

ક્રોધ, માન, માયા વગેરેથી છૂટનાર જીવ કેટલીક વખત લોભથી છૂટી શકતો નથી. સાતમે ગુણસ્થાને પહોંચેલા મુનિ શિષ્ય, પુસ્તક, માન આદિ બાહ્ય રાગથી મુક્ત હોય છે, તેથી તપ, ચારિત્ર આદિના પ્રભાવથી નિર્ગ્રંથ મુનિને કેટલીક લબ્ધિઓ પ્રગટે છે. આ લબ્ધિ ઘણા પ્રકારની હોઈ શકે છે, જેમ કે – થૂંક ઔષધરૂપ થાય, નાક, કાન આદિનો મેલ ઔષધરૂપ થાય, શરીર વિકુર્વી શકે, શરીરને હલકું, ભારે, નાનું કે મોટું બનાવી શકે, – વગેરે પ્રકારની લબ્ધિ હોય છે. મુનિએ એ લબ્ધિ પોતાના આત્માના વિકાસ અર્થે અંતરમાં શમાવી દેવાની હોય છે. પણ જો સાવધ ન રહેતાં, કોઈ ને કોઈ કારણે મુનિ તેનો ઉપયોગ કરવા લાગે તો તેમાંથી મુનિનું ચારિત્ર શિથિલ બનતાં આધ્યાત્મિક પતન થાય છે. પોતાને પ્રગટેલી લબ્ધિથી ઉપસર્ગ, પરિષહ કે રોગાદિનો પરાભવ કરવાની ઈચ્છા મુનિએ ન રાખવી જોઈએ અને પ્રાપ્ત કર્મોદય સમભાવે વેદવો જોઈએ. જો તેમ ન કરતાં કોઈ કારણે લબ્ધિનો ઉપયોગ કરવાનો વિકલ્પ મુનિને આવે તો લોભ ત્યાં પ્રવેશી ગયો છે તે નિશ્ચિત થાય છે. આવા લોભને પ્રવેશવા ન દેવાની ભાવના અહીં વ્યક્ત થયેલી છે. આવું નિર્લોભપણાનું ઉદાહરણ શ્રી સનત્કુમાર ચક્રવર્તી (શ્રીમદ્ રાજચંદ્ર, મોક્ષમાળા, પાઠ ૭૦)નું છે. તેઓ જ્યારે મુનિરૂપે વિચરતા હતા ત્યારે તેમનો દેહ ખૂબ રોગિષ્ટ બન્યો હતો, તે વખતે લબ્ધિથી રોગનો નાશ કરવાની તેમની શક્તિ હોવા છતાં તેમણે તેનો ઉપયોગ ન કરતાં રોગથી દેહનો નાશ થવા દીધો હતો.

આમ શ્રીમદે આ કડીમાં ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે કષાયનો નાશ ઈચ્છયો છે. આ કડી વિશે શ્રી કાનજીસ્વામી જણાવે છે કે :

> "સ્વરૂપની યથાર્થ જાગૃતિના ભાન વડે અપૂર્વતાના આ સંદેશા છે. અંતરંગમાં આત્મબળનું જોડાણ સ્થિરતામાં અધિકપણે વર્તે છે, અને વીતરાગ સ્વભાવને સિદ્ધ કરીને તે રૂપ થવાની ભાવના અહીં ભાવે છે. એમના નિઃશંક અભિપ્રાયમાં ભવનો અભાવ દેખાય છે."
> – અપૂર્વ અવસર પરનાં પ્રવચનો, પૃ. ૪૩.

આ કડીની પહેલી બે પંક્તિઓ

> "બહુ ઉપસર્ગ કર્તા પ્રત્યે પણ ક્રોધ નહિ,
> વંદે ચક્રિ તથાપિ ન મળે માન જો;"

– માં "ઉત્તરાધ્યયનસૂત્ર" ની નીચેની બે ગાથાઓની છાયા જણાય છે. જુઓ –

> ण संतसे न वारेज्जा मणं पि ण पओसए ।
> उवेहे णो हणे पाणे भुंजते मंससाणियं ।। – ११
> क्वअभिवायणमष्भुट्ठाणं सामी कुज्जा णि मंतणं ।
> जे ताइं पडिसेवंतिं ण तेसिं पीहए मुणी ।। – ३८

– ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન ૨, ગાથા ૧૧ અને ૩૮.

પહેલી ગાથામાં પ્રાણઘાતક ઉપસર્ગ કરનાર પ્રતિ-રક્ત, માંસ, ચૂસનાર પ્રાણી પ્રતિ – મુનિ દ્વેષ ન કરતાં, સમભાવ રાખે એમ જણાવ્યું છે. અને બીજી ગાથામાં રાજા, શ્રીમંત આદિ પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ કરેલા વંદનથી મુનિ માનભાવ ન આણે તેમ જણાવ્યું છે. આમ આ બંને ગાથાઓએ ૮મી કડીની પહેલી બે પંક્તિઓની પશ્ચાદ્‌ભૂમિકા રચવાનું કાર્ય કર્યું હોય તેમ જણાય છે.

મુનિદશામાં જે પવિત્ર દશા હોય છે તેનો નિર્દેશ શ્રીમદે આ તથા આ પછીની કડીમાં કર્યો છે. આ દશા હજુ તેમને પ્રગટી નથી, પણ પ્રગટાવવાની તેમની ભાવના છે. આવો ઉચ્ચ આદર્શ સેવનારની માનસિક દશા કેટલી ઉચ્ચ હશે તેનો ખ્યાલ અહીં આવે છે. હવે નવમી કડી જોઈએ :

નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા,
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહિ,
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો. અપૂર્વ ૦ ૯

મુનિની આંતરિક દશાના વર્ણન પછી આ કડીમાં શ્રીમદ્ બાહ્ય લક્ષણો બતાવતાં કહે છે કે, દિગંબરત્વ, કેશલોચન, સ્નાન ન કરવું, દાંત સાફ ન કરવા, તે ઉપરાંત કેશ, રોમ, નખ કે અંગમાં શૃંગાર ન કરવો એ સર્વ નિર્ગ્રંથ મુનિનાં પ્રસિદ્ધ લક્ષણો છે. આવા દ્રવ્ય તેમ જ ભાવ ચારિત્રરૂપ સંયમથી નિર્ગ્રંથપણું સિદ્ધ થાય છે, તેવા નિર્ગ્રંથ થવાનો અવસર ક્યારે આવશે?

ચોથીથી આઠમી કડી સુધી નિર્ગ્રંથના આદર્શ ભાવચારિત્રનું વર્ણન કર્યા પછી શ્રીમદે આ કડીમાં મુનિના દ્રવ્યચારિત્રનું વર્ણન કર્યું છે. કારણ કે દ્રવ્ય અને ભાવ એ બંને પ્રકારનાં ચારિત્રરૂપી સંયમ આવે ત્યારે જ નિર્ગ્રંથપણું સિદ્ધ થાય છે.

દ્રવ્યચારિત્રનું સૌ પહેલું લક્ષણ નગ્નત્વ છે. મુનિને કુટુંબ,પરિવાર, ધન, વૈભવ આદિનો મોહ છૂટવા સાથે વસ્ત્રનો પણ મોહ છૂટી જાય. મુનિને દેહનો પણ મોહ છોડવાનો હોવાથી, તેની સુખસગવડ સાચવતી બાહ્ય વસ્તુઓનો પરિગ્રહ પણ ન ખપે. તેથી તેઓ નિર્વસ્ત્ર બની જંગલમાં આત્મસ્થિરતામાં રહે. વસ્ત્ર હોય તો તેને સાફ કરવું, બદલવું આદિ સ્થૂળ ક્રિયામાં સમય પસાર થાય, ઉપરાંત વસ્ત્રો વધારે રાખવાનો પણ મોહ થાય; ઠંડી માટે, ગરમી માટે એમ ભેદપૂર્વકનાં વસ્ત્ર રાખવાની ઈચ્છા જન્મે અને તેમાંથી બાહ્ય ભાવમાં પડી

જવાનો સંભવ વધે, તેથી મુનિ માટેનો આદર્શ તો નગ્નત્વ જ છે. નગ્નત્વ સહન કરવાની શક્તિ ન હોય તો શક્ય તેટલા ઓછા પરિગ્રહથી ચલાવવાનું શાસ્ત્રમાં વચન છે.

મુનિના દ્રવ્યચારિત્રનું બીજું લક્ષણ મુંડભાવ, કેશલોચન છે. વાળ એ દેહનો શણગાર છે, તે દેહની સુંદરતા વધારે છે, તેથી કેશ હોય તો દેહનું મમત્વ વધે અને દેહની કુરૂપતાનો ખ્યાલ ન આવે. આથી મુનિએ કોઈ પણ જાતના સાધનનો ઉપયોગ કર્યા વિના ઊગેલા વાળ હાથથી જ ચૂંટી કાઢવાના હોય છે. મુનિ લોચ કરતી વખતે થતી વેદના સમભાવે સહે અને દેહ પ્રતિ જરા પણ મમત્વ ભાવ રાખે નહિ; હાથથી લોચ કરવાના કારણમાં અસ્ત્રો કે એવા કોઈ સાધનનો પરિગ્રહ ન વધારવો, પરિષહ સહેવાની પોતાની દૃઢતા જાણવી વગેરે હોય છે. શ્રીમદે લખ્યું છે કે :

> "લોચ કરવો શા માટે કહ્યો છે? શરીરની મમતાની તે પરીક્ષા છે માટે. (માથે વાળ) તે મોહ વધવાનું કારણ છે. નાહવાનું મન થાય; અરીસો લેવાનું મન થાય; તેમાં મોઢું જોવાનું મન થાય અને એ ઉપરાંત તેનાં સાધનો માટે ઉપાધિ કરવી પડે. આ કારણથી જ્ઞાનીઓએ લોચ કરવાનું કહ્યું છે." — શ્રીમદ્ રાજચંદ્ર, ઉપદેશ છાયા ૧૩, પૃ. ૭૨૯.

અસ્નાન એ પણ નિર્ગ્રંથ મુનિનું પ્રસિદ્ધ લક્ષણ છે. મુનિને માટે અસ્નાન ઉપયોગી હોવાનાં કેટલાંક કારણો આ પ્રમાણે છે. મુનિને કોઈનું પણ પરાધીનપણું પોસાય નહિ, તેથી સ્નાન કરવા માટેનું અચેત પાણી વહોરી લાવવામાં શ્રાવક પર જે બોજો વધે, તે વધારવા તેઓ ઇચ્છે નહીં, કારણ કે મુનિને તો નછૂટકે જ જોઈએ તેટલી વસ્તુ લાવવાની છૂટ છે. વળી, સ્નાન કરવામાં પાણી ઢોળવાથી થતી સૂક્ષ્મ જીવોની હિંસાથી બચવા પણ અસ્નાન આવશ્યક છે. આ ઉપરાંત મુનિ સતત આત્મસ્થિરતામાં રહેવા મથતા હોય છે, તેથી દેહ તરફ તેમની દૃષ્ટિ જ હોતી નથી. દેહનું રહ્યુંસહ્યું મમત્વ પણ ટાળી જાય તે

માટે મુનિ પરસેવો, ધૂળ, આદિથી જામતા મેલ દ્વારા શરીરની અશુચિ પૂર્ણરૂપે પ્રગટવા દે છે; તેમ કરવામાં અસ્નાન ઘણું સહાયભુત થાય છે. તેમ છતાં મુનિનો દેહ સદાય અશુદ્ધ રહેતો નથી, કારણ કે તાપમાં મેલના થર ખરી પડે છે અને દેહ સ્વચ્છ બને છે. બીજી બાજુ આત્માની નિર્મળતા જેમ જેમ વધતી જાય છે તેમ તેમ દેહના પરમાણુ બદલાતા જાય છે અને તેની અશુચિ ઘટે છે. એ રીતે પણ ઉચ્ચ ગુણસ્થાનવર્તી મુનિને સ્નાનની આવશ્યક્તા રહેતી નથી. તે વિશે શ્રી નગીનદાસ શેઠ લખે છે કે —

> “જેમ આત્મામાં અશુભ વૃત્તિ રહેતી નથી તેમ શરીરમાં પણ અશુભ પરમાણુ પુદ્‌ગલો રહેતા નથી. આત્મા શુદ્ધ થતાં શરીરનાં પુદ્‌ગલો પણ શુદ્ધ થાય છે.” — પરમપદ-પ્રાપ્તિની ભાવના, પૃ. ૧૫૪.

દાંત સાફ ન કરવા તે પણ ઉપર જોયાં તેવાં કારણોથી મુનિના ચારિત્રનું એક લક્ષણ ગણાયું છે. મુનિને સ્વાદ પર તો ખુબ જ કાબૂ હોય છે. અને મિતાહારી મુનિને સ્વાદરહિત ખોરાક ખાવાથી દાંતની ખરાબી પણ ઓછી થાય છે. તેથી પણ દાંત સાફ કરવાની આવશ્યક્તા મુનિને ઘટી જાય છે.

“અદંતધોવન” શબ્દ પછી “આદિ” શબ્દ મૂકીને શ્રીમદે એમ સૂચવ્યું છે કે આવા બીજાં લક્ષણો દ્રવ્યચારિત્રનાં છે, જે જગતમાં પ્રસિદ્ધ છે. તેમાં આ ચાર લક્ષણો મુખ્ય છે; ત્રીજી પંક્તિમાં મુનિઅવસ્થામાં કેશ, રોમ, નખ કે અંગ પર શૃંગાર ન કરવાની ભાવના શ્રીમદે ભાવી છે, કારણ કે તેમ કરવાથી દેહ પરનો મોહભાવ ઓછો થાય છે. તેથી મુનિને કોઈ પણ પ્રકારનો શૃંગાર નિષિદ્ધ છે. જેનો આત્મા પવિત્ર છે, તેનો દેહ પણ સ્નાન કે શૃંગાર વિના પવિત્ર છે.

દ્રવ્ય તથા ભાવથી સંયમમાં સ્થિર રહેવાની ભાવના શ્રીમદે ચોથી પંક્તિમાં ભાવી છે. તે વિશે પૂ. સંતબાલજી લખે છે કે :

> “દ્રવ્ય અને ભાવ, વ્યવહાર અને નિશ્ચય એ એક જ સિક્કાની બે બાજુઓ છે, એક જ ફુવારાની બે ધારાઓ છે. દ્રવ્ય ન હોય ત્યાં ભાવ હોય જ

નહિ અને ભાવ હોય ત્યાં દ્રવ્ય છે જ એમ નિશ્ચયે જાણવું." – સિદ્ધિનાં સોપાન, પૃ. ૯૧.

શ્રીમદે આ કડીમાં જણાવેલાં મુનિનાં દ્રવ્યલક્ષણોનાં અનુસંધાનમાં શ્રી કાનજીસ્વામી જણાવે છે કે:

"પરમ પવિત્ર પુરુષાર્થ આ વીતરાગ સાધક દશાની ભૂમિકામાં કેવો હોઈ શકે, તેનો ગંભીર આશય સમજવાની પાત્રતા થયે જીવને તેનાં બધાં પડખાં વિરોધરહિત સમજાય છે." – અપૂર્વ અવસર પરનાં પ્રવચનો, પૃ. ૫૪.

મુનિએ પાળવા યોગ્ય દ્રવ્યચારિત્રનાં જે લક્ષણો શ્રીમદે દર્શાવ્યાં છે, તે બધાં મહાવીરપ્રભુ પાળતા હતા તેવો ઉલ્લેખ "આચારાંગસૂત્ર" માં મળે છે. તે પરથી અનુમાન કરી શકાય કે વીરપ્રભુના ચારિત્ર પરથી શ્રીમદે આ લક્ષણો સ્વીકાર્યાં હોય, કારણ કે શ્રીમદે પોતે જ તે લક્ષણોને "પરમ પ્રસિદ્ધ" ગણાવ્યાં છે, જુઓ :

"संसोहणं च वमणं च गायन्भंगणं सिणाणं च ।
संबाहणं न से कप्पे दंतपकखालणं परिण्णाए ।।"

– આચારાંગસૂત્ર, અધ્યયન ૯, ઉદ્દેશ ૪, ગાથા ૨.

અહીં જણાવ્યા પ્રમાણે, વળી તેઓ આખા શરીરને અશુચિમય જાણીને જુલાબ, વમન, તૈલાભ્યંગન, સ્નાન, સંબાધન અને દાતણ પણ નહોતા કરતા.

દ્રવ્ય તથા ભાવ એ બંને પ્રકારનાં ચારિત્રના પાલન દ્વારા સાચા નિર્ગ્રંથપણાને પ્રાપ્ત કરવાની અભિલાષા નવમી કડીમાં વ્યક્ત કર્યા પછી

૧૦મી કડીમાં શ્રીમદ્ એ બતાવે છે કે તે ચારિત્રપ્રાપ્તિથી મુનિને કેવા ભાવ વર્તે —

શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તે જ સ્વભાવ જો;
જીવિત કે મરણે નહિ ન્યૂનાધિકતા,
ભવમોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. અપૂર્વ૦ ૧૦

શુદ્ધ નિર્ગ્રંથપણું પ્રાપ્ત થયા પછી મુનિની અંતરંગ દશા કેવી હોય તે આ કડીમાં શ્રીમદ્ વર્ણવે છે કે શત્રુ અને મિત્ર બંને તરફ સમભાવ હોય, પોતાને મળતાં માન કે અપમાન વિશે પણ તેવો જ ભાવ રહે, જીવન કે મરણમાં ન્યૂન કે અધિકપણું ન હોય અને ભવ તથા મોક્ષ પ્રતિ એકસરખો શુદ્ધ ભાવ પ્રવર્તે એવો અપૂર્વ અવસર ક્યારે આવશે?

શત્રુ તેમ જ મિત્ર બંને તરફ સમાનભાવ હોય તેવી ભાવના શ્રીમદે પહેલી પંક્તિમાં ભાવી છે. અધ્યાત્મની આટલી ઉચ્ચ કક્ષાએ પહોંચ્યા પછી શત્રુ કઈ રીતે સંભવે તે પ્રશ્ન થાય છે. તેનું સમાધાન એમ કરી શકાય કે મુનિને વર્તમાન દશામાં કોઈ પ્રત્યે દ્વેષભાવ ન હોય, પણ પૂર્વજન્મોમાં કોઈ સાથે વેરભાવનો સંબંધ બંધાયો હોય તેનો ઉદય વર્તમાનમાં આવે તેમ બને. તેવા શત્રુનો અહીં ઉલ્લેખ છે. આ વિશેનું પ્રસિદ્ધ ઉદાહરણ મહાવીર પ્રભુ અને તેમના શિષ્ય ગોશાલકનું છે. મહાવીરસ્વામી પાસેથી લબ્ધિ મેળવ્યા પછી ગોશાલકે તેનો ઉપયોગ ભગવાન મહાવીરના બે શિષ્યોને બાળવામાં કર્યો. તે વખતે પોતાની પાસે શક્તિ હોવા છતાં પ્રભુએ તે શિષ્યોને બચાવવાનો કે ગોશાલકને બાળવાનો પ્રયત્ન ન કર્યો અને તેઓ સમભાવે રહ્યા. શિષ્યનું રક્ષણ કરવા સાથે ગોશાલકનું રક્ષણ કરવું તેમને કર્તવ્ય લાગ્યું, જે શક્ય ન હતું, તેથી શત્રુ અને મિત્ર બંને પ્રતિ તેઓ સમભાવમાં રહ્યા. શત્રુ બનેલા શિષ્ય વિશે પણ લેશમાત્ર ઊણો ભાવ ન આવે તે દશા વર્ણનાતીત છે, અકલ્પ્ય છે! તેવી દશાની પ્રાપ્તિની આ ભાવના છે.

માન મળે કે અપમાન મળે તે બંને સ્થિતિમાં મુનિને એકસરખો જ ભાવ રહે, ભાવપલટો ન આવતાં આત્મભાવમાં જ સ્થિર રહે તેવી ભાવના શ્રીમદે અહીં વ્યક્ત કરી છે.

જીવન અને મરણની બાબતમાં પણ મુનિ એવો જ સમભાવ રાખે. તેમને જીવન લાંબું હોય તો હર્ષ અને ટૂંકું હોય તો ખેદ ન થાય. પુદ્‌ગલનું બનેલું શરીર કર્મના ભોગવટા માટે મળેલું છે, તેમ જાણી શરીરની પ્રાપ્તિ કે નાશને પુદ્‌ગલધર્મ માની સમભાવે વેદે. એક કાળે શરીરનો અવશ્ય વિયોગ જાણી ગમે તે સ્થિતિમાં સમભાવે રહેવાની ભાવના શ્રીમદે અહીં ભાવી છે.

શત્રુ-મિત્ર, માન-અપમાન, જીવન-મરણ આદિમાં વર્તતો સમભાવ મુનિને એટલો સહજ હોવો જોઈએ કે તેને ભવ હોય કે મોક્ષ હોય તે વિશે પણ સમભાવ જ રહે. મુનિની મોક્ષ મેળવવાની આકાંક્ષા પણ તૂટી જવી જોઈએ. સાતમે ગુણસ્થાને તેમને આત્માની એવી શુદ્ધતા પ્રવર્તતી હોય છે કે તેમને મોક્ષનો વિકલ્પ પણ છૂટી જાય છે અને આત્મભાવમાં જ તેઓ સ્થિર રહે છે. તે વખતે મુનિ મોક્ષનો આનંદ માણતા હોવાથી તેમને ભવનો ખેદ રહેતો નથી. વળી ઘાતી કર્મોનો નાશ કરવામાં જ સતત પ્રવૃત્તિશીલ રહેતા મુનિને ભવ કે મોક્ષ પ્રતિ લક્ષ ન રહેતાં સમભાવ જ રહે છે. ભવ કે મોક્ષની પ્રાપ્તિ કે અપ્રાપ્તિમાં સૂક્ષ્મ રાગ તથા દ્વેષ રહેલાં છે અને રાગદ્વેષ ઉપર તો સંપૂર્ણ જય મેળવવા મુનિ ઇચ્છે છે; તે કારણે પણ તેઓ સમભાવે વર્તે છે. શ્રીમદે આ કડીમાં વિવિધ સ્વરૂપે ઇચ્છેલા સમભાવ વિશે શ્રી સંતબાલજી યોગ્ય જ લખે છે કે –

> "આ આખી કડીમાં સમભાવની પરાકાષ્ઠા જ બતાવવાની છે. એમ છતાં સહજ કાવ્યના રચયિતા પુરુષે, 'શત્રુ મિત્ર પ્રત્યે' 'સમદર્શિતા' શબ્દ વાપર્યો છે. 'માન અમાને તે જ સ્વભાવ' અર્થાત્‌ એ રીતે સમભાવ સૂચિત કર્યો છે. જીવિત કે મરણ વચ્ચે અન્યૂનાધિકતાં અને ભવ તથા મોક્ષ

વિશે 'શુદ્ધ સ્વભાવ' પદ મૂક્યું છે. એ યોજના ખૂબ રહસ્યમય થઈ છે. તે વખતે એમણે એ બધાં પદો એવા વિચારપૂર્વક મૂક્યાં હશે, એમ નિશ્ચયપણે કહેવાય નહિ. પરંતુ સ્ફુરણા એ પોતે જ એવી સહજ છે કે યથાર્થતા એની મેળે ખેંચી લાવે છે. શત્રુ અને મિત્ર તો વ્યક્તિ છે, એટલે ત્યાં સમદર્શિતા જ ઘટે છે. માન અને અપમાન એ પોતે પરિસ્થિતિ છે અને તેની સીધી અસર ભાવ ઉપર થાય છે માટે ત્યાં 'તે જ સ્વભાવ જો' એ જ ઘટિત છે. જીવિત અને મરણ બંને વચ્ચેની ન્યૂનાધિકતાનો સંસ્કાર અનાદિકાળથી રૂઢ છે, એટલે ત્યાં 'નહિ ન્યૂનાધિક્તા' પદ સમભાવને સૂચવવા માટે મુકાઈ ગયું છે તે યથાર્થ છે. એમ ઉપરની ત્રણે ઘટનાઓ સંસારની વચ્ચેની હતી એટલે સમભાવ ઘટે છે, પણ ભવ અને મોક્ષ વચ્ચે સમભાવ કેમ ઘટે? કારણ કે ઉપરની ઘટનાઓ તો માત્ર ભ્રાન્તિથી ભિન્ન દેખાતી હતી. પણ આ બંને દશા તો સદાકાળથી પરસ્પર સ્વયં વિરોધી હતી, છે અને રહેશે. એટલે ત્યાં સમભાવ સૂચવવા માટે 'શુદ્ધ સ્વભાવ' પદ બંધબેસતું થઈ શકે અને તે જ પદ સહજ રીતે આવી ગયું છે. એવો સાધક સંસારમાં છે ત્યાં લગી એને મોક્ષનો અનુભવ નથી પણ શુદ્ધ સ્વભાવનો છે, એટલે એ જ અનુભવમાં ઝીલી શકે અને ઝીલે. એમાં સમભાવનું રહસ્ય આવી જાય છે."        — સિદ્ધિનાં સોપાન, પૃ. ૯૫.

શ્રીમદે જણાવેલાં મુનિનાં આ લક્ષણો "ઉત્તરાધ્યયનસૂત્ર" માં આ પ્રમાણે બતાવાયાં છે :

समया सव्वभूएसु सत्तुमित्तेसु वा जगे ।
पाणाइवायविरइ जावज्जीवाए दुक्करं ।। – २६
णिम्ममो णिरहंकारो णिसंगो चत्तगारवो ।
समो य सव्वंभूएसु तसेसु थावरेसु य।। – ८९

लाभालाभे सुहे दुक्खे जीविए मरणे तहा ।
समो णिंदापसंसासु तहा माणाबमावओ ।। – ९०

– ઉત્તરાધ્યયનસૂત્ર, અધ્યયન ૧૯, ગાથા ૨૬, ૮૯, ૯૦.

"ઉત્તરાધ્યયનસૂત્ર" ની ઉપરની ગાથામાં મુનિનો શત્રુ તથા મિત્ર પ્રત્યે સમભાવથી વર્તવાનો ધર્મ બતાવ્યો છે. તો બીજી ગાથામાં નિર્મમ, નિરહંકારી, સર્વસંગત્યાગી તથા સર્વ પ્રાણી પર સમભાવ રાખનાર બનવાનો મુનિનો ધર્મ બતાવ્યો છે અને નીચેની ગાથામાં લાભ-અલાભ; સુખ-દુઃખ, જીવન-મરણ, નિંદા-પ્રશંસા તથા માન-અપમાનમાં સમભાવ રાખવાનો મુનિનો આચાર બતાવ્યો છે. આ ત્રણે ગાથાનો મધ્યવર્તી વિચાર આપણને આ કાવ્યની ૧૦મી કડીમાં જોવા મળે છે.

આ કડીમાં શ્રીમદે સમભાવ રાખવાની ભાવના ભાવી છે અને તે સમભાવ હોય ત્યારે મુનિની વર્તના ક્યા પ્રકારની હોય તે ૧૧મી કડીમાં તેમણે બતાવ્યું છે. જુઓ :

"એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો." અપૂર્વ ૦ ૧૧

પુરુષાર્થ વડે મોક્ષસ્વભાવદશા પ્રગટ કરવાની ભાવનાવાળા શ્રીમદ્ એવા મુનિપણાની ભાવના ભાવે છે કે સ્મશાનમાં એકલા વિચરતી વખતે અથવા પર્વતમાં પોતે હોય ત્યારે વાઘ, સિંહ જેવા હિંસક પ્રાણીનો મેળાપ થાય ત્યારે અડોલ-સ્થિર આસન રહે તથા મનમાં તે વિશે જરા પણ ક્ષોભ ન થાય, એટલું જ નહિ પણ પરમ મિત્રનો મેળાપ થવા જેટલો આનંદ થાય તેવો અપૂર્વ અવસર ક્યારે આવશે ?

આત્માનાં સાચા સુખનો ખ્યાલ પામ્યા પછી મુનિ શેષ રહેલાં કર્મોને જલદી ભસ્મીભૂત કરીને શાશ્વત આત્મસુખ પામવાની અભિલાષાવાળા બને છે. તેથી ઉગ્ર સાધના કરવા તરફ તેમનું લક્ષ હોય છે. તેમ કરવા માટે સ્મશાન, જંગલ, પર્વતની ગુફા આદિ જેવાં નિર્જન સ્થળો તેમને વિશેષ અનુકૂળ લાગે છે. તેથી શ્રીમદ્ અહીં સ્મશાન જેવાં, અન્ય જનોને ભયભીત કરે તેવાં એકાંત સ્થળમાં મુનિવેશમાં એકાકીપણે રહી સાધના કરવાની ભાવના કરે છે. સ્મશાનમાં રાત્રિ જેવા સમયે વ્યંતરાદિ હલકી કોટિના દેવો પોતાના આનંદ માટે આવે છે અને તેઓ સ્વભાવે ક્રૂર હોવાથી અન્ય જીવાદિને રંજાડવામાં જ આનંદ માણે છે. આવા નિર્જન અને ભયાનક ગણાય તેવા સ્મશાનમાં એકાકીપણે સાધના કરવાની તેમની ઈચ્છા છે. સામાન્ય રીતે મુનિ સમૂહમાં રહે છે, પણ જેમ જેમ તેમની આત્મિક દશા ઉચ્ચ બનતી જાય છે તેમ તેમ તેઓ પ્રતિબંધ જેવા સંગથી દૂર રહેવા એકાંતમાં વસે છે. સ્મશાન જેવી જગ્યાએ તેમને સંગપ્રસંગ આવતો નથી, તેથી તેમને વૈરાગ્ય આપે તેવા સ્થાનમાં સાધના માટે વિશેષ રુચિ રહે છે. આવી એકાંત જગ્યાએ, વ્યંતરાદિના ઉપસર્ગથી ડર્યા વિના, પોતાની સાધના તેઓ નિર્ભયપણે કરે છે અને ઉપસર્ગ થાય તો તેને કર્મોદય ગણી તેની પરવા કરતા નથી. આમ અહીં શ્રીમદે સાતમા ગુણસ્થાનવર્તી, શ્રેણિ માંડવાની ઈચ્છાવાળા મુનિની એકાંત સ્થિતિનું ખૂબ સમજપૂર્વકનું વણર્ન કર્યું છે.

પર્વત કે તેની ગુફા પણ સ્મશાન જેવું નિર્જન સ્થાન છે, તેથી તે પણ મુનિને સાધના માટે અનુકૂળ છે. પર્વત જેમ નિર્જન સ્થળ છે તેમ વધુ ભયંકર પણ છે કારણ કે માનવી જેનાથી ડરે છે અને જે માણસથી ડરે છે, એવી પરસ્પર ભયવાળી વાઘ, સિંહ, અજગર, રીંછ આદિની બનેલી પશુસૃષ્ટિ ત્યાં છે. પણ જેમણે દેહનો જ ભય છોડયો છે તેવા મુનિ તે બધાથી ડર્યા વિના પર્વતની ગુફામાં કે ટોચ ઉપર આસન જમાવીને ધ્યાનમાં બેસે છે.

"આસન એટલે મુનિ જે સ્થિતિમાં ઊભા હોય કે બેઠા હોય તે સ્થિતિ. શાંતિથી નિર્વિઘ્ને મુનિ ધ્યાનમાં એકાગ્રતા રાખી શકે તેવી સ્થિતિ .... એટલે જે સ્થિતિમાં રહીને મુનિએ ધ્યાન ધર્યું હોય તે તેમની સ્થિતિ કહેવાય." – પરમપદ-પ્રાપ્તિની ભાવના, પૃ. ૧૬૭.

આમ પોતાને અનુકૂળ આસને સ્થિર થઈને મુનિ ધ્યાનમાં હોય તે વખતે સંજોગવશાત્ વાઘ, સિંહાદિ હિંસક પ્રાણી તેમની સમીપ આવી જાય અને તેમને રંજાડે તોપણ તેમની આત્મસ્થિરતામાં જરા પણ ફેર ન પડે તે ભાવના વ્યક્ત કરવા શ્રીમદે "અડોલ આસન" નો શબ્દપ્રયોગ કર્યો છે. મુનિનું આસન અડોલ રહેવાનું મુખ્ય કારણ એ જ પંક્તિના ઉત્તરાર્ધમાં બતાવ્યું છે તે પ્રમાણે "ને મનમાં નહિ ક્ષોભતા" અર્થાત્ મનની અક્ષોભતા છે. હિંસક પ્રાણીના સંસર્ગની મુનિના મન પર કોઈ અસર થતી નથી; જો મન પર અસર થાય તો શરીર પર અસર થવાની જ અને તેથી સ્થિરતા ચલાયમાન થવાની. તેથી ત્રીજી પંક્તિમાં કોઈ પણ સંયોગોમાં મનથી અને કાયાથી અડોલ રહેવાની ભાવના કવિએ ભાવી છે. તે ભાવની પરાકાષ્ઠા આવે છે ૪થી પંક્તિમાં :

"પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો."

પર્વતની ગુફામાં કે ટોચ પર ધ્યાનસ્થ અવસ્થા હોય તે વખતે હિંસક પ્રાણીનો યોગ થાય, તેના તરફથી રંજાડ થાય તો તે વખતે આત્મસ્થિરતા ડગે નહિ, એટલું જ નહિ પણ તે યોગમાં પરમ મિત્ર મળતાં જેવો આનંદ થાય તેવો આનંદ આવે એટલી હદ સુધીનો સમભાવ કેળવવાની ભાવના અહીં જોવા મળે છે. જરા ઊંડાણથી વિચારતાં શ્રીમદ્‌નું આ કથન ખૂબ જ વિચારપૂર્વકનું જણાશે.

મુનિ કર્મક્ષય કરવા માટે ધ્યાનમાં લીન બને છે. તે વખતે જો ઉપસર્ગ થાય અને આત્મસ્થિરતા તેવી ને તેવી જ ટકી રહે તો કર્મક્ષય ઘણી ત્વરાથી

થાય છે. જે કાર્ય કરવાની ઇચ્છા હોય તે કરી આપે તે મિત્ર, એ ન્યાયે વાઘ-સિંહ પણ મુનિના મિત્ર ઠરે, કારણ કે મુનિને કર્મક્ષય કરવામાં તે મદદ કરે છે.

બીજી બાજુ વાઘ-સિંહ દેહનો નાશ કરે તોપણ પોતાના આત્માના સમ્યક્-જ્ઞાન, સમ્યક્-દર્શન કે સમ્યક્ચારિત્ર ગુણને લેશ પણ હાનિ થવાની નથી તેવી ખાતરી મુનિને હોવાથી મુનિ આત્મભાવમાં સ્થિર રહી શકે છે, એટલું જ નહિ, પણ વીતરાગમય સ્થિતિમાં તેમને ક્ષોભરહિત પરિણામ સ્વાભાવિક રીતે જ હોય છે. વળી મુનિ આત્મભાવમાં લીન હોય છે તેથી તેમને દેહની જરૂરત હોતી નથી. તેમજ વાઘ-સિંહ આદિને પોતાના ખોરાક માટે દેહની જરૂર જોવાથી તે દેહ લઈ જાય તો મુનિ પોતાને અશરીરી બનાવનાર તે પ્રાણીઓને પોતાના પરમ મિત્ર માને છે; અને પોતાને થતા અનેક પ્રકારના ઉપસર્ગ મોક્ષસુખની પ્રાપ્તિ માટે સમભાવે વેદી લે છે. આ પંક્તિનો મર્મ સમજાવતાં શ્રી કાનજીસ્વામી જણાવે છે કે:

> "મુનિરાજ શાંત, ધીર, ગંભીર, ઉજ્જવલ સમાધિમાં મસ્ત રહી, જાણે હમણાં કેવળજ્ઞાન લીધું કે લઉં એવા બેહદ પૂર્ણ સ્વભાવમાં મીટ માંડીને એકાગ્ર થાય છે, તેમાં કદી વાઘ અથવા સિંહ ભૂખથી ત્રાડ નાખતો આવે તો પણ એમ જાણે કે પરમ મિત્રનો યોગ મળ્યો, કારણ કે જેને શરીર જોઈતું નથી તેવા પુરુષને શરીર કોઈ લઈ જાય તો લઈ જનાર તેનો મિત્ર છે."
> — અપૂર્વ અવસર પરનાં પ્રવચનો, પૃ. ૬૪.

કેટકેટલી શારીરિક વેદના સહેવાની તૈયારી શ્રીમદે કરી છે! પોતે આ કાવ્યની રચના કરી ત્યારે ગૃહસ્થ અવસ્થામાં હતાં. તે વખતે પણ મુનિદશામાં પોતે પાળવા ધારેલા આત્મચારિત્રનો કેવો ભવ્ય આદર્શ અહીં રજૂ કર્યો છે! માનસિક રીતે તેમણે રાગદ્વેષનો ક્ષય કેટલી હદે કર્યો હતો તેનો પરિચય આપણને અહીં થાય છે.

શ્રીમદે પાળવા ધારેલા સાધુના આ આચારને "ઉત્તરાધ્યયનસૂત્ર" ની નીચેની ગાથાઓ પરથી પોતાના આદર્શ તરીકે સ્વીકાર્યો હોય તેમ જણાય છે:

सुसाणे सुत्रगारे वा रृक्खमूले व एगओ ।
अकुक्कओ णिसीएज्जा ण य वित्तासए परं ।।
तथ्य से चिट्ठमाणस्स अवसग्गाभिधारए ।
संकाभीओ न गच्छेज्जा उठ्ठित्ता अन्नभासणं ।।

– ઉત્તરાધ્યયનસૂત્ર, અધ્યયન ૨, ગાથા ૨૦-૨૧.

અહીં પહેલી ગાથામાં સ્મશાનમાં, સૂના ઘરમાં, વૃક્ષ નીચે એકાકી પ્રાણીને દુઃખ આપ્યા વિના બેસવાનો આચાર સાધુ માટે બતાવ્યો છે. અને બીજી ગાથામાં સ્મશાન આદિ સ્થળોમાં ઉપસર્ગ થાય તો દૃઢતાથી સહન કરવાનો તથા ભયભીત થઈને અન્ય સ્થળે ન જવાનો અનુરોધ કર્યો છે. આ બંને ગાથાના વિચારને પોતાના આદર્શરૂપ ગણી શ્રીમદે ૧૧મી કડીમાં તેને નિરૂપેલ છે.

મુનિઅવસ્થામાં પાળેલાં ઉત્કૃષ્ટ દ્રવ્ય તેમ જ ભાવચારિત્રથી સાધકની સ્થિતિ કેવી હોય તે શ્રીમદે ૧૨મી કડીમાં બતાવ્યું છે –

ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહિ,
સરસ અન્ને નહિ મનને પ્રસન્ન ભાવ જો;
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો  અપૂર્વ ० ૧૨.

પોતે પાળવા ધારેલા સંયમનો આદર્શ રજૂ કર્યા પછી પોતાના ચારિત્રની પૂર્ણતા આણવા માટે પોતે કરવા ધારેલા તપનું બયાન આ કડીમાં આપતાં શ્રીમદ્‌ કહે છે કે, સખત તપશ્ચર્યા કરતી વખતે પણ મનમાં ખેદ કે દુઃખ ઉત્પન્ન થાય નહીં, ભિક્ષામાં સ્વાદિષ્ટ અન્ન મળે તેમ છતાં જરાય

આનંદ ન થાય. વળી, રજકણથી શરૂ કરી વૈમાનિક દેવની રિદ્ધિ સુધીના સર્વ પદાર્થને પુદ્‌ગલનો એક પર્યાય જ ગણું એવો અપૂર્વ અવસર ક્યારે આવશે?

તપશ્ચર્યાનો સાચો અર્થ સમજાવતાં શ્રી સંતબાલજીએ લખ્યું છે કે:

"તપસ્વીને જ્યાં સુધી એમ લાગે કે હું તપ કરી રહ્યો છે કે મેં તપ કર્યું છે ત્યાં લગી મન તપ્યા વિના રહે નહિ. સહેજ નિમિત્ત મળે કે આવેશ આવી જાય! મૂંગાવ્રતની કે ઉપવાસોની આવી તપસ્યા મૂઢતા કે ભૂખ-લાંઘણના દોષોમાં જ પરિણમે, એટલે ખરી વાત તો એ છે કે વૃત્તિ ઉપર કામનાજન્ય જે સંસ્કારો હોય, તે ખળભળે એથી ક્લેશ થાય. પરંતુ મનમાં લગીરે તાપ ન થવા દેવો અથવા તાપ આવે કે મૂળથી શમાવી દેવો – ઊંડો કાંટો કાઢી નાખવો – એ જ ખરી તપસ્યા છે."
— સિદ્ધિનાં સોપાન, પૃ. ૧૨૦.

તપશ્ચર્યાના બે પ્રકાર છે: બાહ્ય અને અભ્યંતર. અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ અને સંલીનતા એ છ બાહ્યતપ છે. પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, શાસ્ત્રપઠન, ધ્યાન અને કાયોત્સર્ગ એ છ અભ્યંતર તપ છે. કર્મદળને કાપવામાં બાહ્ય કરતાં અભ્યંતર તપ વિશેષ સમર્થ છે.

અહીં શ્રીમદે તપશ્ચર્યાને "ઘોર" વિશેષણ લગાવ્યું છે તે સપ્રયોજન છે. સામાન્ય તપ તો ઘણા કરી શકે અને તેનું ફળ પણ સામાન્ય હોય છે. વળી, જીવ અનાદિકાળથી ભારે કર્મો બાંધતો આવ્યો છે તેથી તેને છોડવા માટે તપ પણ એવું ભારે કરવું જોઈએ તે બતાવવા "ઘોર" વિશેષણનો ઉપયોગ થયો છે. ઉગ્ર કે તીવ્ર તપશ્ચર્યામાં મુનિને ઉપસર્ગ કે પરિષહ આવે તો તેમાં પ્રાણહાનિનો પણ સંભવ હોય છે, તે વખતે પણ મુનિ તપમાંથી વિચલિત ન થાય, એટલું જ નહીં પણ સમભાવે રહે, તે ઘોર તપશ્ચર્યા છે. એવી તપશ્ચર્યા

કરતી વખતે લેશ પણ તાપ કે દુઃખ મુનિના મનને ન થાય, અને ગમે તેવા કષ્ટના પ્રસંગોમાં પણ સમભાવ રહે એવી અભિલાષા અહીં દર્શાવી છે.

મુનિવેશે જ્યારે તેઓ ઉગ્રતાથી બાહ્યાભ્યંતર તપ કરતા હોય તે વખતે દિવસોના ઉપવાસ પછી પારણામાં સરસ અન્ન મળે તોપણ મનમાં પ્રસન્ન ભાવ ન આવે એવો સમભાવ કેળવવાની ઇચ્છા છે.

> "સરસ કે નીરસ આહાર મળવો તે ઉદયાધીન છે. શાતાનો ઉદય હોય તો અને શરીર ટકવાનું હોય તો આહાર મળી જ જાય. તેમાં હર્ષ શા માટે? મુનિએ તો મોહનો નાશ કર્યો છે. તેમને આહારની લોલુપતા હોતી નથી." — પરમપદ-પ્રાપ્તિની ભાવના, પૃ. ૧૭૪.

સામાન્ય જીવ હોય તો સરસ અન્ન જોઈ મનમાં જરૂર પ્રસન્ન ભાવ આવી જાય, પણ અહીં તો ઘોર તપ કરતા મુનિની વાત છે. જેમની દેહાત્મબુદ્ધિ મટી ગઈ છે તેમને દેહ રહે કે જાય તે વિશે સમાન બુદ્ધિ હોવાથી અન્ન પ્રતિ કોઈ જાતનો ભાવ હોતો નથી. ચક્રવર્તી આહાર વહોરાવે તોપણ મુનિને કોઈ વિશેષ ભાવ આવે નહીં.

અન્ન તેમ જ બીજી વસ્તુઓ પ્રતિ ઉદાસીન બનનાર તપસ્વી કેટલીક વખત તપના પ્રભાવથી મળતી રિદ્ધિથી જિતાઈ જાય છે. એ સ્થિતિ સામે લાલબત્તી ધરતાં શ્રીમદ્ અહીં જણાવે છે કે :

> "રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
> સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો."

સંસારમાં દૃશ્યમાન થતી દરેકેદરેક વસ્તુ પુદ્‌ગલની બનેલી છે. એક નાનામાં નાના રજકણથી માંડીને ઉત્તમોત્તમ વૈમાનિક દેવની ઉત્તમ રિદ્ધિ સુધીની દરેક ચીજ પુદ્‌ગલનાં જુદાં જુદાં સ્વરૂપ છે, તે સર્વ જડ છે. પૂર્વ પુણ્યના ઉદયથી

વૈમાનિક દેવને તે રિદ્ધિ મળે છે, પણ તે આત્માના ચૈતન્યગુણને લેશ પણ લાભકર્તા નથી તે જ્ઞાની જાણતા હોવાથી, તેમને તેમાં મોહ થતો નથી. આથી જ નાનું રજકણ હોય કે વૈમાનિક દેવની રિદ્ધિ હોય, એ બંને જ્ઞાનીને મન સમાન જ છે; બંનેને તેઓ પુદ્‌ગલનાં જુદાં જુદાં સ્વરૂપ માને છે. સંસારીને દેખાતા એ બે વચ્ચેના ભેદની જ્ઞાનીને કશી કિંમત નથી હોતી. ભેગા મળવું અને છૂટા થવું તે ક્રિયામાંથી અનેક ચીજોનું અસ્તિત્વ થયું છે, પણ તે બધાનો આત્માના ગુણ અને શક્તિ પાસે કંઈ હિસાબ નથી. આત્માનાં અનંત સુખ પાસે પૌદ્‌ગલિક સુખો તુચ્છ લાગતાં જ્ઞાની તેને કશું મહત્ત્વ આપતા નથી.

શ્રીમદે કેળવવા ધારેલા નિર્મોહીપણાનું આલેખન આપણને ઉપરની પંક્તિઓમાં જાવા મળે છે, તે ભાવના પર "ઉત્તરાધ્યયનસૂત્ર" ની નીચેની ગાથાની અસર જણાશે.

अणुक्कसाई अप्पिच्छे अण्णाएसी अलोलुए ।
रसेसु णाणुगिज्झेज्जा णाणुतप्पिज्ज पण्णवं ।।

અર્થ: અલ્પકષાયી, અલ્પ ઇચ્છાવાળા, અજ્ઞાત કુળમાંથી ભિક્ષા લેવાવાળા લોલુપતાથી રહિત બુદ્ધિમાન સાધુ સરસ ભોજનમાં આસક્તિ રાખતા નથી, અને તે ન મળે તો તેનો ખેદ કરતા નથી.

— ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન ૨, ગાથા ૩૯.

हिमण्णं जायरुवं च मगसा वि न पत्थए ।
समलेट्ठ कंचणे भिक्खू विरए कयविक्कए ।।

અર્થ: ક્રય-વિક્રયથી વિરક્ત અને માટી તથા સુવર્ણને સમાન સમજવાવાળા સાધુ, ક્રય-વિક્રયની ઇચ્છા પણ કરતા નથી.

— ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન ૩૫, ગાથા ૧૩.

પહેલી ગાથાના "મુનિ રસલોલુપતાથી રહિત રહે છે" તે વચનની અને બીજી ગાથાના "મુનિ માટી અને સુવર્ણને સમાન જાણે છે" તે વચનની અસર આપણે –

"સરસ અન્ને નહિ મનને પ્રસન્ન ભાવ જો;
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યાં પુદ્‌ગલ એક સ્વભાવ જો." અપૂર્વ ૦

આ પંક્તિઓમાં જોઈ શકીશું. શ્રીમદે ચોથી કડીથી શરૂ કરેલું મુનિના આત્મચારિત્રનું વર્ણન અહીં પૂર્ણ થાય છે. ગૃહસ્થવેશમાં હોવા છતાં પોતાને વર્તતા ઉત્કટ ભાવચારિત્રને લીધે શ્રીમદ્‌ મુનિદશાનો આદર્શ અહીં રજૂ કરી શક્યા છે. દર્શનમોહનો નાશ અને સમકિતની પ્રાપ્તિ થતાં ચારિત્રમોહનો ઉદય નબળો પડવા લાગ્યો હતો તે ત્રીજી કડીમાં બતાવ્યું છે. તે પછી ચારિત્રમોહનો નાશ કરવા માટે કેટલો ભગીરથ પુરુષાર્થ કરવો જરૂરી છે તે તેમણે ૧૨મી કડી સુધી બતાવ્યું છે. શ્રીમદે પોતાનું ધ્યેય પાંચમી કડીમાં બતાવ્યા પ્રમાણે "નિજ સ્વરૂપમાં લીન" થવાનું બાંધ્યું છે. અને તે પૂર્ણ કરવા મન, વચન અને કાયાના યોગમાં આત્મસ્થિરતા, રાગદ્વેષરહિતપણું, પ્રમાદરહિતપણું, કષાયજય, સર્વમાં સમભાવ આદિ ગુણો ઇચ્છયા છે અને તે ગુણોની પ્રાપ્તિ માટે નિર્ગ્રંથ મુનિનું નગ્નભાવ, મુંડભાવ, અસ્નાન, અદંતધોવન આદિ લક્ષણો સાથેનું ઉત્કટ દ્રવ્યચારિત્ર પાળવાની સાથે ઘોર પરિષહ કે ઉપસર્ગ સમભાવે સહેવાની તૈયારી પણ તેમણે કરી છે. એટલે કે તેમણે ઉત્કૃષ્ટ દ્રવ્ય અને ભાવચારિત્રનું પાલન પોતાની આત્મશુદ્ધિ માટે આવશ્યક ગણ્યું છે. ગૃહસ્થ દશામાં રહીને પણ આવી ઉત્તમ ભાવના શ્રીમદ્‌ ભાવી શક્યા છે તે જ તેમની ઉચ્ચ આધ્યાત્મિક દશા બતાવે છે.

અહીં કાવ્યનો પૂર્વ વિભાગ પૂર્ણ થાય છે. તેમાં શ્રીમદે પોતાના નિર્ગ્રંથ થવાની ભાવનાનું, નિર્ગ્રંથનાં લક્ષણોનું, સમ્યગ્દર્શનનું અને સાતમે ગુણસ્થાને વર્તતા નિર્ગ્રંથ મુનિનાં આત્મચારિત્રનું વર્ણન આપેલ છે.

# ઉત્તર વિભાગ

આ કાવ્યના પૂર્વ વિભાગમાં ચોથાથી સાતમા ગુણસ્થાને વર્તતા જીવની દશાનું વર્ણન અપાયેલું છે, ત્યારે ઉત્તર વિભાગમાં આઠમાથી ચૌદમા ગુણસ્થાન સુધીની જીવની દશાનું વર્ણન અપાયું છે. તેના ત્રણ વિભાગ પાડી શકાય: ક્ષપકશ્રેણિ, કેવળજ્ઞાન અને મોક્ષવર્ણન.

## ક્ષપકશ્રેણિ

મોહનીય કર્મના બે પ્રકાર છેઃ દર્શનમોહ અને ચારિત્રમોહ. દર્શનમોહ નાશ પામે ત્યારે સમકિત થાય છે અને ત્યારથી ચારિત્રમોહનો ઉદય નબળો થવા માંડે છે. પૂર્વ વિભાગમાં બતાવ્યા પ્રમાણેનો પુરુષાર્થ કરવાથી સાધક સાતમા ગુણસ્થાનના અંતભાગમાં આવી જાય છે. તે પછીથી સાધકના ગુણસ્થાનની બે સ્પષ્ટ શ્રેણિ પડી જાય છેઃ ઉપશમ શ્રેણિ અને ક્ષપકશ્રેણિ.

સાતમે ગુણસ્થાને ચારિત્રમોહની ૨૫ પ્રકૃતિ (ક્રોધ, માન, માયા, લોભની દરેકની અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન પ્રકૃતિ એટલે કુલ ૧૬ કષાય, અને હાસ્ય, રતિ, વગેરે ૯ નોકષાય)નો ક્ષયોપશમ થયા પછી સાધક આઠમે ગુણસ્થાને આવે ત્યારે શ્રેણિની શરૂઆત કરે છે. ૮ થી ૧૨ ગુણસ્થાનોમાં આત્માની સ્થિતિ ઘણો અલ્પ સમય રહે છે. પ્રત્યેક ગુણસ્થાને જઘન્ય સ્થિતિ એક સમય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્તની હોય છે, તેથી આત્મા શ્રેણિ માંડે એટલે કે પોતાના આત્મસ્વરૂપમાં સ્થિર થાય ત્યારથી શરૂ થયેલો તેનો વિકાસ કેવળજ્ઞાનની પ્રાપ્તિએ અટકે છે, અથવા તો ઉપશમ શ્રેણિમાં આત્માનું ૧૧મા ગુણસ્થાનેથી પતન થાય છે. ઉપશમ શ્રેણિવાળો સાધક પોતાનાં ઘાતી કર્મોને ઉપશમાવતો ઉપશમાવતો ૧૧મા ગુણસ્થાને પહોંચે છે અને ત્યાં કર્મના પ્રબળ ઉદયને લીધે તેનું પતન થઈ તે છઠ્ઠે, ચોથે અથવા પહેલે ગુણસ્થાને અટકે છે. ક્ષપક શ્રેણિવાળો સાધક પોતાનાં કર્મોનો ક્ષય કરતો કરતો દશમાથી ૧૨મા ગુણસ્થાને આવી, ૧૩મે ગુણસ્થાને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે છે. ક્ષપક શ્રેણિમાં કર્મોનો ક્ષય

થતો હોવાથી તે ઘાતીકર્મો ફરી કદી ઉદયમાં આવી શકતાં નથી. ક્ષપક શ્રેણિની આવી સમર્થતા હોવાથી શ્રીમદ્ તેની ઇચ્છા કરતાં ૧૩મી કડીમાં લખે છે કે:

"એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો;
શ્રેણિ ક્ષપક તણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો." અપૂર્વ ০ ૧૩

પહેલી ૧૨ કડીમાં વર્ણવ્યા પ્રમાણે ચારિત્રમોહ કર્મને જીતીને અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાને આવું અને ત્યાંથી ક્ષપકશ્રેણિના માર્ગે જઈને અનન્ય ચિંતન દ્વારા મારા અતિશય શુદ્ધ સ્વભાવને પ્રાપ્ત કરું, એવો અપૂર્વ અવસર મેળવવાનો અભિલાષ શ્રીમદે આ કડીમાં વ્યક્ત કર્યો છે.

આ કડીની પહેલી બે પંક્તિમાં શ્રીમદ્ ચારિત્રમોહને હંફાવીને "અપૂર્વ કરણ" નામના ગુણસ્થાને આવવાની ભાવના સેવે છે. કરણ એટલે આત્માનાં પરિણામ. અપૂર્વ એટલે પૂર્વે નહિ કરેલ તે. આ ગુણસ્થાને આત્માને પૂર્વે કદી ન કર્યા હોય તેવા ભાવો પ્રગટે છે તેથી તે "અપૂર્વ કરણ" ગુણસ્થાન કહેવાય છે. અહીં મુનિ કષાયનો સંપૂર્ણ ક્ષય કરવા માટે પ્રબળ પુરુષાર્થ ઉપાડે છે અને આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટયા પછી જ તે પુરુષાર્થ છૂટે છે.

આઠમા ગુણસ્થાને આવ્યા પછી શ્રીમદ્‌ની ક્ષપકશ્રેણિએ ચડીને અનન્ય ચિંતન દ્વારા પોતાનો અતિશય શુદ્ધ સ્વભાવ પ્રગટાવવાની અભિલાષા પાછળની બે પંક્તિઓમાં ઘણી યોગ્યતાથી મુકાયેલી છે.

આઠમા ગુણસ્થાનથી જીવ ઉપશમ અને ક્ષપક એ બેમાંથી એક શ્રેણિએ ઊંચે ચડે છે. ઉપશમ શ્રેણિવાળો ૧૧મા ગુણસ્થાનેથી અવશ્ય લથડે છે, ત્યારે ક્ષપક શ્રેણિવાળો ૧૩મા ગુણસ્થાન સુધી સીધો પહોંચી જાય છે તે આપણે જોયું. ક્ષપક શ્રેણિની આવી સમર્થતા હોવાથી શ્રીમદ્ તે જ શ્રેણિ ઇચ્છે તે સ્વભાવિક છે. શ્રી કાનજીસ્વામીના શબ્દોમાં :

"આ ક્ષપક શ્રેણિ એટલે શુક્લ ધ્યાનનો પ્રથમ પાયો. આ ગુણશ્રેણિમાં સમયે સમયે અનંતી વિશુદ્ધિ વધતી જાય છે." — અપૂર્વ અવસર પરનાં પ્રવચનો, પૃ. ૭૪.

ગુણસ્થાન ચડવામાં ક્ષપક શ્રેણિ જ ઇચ્છવાનું એક બીજું કારણ પણ શ્રીમદ્‌ માટે હતું. પોતે પૂર્વભવમાં ઠેઠ ૧૧મા ગુણસ્થાનેથી માર્ગના અજાણપણાને લીધે લથડયા હતા, તેનો ઉલ્લેખ સોભાગભાઈ પરના એક પત્રમાં તેમણે કર્યો છે. તેમાં એ કારણ સમાયેલું જોઈ શકાશે. વિ.સં. ૧૯૪૭ના કારતક સુદ ૧૪ના રોજ સોભાગભાઈને તેમણે લખ્યું હતું કે:

"ગુણઠાણાં એ સમજવા માટે કહેલાં છે. ઉપશમ અને ક્ષપક એ બે જાતની શ્રેણિ છે. ઉપશમમાં પ્રત્યક્ષ દર્શનનો સંભવ નથી; ક્ષપકમાં છે. પ્રત્યક્ષ દર્શનના સંભવને અભાવે ૧૧મેથી જીવ પાછો વળે છે. ઉપશમ શ્રેણિ બે પ્રકારે છે. એક આજ્ઞારૂપ; એક માર્ગ જાણ્યા વિના સ્વાભાવિક ઉપશમ થવારૂપ. આજ્ઞારૂપ પણ આજ્ઞા આરાધન સુધી પતિત થતો નથી. પાછળનો ઠેઠ ગયા પછી માર્ગના અજાણપણાને લીધે પડે છે. આ નજરે જોયેલી, આત્માએ અનુભવેલી વાત છે." — શ્રીમદ્‌ રાજચંદ્ર, આંક ૧૭૦, પૃ. ૨૫૦.

પોતે ૧૧મા ગુણસ્થાનેથી લથડ્યા હતા તેનો ઉલ્લેખ આ છેલ્લા વાક્યમાં જોઈ શકાશે. એથી ઉપશમશ્રેણિનું તેમને અનુભવજ્ઞાન હતું તેમ કહી શકાય. ક્ષપકશ્રેણિની અગત્ય બતાવતાં શ્રી સંતબાલજી યોગ્ય લખે છે કે:

"ક્ષપક-શ્રેણિને લાયક થયેલો સાધક, મૂળે જ વિવેકસંપન્ન અને શ્રદ્ધાસંપન્ન હોય છે. એના જીવનમાં જૈન દૃષ્ટિએ જ્ઞાન અને ક્રિયાનો સુંદર સહચાર હોય છે. યૌગિક દૃષ્ટિએ જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગનો સરસ સમન્વય હોય છે. એટલે જ એનું દીર્ઘતપ આત્માના અનહદ,

> ઉદાર, અકલંક પરમ સ્વરૂપના અનાહત મનન નિદિધ્યાસનની ભૂમિકાનો પરિપાક આપે છે કે જે પરિપાક મળ્યા પછી અનંત યુગની ભાવટ એકાએક ભાંગી જાય છે." — સિદ્ધિનાં સોપાન, પૃ. ૧૩૭.

આવી ક્ષપકશ્રેણિએ ચડી અનન્ય ચિંતન દ્વારા પોતાનો અતિશય શુદ્ધ સ્વભાવ પ્રગટાવવાની ભાવના શ્રીમદે અહીં દર્શાવી છે. ૮ થી ૧૨ ગુણસ્થાનોએ જીવ બહુ અલ્પ સમય રહે છે તે આપણે જોયું. ૮મા પછીના પ્રત્યેક ગુણસ્થાન જીવ ચિંતન-ધ્યાન દ્વારા ચડે છે. સાધક જેમ જેમ પોતાનાં સ્વરૂપમાં લીન થતો જાય તેમ તેમ ગુણસ્થાન ચડતો જાય છે. આથી જ આવા ચિંતનમાં લીન બનીને પોતાનું શુદ્ધ આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવાની ભાવના શ્રીમદે ભાવી છે.

આ આખું કાવ્ય શ્રીમદે પોતાને જ ઉદ્દેશી સ્વયંસ્ફુરણાથી લખ્યું છે. તેનો પહેલો પુરાવો આપણે ત્રીજી કડીમાં "ઊપજ્યો" શબ્દમાં જોયો. એ જ રીતે આ કડીમાં બીજી પંક્તિના "આવું" શબ્દ પરથી ઉપરના વિધાનને સમર્થન મળે છે. શ્રીમદે જો સામાન્ય કથન તરીકે આ કાવ્ય લખ્યું હોત તો "આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો" ની જગ્યાએ "આવે ત્યાં ....." લખ્યું હોત. "હું આવું" ને બદલે "સાધક આવે" એમ વચન હોત. તેથી "આવું" શબ્દ પરથી સિદ્ધ થાય છે કે શ્રીમદે આ કાવ્યમાં પોતાની ભાવનાનું જ વર્ણન કર્યું છે. "ઉત્તરાધ્યયનસૂત્ર" માં "ચારિત્રપ્રાપ્તિ" નું આપેલું ફળ આ કડી સાથે સરખાવવા જેવું છે. "ઉત્તરાધ્યયનસૂત્ર" ની કંડિકામાં લખ્યું છે કે :

> "चरित्तसंपन्नयाए णं सेलेसीभावं जणयइ। सेलेसिं पडिवन्ने य अणगारे चतारि केवलिकम्भंसे खवेइ। तओ पच्छा सिज्झइ बुज्झइ मुच्चइ सव्व दुक्खाणमंतं करेइ।" — ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન ૨૯, કંડિકા ૬૨.

આ સૂત્રમાં બતાવ્યા પ્રમાણે ચારિત્ર પામેલો જીવ શૈલેશીભાવ પ્રાપ્ત કરે છે અને તેવા ભાવવાળો સાધુ, બાકીના ચાર અઘાતીકર્મનો ક્ષય કરી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થઈને સમસ્ત દુ:ખોનો અંત આણે છે. શ્રીમદે પણ અહીં ચારિત્રમોહનો નાશ કર્યા પછી ક્ષપકશ્રેણિએ ચડી પોતાનો અનન્ય શુદ્ધ સ્વભાવ પ્રગટ કરવાની ભાવના બતાવી છે. ક્ષપકશ્રેણિએ ચડવાની શરૂઆત કર્યા પછી જીવ ૧૨મા ગુણસ્થાનના અંતભાગમાં આવે ત્યારની આત્માની દશાનું વર્ણન ૧૪મી કડીમાં જુઓ :

મોહસ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,<br>
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;<br>
અંતસમય ત્યાં પૂર્ણસ્વરૂપ વીતરાગ થઈ,<br>
પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો. અપૂર્વ ૦ ૧૪

સંપૂર્ણપણે વીતરાગ થવાની ભાવનાને શબ્દદેહ આપતાં કવિ આ કડીમાં કહે છે કે, મોહરૂપી સ્વયંભૂરમણ નામનો સમુદ્ર તરી જઈ, ક્ષીણમોહ નામના ૧૨મા ગુણસ્થાને પહોચું અને તે ભૂમિકાના છેલ્લા સમયે સંપૂર્ણપણે વીતરાગ બની આત્માનો કેવળજ્ઞાનરૂપી ભંડાર પ્રાપ્ત કરું એવો અપૂર્વ અવસર ક્યારે આવશે?

જીવને સંસારમાં પરિભ્રમણ કરાવનાર મુખ્ય કર્મ મોહનીય છે. તેથી એ સૌથી ભયંકર ગણાય છે. આ કર્મનો નાશ કરવા માટે સૌથી પ્રબળ પુરુષાર્થની જરૂર પડે છે. તેથી તો કર્તાએ અહીં મોહને માટે "સ્વયંભૂરમણસમુદ્ર" નું રૂપક યોજ્યું છે. જૈન ભૂગોળ અનુસાર મધ્યલોકમાં "જંબુદ્વીપ" એક લાખ જોજન વિસ્તારવાળો છે. તે ગોળ છે અને તેને ફરતા અસંખ્યાત દ્વીપ તથા સમુદ્રની પરંપરા છે. તેમાં સૌથી છેલ્લો "સ્વયંભૂરમણ" નામનો સૌથી મોટો સમુદ્ર છે, તેનો વિસ્તાર અસંખ્યાત જોજનનો છે. આ સમુદ્રને તરવા જેટલો પુરુષાર્થ કરવો પડે તેટલો જ પુરુષાર્થ મોહને જીતવા કરવો પડે તે બતાવવા

અહીં મોહને "સ્વયંભૂરમણસમુદ્ર" ની ઉપમા આપી છે. આથી મોહને જીતવા માટે સાધક પુરુષાર્થ ઉપાડે ત્યારે, શ્રી કાનજીસ્વામી કહે છે તેમ, તે એ પ્રમાણે વિચારે કે :

> "જેમ મોહ મહાસમુદ્ર જેવો છે, તેમ મારામાં તેનાથી પણ અનંતગુણી અપરિમિત – બેહદ શક્તિ છે. તેથી હું આત્મામાં બેહદ સ્થિરતાને વધારું, કે જેથી મોહ સર્વથા ટળી જાય અને હું જેવો શુદ્ધ પવિત્ર જ્ઞાનઘન છું તેવો થઈ રહું, સ્વરૂપમાં અતિ સાવધાની રાખું કે જેથી ચારિત્રમોહનો સ્વયમેવ સર્વથા ક્ષય થઈ જાય." — અપૂર્વ અવસર પરનાં પ્રવચનો, પૃ. ૭૮.

આમ મોહનીયનો નાશ થાય ત્યારે સાધક ૧૨મા ક્ષીણમોહ નામના ગુણસ્થાને આવે છે, અર્થાત્ સાધક શુક્લધ્યાનના બીજા વિભાગમાં પ્રવેશે છે, તે શ્રીમદે બીજી પંક્તિમાં દર્શાવ્યું છે. આ ગુણસ્થાને "મોહનીય" નો સંપૂર્ણ નાશ થયો હોવાથી તે "ક્ષીણમોહ" કહેવાય છે. પોતાના આત્મસ્વરૂપમાં લીન બની, દૃઢ રહી "ક્ષીણમોહ" ગુણસ્થાનના અંતભાગમાં સાધક પહોંચી જાય છે. ત્યાં અંતસમયે પૂર્ણપણે વીતરાગી બની આત્મા કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપ અમૂલ્ય ભંડાર પ્રાપ્ત કરે છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની પોતાની એ ભાવના શ્રીમદે આ કડીની બીજી બે પંક્તિમાં દર્શાવી છે :

> "અંત સમય ત્યાં પૂર્ણ સ્વરૂપ વીતરાગ થઈ;
> પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો." અપૂર્વ ૦

ત્રણે કાળ અને ત્રણે લોકનું સમય સમયનું જ્ઞાન હોવું તે કેવળજ્ઞાન, એવો કેવળજ્ઞાનનો પ્રચલિત અર્થ છે. આ અર્થમાં શ્રીમદને કેટલોક વિરોધ દેખાય છે. તેથી કેવળજ્ઞાનનું પોતે સમજ્યા છે તે સ્વરૂપ સમજાવતાં એક પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર, આંક ૬૯૪, પૃ. ૫૦૪-૫૦૫)માં તેઓ લખે છે કે :

"જ્ઞાનનું અત્યંત શુદ્ધ થવું તેને કેવળજ્ઞાન જ્ઞાની પુરુષોએ કહ્યું છે અને તે જ્ઞાનમાં મુખ્ય તો આત્મસ્થિતિ અને આત્મસમાધિ કહ્યાં છે. જગતનું જ્ઞાન થવું એ આદિ કહ્યું છે તે અપૂર્વ વિષયનું ગ્રહણ સામાન્ય જીવોથી થવું અશક્ય જાણીને કહ્યું છે. કેમ કે જગતના જ્ઞાન પર વિચાર કરતાં કરતાં આત્મસામર્થ્ય સમજાય .....

આત્મા જ્યારે અત્યંત શુદ્ધ જ્ઞાનસ્થિતિ ભજે તેનું નામ તે કેવળજ્ઞાન મુખ્યપણે છે. સર્વ પ્રકારના રાગદ્વેષનો અભાવ થયે અત્યંત શુદ્ધ જ્ઞાનસ્થિતિ પ્રગટવા યોગ્ય છે. તે સ્થિતિમાં જે કંઈ જાણી શકાય તે કેવળજ્ઞાન છે ...

આત્માને વિશેથી સર્વ પ્રકારનો અન્ય અધ્યાસ ટળી સ્ફટિકની પેઠે આત્મા અત્યંત શુદ્ધતા ભજે તે કેવળજ્ઞાન છે. અને જગતજ્ઞાનપણે તેને વારંવાર જિનાગમમાં કહ્યું છે, તે માહાત્મ્યથી કરી બાહ્યદૃષ્ટિ જીવો પુરુષાર્થમાં પ્રવર્તે તે હેતુ છે." — શ્રીમદ્‌ રાજચંદ્ર, આંક ૬૭૯, પૃ. ૪૯૮.

પોતે જાણ્યું છે તેવું કેવળજ્ઞાન પ્રગટાવવાની ભાવના આ કડીમાં શ્રીમદે ભાવી છે. તેમાં પણ પોતાને અનુલક્ષીને એ ભાવના વર્ણવી છે, તે આપણે "પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો" એ પંક્તિમાં જોઈ શકીશું. જો તેઓ સામાન્ય કથન કરતા હોત તો "પ્રગટાવું" નહીં પણ સાધક "પ્રગટાવે" એમ લખ્યું હોત. આમ અહીં સાધક "પ્રગટાવે" તે ભાવ કરતાં હું "પ્રગટાવું" તે ભાવ નિરૂપાયો છે.

શ્રીમદે કર્મનાશથી કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રગટે છે તે દર્શાવવા "ઉત્તરાધ્યયનસૂત્ર" ના નીચેના વચનનો આશ્રય લીધો હોય તેમ બને. તેમાં જણાવ્યું છે કે :

"तओ पच्छा अणुतरं अणंतं कसिणं पडिपुण्णं निरावरणं वितिमिरं विशुद्धं लोगालोगप्पभावं केवलवरनाणदंसणं समुप्पाडेइ" — ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન ૨૯, કંડિકા ૭૨.

આ વચનમાં કેવળજ્ઞાનના ગુણો – અનુત્તર, અનંત, સંપૂર્ણ, પરિપૂર્ણ, નિરાવરણ, તિમિરરહિત, વિશુદ્ધ, લોકાલોકપ્રકાશક વગેરે – દર્શાવ્યા છે, એ તે, કેવળજ્ઞાનાવરણીય, તથા કેવળદર્શનાવરણીય કર્મનો ક્ષય થયા પછી થાય છે તે જણાવ્યું છે, જે શ્રીમદ્‌ની આ કડી સાથે વિચારવા યોગ્ય છે.

પોતે પામવા ઇચ્છયું છે તે "કેવળજ્ઞાન" પ્રાપ્ત થાય ત્યારે આત્માની અને કર્મની કેવી સ્થિતિ હોય છે તે તેમણે ૧૫, ૧૬, એ બે કડીમાં વર્ણવેલું છે.

## કેવળજ્ઞાનનું સ્વરૂપ – કેવળીની દશા

આત્મા એ શુદ્ધ, ચૈતન્યમય, જ્ઞાનઘન પદાર્થ છે. તે કર્મથી વીંટળાયેલો હોવાને લીધે સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. પણ જ્યારે તે "આત્મસ્વરૂપની" ઓળખ પામવા લાગે છે ત્યારે તેનાં કર્મનો નાશ થવા લાગે છે. અને કર્મનો નાશ થતાં તેનું પૂર્ણ શુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટે છે, એટલે કે તે તેરમે ગુણસ્થાને આવે છે ત્યારે તેનાં કર્મોની સ્થિતિ કેવી હોય છે તેનું કથન શ્રીમદે અહીં કહ્યું છે.

કર્મ તો અનંત પ્રકારનાં છે : તેમાં મુખ્ય ગણી શકાય તેવાં આઠ પ્રકારનાં છે: તે જ્ઞાનવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય, આયુષ્ય, નામ, ગોત્ર અને વેદનીય છે. જ્યારે આત્માને કેવળજ્ઞાન તથા કેવળદર્શન પ્રગટે છે ત્યારે આ આઠે કર્મની સ્થિતિ ક્યા પ્રકારની હોય છે તે શ્રીમદે ૧૫,૧૬ એ બે કડીમાં બતાવ્યું છે. આ આઠ કર્મોમાં પહેલાં ચાર ઘાતી કહેવાય છે. તે કર્મોની સ્થિતિ ૧૫ મી કડીમાં બતાવી છે કે :

ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવના બીજ તણો આત્યંતિક નાશ જો;
સર્વભાવ જ્ઞાતા દૃષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો. અપૂર્વ ૦ ૧૫

આ કડીમાં શ્રીમદ્ સયોગી કેવળીની દશા – ૧૩મે ગુણસ્થાને વર્તતા આત્માની દશા બતાવે છે કે, ચાર ઘનઘાતી કર્મોનો ક્ષય થયો હોય, ભવનાં બીજનો નાશ થયો હોય તેથી આત્મા પરમ વિશુદ્ધ બનતાં તે જ્ઞાતાદૃષ્ટાપણે જ બધે પ્રવર્તે તથા અનંત વીર્ય પ્રગટવાથી આત્મા ધન્યતા અનુભવે તેવો અપૂર્વ અવસર ક્યારે આવશે?

૧૨મા ગુણસ્થાનેથી ઊંચે ચડી ૧૩મા ગુણસ્થાને વર્તતા આત્માની દશા અહીં બતાવાઈ છે. આ ગુણસ્થાન સયોગી કેવળીનું કહેવાય છે, કારણ કે આ દશાએ આત્માને કેવળજ્ઞાન – કેવળદર્શન પ્રાપ્ત થયાં હોય છે છતાં દેહનું અસ્તિત્વ હોવાને લીધે મન, વચન અને કાયાના યોગ અતિ સૂક્ષ્મ પ્રમાણમાં વર્તે છે.

આ સયોગી કેવળીને ચાર ઘનઘાતી કર્મોનો વ્યવચ્છેદ એટલે કે નાશ થયો હોય છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય અને મોહનીય એ ચાર ઘનઘાતી કર્મ કહેવાય છે. આ કર્મો ઘાતી કર્મો કહેવાય છે, તેનું કારણ એ છે કે તે આત્માના ગુણોનો ત્રણ પ્રકારે નાશ કરે છે: તેઓ આત્માના ગુણોને આવરે છે, અથવા રોધે છે, અથવા વિકળ કરે છે. આત્માનાં જ્ઞાન તથા દર્શનને આવરે તે જ્ઞાનાવરણીય તથા દર્શનાવરણીય કર્મ કહેવાય છે. અંતરાય કર્મ ગુણને આવરતું નથી પણ તે આત્માના ભોગને – વીર્યબળને રોકે છે. તેમાં આત્મા ભોગ આદિને જાણે છે તેથી તે આવરણ નથી, પણ ભોગ ભોગવવામાં તે રોધ કરે છે. તેથી તે અંતરાય કર્મ કહેવાય છે. ચોથું ઘાતી કર્મ તે મોહનીય. તે આત્માના ગુણને મૂર્ચ્છિત કરે છે, વિકળ કરે છે. આત્માને મૂંઝવનાર તે મોહનીય.

આ ચારે કર્મોમાં સૌથી બળવાન કર્મ તે મોહનીય. તેનો નાશ થાય એટલે બાકીનાં ત્રણ ટકી શકતાં નથી. તેથી પ્રબળ પુરુષાર્થ દ્વારા જો મોહનીયનો નાશ કરવામાં આવે તો બાકીનાં ત્રણે ઘાતી કર્મો સહેલાઈથી નાશ પામે છે.

શ્રીમદે આ ઘાતી કર્મો માટે "ઘનઘાતી" શબ્દ ખૂબ વિચારપૂર્વક યોજ્યો છે. આ કર્મો ઘાતી તો છે, પણ 'ઘન' જેવા અર્થાત્ વાદળ જેવાં. વાદળ જેમ સૂર્યને ઢાંકી દે છે છતાં તેમાંથી થોડો પ્રકાશ તો નીકળે જ છે કે જેથી સૂર્યનાં અસ્તિત્વનો ખ્યાલ આવે; તે પ્રમાણે આ કર્મો આત્માને ઢાંકી દે છે ખરાં, તેમ છતાં આત્માને ઊંચે ચડવા માટે પ્રકાશનાં કિરણો મળી રહે તેટલા પ્રમાણમાં આત્મા અણાવરાયેલો રહે છે. આત્માના આઠ રુચક પ્રદેશો તો ગમે તે સ્થિતિમાં અણાવરાયેલા જ હોય છે. તેથી આ કર્મોને ઘનઘાતી કહેલ છે.

આ કર્મોનો વ્યવચ્છેદ એટલે કે નાશ થાય ત્યારે ભવનાં બીજનો નાશ થાય છે.

"रागो य दोसो वि य कम्मबीयं कम्मं च मोहप्पभवं वयंति
कम्मं च जाइमरळस्समूलं दुक्खं च जाइमरणं वयंति ।"

— ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન ૩૨, ગાથા ૭.

"ઉત્તરાધ્યયનસૂત્ર" માં ઉપર બતાવ્યા પ્રમાણે રાગ અને દ્વેષ એ ભવનાં બીજરૂપ છે. તેથી તેનો નાશ થતાં ભવનો પણ અંત આવે છે. મોહનીય આદિનો ક્ષય થતાં રાગદ્વેષનો સંપૂર્ણ નાશ થતો હોવાથી જીવને જન્મ લેવાનું પણ રહેતું નથી.

કેવળજ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે જીવને "સર્વભાવ જ્ઞાતા દ્દષ્ટા સહ શુદ્ધતા" હોય છે. જીવને થતા ભાવ છદ્મસ્થ જીવથી જાણી શકાતા નથી, પણ કેવળજ્ઞાનમાં તો તે સર્વ ભાવ પ્રત્યક્ષ જ છે. તે વિશે શ્રી સંતબાલજી લખે છે કે:

"પદ્યકાર સર્વભાવ શબ્દ લે છે, એમાં રહસ્ય છે. જેમ વૈજ્ઞાનિક માત્ર ગુરુત્વાકર્ષણના એક જ સિદ્ધાંતની શોધમાં સમસ્ત વિશ્વ સંકળાયેલું જુએ છે, તેમ એવો પુરુષ આત્મશોધની પૂર્ણતામાં સમસ્ત વિશ્વને પ્રતિબિંબિત થયેલું નિહાળે છે." — સિદ્ધિનાં સોપાન, પૃ. ૧૬૨.

આ જ દષ્ટિએ શ્રી "આચારાંગ સુત્ર અધ્યયન ૨, ઉ.૪, સૂત્ર ૨" કહે છે, "जो ऐगं जाणइ से सव्वं जाणइ।" આમ કેવળજ્ઞાનમાં સર્વ ભાવનું જ્ઞાતાદષ્ટાપણું નિરૂપાયું છે કે :

શ્રી કાનજીસ્વામી જણાવે છે કે :

"જ્યાં કેવળ પોતાના સ્વભાવનું અખંડ નિર્વિકલ્પજ્ઞાન વર્તે છે ત્યાં પરવસ્તુ એટલે જગતના અનંત પદાર્થો તે નિર્મળજ્ઞાનમાં સહેજે જણાય છે, એ ન્યાય આ ગાથામાં આવી જાય છે." — અપૂર્વ અવસર પરનાં પ્રવચનો, પૃ. ૮૧.

કેવળીને એ બધું જાણવાની ઇચ્છા હોતી નથી પણ આત્માની નિર્મળતાને લીધે તે સર્વ દેખાય છે તે જણાવવા શ્રીમદે "શુદ્ધતા" શબ્દનો ઉપયોગ કર્યો છે. જેમ દીવો હોય ત્યાં, તે જગાની વસ્તુઓ આપોઆપ પ્રકાશમાન થાય છે અને જોઈ શકાય છે તેમ કેવળજ્ઞાનમાં વસ્તુઓ જોઈ શકાય છે.

આત્માનું અનંતજ્ઞાન તથા અનંતદર્શન પ્રગટ કરવાનું ધ્યેય પૂર્ણ થયું અને તે પૂર્ણ વીતરાગસ્વરૂપ બન્યો છે તેથી તેને માટે "કૃતકૃત્ય" (જેણે પોતાનું કાર્ય પુરું કર્યું છે તેવો) અને "પ્રભુ" (વીતરાગ) જેવા શબ્દો ચોથી પંક્તિમાં યોજાયા છે. કેવળજ્ઞાન પ્રગટવાની સાથે આત્મામાં અનંતવીર્ય પ્રગટે છે તેનો ઉલ્લેખ શ્રીમદે અહીં કર્યો છે, અર્થાત્ તેમણે જણાવ્યું છે કે જેણે પોતાનું કાર્ય પૂરું કર્યું છે તેવા આત્મામાં અનંતવીર્ય, અનંત પ્રકાશ આદિ ગુણો કેવળજ્ઞાન સાથે પ્રગટે છે.

અહીં શ્રીમદે કેવળજ્ઞાન પ્રગટે તે વખતની ઘાતી કર્મોની સ્થિતિનું વર્ણન આપ્યું છે. કેવળી થયા પછી જ્યાં સુધી દેહ હોય ત્યાં સુધી ક્રિયા તો હોય જ છે, પણ તે ક્યા પ્રકારની હોય તે "ઉત્તરાધ્યયનસૂત્ર" માં નીચે પ્રમાણે બતાવી છે.

"जाव सजोगी भवइ ताव इरियावाहियं कम्भं निबंधइ सुहफरिसं दुसमयठिइयं। तं जहा–पढमसमये वेइयं तइयसमये निज्जिण्णं तं बद्धं पुट्ठं उदीरियं वेइयं निज्जिण्णं सेयाले य अकम्मं चावि भवइ।"

– ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન ૨૯, ગાથા ૭૨.

એટલે કે કેવળી એક સમયે કર્મ બાંધે, બીજે સમયે વેદે અને ત્રીજે સમયે તે નિર્જરી જાય એવી ક્રિયા "ઉત્તરાધ્યયનસૂત્ર" માં બતાવી છે.

ચાર ઘાતી કર્મની સ્થિતિ બતાવ્યા પછી શ્રીમદ્‌ બાકીનાં ચાર અઘાતી કર્મની કેવળજ્ઞાન થયા પછીની સ્થિતિ આ પ્રમાણે બતાવે છે :

વેદનીય આદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરીવત્‌ આકૃતિ માત્ર જો;
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે,
આયુષપૂર્ણે મટિયે દૈહિક પાત્ર જો. અપૂર્વ ૦ ૧૬

સીંદરી બળી જતાં તેનો આકાર માત્ર રહે છે તેમ વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર અઘાતી કર્મો માત્ર આકારરૂપે રહે છે, તે કર્મોની સ્થિતિ દેહના આયુષ્ય સુધી જ રહે છે અને આયુષ્ય પૂર્ણ થતાં દેહને ફરીથી ધારણ કરવાનો રહેતો નથી; તેવો અપૂર્વ અવસર મેળવવાની ભાવના શ્રીમદે અહીં ભાવી છે.

ચાર ઘાતી કર્મ આત્માના ગુણનો ઘાત કરે છે, ત્યારે અઘાતી કર્મ આત્માના ગુણને કશું નુકશાન પહોંચાડતાં નથી. તપ, ચારિત્ર, ધ્યાન આદિથી ઘાતી કર્મોનો નાશ કરી શકાય છે, ત્યારે અઘાતી કર્મો ભોગવવાથી જ નિર્જરે છે. એટલે કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી પણ અઘાતી કર્મોનો ભોગવટો કરવાનો આત્માને બાકી રહી જાય છે, ત્યારે ઘાતી કર્મોનો સંપૂર્ણ ક્ષય થઈ જાય છે. આને શ્રી સંતબાલજીના શબ્દોમાં મૂકીએ તો એમ કહી શકાય છે કે :

"ઘાતી કર્મને જેટલો આત્મા સાથે સીધો સંબંધ છે તેટલો આ ચારને નથી, એટલું જ નહિં બલ્કે આ ચારેનો સંબંધ મુખ્યત્વે દેહ સાથે અને પરંપરાએ જીવ સાથે છે." – સિદ્ધિનાં સોપાન, પૃ. ૧૬૯.

આમ ઘાતી કર્મની અસર આત્મા ઉપર અને અઘાતી કર્મની અસર દેહ પર થાય છે.

ઘાતી કર્મોનો નાશ થાય એટલે અઘાતી કર્મનું કશું પણ જોર રહેતું નથી. સીંદરી બળી જાય પછી પવનનો સપાટો ન આવે ત્યાં સુધી તેની રાખ તે જ આકારે પડી રહે છે, પણ કશું બાંધવાના ઉપયોગમાં તે બળેલી સીંદરી આવી શકતી નથી, તેવી રીતે અઘાતી કર્મો આયુષ્ય પૂરું થાય ત્યાં સુધી અસ્તિત્વ ધરાવી શકે છે, પણ કેવળીને કોઈ પણ જાતની અસર કરવા સમર્થ બની શકતાં નથી. આમ અહીં શ્રીમદે ખૂબ જ યોગ્યતાપૂર્વક અઘાતી કર્મોને "બળેલી સીંદરી" ની ઉપમા આપેલી છે.

જે વેદનીય કર્મ પહેલાં સુખ કે દુઃખની લાગણી ઉત્પન્ન કરતું હતું, તે જ્ઞાન પ્રગટ્યા પછી એવી જાતની લાગણી જન્માવી શકતું નથી. કેવળીને તો માત્ર સમભાવ જ રહે છે. નામ તથા ગોત્રકર્મ દેહભાવ તથા અભિમાનનું પોષણ કરતાં હતાં તે પણ જ્ઞાન થયા પછી આત્મભાવ અને પ્રભુતાદર્શક બની જાય છે; અને આયુષ્યકર્મ જે પહેલાં આત્માની મૂર્ચ્છા વધારતું હતું, તે પછીથી લોકોપકારક બની જાય છે. આમ ચારે અઘાતી કર્મો અસ્તિત્વમાં હોવા છતાં જ્ઞાન થયા પછી સત્તારહિત બની જાય છે, બળેલી સીંદરી જેવાં બની જાય છે.

કેવળજ્ઞાન થયા પછી અઘાતી કર્મોની સ્થિતિ તે દેહની સ્થિતિ સુધી જ ટકે છે, કારણ કે ઘાતી કર્મનો નાશ થવાથી આત્માને નવો દેહ ધારણ કરવાનો રહેતો નથી. ભવનાં બીજરૂપ રાગદ્વેષનો સંપૂર્ણ નાશ હોવાથી કર્મનાં રજકણો કેવળીને ચોંટી શકતા નથી. તેમને તો, આપણે આગળ જોયું તેમ,

એક સમયે કર્મ બંધાય, બીજે સમયે વેદાય અને ત્રીજે સમયે નિર્જરી જાય તેવી ઈર્યાપથિકી ક્રિયા હોય છે. એથી જ શ્રીમદ્ કહે છે કે, "તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે" અર્થાત્ દેહ હોય ત્યાં સુધી જ અઘાતી કર્મો રહે છે. આયુષ્ય પૂર્ણ થઈ જાતાં "દૈહિક પાત્ર" માં રહેવાનું જીવને પૂર્ણ થઈ જાય છે. કેવળી પ્રભુ પણ આયુષ્ય હોય ત્યાં સુધી દેહને ટકવા દે છે, કારણ કે શ્રી નગીનદાસ શેઠ લખે તે તેમ :

> "દેહને પરાણે પાડવાથી દેહથી છૂટી શકાતું નથી. પરંતુ તેથી તો દેહબંધન અને દુ:ખબંધન વધે છે, દેહ પ્રાપ્ત થવાનાં મૂળ કારણોનો નાશ કરવાથી દેહ આપોઆપ છૂટી જાય છે. દેહ આપોઆપ ન છૂટે ત્યાં સુધી દેહની સ્વાભાવિક ક્રિયાઓ થયા કરે છે એમાં કશું બંધન નથી. કારણ કે ક્રિયા કરવા છતાં આત્માની રુચિ-વૃત્તિ તો આત્મામાં જ છે, પુદ્ગલોમાં નહિ. આત્મા અશરીરી છે, નિરાકાર છે એવી ભાવના હોય ... તેથી દૈહિક પાત્રતા મટી જાય છે." — પરમપદ-પ્રાપ્તિની ભાવના, પૃ. ૨૧૯.

આમ ગાથા ૧૫, ૧૬માં શ્રીમદે સયોગી કેવળી દશાનું વર્ણન કર્યું છે. ૧૩મે ગુણસ્થાને પ્રવર્તતા જીવના બે પ્રકાર છે : તીર્થંકર અને સામાન્ય. બંનેની આત્મશક્તિ સરખી હોય છે, છતાં તેમના પૂર્વસંચિત કર્મમાં ભેદ હોવાને લીધે બે પ્રકાર પડી જાય છે. શ્રી સંતબાલજી તીર્થંકરને વિશેષ કોટિના ગણવાનું કારણ બતાવતાં યોગ્ય જ લખે છે કે :

> "તેઓ પોતે એકલા ઊડતા નથી. પોતાની પાંખમાં આખા જગતને લઈને ઊડે છે ... થંભી ગયેલા કે વિકૃત થયેલા પ્રગતિવહનને તેઓ સાચો નક્કર વેગ આપે છે. ધર્મના પાયાથી માંડીને નિર્ભેળ શુદ્ધિ કરે છે. અને અધર્મના જોરને નબળું પાડે છે. સૂક્ષ્મશક્તિઓની પ્રબળતાથી રાક્ષસી પશુબળોને હંફાવી જગત સમક્ષ ચમત્કારી આદર્શ ખડો કરે છે ... તેઓ જીવનવિકાસનો વ્યવસ્થિત ક્રમ અને એ માર્ગે જવાનાં સાધનો બતાવે છે. પ્રત્યેક ક્ષેત્રમાં

લોકોત્તર ક્રાંતિ કરે છે એટલું જ નહીં બલ્કે પોતાની પાછળ વારસામાં પણ ચેતનવંતી તાલીમબદ્ધ સિદ્ધિસંઘની સેના અને નર્યા અનુભવનું સાહિત્યધન મૂકી જાય છે." — સિદ્ધિનાં સોપાન, પૃ. ૧૭૩.

પણ આવા પુરુષો વિરલા જ હોય છે. જૈન આગમો જણાવે છે કે છ આરા જેવા નિરવધિકાળમાં માત્ર ૨૪ તીર્થંકરો થાય છે અને અનેક ભવના પરિશ્રમ પછી તેઓ એ પદ સાધી શકે છે. તીર્થંકર સિવાયના આ ભૂમિકામાં રહેલા અન્ય પુરુષો પણ જગદુપકારક તો છે જ, કારણ કે તેઓ પણ સંસારના દાહક વાયુમાં શાંતિનો સંચાર અને ચારિત્રની સુવાસ ભરીને જગતને ગુપ્ત રીતે તાજગી આપ્યા કરે છે. પણ આવા ગુપ્ત પુરુષો તરફથી મળતી સામગ્રી સક્રિય સર્વવ્યાપક સ્વરૂપ નથી ધારણ કરી શકતી, એ જ એની સામાન્યતા છે.

આ બંને પ્રકારના પુરુષો માટે, તેમના દેહની સ્થિતિ પૂરી થાય એટલે, એક જ ગતિ છે અને તે સિદ્ધગતિ. દેહાયુષ પૂર્ણ થતાં સિદ્ધક્ષેત્રે જઈ તેઓ અનંત સમાધિસુખમાં વિરાજે છે.

કેવળી ભગવાનનું આયુષ્ય પૂર્ણ થવાને અંતર્મુહૂર્તકાળ બાકી રહે ત્યારે તેઓ શુક્લધ્યાનના ત્રીજા પાયામાં પ્રવર્તે છે, એવું શાસ્ત્રવચન છે. તે વખતે તેઓ સમુદ્‌ઘાત કરે છે. સમુદ્‌ઘાત એટલે શેષ રહેલાં કર્મોને એકસાથે પ્રબળપણે ખેંચીને ભોગવી લેવાં તે. કેવળીને આયુષ્ય, નામ, ગોત્ર અને વેદનીય એ ચાર કર્મ હોય છે. તેમાંની દરેક સ્થિતિ આયુષ્ય જેટલા જ કાળની નથી હોતી, તેથી તે બધાંને સંપૂર્ણપણે ભોગવી લેવા માટે કેવળી પોતાની શક્તિ વડે તે કર્મોને ખેંચીને આયુષ્યના અંતભાગમાં સંપૂર્ણપણે ભોગવી લે છે. કર્મ ખેંચીને ભોગવી લેવાની ક્રિયાને "કેવળી સમુદ્‌ઘાત" કહેવામાં આવે છે. સમુદ્‌ઘાત ૭ પ્રકારના છે: વેદના, કષાય, મરણ, વૈક્રિય, તેજસ, આહારક અને કેવળી. કેવળજ્ઞાની સાતમા પ્રકારનો સમુદ્‌ઘાત કરે છે. તે ૮ સમય સુધી રહે છે. કેવળી સમુદ્‌ઘાત કર્યા પછી પાંચ લઘુ સ્વર અ, ઈ, ઉ, ૠ, ને લૃ – ને

ઉચ્ચાર કરીએ તેટલો સમય બાકી રહે છે, એટલા સમયમાં આત્માનાં મન, વચન અને કાયાના યોગનો સંપૂર્ણ રોધ હોય છે, મનાદિ પણ અન્ય કર્મની જેમ પુદ્‌ગલનાં બનેલાં છે, તેથી તેના યોગનો સંપૂર્ણ રોધ હોય છે અને તે રોધ થતાં બધાં પુદ્‌ગલ સાથેનો સંબંધ છૂટી જાય છે. આથી આત્માને "યોગરહિત" દશા પ્રાપ્ત થાય છે. તે દશાનું એટલે કે "અયોગી કેવળી" ની દશાનું વર્ણન શ્રીમદ્ ૧૭મી કડીમાં આ પ્રમાણે કરે છે:

મન, વચન, કાયા ને કર્મની વર્ગણા;
છૂટે જહાં સકળ પુદ્‌ગલ સંબંધ જો;
એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું;
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો. અપૂર્વ ૦ ૧૭

૧૩મા ગુણસ્થાનના અંતભાગમાં આત્માનું મન, વચન અને કાયાના યોગ વગરનું ૧૪મું ગુણસ્થાન પ્રગટ થાય છે, તે વિશે શ્રીમદ્ આ કડીમાં કહે છે કે મન, વચન, કાયા અને કર્મ એ સર્વ પુદ્‌ગલ સાથેનો સંબંધ જ્યાં છૂટી જાય છે અને જ્યાં મહાભાગ્યવાન, સુખદાતા અને સંપૂર્ણ બંધરહિત દશા પ્રવર્તે છે એવા અયોગી કેવળીના ગુણસ્થાને પહોંચવાનો અપૂર્વ અવસર ક્યારે આવશે?

૧૩મા ગુણસ્થાનના અંતભાગમાં જીવને ૧૪મું ગુણસ્થાન પ્રગટે છે. તે વખતે મન,વચન, કાયા અને કર્મના પુદ્‌ગલ પરમાણુઓ સાથેનો સંબંધ પૂર્ણપણે છૂટી જાય છે. મન વગેરે પણ પુદ્‌ગલ પરમાણુઓનાં બનેલાં છે, તેથી મન, વચન આદિનો યોગ રૂંધાતાં તે પુદ્‌ગલ-પરમાણુઓ આત્માના પ્રદેશ પરથી ખરી જાય છે અને તેનો ખ્યાલ આપણને આ કડીની પહેલી બે પંક્તિ પરથી આવે છે.

પુદ્‌ગલ-પરમાણુઓનો સંપૂર્ણપણે સંબંધ છૂટતાં જે "અયોગી ગુણસ્થાન" આત્માને વર્તે છે, તે ક્યા પ્રકારનું છે, તે ચોથી પંક્તિમાં જણાશે. એ સમયે કેવળીનો આત્મોપયોગ શુક્લધ્યાનના ત્રીજા પાયામાં પ્રવર્તે છે. તેથી એ પદ

પરમ સુખ આપનારું હોય છે. તે સ્થિતિમાં દુઃખનું નામનિશાન પણ નથી. આવી દશા પ્રાપ્ત કરવામાં મોટું માન છે, ભાગ્ય છે, તે સર્વવિદિત છે. એથી એ પદ "મહાભાગ્ય" ગણી શકાય. એ જ પંક્તિમાં જણાવ્યા પ્રમાણે એ સ્થિતિમાં "પૂર્ણ અબંધ" દશા પણ પ્રાપ્ત થાય છે. પુદ્‌ગલ-પરમાણુઓથી મુક્ત થઈ શકવું એ પણ જીવની મહાભાગ્યવાન દશા ગણાય. આથી જ "અયોગી કેવળી" ની દશાને શ્રીમદે "મહાભાગ્ય" "સુખદાયક" અને "પૂર્ણ અબંધ" એવાં યોગ્ય વિશેષણોથી ઓળખાવેલ છે તે યોગ્ય જ છે.

આમ શ્રીમદે ૧૫, ૧૬, ૧૭ એ ત્રણ કડીઓમાં સયોગી તથા અયોગી કેવળીની દશાનું વર્ણન આપ્યું છે. અયોગી કેવળી થયા પછી આત્મા સર્વ બંધનોથી મુક્ત થઈ સિદ્ધક્ષેત્રે જઈ અનંત સમાધિસુખમાં બિરાજમાન થાય છે. શુદ્ધ થયેલા આત્માના ગુણો અને તેની ગતિનું વર્ણન શ્રીમદે આ પછી આપેલું છે.

## મોક્ષનું વર્ણન

૧૪મે ગુણસ્થાને આત્મા આઠે પ્રકારનાં કર્મોનો ક્ષય કર્યા પછી કેવો બને છે તેનું વર્ણન શ્રીમદે કાવ્યના અંતભાગમાં આપ્યું છે. સિદ્ધની ભૂમિકાનું વર્ણન કરી તે પદ પ્રાપ્ત કરવાની ભાવના અંતભાગની કડીઓમાં શ્રીમદ્‌ વ્યક્ત કરે છે. મુક્તાત્માનું ચિત્ર રજૂ કરતાં શ્રીમદે ૧૮મી કડી રચી છે કે :

એક પરમાણુ માત્રની મળે ન સ્પર્શતા,<br>
પૂર્ણ કલંકરહિત અડોલ સ્વરૂપ જો;<br>
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,<br>
અગુરુલઘુ અમૂર્ત સહજપદ રૂપ જો. અપૂર્વ ૦ ૧૮

સિદ્ધપદ પ્રતિ પ્રયાણની તૈયારી કરતા આત્માના ગુણો વિશે શ્રીમદ્‌ આ કડીમાં જણાવે છે કે, હવે આત્માને કર્મના એક પણ પરમાણુનો સ્પર્શ

નથી, સંબંધ નથી, તેથી તેને સંપૂર્ણ કર્મકલંક રહિત અને નિશ્ચળ સ્વરૂપની પ્રાપ્તિ થઈ છે; તેથી શુદ્ધ, નિરંજન, ચૈતન્યમૂર્તિ, અજોડ, અગુરુલઘુ, અમૂર્ત એવો આત્મા પોતાના સ્વાભાવિક સ્વરૂપમાં સ્થિર થાય તેવો અપૂર્વ અવસર ક્યારે આવશે ?

કેવળીએ સમુદ્‌ઘાત કર્યા પછી સર્વ કર્મોના શેષ રહેલા રજકણો પણ તેમના આત્માના પ્રદેશથી ખરી પડે છે, ત્રણે યોગ રૂંધાઈ જાય છે. અને આયુષ્યના છેલ્લા સમયે શ્વાસોચ્છ્‌વાસની ક્રિયા પણ બંધ પડી જાય છે. આ રીતે આત્માને શુભ કે અશુભ એક પણ કર્મનું પરમાણુ વળગેલું હોતું નથી. તેથી આત્માની સ્થિતિ સંપૂર્ણ, કર્મમલથી લાગતાં કલંક વિનાની અને અડોલ એટલે કે આત્મપ્રદેશનાં કંપ વિનાની થાય છે. આવો આત્મા કેવા ગુણોથી યુક્ત હોય છે, તે શ્રીમદે આ કડીની પાછળની બે પંક્તિમાં આપ્યું છે. તે ગુણો જોઈએ.

**શુદ્ધ** – આત્મા શુદ્ધ છે, કારણ કે કર્મનાં એક પણ પરમાણુ સાથે તેને સંબંધ રહ્યો નથી.

**નિરંજન** – આત્મા નિરંજન છે, કારણ કે તે કર્મમલના અંજન વિનાનો છે.

**ચૈતન્યમૂર્તિ** – આત્મા ચૈતન્યમૂર્તિ શા માટે છે તે સમજાવતાં શ્રી નગીનદાસ શેઠ લખે છે કે :

> "ચિદ્‌ ધાતુ પરથી એનો અર્થ કેવળ જ્ઞાનનો ઘન એવો થાય છે. આત્મા કેવળ જ્ઞાનમય જ છે અને જ્ઞાન ચૈતન્યસ્વરૂપ છે. જ્ઞાન અરૂપી અને ચૈતન્યમય છે, તેથી આત્માને ચૈતન્યમૂર્તિ કહેવામાં આવે છે."
> — પરમપદ-પ્રાપ્તિની ભાવના.

**અનન્યમય (અજોડ)** – એના જેવો બીજો કોઈ નથી તેથી અજોડ. સિદ્ધદશા એ આત્માની શુદ્ધ દશા છે, સિદ્ધ સિવાયના આત્માઓ કર્મથી

આવરાયેલા છે તેથી તેઓ શુદ્ધ આત્માની તોલે આવી શકે તેમ નહિ હોવાથી શુદ્ધાત્મા અનન્યમય છે.

**અગુરુલઘુ** – આ પદ સમજાવતાં શ્રી સંતબાલજી લખે છે કે:

"જેમ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય અને ઉપયોગ એ જીવનાં વિશિષ્ટ લક્ષણો છે, તેમ અગુરુલઘુ નામનો ગુણ પણ એમાં છે. આત્મા ભારી હળવો થાય છે તે કર્મને લીધે,પણ તેનો મૂળ ગુણ અગુરુલઘુ છે. અગુરુલઘુ એટલે આત્મા નથી ભારે કે હળવો, વૈજ્ઞાનિકોએ આત્માનું વજન નક્કી કર્યું છે, તે આત્માનું નહિ પણ પરભવ જતા જીવ સાથે રહેલા તેજસ અને કાર્મણ શરીરનું છે! આત્મા અરૂપી હોઇ તે મોટો પણ નથી, નાનો પણ નથી. નાનું અને મોટું એ વ્યવહાર પુદ્‌ગલાસ્તિકાયને જ લાગુ પડે છે." — સિદ્ધિનાં સોપાન, પૃ. ૧૮૮ ની પાદનોંધ.

આત્માનો આ ગુણ હોવાને લીધે શું થાય છે તે બતાવતાં શ્રી કાનજીસ્વામી લખે છે કે:

"આત્મા પૂર્ણ શુદ્ધ સ્વભાવ પ્રગટ થતાં સ્વગુણ ઉત્કૃષ્ટપણે પરિણમતો હોવા છતાં, પોતાનાં એકરૂપ સ્વદ્રવ્યની મર્યાદા ઉલ્લંઘીને અન્ય દ્રવ્યમાં કે બીજા આત્માના પ્રદેશોમાં ફેલાઈ જતો નથી. એવા મધ્યમ પરિણામ અગુરુલઘુ ગુણના કારણે છે. કોઈ ગુણ કે કોઈ દ્રવ્ય અન્યપણે ન થાય એ પણ અગુરુલઘુ ગુણનું કાર્ય છે." — અપૂર્વ અવસર પરનાં પ્રવચનો, પૃ. ૧૦૨.

**અમૂર્ત** – અરૂપી, વર્ણ, રસ, ગંધ, શબ્દ અને સ્પર્શથી રહિત.

**સહજપદ** – નિજપદ, સ્વાભાવિક, શુદ્ધ, આનંદસ્વરૂપ એવી પોતાની સ્થિતિ તે સહજપદ.

શુદ્ધ, નિરંજન ચૈતન્યમૂર્તિ એવો આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરે ત્યારે પુદ્‌ગલના એક પણ પરમાણુ સાથે તેને સંબંધ રહેતો નથી, આવો શુદ્ધ

થયેલો આત્મા સિદ્ધક્ષેત્ર તરફ ગતિ કરે છે. અને ત્યાં અનંત સુખમાં કઈ રીતે બિરાજે છે તે જુઓ :

પૂર્વ પ્રયોગાદિ કારણના યોગથી,
ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિ સુખમાં,
અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો. અપૂર્વ ૦ ૧૯

સિદ્ધદશાના સુખનો ખ્યાલ આપતાં શ્રીમદ્ આ કડીમાં કહે છે કે, કર્મક્ષય કરવા અત્યાર સુધી કરેલા સાધનારૂપ પૂર્વ પ્રયોગોના કારણે આત્મા કર્મથી મુક્ત થતાં તેની સ્વાભાવિક ઊર્ધ્વગતિથી તે સિદ્ધક્ષેત્રે પહોંચી જાય છે અને ત્યાં તેને આદિવાળા તથા અંત વિનાના સમાધિસુખમાં, અનંત જ્ઞાન તથા દર્શન સાથે સ્થિર થવાનો અપૂર્વ અવસર ક્યારે આવશે?

જીવ અને અજીવ બંને સ્વભાવથી ગતિશીલ છે. જીવ સ્વભાવથી ઊર્ધ્વગતિ કરે છે અને પુદ્‌ગલ અધોગતિ કરે છે. અશુદ્ધ આત્મા નીચી, તીરછી, ગમે તે દિશામાં ગતિ કરે છે. તેમ થવાનું કારણ કર્મમળનું દબાણ હોય છે. કર્મમળના કારણે સંસારી જીવો એક ગતિમાંથી બીજી ગતિમાં જાય છે. પરંતુ મુક્ત જીવોને તો કોઈ કર્મ રહ્યાં નથી, તો તેમની ઊર્ધ્વગતિ કેવી રીતે થઈ શકે? વિશુદ્ધ આત્મા સ્વભાવથી ઊર્ધ્વગતિ કરે છે.

શુદ્ધાત્મા ઊર્ધ્વગતિ પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી કરે છે, તેમ પહેલી પંક્તિમાં બતાવ્યું છે. શાસ્ત્રોમાં શુદ્ધાત્માની ઊર્ધ્વગતિ માટે ચાર દૃષ્ટાંત અપાય છેઃ ૧. પૂર્વ પ્રયોગ, ૨. ગતિ પરિણામ, ૩. બંધ છેદ, ૪. અસંગતા. આ ચારેનું સૂચન 'પૂર્વ પ્રયોગાદિ' શબ્દથી સમજાય છે.

૧. **પૂર્વ પ્રયોગ** – આ માટે કુંભારચક્ર અથવા બાણનું દૃષ્ટાંત અપાય છે. કુંભારના ચાકને દાંડો ભરાવી જોરથી ફેરવવામાં આવે અને પછી દાંડો કાઢી લેવામાં તો પણ ચાક અમુક સમય સુધી ફર્યા કરે છે.

આમ ફેરવવાનું છોડયા પછી પણ ચાક પૂર્વે મળેલા વેગને કારણે ફર્યા કરે છે. અહીં ચાકને ફેરવવો તે પૂર્વ પ્રયોગ છે, તેમ કર્મમુક્ત આત્મા પણ મુક્ત થવા માટે પૂર્વે કરેલા પ્રયોગના આવતા વેગથી ઊર્ધ્વગતિ કરે છે.

ધનુષ્યમાંથી છૂટી બાણ ગતિ કરે તે પહેલાં ધનુષ્યની પણછ ખેંચવામાં આવે છે અને પણછનો ધક્કો વાગે ત્યારે બાણ છૂટીને ગતિ કરે છે. બાણને પણછનો ધક્કો વાગે તે પૂર્વપ્રયોગ છે. એમ પૂર્વે મુક્ત થવાના કરેલા પુરુષાર્થને આધારે મુકતાત્મા ઊર્ધ્વગતિ કરે છે.

૨. **ગતિ પરિણામ** – આ માટે અગ્નિની જ્વાળા અને ધુમાડાનું દૃષ્ટાંત આપવામાં આવે છે. અગ્નિની જ્વાળા જેમ સ્વાભાવિક રીતે ઊંચે જાય છે તેમ આત્મા પણ સ્વાભાવિક ગતિથી ઊંચે જાય છે.

૩. **બંધ છેદ** – આ માટે એરંડબીજનું દૃષ્ટાંત અપાય છે. કોશમાં રહેલું એરંડબીજ સુકાય ત્યારે કોશ ફાટવાથી તે બીજ વૃક્ષમાંથી નીકળી ઊંચે જાય છે, તેવી રીતે કર્મબંધન દૂર થતાં આત્મા ઊંચે જાય છે.

૪. **અસંગતા** – આ માટે તુંબડીનું દૃષ્ટાંત આપવામાં આવે છે. તુંબડીનું સ્વાભાવિક લક્ષણ પાણીમાં તરવાનું છે, પણ માટીથી લેપાયેલી તુંબડી પાણીમાં ડૂબી જાય છે અને માટી પાણીમાં પલળીને નીકળી જાય છે ત્યારે તુંબડી જેમ તરવા લાગે છે, તેમ કર્મનાં સંગથી આત્મા અધોગતિમાં હતો, તે સંગ જતાં આત્માની ઊર્ધ્વગતિ થાય છે.

આમ પૂર્વપ્રયોગાદિ કારણથી આત્મા ઊર્ધ્વગતિ કરે છે. અહીં “પૂર્વપ્રયોગ” સાથેના “આદિ” શબ્દથી એ સૂચવાય છે કે કર્મનાશની સાથે કેટલાક ભાવોનો પણ નાશ મોક્ષપ્રાપ્તિ માટે આવશ્યક છે. એ ભાવ મુખ્યત્વે ચાર છેઃ ઔપશમિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક.

પૂર્વપ્રયોગાદિ કારણથી વેગ પામેલો આત્મા સ્વાભાવિક ગતિથી "સિદ્ધાલય" તરફ જાય છે.

> "સંપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત થયા પછી આત્મા જ્યાં સ્થિરતા પામે છે તેને સિદ્ધાલય કહેવામાં આવે છે. તે સ્થાન લોકને છેડે આવેલું છે. એથી ઉપર આત્મગતિ ન થવાનું કારણ એ છે કે એથી ઉપર જવા માટે ગતિમાં સહાયક થનારું ધર્માસ્તિકાય તત્ત્વ અલોકમાં છે જ નહિ." – સિદ્ધિનાં સોપાન, પૃ. ૧૯૫.

જીવ તથા અજીવ બંને હોય તે લોક અને અજીવનું માત્ર આકાશતત્ત્વ જ હોય તે અલોક. "સિદ્ધાલય" લોકને છેડે આવેલું છે. તેથી ઊંચે અલોકમાં ધર્માસ્તિકાય તત્ત્વ ન હોવાથી આત્મા ત્યાં ગતિ કરી શકતો નથી અને નીચે આવવાનો તો તેનો સ્વભાવ જ નથી. એથી આત્મા સિદ્ધક્ષેત્રમાં રહે છે.

સિદ્ધક્ષેત્રમાં સુખનું વર્ણન શ્રીમદે પાછળની બે પંક્તિઓમાં કર્યું છે. તે ક્ષેત્રમાં આત્માને સમાધિનું અનંત સુખ મળે છે. શ્રી નગીનદાસ શેઠ લખે છે તેમ –

> "સમાધિ એટલે આત્મપરિણામની સ્થિરતા. છદ્મસ્થની સમાધિ અથવા આત્મસ્થિરતા સામાન્ય રીતે અંતર્મુહૂર્તની કહી છે ત્યારે કેવળી અને સિદ્ધ ભગવંતની આત્મસ્થિરતા અખંડ હોય છે." – પરમપદ-પ્રાપ્તિની ભાવના, પૃ. ૨૩૩.

અખંડ સ્થિરતાને લીધે સિદ્ધના સુખને અનંત ગણાવ્યું છે. આ સુખને આદિ છે પણ અંત નથી તેથી શ્રીમદે "સાદિ અનંત" સુખ કહ્યું છે. આત્મા કર્મમલથી રહિત થઈ શુદ્ધપદ પામે ત્યારથી તેને એ સુખનો અનુભવ મળે છે એ અપેક્ષાએ તે સુખ સાદિ કહેવાયું છે અને તે સુખનો કદી અંત આવવાનો નથી તે જણાવવા તે અનંત કહેવાયું છે. તે સુખને "સાદિ અનંત" ગણવા માટે "ઉત્તરાધ્યયનસૂત્ર" માં નીચે પ્રમાણેનો ઉલ્લેખ મળે છે :

एगत्तेण साइया अपज्जवसिया वि य ।
पहुत्तेण अणाइया अपज्जवसिया वि य ।।

– ઉત્તરાધ્યયનસૂત્ર, અધ્યયન ૩૬, ગાથા ૬૫.

અહીં બતાવ્યા પ્રમાણે સિદ્ધક્ષેત્રમાં એક સિદ્ધની અપેક્ષાએ સાદિ અનંત કાળ છે અને અનેક સિદ્ધની અપેક્ષાએ અનાદિ અનંત કાળ છે.

સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌દર્શનના અનંત ગુણધર્મો કેવળજ્ઞાનમાં સમાઈ જાય છે, તેથી તે સમાધિ સુખને “અનંતજ્ઞાન” અને “અનંતદર્શન” સહિતનું શ્રીમદે આ કડીની ચોથી પંક્તિમાં ગણાવ્યું છે. તે વિશે “ઉત્તરાધ્યયનસૂત્ર” માં ઉલ્લેખ મળે છે કે :

“अरुविणो जीवधणा णाणदंसणन्निया ।
अउलं सहुं संपन्ना उवमा जस्स नत्थि उ ।।”

– ઉત્તરાધ્યયનસૂત્ર, અધ્યયન ૩૬, ગાથા ૬૬.

આ ગાથામાં બતાવ્યા પ્રમાણે તે સિદ્ધ ભગવાન ઘનરૂપ, જ્ઞાન અને દર્શનના ઉપયોગવાળા તથા ઉપમારહિત છે. તેઓએ અતુલ સુખ પ્રાપ્ત કર્યું છે, જેને માટે ઉપમા જ નથી. આવા ઉપમારહિત જ્ઞાન માટે શ્રીમદ્‌ યોગ્ય રીતે જ કહે છે કે :

“સાદિ અનંત અનંત સમાધિ સુખમાં,
અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો.”       અપૂર્વ ૦

આ બે કડીમાં વર્ણવ્યું છે તેવું અપૂર્વ સુખ પામવાની શ્રીમદ્‌ની અભિલાષા અહીં વ્યક્ત થયેલી છે. પોતે કેવું સુખ પામવા ઈચ્છે છે તેના ઉદાહરણ રૂપે શ્રીમદે સિદ્ધગતિનું-મોક્ષનું વર્ણન કર્યું છે. તે આપણે ઉપસંહારરૂપે રચાયેલી બે કડીમાં જોઈ શકીએ છીએ.

# ઉપસંહાર

જીવના ચોથાથી ચૌદમા ગુણસ્થાન સુધીનું વર્ણન કર્યા પછી તેનો ઉપસંહાર શ્રીમદે બે કડીમાં કર્યો છે. પોતે ઈચ્છેલા સુખનું વર્ણન તથા તે પ્રાપ્ત કરવા જે પ્રયત્નો કરવા પડે તેનું વર્ણન તેમણે પહેલી ૧૯ કડીમાં કર્યું છે, પણ તે વિશે તેમને પૂરો સંતોષ થયો ન હતો, તેમને લાગતું હતું કે પોતાને જે કહેવું છે તે પૂરતા પ્રમાણમાં તેઓ કહી શક્યા નથી, કારણ કે તે અનુભવગોચર વાત છે અને તે સંપૂર્ણ રીતે વ્યક્ત કરવામાં વાણીની મર્યાદા આડી આવે છે. પોતાને નડતી એ મર્યાદા સ્પષ્ટતાથી જણાવવા શ્રી તીર્થંકર પ્રભુનું ઉદાહરણ આપતાં તેઓ ૨૦મી કડીમાં કહે છે :

> "જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
> કહી શક્યા નહિ પણ તે શ્રી ભગવાન જો;
> તેહ સ્વરૂપને અન્યવાણી તે શું કહે?
> અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો."   અપૂર્વ ૦ ૨૦

શ્રી સર્વજ્ઞભગવાને જે સિદ્ધપદને તેમનાં જ્ઞાનમાં જોયું છે. તેનાં સુખને તથા સ્વરૂપને તેઓ પણ સંપૂર્ણપણે વર્ણવી શક્યા નથી. વાણીની મર્યાદા તેમને પણ નડી છે. શ્રી સંતબાલજી કહે છે કે :

> "વાણી એ અંતઃકરણના ભાવોને વ્યક્ત કરવાનું એક સાધન ખરું પણ શબ્દસ્વરૂપ ધર્યા પછી એ પુદ્‌ગલ હોઈને એનું સ્વરૂપ પલટાઈ જાય છે. એટલે જ ગમે તેવા પ્રેરક ભાવોથી વાણી નીકળી હોય તોય પાઠકનો આત્મા, પ્રેરણા ઝીલી શકે તેટલો તૈયાર ન હોય તો એને સાર્થક થતી નથી."   – સિદ્ધિનાં સોપાન, પૃ. ૨૦૧.

એથી જ સર્વજ્ઞ પુરુષને પરમપદનો અનુભવ હોવા છતાં, એ અનુભવને સર્વજ્ઞપુરુષ વાણીમાં પૂર્ણપણે ઉતારી શકતા નથી. આ અંગે શ્રી નગીનદાસ શેઠે કહ્યું છે કે :

"શ્રી સર્વજ્ઞ ભગવાને સિદ્ધાત્માનું સ્વરૂપ તેમનાં કેવળજ્ઞાનમાં જાણ્યું તેના અનંતમાં ભાગે તેઓ વાણીમાં ઉતારી શકે, કહી શકે અને જેટલું વાણી દ્વારા કથન થાય તેના અનંતમાં ભાગે છદ્મસ્થ ગણધર ભગવાન તેમનાં જ્ઞાનમાં ઝીલી શકે અને તેના પણ અનંતમાં ભાગે તેઓ બીજાને સમજાવી શકે." — પરમપદ-પ્રાપ્તિની ભાવના, પૃ. ૨૩૫.

આ પરથી સમજાશે કે શ્રીમદે સત્ય જ કહ્યું છે કે :

"જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ પણ તે શ્રી ભગવાન જો"

જે પદનું પૂરેપુરું વર્ણન શ્રી ભગવાન પણ નથી કરી શક્યા તે પદનું પૂરું વર્ણન અન્ય છદ્મસ્થની વાણી તો ક્યાંથી જ કરી શકે? એ પ્રશ્ન શ્રીમદે પોતાની વાણીની મર્યાદા બતાવવા ખૂબ જ યોગ્યતાથી ત્રીજી પંક્તિમાં મૂક્યો છે. શ્રી પ્રભુને તથા પોતાને વાણીની એ મર્યાદા નડવાનું કારણ શ્રીમદ્ ચોથી પંક્તિમાં બતાવે છે કે "અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો." સિદ્ધપદનાં સુખનું જ્ઞાન તે વાણીથી પર છે તે જ્ઞાન તો અનુભવ થાય ત્યારે જ પામી શકાય. આ જ્ઞાન અનુભવગમ્ય હોવાનું કારણ બતાવતાં શ્રી નગીનદાસ શેઠ લખે છે કે :

"જેને સમ્યક્‌દર્શન વડે અનુભવ થયો છે તેણે અંશે સ્વાનુભવથી આખું દ્રવ્ય પ્રમાણ જાણ્યું છે. હું શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છું, ચૈતન્યસ્વરૂપ છું એવા વિકલ્પમાત્રથી આત્મસ્વરૂપનો આનંદ અનુભવી શકાય નહિ. પણ રાગરહિત જ્ઞાનમાં એકાગ્રતાથી સમ્યક્‌જ્ઞાની પરોક્ષ તેમ જ પ્રત્યક્ષ પ્રમાણથી જાણે છે. તેથી આત્મસ્વરૂપ માત્ર અનુભવગોચર જ કહ્યું છે." — પરમપદ-પ્રાપ્તિની ભાવના, પૃ. ૨૩૬.

મુક્તિપુરીના સુખને શ્રીમદે અહીં વર્ણનાતીત બતાવ્યું છે. "આચારાંગસૂત્ર" માં પણ તે સુખને કલ્પનાતીત ગણાવ્યું છે, તે નીચેની ગાથા જોતાં જણાશે :

"सव्वे सरा णिअट्टंति, तक्का जत्थ न विज्जति, मती तत्थ ण गाहिता, ओए अप्पतिट्ठाणस्स खेयन्ने।"

– આચારાંગસૂત્ર, અધ્યયન ૫, ઉ. ૬, સૂ. ૮.

આ સૂત્રમાં બતાવ્યું છે તે પ્રમાણે મુક્તિના સુખમાં રહેનારા જીવોની જે અવસ્થા વર્તે છે તે જણાવવા કોઈ પણ શબ્દ સમર્થ થતા નથી, કોઈ પણ કલ્પના દોડી શક્તી નથી અને કોઈની મતિ પહોંચી શકતી નથી. ત્યાં સકલકર્મરહિત એકલો જીવ સંપૂર્ણજ્ઞાનમય બિરાજે છે. "આચારાંગસૂત્ર" ની આ પ્રકારની ગાથાઓના અભ્યાસથી આત્મસ્વરૂપનાં જ્ઞાનની વાત "અનુભવગોચર" વિશેષપણે તેમને જણાઈ હતી.

આમ ૨૦મી કડીમાં સિદ્ધ જીવોનાં સુખના વર્ણનની બાબતમાં પોતાની મર્યાદા જાહેર કર્યા પછી શ્રીમદ્ ૨૧મી કડીમાં આ આખું પદ રચવાનો ઉદ્દેશ રજૂ કરે છે કે :

"એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથ રૂપ જો;
તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો." અપૂર્વ ૦ ૨૧

જે પરમપદ છે, કલ્પનાતીત છે, તે પદ પ્રાપ્ત કરવાનું શ્રીમદે ધ્યેય બાંધ્યું છે, તેમ તેઓ પહેલી પંક્તિમાં જણાવે છે. પોતાની હાલની સ્થિતિ જોતાં તે તેમને તે ગજા બહારનું કાર્ય, એટલે કે માત્ર મનોરથના સામ્રાજ્ય જેવું લાગે છે. તેનું કારણ એ છે કે આ કાવ્ય લખ્યું ત્યારે શ્રીમદ્ ગૃહસ્થદશામાં હતા.

અને આ પદ પામવા માટે તો આગળની કડીઓમાં વર્ણવ્યો છે તેવો ભગીરથ પુરુષાર્થ કરવો અનિવાર્ય છે, તે તેઓ જાણતા હતા. તેમની તે વખતની પરિસ્થિતિ અનુસાર તેઓ એવો પુરુષાર્થ ઉપાડી શકે તેમ નહોતા, તેથી જ તેમણે પોતાના મનોરથને "ગજા વગર" નો ગણાવેલ છે. તેમ છતાં મનનાં મનોરથરૂપ લાગતું એ પદ "પ્રભુ આજ્ઞાએ" પ્રાપ્ત થવાનું છે તેવો નિશ્ચય તેમને પ્રવર્તે છે તે તેમણે છેલ્લી બે પંક્તિઓમાં બતાવ્યું છે. પ્રભુ-આજ્ઞાથી એટલે જિનેશ્વર ભગવાને પ્રણીત કરેલા માર્ગે ચાલવાથી પોતે સિદ્ધસ્વરૂપ થવાના છે તેવો પોતાનો નિશ્ચય તેમણે અહીં દર્શાવ્યો છે.

"અપૂર્વ અવસર" એ શ્રીમદ્‌ની અંગત સ્થિતિ વ્યક્ત કરતું કાવ્ય છે તે આપણે પ્રસંગોપાત્ત જોયું છે. આમ હોવાનો આપણને પ્રથમ નિર્દેશ આ કાવ્યની ત્રીજી કડીમાં "ઊપજ્યો" શબ્દમાં મળે. તે પછી ૧૩મી કડીમાં "આવું ત્યાં..." પરથી મળ્યો. તે પછી ૧૪મી કડીમાં "પ્રગટાવું નિજ..." એ પંક્તિમાં મળ્યો. આ બધા ઉપરાંત તે વિશેનો સૌથી સ્પષ્ટ નિર્દેશ આપણને આ છેલ્લી કડીમાં મળે છે. અહીં તો તેમણે પોતાનું નામ સ્પષ્ટ રીતે ગૂંથીને પોતે આદર્શરૂપ માનેલા પદને પામવાનો નિશ્ચય જણાવ્યો છે. જુઓ —

"તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો."  અપૂર્વ ૦

એ જ રીતે આ કડીની પહેલી બે પંક્તિઓ પણ આ કાવ્ય અંગત હોવાની સાક્ષી પૂરે છે :

"એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથ રૂપ જો;"

અહીં "મેં" તેમણે પોતાના જ માટે વાપરેલું છે તે કોઈ પણ વ્યક્તિ સમજી શકે એવું છે.

આ કાવ્ય વિશે શ્રી રમણલાલ જે. જોષી લખે છે કે :

"આશ્રમ ભજનાવલિમાંનું એમનું પ્રસિદ્ધ કાવ્ય અપૂર્વ અવસર જોતાં જણાય છે કે જૈન ધર્મ પ્રમાણે ચારથી તેર ગુણસ્થાનકો છે, એને તેમણે સંક્ષેપમાં પણ સચોટ રીતે કાવ્યસ્વરૂપે મૂકી આપ્યાં છે. પ્રસ્તુત કાવ્યની કેટલીક લીટીઓનો ભાવાર્થ ઉપનિષદના કેટલાક મંત્રો સાથે મેળમાં બેસે છે. ઉદાહરણ તરીકે "જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં" વાળી ટૂંક મુણ્ડકોપનિષદના કેટલાક મંત્ર સાથે સરખાવવા જેવી છે. લગભગ બધા ધર્મોને માન્ય એવી દેહભાવ વર્જીને આત્મભાવમાં અપ્રમત્ત સ્થિતિ કરવાની વાત એમણે અનેક જગ્યાએ ભારપૂર્વક કહી છે, પણ જ્યારે તે "એહ પરમપદપ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં" એમ કહે છે ત્યારે એમનું લક્ષ "નિર્વિકલ્પ સમાધિ" અથવા તો ગીતા જેને "બ્રાહ્મી સ્થિતિ" કહે છે તે હોય એમ લાગે છે. એ વખતે એમને આ વસ્તુ ગજા વગરનો મનોરથ હોય તેમ જણાય છે, પણ આ વસ્તુ બનવાની જ છે, એમના પોતા વિશેની આ શક્યતાનું સંપૂર્ણ દર્શન અવશ્ય થયું છે, એ વાત ભક્તહૃદયી જ્ઞાની કહી દે છે :

"તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો." અપૂર્વ ૦

શ્રીમદ્ રાજચંદ્ર મહાન જ્ઞાની કે જૈનધર્મના અનોખા ભાષ્યકાર હોવા છતાં પણ એમની પ્રકૃતિનો એક ભાગ નિર્વિવાદપણે કવિનો છે – વધારે છૂટ લઈને કહું તો, તે સ્વભાવે કવિ જેવા છે." — શ્રીમદ્ રાજચંદ્રઃ અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ, પૃ. ૯૧.

આ બધાં પ્રમાણોથી આપણે કહી શકીએ કે શ્રીમદે આ કાવ્ય પોતાની આંતરિક સ્થિતિને વ્યક્ત કરતું રચ્યું છે. તે પ્રમાણે વિચાર કરીએ તો કાવ્યના બે ભાગ દેખાય છે. પહેલા ભાગમાં ૧૨ કડી અને બીજા ભાગમાં ૯ કડી મૂકી શકાય. આ વિભાગ પાડવાનું કારણ તેમાં નિરૂપાયેલું વર્ણન છે.

પ્રથમની ૧૨ કડીઓ આપણે વાંચીએ ત્યારે તેઓ પોતાના ભૂતકાળની વાત કરતા હોય તે જાતનું આલેખન તેમાં જોવા મળે છે. અર્થાત્ તે પ્રકારનું ચારિત્ર તેમણે પૂર્વભવમાં પાળ્યું હોય તેવી છાપ આપણા મન પર પડે છે. ઉદાહરણ તરીકે ત્રીજી કડીની પહેલી પંક્તિમાં જણાવ્યું છે કે, "દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે" તે સ્પષ્ટ ભૂતકાળની વાત લાગે છે. ભવિષ્યની હોત તો "દર્શનમોહ વ્યતીત કરી ઉપજાવું..." એવી કોઈ જાતનું લખાણ હોત. ૧૨મી કડીની પંક્તિ "સર્વે માન્યાં પુદ્‌ગલ..." પણ ભૂતકાળની વાત હોય એમ લાગે છે. ભવિષ્યની વાત હોત તો "સર્વે માનું પુદ્‌ગલ..." એવી જાતનું લખાણ હોત.

આ પરથી આપણે કહી શકીએ કે તેમણે આ પ્રકારનું ચારિત્ર પૂર્વના કોઈ ભવમાં પાળ્યું હોવું જોઈએ, જેના સંસ્કારો આ ભવે આ પ્રકારનું લખાણ તેમની પાસે કરાવે છે. આ અનુમાનને તેમણે લખેલા પત્રોમાંનાં નીચેનાં વચનો પણ સમર્થન આપે છે. જુઓ –

> "સત્સંગનું અત્યંત માહાત્મ્ય પૂર્વભવે વેદન કર્યું છે; તે ફરી ફરી સ્મૃતિરૂપ થાય છે, અને નિરંતર અભંગપણે તે ભાવના સ્ફુરિત રહ્યા કરે છે." – શ્રીમદ્ રાજચંદ્ર, આંક ૩૭૫, પૃ. ૩૩૨.

> "ઉપશમશ્રેણિ બે પ્રકારે છે. એક આજ્ઞારૂપ; એક માર્ગ જાણ્યા વિના સ્વાભાવિક ઉપશમ થવા રૂપ. આજ્ઞારૂપ પણ આજ્ઞારાધન સુધી પતિત થતો નથી. પાછળનો ઠેઠ ગયા પછી માર્ગના અજાણપણાને લીધે પડે છે. આ નજરે જોયેલી, આત્માએ અનુભવેલી વાત છે." – શ્રીમદ્ રાજચંદ્ર, આંક ૧૨૦, પૃ. ૨૫૦.

પોતાના ભૂતકાળનાં વર્ણનરૂપ લાગતું આ લખાણ ૧૨મી કડી પછી પલટો લે છે. અને ભૂતકાળ ભવિષ્યમાં પલટાય છે. જુઓ ૧૩મી કડીની બીજી પંક્તિ – "આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો." અથવા ૧૪મી કડીની

ચોથી પંક્તિ – "પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો" વગેરે. બીજી રીતે જોઈએ તોપણ તે સમજાય તેમ છે. આ કાવ્ય લખ્યું તે સમય સુધી તેમણે શ્રેણિ માંડીને કેવળજ્ઞાન પ્રગટાવ્યું નહોતું તે સિદ્ધ વાત છે, કારણ કે એક વખત તે પદ મળ્યા પછી જીવનું પતન થતું નથી અને અહીં ૨૧મી કડીમાં તો તે પદ મેળવવાની ભાવનાને જ પોતે "મનોરથરૂપ" ગણાવી છે, અર્થાત્‌ તે પદ પ્રાપ્ત થયું નથી તે બતાવ્યું છે. એટલે કે શ્રેણિ માંડવા પછીનો આત્માનો વિકાસ કરવાનો તેમને બાકી હતો, એટલે તે ભવિષ્યકાળની વાત છે તેમ કહી શકાય.

આમ "અપૂર્વ અવસર" માં શ્રીમદ્‌ની આંતરિક સ્થિતિનાં બે સ્વરૂપ આપણને જોવા મળે છે.

આ કાવ્ય શ્રીમદ્‌ની આંતરિક સ્થિતિ વ્યક્ત કરતું કાવ્ય હોવા છતાં, તે કોઈ પણ અધિકારી જીવને આસ્વાદ્ય બની શકે તેવું છે. તેમાં જે વિકાસક્રમ નિરૂપિત થયેલો છે તે કોઈ પણ જીવને એકસરખી રીતે લાગુ પડી શકે તેવો છે — ભલે પછી તે પોતાની જાતને લક્ષમાં રાખીને નિરૂપાયો હોય. આ જ શ્રીમદ્‌ના કાવ્યત્વની ખૂબી છે. સાચો કવિ એ જ કે જે પોતાના અંગત અનુભવને "સામાન્ય જનના" અનુભવમાં પલટાવીને રજૂ કરી શકે. એ ન્યાયે શ્રીમદ્‌ને સાચા કવિ કહી શકાય. આથી તો પૂ. સંતબાલજી યોગ્ય જ લખે છે કે "रसात्मकं वाक्यं काव्यम् के ध्वन्यात्मकं काव्यं ગમે તે કાવ્યલક્ષણ લઈએ પણ તેઓ હાડોહાડ કવિ હતા. ગદ્ય અને પદ્ય બંનેમાં રસઝરણી નિરંતર વહેતી." — સિદ્ધિનાં સોપાન, પ્રસ્તાવના પૃ. ૧૨.

શ્રીમદ્‌ની આ કવિત્વશક્તિથી પ્રભાવિત થઈને શ્રી કાનજીસ્વામીએ કહ્યું છે કે :

"આ કાવ્યના એકે એક શબ્દની પાછળ ગંભીર ભાવાર્થ રહેલો છે." — અપૂર્વ અવસર પરનાં પ્રવચનો, પૃ. ૬૫.

ઓગણત્રીશ વર્ષની યુવાન વયે શ્રીમદે સેવેલા મનોરથના સામ્રાજ્યનું નિરૂપણ આ કાવ્યમાં જોવા મળે છે. સામાન્ય રીતે એ વયે ધન, વૈભવ, સત્તા, કુટુંબ, સાંસારિક સુખો વગેરે મેળવવાની આકાંક્ષા હોય, પણ શ્રીમદને તો એ વયે તે સર્વના ત્યાગની અને મોક્ષપદ મેળવવાની આકાંક્ષા હતી તે આપણે આ કાવ્યમાં જોઈ શકીએ છીએ. તે જ તેમનો ઉચ્ચ વૈરાગ્ય બતાવે છે. તેમના એ વૈરાગ્ય વિશે પૂજ્ય ગાંધીજી આ કાવ્યની પહેલી બે કડી ટાંકીને લખે છે કે :

> "જે વૈરાગ્ય એ કડીઓમાં ઝળહળી રહ્યો છે તે મેં તેમના બે વર્ષના ગાઢ પરિચયમાં ક્ષણે ક્ષણે તેમનામાં જોયેલો." — ગાંધીજીની પ્રસ્તાવના, પ્ર. ૩, શ્રીમદ્ અને ગાંધીજી, પૃ, ૪૬.

ઇચ્છેલું મોક્ષપદ મેળવવા માટે, નિર્ગ્રંથ મુનિ થઈ દ્રવ્ય તેમ જ ભાવથી શુદ્ધ આત્મચારિત્ર પાળવાનો માર્ગ શ્રીમદે આદર્શરૂપ ગણ્યો છે. તે ચારિત્ર પાળતી વખતે માર્ગમાં આવતાં સંકટો દૂર કરવાનો ઉપાય પણ તેમણે આ કાવ્યમાં વિચારી લીધો છે. અને તે બધાનું નિરૂપણ તેમણે ૧૯ કડીઓ સુધીમાં કર્યું છે.

શ્રીમદે કરેલું મોક્ષમાર્ગનું વર્ણન જૈન આગમો અને સૂત્રો અનુસાર છે. આથી કેટલીક પંક્તિઓમાં "ઉત્તરાધ્યયનસૂત્ર", "આચારાંગસૂત્ર", "દશવૈકાલિકસૂત્ર", "ઠાણાંગસૂત્ર" આદિ સૂત્રોની ગાથાઓની છાયા જોવા મળે તે સ્વાભાવિક છે. અને તેનો નિર્દેશ પ્રસંગોપાત્ત અહીં પણ કર્યો છે, એનો અર્થ એમ નથી કે જ્યાં ભાવની સમાનતા દેખાય છે ત્યાં જ તેની અસર છે. આ આખા કાવ્યામાં સૂક્ષ્મ રીતે જૈન આગમો, સૂત્રો વગેરેમાં નિરૂપેલા આચારવિચાર આદિની છાયા પથરાયેલી છે. જેની કોઈ પણ વાંચનાર ને પ્રતીતિ આવી શકે છે. શ્રીમદે સ્વીકારેલો આદર્શ ઊંડાણથી જોઈએ તો તેમાં શ્રી તીર્થંકરપ્રભુનો જ આદર્શ જણાશે. આમ છતાં શ્રીમદ્‌ની સાચી મહત્તા તો તેમણે પોતાના આદર્શને કેટલી

કુશળતાથી નિરૂપ્યો છે, તેમાં છે. બાહ્ય તેમ જ આંતર ગ્રંથિ છૂટવાથી આવતી જીવની નિર્ગ્રંથદશા, તે દશામાં જીવને પ્રવર્તતી ઉદાસીનતા, મન, વચન અને કાયાના યોગની અવિચળ આત્મસ્થિરતા વગેરે એટલાં ક્રમસર અપાયેલાં છે કે એક પણ સ્થિતિ વિશે એવું નથી લાગતું કે તે અયોગ્ય સ્થાને છે.

આ પ્રત્યેક પરિસ્થિતિને યોગ્ય રીતે વ્યક્ત કરતા શબ્દો પણ તેમણે યોજ્યા છે. ભાષાની મુશ્કેલી તેમને ક્યાંયે નડતી હોય તેવું આ કૃતિમાં લાગતું નથી. આ કાવ્યની દશમી કડીમાં "સમભાવ" નો અર્થ વ્યક્ત કરતાં એમણે "સમદર્શિતા", "સ્વભાવ નહિ ન્યૂનાધિક્તા", "વર્તે શુદ્ધ સમભાવ", એમ ચાર જુદા જુદા શબ્દો યોગ્ય સંદર્ભમાં રજૂ કર્યા છે. તે શબ્દોનો સૂક્ષ્મ અર્થ તેમના લક્ષ બહાર નહોતો, અર્થાત્ અહીં પ્રત્યેક શબ્દ સૂક્ષ્મ અર્થમાં પણ યોગ્ય નીવડયો છે. જૈન પરિપાટી અનુસાર રચાયેલા આ કાવ્યમાં શ્રીમદે જૈન પારિભાષિક શબ્દોનો છૂટથી ઉપયોગ કર્યો છે. તે પારિભાષિક શબ્દોની સમજણવાળાને તો આ કાવ્ય વિશેષ આસ્વાદ્ય બને તેવું છે; અલબત્ત, એ પૂરતા અધિકારની તેમાં જરૂર છે ખરી. નિર્ગ્રંથ, સંયમ, દર્શનમોહ, ચારિત્રમોહ, પરિષહ, ઉપસર્ગ, પ્રતિબંધ, ક્ષીણમોહ, ગુણસ્થાન, અપૂર્વકરણ આદિ અનેક જૈન ધર્મના પારિભાષિક શબ્દોનો આ કાવ્યમાં ઉપયોગ થયો છે. તેનો અર્થ સમજવાથી આ કાવ્યનો સાચો આનંદ માણી શકાય છે અને યોગ્ય અધિકારી તો તેમાંથી અનેક અર્થ તારવી શકે તેવી ક્ષમતા ધરાવતું આ અપૂર્વ કાવ્ય શ્રીમદે એક જ બેઠકે લખ્યું છે, તે હકીકત તેમની આધ્યાત્મિક ઉચ્ચ કક્ષા માટે આશ્ચર્ય ઉપજાવે છે. ગૃહસ્થાવસ્થામાં રહીને, સંસારની બધી જવાબદારીઓ અદા કરતાં કરતાં, અંતરંગમાં આટલી ઉચ્ચ શ્રેણી રાખવી તે કોઈ અસામાન્ય વ્યક્તિનું જ કામ છે. આ કાર્ય શ્રીમદે સફળતાપૂર્વક પાર પાડયું હતું. તેમની એ અંતરંગ શ્રેણિ પ્રત્યે કોઈ પણ સમજુ માનવી માનથી મસ્તક નમાવે!

અંતમાં, ટૂંકામાં કહી શકાય કે શ્રીમદ્‌નું બીજું સાહિત્ય ન હોય તો પણ માત્ર "અપૂર્વ અવસર" એ એક જ કાવ્ય પણ શ્રીમદ્‌ના કવિત્વની અને

ઝળહળતા વૈરાગ્યની પૂરી સાક્ષી આપી શકે તેમ છે. આ કાવ્ય વિશે પંડિત સુખલાલજીએ અભિપ્રાય આપ્યો છે કે :

> "આ પદ્યનો વિષય જૈન પ્રક્રિયા પ્રમાણે ગુણશ્રેણિ છે. એમાં પ્રક્રિયાનું જ્ઞાન અને ભાવતાદાત્મ્ય સ્પષ્ટ છે. તે એવા આત્મિક ઉલ્લાસમાંથી લખાયેલાં છે કે, વાંચનારને પણ તે શાંતિ આપે છે. જૈન પ્રક્રિયા હોવાથી ભાવની સર્વગમ્યતા આવવી શક્ય જ નથી... "અપૂર્વ અવસર" એ ભજનમાંની ભાવનાવાળો આર્હત્‌ સાધક – એકાંત આધ્યાત્મિક એકાંતની ઊંડી ગુહામાં સેવ્યસેવકનો ભાવ ભૂલી, સમાહિત થઈ જવાની તાલાવેલીવાળો દેખાય છે."     — શ્રીમદ્‌ રાજચંદ્ર – એક સમાલોચના, શ્રી રાજચંદ્રનાં વિચારરત્નો, પૃ. ૧૭૦.

સંસારમાં પરિભ્રમણ કરતા જીવોને શ્રી સત્પુરુષની પ્રાપ્તિ થવી, તે ભરેલા ઘાંસના મેદાનમાં ખોવાયેલી સોય શોધવા જેવું કામ છે. પણ જેને આ સોય પ્રાપ્ત થાય તેને માટે આ સોય આત્માના આઠ શુદ્ધ પ્રદેશ સાથે જીવના અશુદ્ધ પ્રદેશોને સીવી, આત્માને એક શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, પરમોત્કૃષ્ટ એવા સિદ્ધ આત્મા જેવા બનાવવાનું કાર્ય કરે છે.

– ૐ શ્રી પ્રભુ

# પ્રકરણ ૨

# શ્રી કેવળીપ્રભુનો સાથ (ભાગ ૫) પ્રકરણ ૧૮માંથી – અપૂર્વ અવસર

શ્રી રાજપ્રભુએ વિ. સં. ૧૯૫૩માં વવાણિયામાં "અપૂર્વ અવસર" કાવ્યની રચના કરી હતી. આ રચનામાં ચોથાથી ચૌદમા ગુણસ્થાને પહોંચી સિધ્ધભૂમિમાં સાદિ અનંતકાળ માટે અડોલ સ્થિતિએ પહોંચવા માટેના પુરુષાર્થનું ક્રમપૂર્વક વર્ણન કર્યું છે, પોતે કેવો પુરુષાર્થ કરી હાલમાં ગજા બહાર અને મનોરથરૂપ લાગતાં સિધ્ધપદને મેળવવા ધાર્યું છે, તે અને તેમ કરતાં પ્રત્યેક અવસ્થાએ જીવને કેવું આજ્ઞાકવચ મળે છે, એ કવચથી કેવો આજ્ઞારસ મળે છે, અને તે આજ્ઞારસનો ઉપયોગ કરવાથી ક્ષપક શ્રેણિ કેવી અદ્‌ભુત બને છે, તથા તેનું કેવું અદ્‌ભુત પરિણામ આવે છે તેનું રહસ્ય આ કાવ્યમાં ગુપ્ત રીતે પ્રકાશિત કર્યું છે, આ કાવ્ય દ્વારા આજ્ઞામાર્ગે જઈ, આજ્ઞારસ મેળવી તેનો ઉપયોગ કરવાની રીત પ્રછન્ન રીતે દર્શાવી, રહસ્ય મૂકી આપણા પર ખૂબ ખૂબ ઉપકાર તેમણે કર્યો છે. આ સર્વ વિશે આપણે સંક્ષેપે વિચારીએ.

> અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
> ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?
> સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
> વિચરશું કવ મહત્‌ પુરુષને પંથ જો     અપૂર્વ ૦ ૧

આ પહેલી કડીમાં શ્રી રાજપ્રભુએ પૂર્વમાં ક્યારેય વેદ્યો ન હતો, એવો સર્વ સબંધના તીક્ષ્ણ બંધનને તોડીને, બાહ્યથી તેમજ અંતરંગથી નિર્ગ્રંથ – ગ્રંથિરહિત થઈને અર્થાત્‌ કર્મનાં બંધનથી છૂટીને મહાપુરુષના માર્ગે ચાલવાનો

અભિલાષ મુખ્યપણે સેવ્યો છે. વ્યવહારનયથી વિચારતાં આ કડીમાં તેઓએ સર્વસંગ પરિત્યાગી મુનિ થઈ મહાપુરુષને અંતરંગથી અનુસરવાનો અભિલાષ રાખ્યો જણાય છે. ત્યારે આ જ કડીને નિશ્ચયનયથી વિચારીએ તો તેમાં સર્વ પ્રકારનાં પુદ્‌ગલ પરમાણુ તથા અન્ય દ્રવ્યના સંપર્કથી મુક્ત થઈ, મહા ઉત્તમ આત્માનાં અર્થાત્ સિદ્ધાત્માનાં પગલે ચાલી, સિદ્ધભૂમિમાં સર્વકાળને માટે સ્થિર રહેવાની મનોકામના રજૂ થયેલી છે.

સંસાર પરિભ્રમણથી છૂટવા માટે, કલ્યાણમાર્ગમાં પ્રવેશ કરવા માટે બે તત્ત્વની ખૂબ અગત્યતા છે. પ્રથમ અનિવાર્યતા છે "મોક્ષ મેળવવાની પ્રબળ ઈચ્છા" અને બીજી અનિવાર્યતા છે "આ ઈચ્છાને યોગ્ય વળાંક આપી સફળ કરાવી શકે તેવા સમર્થ આત્માનું માર્ગદર્શન". કાવ્યની પહેલી પંક્તિ, "અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?"માં "મોક્ષ મેળવવાની પ્રબળ ઈચ્છા" સહજતાએ આપણે અનુભવી શકીએ છીએ. સાથે સાથે આ ઈચ્છા પૂરી કરનાર 'માર્ગદર્શક ગુરુ'નો નિર્દેશ આપણને 'વિચરશું કવ મહત્ પુરુષને પંથ જો?' એ પંક્તિમાં અતિ સ્પષ્ટપણે પ્રાપ્ત થાય છે. મહત્ પુરુષ તો એ જ કહેવાય કે જેમણે પોતાની આત્મશુદ્ધિ કરી છે એટલું જ નહિ પણ બીજાને ય આત્મશુદ્ધિ કરવામાં મદદ કરી શકે એવી શક્તિ પ્રાપ્ત કરી છે. આ રીતે, મોક્ષમાર્ગમાં આગળ વધવા માટે જીવે જે બે સ્થિતિની સાનુકૂળતા મેળવવાની છે તેનું નિરૂપણ કરી, સર્વ પ્રકારનાં સંબંધના – પરિચયના તીક્ષ્ણ બંધનને છેદવાની વૃત્તિમાં ભાવની બળવત્તરતા કરી છે.

સર્વ સંબંધથી છૂટી જવાની પોતાની ભાવનાને પૂરી કરવા પોતે જે પુરુષાર્થ કરવા ધાર્યો છે તેનું નિરૂપણ બીજી કડીથી શરૂ કર્યું છે.

સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો,
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો      અપૂર્વ ० ૨

અનાદિકાળથી જીવ સંસારનાં શાતાનાં જ નિમિત્તોમાં રહેવાના ભાવ ઘૂંટતો આવ્યો છે, વળી જે કંઈ અશાતાનાં નિમિત્તો આવે તેનાં પ્રતિ દ્વેષ કરી, ક્લેશિત થઈ નવાં કર્મ ઉપાર્જી આત્માને પોતાનાં શુધ્ધ સ્વરૂપથી વંચિત જ રાખતો રહ્યો છે. આવી પરિસ્થિતિમાં સર્વ કર્મથી છૂટી શુધ્ધ થવાનો અપૂર્વ અવસર મેળવવા માટે જીવે પોતાની સંસાર ભાવના મૂકવી ઘટે અર્થાત્ પૂર્વ કર્મના પરિપાક અનુસાર જે કંઈ શાતા કે અશાતાના ઉદયો આવે તેને કોરાણે રાખી, તેના પ્રતિ ઉદાસીન થવું જોઇએ.

તે અનુસાર બીજી કડીની પહેલી પંક્તિમાં જ "સર્વ ભાવ"થી ઉદાસીન થવાની વર્તના માગી છે, એટલે કે સાનુકૂળ સંજોગમાં રાગ અને પ્રતિકૂળ સંજોગમાં દ્વેષ કરવાની જે ટેવ અનાદિકાળથી ચાલતી આવી છે તેને પૂર્ણતાએ છોડી દેવા ઇચ્છે છે. એટલું જ નહિ પણ જેના માટે અતિ અતિ આસક્તિ પરાપૂર્વથી જીવ સેવતો આવ્યો છે તે દેહને પણ માત્ર સંયમ કેળવવાનું સાધન બનાવવા માગે છે. જ્યાં જીવ દેહરૂપ બની તેની શાતા અશાતાને જ પોતાની શાતા અશાતારૂપ માની વર્ત્યા કરે છે ત્યાં આ આસક્તિનો ત્યાગ કરી, તે દેહને પૂરેપૂરો પરરૂપ જાણી, આત્માને શુધ્ધ કરવાના સાધન તરીકે જ ગણ્યો છે. દેહ સાથેના એકપણાના ભાવને છોડવા, દેહથી ભિન્ન બનવા, આત્મસંયમ કેળવવામાં બાધા કરે એવા એક પણ પદાર્થનો સંસર્ગ તેમને સ્વીકાર્ય નથી. સાથે સાથે કોઈ પણ શુભાશુભ સ્થિતિમાં દેહ માટે કિંચિત માત્ર પણ રાગ ન રહે એ સ્થિતિ ભાવી છે. જેણે ત્વરાથી પૂર્ણતાએ આત્મશુદ્ધિ મેળવવી છે તેણે સંવેગને (મોક્ષ મેળવવાની ભાવનાને) કેટલો ઉત્કૃષ્ટ કરવો જોઇએ તે અહીં સમજાવ્યું છે. આ ઉપરાંત મહત્ પુરુષના માર્ગે જવું હોય તો તેમનું શરણ ગ્રહવું જોઈએ એ સહેલાઈથી સમજાય તેવી બાબત છે. તેમ કરવાથી તેમના તરફથી રક્ષાના કવચની રચના કેવી રીતે થાય છે, અને જીવ મહત્ પુરુષ પ્રતિ આજ્ઞાધીનપણું વધારતાં વધારતાં ઉત્તરોત્તર કેવાં રક્ષાકવચને મેળવતો જાય છે તેની જાણકારી, તથા તે આજ્ઞા કવચથી આત્મવિકાસ કેવો થાય છે, તથા જીવની દેહ પ્રતિની આસક્તિ તોડવામાં તે કેવી રીતે મદદરૂપ થાય છે તેની જાણકારી આપણને ત્રીજી કડીથી મળતી જાય છે. જેનાં પરથી સકામપણે આજ્ઞામાં ઘૂસવાનું કાર્ય જીવ કરી શકે છે.

આ પ્રકારે પોતાની પૂર્ણ શુધ્ધ થવાની કામના પૂરી કરવા માટે પોતાને દેહની મૂર્છા ત્યાગવાનો કેટલો બળવાન પ્રયત્ન આદરવો છે તેનું સુંદર ચિત્ર જોવા મળે છે. સદ્‌ગુરુની પ્રાપ્તિ થયા પછી, જીવના પુરુષાર્થથી અને સદ્‌ગુરુના રક્ષણની સહાયથી તેનાં મિથ્યાત્વનો નાશ શરૂ થાય છે. તે જ માર્ગે ક્ષયોપશમ સમકિત મેળવ્યા પછી જીવ આગળ વધી સદ્‌ગુરુની પરમ કૃપા થકી તે ક્ષાયિક સમકિત પણ મેળવે છે. પોતાની અંગત સ્થિતિને રજૂ કરતાં આ કાવ્યમાં રાજપ્રભુએ પોતાને મળેલા ક્ષાયિક સમકિતની જાણકારી આપી, દર્શનમોહ વ્યતીત કર્યા પછી ચારિત્રમોહનો નાશ કરવા ક્યા ઉપાય વિચાર્યા છે તેની ક્રમબધ્ધ વિચારણા મૂકેલ છે; તેનું વર્ણન ત્રીજી કડીથી શરૂ થાય છે. આ કાવ્યની વિશેષતા એ છે કે તે અંગત ભાવના રજૂ કરતું હોવા છતાં તે માર્ગની તથા સિધ્ધાંતોની રસભરી વાતોથી ભરપૂર છે, અને કોઈ પણ આત્માર્થી જીવને વિકાસ કરવા માટે અત્યંત ઉપયોગી થઈ શકે તેવું છે.

દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો,
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકીએ,
વર્તે એવું શુધ્ધ સ્વરૂપનું ધ્યાન જો. અપૂર્વ ૦ ૩

મોહનીય કર્મના પ્રભાવથી જીવ અનંતકાળથી સંસારમાં રખડતો આવ્યો છે, તે કર્મનાં કારણે જ અન્ય કર્મો બંધાય છે તેથી તે “મોહરાજા” કહેવાય છે. આ કર્મના મુખ્ય બે ભાગ છેઃ દર્શનમોહ અને ચારિત્રમોહ. જીવને પોતાનાં સ્વરૂપનું ભાન જ થવા ન દે તે દર્શનમોહ અને સ્વરૂપનું ભાન થયા છતાં સ્વરૂપમાં ટકવા જ ન દે તે ચારિત્રમોહ. આ બંને પ્રકારનાં મોહનો ક્ષય થયા પછી જ આત્મા પૂર્ણ શુધ્ધ થઈ શકે છે. તેથી તો મોહનીયના ક્ષયોપશમની માત્રાને આધારે શ્રી પ્રભુએ ચૌદ ગુણસ્થાન વર્ણવ્યાં છે. જ્યારે દર્શનમોહને

દબાવીને સ્વાનુભૂતિ જીવ કરે છે ત્યારે તે ચોથા ગુણસ્થાને આવે છે, અને એ જ ગુણસ્થાને જીવ દર્શનમોહનો સંપૂર્ણ ક્ષય પણ કરી શકે છે. અને વિકાસ કરતાં કરતાં ચૌદમા ગુણસ્થાને મન, વચન, કાયાના યોગને ત્યાગી પૂર્ણતાએ પરપદાર્થના સંસર્ગથી આત્મા રહિત બને છે. આ ચોથાથી ચૌદમા ગુણસ્થાન સુધી વિકાસ કરવા માટેના ઉત્તમોત્તમ પુરુષાર્થને શ્રી રાજપ્રભુએ આ કાવ્યમાં ગાયો છે. જે એમનો પોતાનો અભિલાષ હોવા છતાં કોઈ પણ આત્માર્થી જીવને ઉપયોગી અને ઉપકારી થઈ શકે એમ છે.

પોતાનો દર્શનમોહ (મિથ્યાત્વ) વ્યતીત થવાથી – નાશ પામવાથી કેવો આત્મબોધ મળ્યો છે તેનું વર્ણન આ ત્રીજી કડીમાં કર્યું છે. દર્શનમોહ નાશ પામવાથી આત્મા દેહથી સર્વથા ભિન્ન છે – ન્યારો છે, તે ચૈતન્યરૂપ છે એવી અનુભવ સહિતની સમજણ આવી છે અને આત્મા દેહથી ભિન્ન છે તેની પ્રતીતિ સતત રહે છે. આ પ્રતીતિના આધારે સ્પષ્ટ જણાયું છે કે દર્શનમોહ ગયા પછી ચારિત્રમોહ (કષાય તથા નોકષાયનો ઉપદ્રવ) જલદીથી તોડી શકાય છે. આ જાણકારીનું તેમણે એવું ફળ ઇચ્છયું છે કે ચારિત્રમોહનો ત્વરાથી નાશ કરી, વહેલામાં વહેલી તકે શુધ્ધ સ્વરૂપને મેળવવાની તાલાવેલીમાં ડૂબી જવું.

જીવનો દર્શનમોહ દબાય ત્યારથી તેને પ્રત્યક્ષ સદ્‌ગુરુનું આજ્ઞાકવચ મળે છે. આ કવચના પ્રભાવથી દબાયેલું મિથ્યાત્વ ઉદયમાં આવી શકતું નથી, અને તે જીવના સદ્‌ગુરુ પ્રતિના અહોભાવ તથા પૂજ્યભાવ વધારવામાં મદદરૂપ થાય છે. જેમ જેમ જીવનું આરાધન વધતું જાય છે તેમ તેમ તેનું મિથ્યાત્વ ક્ષીણ થતું જાય છે – નાનું અને નાનું થતું જાય છે. આગળ વધતાં વધતાં દર્શનમોહનો સંપૂર્ણ નાશ થાય છે, અને ત્યારે તેને સર્વ સદ્‌ગુરુનાં આજ્ઞાકવચની પ્રાપ્તિ થાય છે. ક્ષાયિક સમકિત મેળવ્યા પહેલાં જીવને પોતાને મોક્ષમાર્ગે દોરનાર સદ્‌ગુરુ પ્રતિ ઘણો અહોભાવ તથા પૂજ્યભાવ વેદાતો હોય છે, તે પ્રકારનો અહોભાવ તથા પૂજ્યભાવ અન્ય ઉચ્ચ આત્માઓ પ્રતિ પણ તે કેળવતો જાય છે; સહુ સદ્‌ગુરુ જીવોને આગળ વધારવા પુરુષાર્થી રહે છે એ સમજણ

આવતાં તેનો સદ્‌ભાવ સર્વ રૂડા આત્મા પ્રત્યે સમાનતા ધારણ કરતો જાય છે. પરિણામે ક્ષાયિક સમકિત મળ્યા પછી જીવને ‘સર્વ સદ્‌ગુરુનું આજ્ઞાકવચ’ મળે છે. જેનાં ફળરૂપે તેને ક્યારેય સમ્યક્ત્વ વમવાનો પ્રસંગ આવતો નથી, એટલું જ નહિ પણ તે જીવ પુરુષાર્થી થઈ વધુમાં વધુ ત્રણ ભવમાં સંસારથી મુક્ત થઈ જાય છે. કારણ કે તે દરેક ઉત્તમ પુરુષના ગુણોનો લાભ લેતાં શીખતો જાય છે. તેમાં પણ જેને માત્ર એક જ ભવમાં મુક્ત થવાની તાલાવેલી લાગી હોય તેની છૂટવાની ભાવના કેટલી બળવાન હોય તે તીવ્રતા ‘વર્તે એવું શુધ્ધ સ્વરૂપનું ધ્યાન જો’ એ પંક્તિમાં જોવા મળે છે. આ તાલાવેલી રાજપ્રભુને સતત વર્તતી હતી તે સમજાય છે.

દર્શનમોહનો ક્ષય થયા પછી ચારિત્રમોહનો નાશ કરવા માટે જીવમાં મન, વચન તથા કાયાનું અર્પણપણું શ્રી સદ્‌ગુરુ અને શ્રી પ્રભુ પ્રતિ થતું જવું જોઇએ અને તેની વર્ધમાનતા પણ થવી જોઈએ. જ્યારે સ્વરૂપ સ્થિરતા મેળવવામાં બાધાકારક થાય એવા તત્ત્વોનો ત્યાગ કરવાની શરૂઆત જીવ કરે છે ત્યારે તે પાંચમા ગુણસ્થાને આવે છે. અને જ્યારે તે ત્રણે યોગની અર્પણતા શ્રી પ્રભુ તથા શ્રી ગુરુને કરે છે ત્યારે તે છઠ્ઠા ગુણસ્થાને આવે છે, એ વખતથી જીવને પ્રભુની આજ્ઞાએ સતત રહેવાના ભાવ શરૂ થઈ વર્ધમાન થતા જાય છે. આ અવસ્થામાં તેનો સત્પુરુષ પ્રતિનો અહોભાવ તથા વિનયભાવ વધે છે, નિત્યનિગોદથી બહાર કાઢવાથી શરૂ કરી, વર્તમાન અવસ્થાએ પહોંચાડવામાં ઉત્તમ પુરુષોનો કેટલો મોટો ફાળો છે તે સમજાય છે, અને આવા ઉપકારી આત્માઓ પ્રતિ પ્રેમભાવ, પૂજ્યભાવ તથા અહોભાવની લાગણી તે વેદે છે, અને વધારે છે. આમ છઠ્ઠા ગુણસ્થાને બુદ્ધિ તથા લાગણીનું એકપણું થવાની શરૂઆત થતાં જે પરમેષ્ટિ જીવ કલ્યાણભાવ વેદે તેનાં કલ્યાણનાં પરમાણુઓ ગ્રહણ કરવાની વૃત્તિ વધતાં જીવને ‘સર્વ સત્પુરુષનું આજ્ઞાકવચ’ બંધાવા લાગે છે. અને જેમ જેમ ભાવની ઉત્કૃષ્ટતા આવે છે તેમ તેમ તે કવચ વધારે ને વધારે મજબૂત થતું જાય છે.

આવી તીવ્રતાવાળા ભાવ થતાં, ચારિત્રમોહ તોડવા માટે જીવે કેવો પુરુષાર્થ કરવો જોઈએ તેની સ્પષ્ટતા શ્રી સદ્‌ગુરુની કૃપાથી અને સહાયથી જીવને થતી જાય છે. છઠ્ઠા સાતમા ગુણસ્થાને વર્ત્યા પછી ત્વરિત ગતિએ વિકાસ કરવા જીવે કેવા ભાવ સેવવા જોઈએ તથા કેવો પુરુષાર્થ આદરવો જોઇએ; જેનાં ફળરૂપે ઉત્તમ ક્ષપક શ્રેણિ અને પૂર્ણ આજ્ઞાસિદ્ધિ પ્રાપ્ત થાય તેનું યથાર્થ ચિત્ર શ્રી રાજપ્રભુ ચોથીથી ચૌદમી કડી સુધીમાં પોતાની અંગત ભાવના રૂપે રજૂ કરે છે; અલબત્ત, આ પુરુષાર્થ કોઈ પણ સન્માર્ગી જીવને માટે ખૂબ ખૂબ માર્ગદર્શક બને તેમ છે તે નિર્વિવાદ હકીકત છે, અર્થાત્ વ્યક્તિની ભાવના સમષ્ટિ માટે કેટલી ઉપકારી છે તે આપણને સમજાય છે.

આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહ પર્યંત જો,
ઘોર પરિષહ કે ઉપસર્ગ ભયે કરી,
આવી શકે નહિ તે સ્થિરતાનો અંત જો. અપૂર્વ ૦ ૪

સંયમના હેતુથી યોગ પ્રવર્તના,
સ્વરૂપ લક્ષે જિનઆજ્ઞા આધીન જો,
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
અંતે થાયે નિજ સ્વરૂપમાં લીન જો. અપૂર્વ ૦ ૫

પ્રત્યેક સંજ્ઞી પંચેન્દ્રિય જીવને મન, વચન અને કાયા એ ત્રણ યોગ હોય છે, અને કર્મબંધના પાંચ કારણ છે — મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ. તેમાં યોગ એ એવું કારણ છે કે જે જીવને સહુ પહેલાં સક્રિય થાય છે, અને સૌથી છેલ્લે અક્રિય થાય છે અર્થાત્ જાય છે. જીવની સૌથી નીચી અવસ્થા પૃથ્વીકાયમાં અને સર્વ એકેંદ્રિયપણામાં વચનયોગ અને મનોયોગ સક્રિય હોતા નથી, ત્યારે એક કાયયોગ જ કર્મબંધ માટે સક્રિય થઈ અન્ય ચાર કર્મબંધનાં કારણોને પરોક્ષરૂપ બનાવે છે. બેઇન્દ્રિયપણાથી વચનયોગ સક્રિય થાય છે, અને ત્યારથી જેમ જેમ ઇન્દ્રિય વધતી જાય છે તેમ તેમ અન્ય એક એક કારણ

કર્મબંધ કરવા માટે પરોક્ષપણું છોડી સક્રિય થતું જાય છે, અને જીવ જ્યારે સંજ્ઞી પંચેન્દ્રિયપણામાં આવે છે ત્યારે કર્મબંધનાં પાંચે કારણો ફૂલીફાલી પૂર્ણરૂપે જીવને આવરી લેવા તૈયાર થઈ જાય છે. પરંતુ આ જીવ જો સત્પુરુષનાં શરણે જઈ ત્રણે યોગને આજ્ઞાધીન બનાવતો જાય છે તો ક્રમથી કર્મબંધનાં પાંચે કારણો નિવૃત્ત થતા જાય છે અને યોગને કર્મકટિનું કારણ બનાવી શકે છે. આ ભાવ શ્રી રાજપ્રભુએ ચોથી કડીમાં ગૂંથ્યો છે.

મન, વચન અને કાયાના ત્રણે યોગને તેઓ એવી રીતે પ્રવર્તાવવા માગે છે કે જેથી તેમની આત્મસ્થિરતા – આત્મપ્રદેશોનું અકંપન અખંડપણે રહ્યા કરે. જ્યારે આત્મપ્રદેશોનું કંપન નહિવત્ થઈ જાય છે ત્યારે કર્માશ્રવ અતિ અતિ અલ્પ અને શુભ પરમાણુમય બની જાય છે. કદાચિત્ આવો આત્મા યોગ સાથે જોડાય તો પણ એ જોડાણ એકાદ સમય જેવું સંક્ષેપી શકાય છે, કે જેથી વિશેષ કર્માશ્રવ થઈ શકે નહિ. આ સ્વરૂપ સ્થિરતા માટે તેમણે એવી અદ્ભુત સ્થિતિની ભાવના ભાવી છે કે ભયંકરમાં ભયંકર પરિષહ કે ઉપસર્ગ આવે, અથવા તો તે આવવાનો ભય પ્રવર્તતો હોય તો પણ આત્મસ્થિરતામાં લેશ માત્ર ખામી સર્જાય નહિ. જ્યાં સુધી દેહમાં આત્માને રહેવાનું હોય ત્યાં સુધીની આવી સ્થિરતાની માગણી તેમની છે.

આ આદર્શને સફળ કરવા તેમણે કેવી વર્તના કરવાનું નક્કી કર્યું છે તેની સમજણ પાંચમી કડીથી આપણને મળે છે. આ કડીમાં મહાસંવરના માર્ગમાં ચાલતા મુનિ તરીકેના ભાવ અને વર્તના શરૂ થાય છે અને તે વિકાસ કરી આજ્ઞાપ્રેરિત, કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગ સુધી કેવી રીતે પ્રગતિ કરે છે તેનો ચિતાર આપણને તે પછીની કડીઓમાં જોવા મળે છે. ચોથી તથા પાંચમી કડીમાં આત્માને ક્યા આદર્શની સ્થિતિએ સ્થિર કરવો છે, તેનું વર્ણન છે. આવી સ્થિરતા મેળવવા માટે સત્પુરુષ કે તેનાથી પણ ઉચ્ચ કક્ષાએ વિરાજતા આત્માનું આજ્ઞાકવચ અનિવાર્ય છે. વળી આ આજ્ઞાકવચ અને તેમાંથી ટપકતા આજ્ઞારસનો ઉપયોગ કરીને જ આગળ વધાય છે તેની સ્પષ્ટતા રાજપ્રભુએ "સ્વરૂપ લક્ષે જિનઆજ્ઞા આધીન જો" એ પંક્તિમાં મૂકી છે. તેઓએ તો શ્રી જિનેશ્વર પ્રભુનું જ આજ્ઞા કવચ

માગ્યું છે, તે પણ આત્માને પૂર્ણ શુધ્ધ કરવાના લક્ષને સફળ કરવા માટે જ માગેલ છે તે અહીં સમજાય છે. જિનેશ્વરના આજ્ઞારૂપ કવચની સહાયથી તેઓ વિશેષ શુધ્ધ અને ઊંચા પ્રકારનાં પરમાણુઓ ગ્રહણ કરવા ઇચ્છે છે, જેની મદદ થકી તેઓ પૂર્ણ શુધ્ધ થવા થકીનો વિકાસ 'અંતે થાયે નિજ સ્વરૂપમાં લીન જો' અનુભવી શકે.

જે યોગ સંસાર પરિભ્રમણના આરંભકાળથી કર્મ બંધનનું એક કારણ છે; તે યોગને પ્રભુ આજ્ઞાએ પ્રવર્તાવી સંયમના સાધનરૂપ બનાવવાના ભાવ આ કડીની પહેલી બે પંક્તિમાં જોવા મળે છે. જીવમાં પ્રવર્તતા વિભાવને કારણે તે યોગ સાથે જોડાઈ, કર્મબંધનાં કોઈક અન્ય કારણને સક્રિય બનાવી આત્મપ્રદેશોને કંપાવે છે, આ કંપનને કારણે જીવ લેશ્યાનુસાર કર્મને ગ્રહણ કરે છે. આ કર્મબંધનથી બચવા માટે શ્રી રાજપ્રભુ જિન આજ્ઞાનુસાર વર્તવા એટલે કે શ્રી પ્રભુનાં ચરણમાં યોગની સોંપણી વિશેષ ઉત્કૃષ્ટતાથી કરવા ધારે છે. અને આ સોંપણી સ્વસ્વરૂપની યથાર્થ શુદ્ધિ મેળવવા માટે જ કરવી છે તે તેમનો નિર્ણય છે એ 'સ્વરૂપ લક્ષે જિનઆજ્ઞા આધીન જો' વચનથી સ્પષ્ટ થાય છે. જે યોગની પ્રક્રિયા થયા કરે છે તેને કર્મવૃદ્ધિમાંથી કર્મકટિ કરનાર બનાવવી છે તેની સ્પષ્ટતા આપણને 'સંયમના હેતુથી યોગ પ્રવર્તના' એ પંક્તિથી જણાય છે. જ્યાં સુધી યોગનું કર્તાપણું આજ્ઞાધીન થઈ પ્રભુને સોંપવામાં આવતું નથી ત્યાં સુધી આત્મસંયમ પ્રવર્તતો નથી, અને આ સંયમપાલન વિના કર્મબંધનાં કારણોનો નાશ થઈ શકતો નથી. આ કારણે પોતાનું કર્મબંધનનું કર્તાપણું તથા કર્મ ભોગવવાનું પણ કર્તાપણું પૂર્ણતાએ ત્યાગવા જિનાજ્ઞાને આધીન બનવા ઇચ્છયું છે. પણ હકીકત એ છે કે ઇચ્છા થતાં જ કાર્યસિદ્ધિ થતી નથી, તે માટે સતત પુરુષાર્થની અનિવાર્યતા છે. આ પુરુષાર્થનું સાતત્ય કેવું જાળવવું છે તે "તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં" બતાવી સમજાવ્યું છે કે યોગ પ્રવર્તનનો સ્વચ્છંદ પ્રત્યેક ક્ષણે ઘટતો જાય અને તેની અંતિમ ક્ષણોમાં પૂર્ણ પણે સ્વસ્વરૂપમાં લીન થવું છે, જે સિદ્ધાવસ્થાનો અનુભવ છે તેની માગણી મૂકાયેલી છે. આમ આ કડીમાં સંયમની વર્ધમાનતા માટે જિનાજ્ઞાનુસાર યોગને પ્રવર્તાવી શ્રેણિ સુધી વિકાસ કરી, કેવળજ્ઞાન કેવળદર્શનના ભોક્તા બની એટલે કે કર્મબંધનાં પહેલાં ચાર કારણોનો ત્યાગ કરી,

યોગ સાથેનું જોડાણ પણ ક્રમથી ઘટાડતા જઈ 'નિજસ્વરૂપ'માં લીન થવા સુધીનો અભિલાષ નિરૂપ્યો છે.

આ અભિલાષને સફળ કરવા યોગને કેવી રીતે પ્રવર્તાવવા છે તેનું વિસ્તરણ તેમણે છઠ્ઠી કડીમાં કર્યું છે.

પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો,
દ્રવ્ય, ક્ષેત્ર, ને કાળ, ભાવ પ્રતિબંધ વણ,
વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો. અપૂર્વ ૦ ૬

છઠ્ઠા સાતમા ગુણસ્થાને મુનિ તરીકે વર્તતી વખતે પાંચપ્રકારની ઇન્દ્રિયોના વિષય સુખમાં રાગદ્વેષ રહિતપણું માગી, સર્વ પ્રકારના પ્રમાદથી રહિત બનવાનું વિચાર્યું છે. સામાન્ય રીતે જીવની સર્વ ઇન્દ્રિયો શાતાની શોધમાં ચોતરફ ભટકતી હોય છે, અને સાનૂકુળ સ્થિતિમાં રાગ અને પ્રતિકુળ સ્થિતિમાં દ્વેષનું વેદન જીવ કર્યા કરી, કર્મ વધારતો ફરે છે. આ દશાનું મૂળ સમજી સ્વસ્વરૂપમાં જવા માટે પાંચે ઇન્દ્રિયોના જે શાતા અશાતાના નિમિત્તો છે તેને માટે રાગદ્વેષ રહિત સ્થિતિ માગી છે, આમ ઇન્દ્રિય સુખની પ્રાપ્તિ અપ્રાપ્તિમાં સમભાવ આવી જાય તો ઇન્દ્રિયસંયમ સહજ થઈ જાય; એટલે કે ઇન્દ્રિયોને શાતાની શોધમાં આજુબાજુ ભટકવાનું છૂટી જાય. આ તો જ શક્ય બને જો જીવનું મન સ્વસ્વરૂપ માટે ઉદ્યમી બની, પ્રમાદરહિત સ્થિતિમાં પ્રવર્તે. તેથી 'પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જા' એમ કહી મનને સર્વથા અપ્રમાદી કરવાનો નિર્ણય સૂચવ્યો છે. ત્રણે યોગમાં મનોયોગ સહુથી બળવાન છે. મુખ્યતાએ તેની આજ્ઞાએ જીવનાં વાચા અને કાયા પ્રવર્તે છે, આથી મન વશ થાય તો વાણી અને કાયા અને તેના અનુસંધાનમાં ઇન્દ્રિયો પણ વશ થઈ જાય. આ હેતુથી તેમણે મનને પૂર્ણ વશ કરવાનું માગ્યું છે.

જ્યારે આત્મસ્થિરતામાંથી મન ચલિત થાય છે ત્યારે મન પ્રમાદી થતાં જીવ પ્રમાદી થાય છે, કોઈ પણ પ્રકારના પ્રમાદમાં ન રહેતા જીવ સતત સ્વરૂપલીનતામાં

વર્તે તો જ મન અપ્રમાદી બન્યું કહેવાય. આ દશામાં જ આત્મા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ કે ભાવના પ્રતિબંધથી – કર્મ બંધનથી છૂટી, માત્ર ઉદયાનુસાર વીતલોભ બની વિચરી શકે છે. આ પરિસ્થિતિ તો માત્ર કેવળી પર્યાયમાં જ શક્ય છે જ્યારે આત્મા સર્વ ઘાતિ કર્મોથી મુક્ત થઈ સતત સ્વરૂપલીનતા માણે છે. આ કાળમાં આત્માની સ્વરૂપસ્થિરતા એવી હોય છે કે અમુક અમુક સમયના આંતરે માત્ર એક જ સમય માટે યોગ સાથે તે જોડાય છે, ત્યારે અઢળક કલ્યાણભાવ આશ્રવવા છતાં, પૂર્વ સંચિત અઘાતિકર્મોની સતત નિર્જરા પણ તે પ્રત્યેક સમયે કરતો જાય છે. આ રીતે વીતલોભ થઈ – જગતને કલ્યાણનાં પરમાણુની સતત ભેટ આપતા જઈ, પૂર્વકર્મના ઉદયાનુસાર તેની નિર્જરા માટે જ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તથા ભાવથી અબંધ બની વિચરવાનો આદર્શ સેવ્યો છે.

આ પ્રમાણે પાંચમી તથા છઠ્ઠી કડીમાં પૂર્ણ શુધ્ધ થવાનો પોતાનો આદર્શ પૂરો કરવા પૂર્ણ ચારિત્રશુદ્ધિ મેળવવાની ભાવના વ્યક્ત કરી છે. આ ધ્યેયને પહોંચી વળવા કષાય જય કેવી રીતે કરવા ધાર્યો છે તે અને તે જયની માત્રાની કઈ હદ ઈચ્છી છે તે રાજપ્રભુએ સાતમી તથા આઠમી કડીમાં વર્ણવ્યું છે. આ કષાય જયને પામવા માટે કેવું આદર્શ આંતરબાહ્ય ચારિત્ર પાળવું છે તેની ભાવના ૯મીથી બારમી કડી સુધીમાં વર્ણવી, ક્ષપક શ્રેણિ માંડવાની ઉત્તમ તૈયારી કરવાનો તેમણે આદર્શ સેવ્યો છે.

ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધ સ્વભાવતા,
માન પ્રત્યે તો દીનપણાનું માન જો,
માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની,
લોભ પ્રત્યે નહિ લોભ સમાન જો. અપૂર્વ ૦ ૭

બહુ ઉપસર્ગ કર્તા પ્રત્યે પણ ક્રોધ નહિ,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો,
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહિ જો પ્રબળ સિદ્ધિ નિદાન જો. અપૂર્વ ૦ ૮

ક્ષપક શ્રેણિમાં પાર ઉતરવા માટે છઠ્ઠા સાતમા ગુણસ્થાને છદ્મસ્થ આત્માએ કષાય જય પરત્વે પૂરેપૂરુ ધ્યાન આપવું ઘટે છે, કેમકે જો શ્રેણિ માટે પૂરતી તૈયારી ન થઈ હોય તો તે જીવ ક્ષપકને બદલે ઉપશમ શ્રેણિમાં જઈ, ભૂલ કરી પાછો નીચે ઊતરી આવે છે, અને તેની કરેલી મહેનત નિષ્ફળ થાય છે. શ્રેણિમાં આવી કોઈ ભૂલ ન થાય તેની તકેદારી માટે સંસાર પરિભ્રમણનાં મૂળ નિમિત્ત રૂપ કષાય જય કરવાનો પુરુષાર્થ તેમણે વર્ણવ્યો છે. અહીં ક્ષાયિક સમકિત મેળવ્યા પછીનો ચારિત્રમોહ નાશ કરવાનો પુરુષાર્થ હોવાથી, મિથ્યાત્વ તોડયા પછી જે ચારિત્રપાલન કરવાનું છે તે માટેનો આદર્શ સેવ્યો છે.

ક્ષાયિક સમકિત લીધા પછી – દર્શનમોહ વ્યતીત થતા ચારિત્રમોહની પ્રકૃતિ તોડવાની રહે છે. ચારિત્રમોહના ચાર કષાય ક્રોધ, માન, માયા તથા લોભ છે, તે પ્રત્યેકના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન એવા ચાર વિભાગ છે; આમાંનો અનંતાનુબંધી પ્રકાર તો મિથ્યાત્વના ક્ષય સાથે જ ક્ષય થઈ જાય છે એટલે બાકીના ત્રણ પ્રકારના પ્રત્યેક કષાય અને નોકષાયનો નાશ જીવે શ્રેણિમાં કરી આત્મસ્વરૂપ પ્રગટાવવાનું રહે છે. નોકષાય મૂળ કષાયને ઉદ્દીપ્ત કરવામાં સહાયકારી તત્ત્વ છે, તેથી મૂળ કષાય જતાં તે સહજતાએ નાશ પામી જતા હોવાથી, તેના માટે સ્વતંત્ર પુરુષાર્થની જરૂર રહેતી નથી. આથી અહીં ચાર મૂળ કષાયને કઈ રીતે અને કેટલી હદે છદ્મસ્થ અવસ્થામાં ક્ષીણ કરવા છે તેની ભાવના મૂકી છે. શ્રેણિ શરૂ કરતાં પહેલાં આ કષાયો જેટલા વિશેષ ઉપશમ થાય તેટલી શ્રેણિ નજીક આવે તથા નાની થતી જાય છે, તેથી કષાય ઉપશમની ઉત્કૃષ્ટતા શ્રી રાજપ્રભુએ ઈચ્છી છે. આ ભાવનાને કારણે છઠ્ઠા ગુણસ્થાને મળેલું સર્વ સત્પુરુષનું કવચ, સાતમા ગુણસ્થાનમાં આગળ વધતાં છદ્મસ્થ પરમેષ્ટિનાં કવચમાં પલટાય છે. જેમ જેમ જીવનો કષાય જય થતો જાય છે તેમ તેમ અન્ય જીવો પ્રતિના તેના પ્રેમભાવ, મૈત્રીભાવ અને કલ્યાણભાવ વધતા જાય છે. આમ થવાથી પંચપરમેષ્ટિ ભગવંત, જેઓ સર્વ જીવના કલ્યાણની ભાવના ભાવે છે તેમના છદ્મસ્થ અવસ્થાનાં (જેમણે પરમેષ્ટિ પદ નિકાચીત

કર્યું છે પણ તે પદનો ઉદય થયો નથી તે દશાનાં) કલ્યાણનાં પરમાણુઓ વિશેષતાએ આકર્ષાઈને આવે છે. અને તેનાં આજ્ઞાકવચને મજબૂત કરતા જઈ ચારિત્રશુદ્ધિ વધારતાં જાય છે. આમ થતાં મુનિનું મહાસંવર માર્ગમાં વિચરવું સહજ થાય છે.

સાતમી કડીમાં ચારે કષાયને કેવો પુરુષાર્થ કરી નાથવા છે તે શ્રી રાજપ્રભુએ વર્ણવ્યું છે. ક્રોધ ઉપર ક્રોધ કરીને, માન સામે પ્રભુપ્રતિનું દીનપણું વેદીને, માયા સાથે સાક્ષીભાવની (જ્ઞાતાદૃષ્ટા રૂપ) માયા કરીને અને લોભને તેનો જ લોભ કરી ટાળવા વિચાર્યું છે. આ પ્રક્રિયાનો વિચાર કરીએ તો સમજાય છે કે કષાયના સૂક્ષ્માતિસૂક્ષ્મ રૂપનો પણ ક્ષય કરવા આ ઉપાય સક્ષમ છે.

આ ચારે કષાયને કઈ હદ સુધી ક્ષીણ કરી શ્રેણિએ ચડવું છે તે તેમણે આઠમી કડીમાં વર્ણવ્યું છે. દેહાત્મા છૂટા થઈ જાય એવા ભયંકર ઉપસર્ગ કરનાર પ્રતિ પણ ક્રોધ ન આવે, બલ્કે તેના પ્રતિ પણ કલ્યાણભાવ વરસે; સંસારના સર્વોત્તમ ઋદ્ધિધારી ચક્રવર્તિ જેવા સમર્થ મનુષ્ય પૂજ્યભાવથી વંદન કરવા આવે તો પણ અંશમાત્ર માનભાવ ન થાય, નિસ્પૃહતા જ અનુભવાય; જગતમાં જેના પ્રતિ સર્વોત્કૃષ્ટ આસક્તિ છે એવા દેહના ત્યાગના પ્રસંગે પણ અંશ માત્ર માયા રોમમાં થાય નહિ, દેહ પ્રતિ પણ ઉત્તમ અનાસક્તિ વર્તે, અને મોટામાં મોટી અષ્ટમહાસિદ્ધિ આત્માની શુદ્ધિ થતાં પ્રગટ થાય તો પણ તે સિદ્ધિઓનો અંશ માત્ર લોભ ન રહે, એટલી માત્રા સુધી કષાયોને ઉપશાંત કરવાની ભાવના વ્યક્ત કરી છે. આ બતાવે છે કે બળવાનમાં બળવાન અશાતા કે શાતાના ઉદયની વચ્ચે પણ 'આત્મશુદ્ધિ'નું લક્ષ તેમને મંદ થવા દેવું નથી.

આ વર્તના કરવામાં મહાસંવરના માર્ગમાં કલ્યાણભાવ તથા આજ્ઞા સહિતનો કલ્યાણભાવ અનુભવવો કેવો સહજ થઈ જાય છે તે આ બે કડીની વિચારણા કરતાં સ્પષ્ટ થાય છે. ઉપસર્ગ કરનાર પ્રતિ દ્વેષ ન થાય, ચક્રવર્તિ વાંદે છતાં માન ન

થાય, દેહના ત્યાગમાં માયા ન થાય અને મહાન સિદ્ધિઓ પ્રગટવા છતાં લોભ ન થાય એવી સ્થિતિ ક્યારે સંભવી શકે? આત્મા જ્યારે આજ્ઞાધીનપણે સ્વરૂપમયતા અનુભવે ત્યારે જ આવા પ્રબળ નિમિત્તોને ગૌણ કરી કષાયને જીતી શકે. આ સૂચવે છે કે સ્વરૂપ સિદ્ધિ કરવાનું અનુપમ લક્ષ જ્યારે નિકાચીત થાય ત્યારે જ આવો પુરુષાર્થ કરવો શક્ય છે. જગતના સર્વ પદાર્થો પ્રતિ અનાસક્ત રહી વીતરાગી બની સ્વરૂપસ્થિતિના એક માત્ર ધ્યેયથી જીવ પ્રવર્તે ત્યારે જ આવા અપૂર્વ અવસરની પ્રાપ્તિ થઈ શકે છે.

સ્વરૂપસિદ્ધિ કરવાનું અનુપમ લક્ષ નિકાચીત કરવા માટે તેમણે જે ચારિત્ર પાલન માગ્યું છે તેનું નિરૂપણ નવમીથી બારમી કડીમાં, છઠ્ઠા સાતમા ગુણસ્થાનની દશાએ વર્તન રૂપ દેખાડયું છે. નવમી કડીમાં આ લક્ષને પહોંચવા કેવા બાહ્યચારિત્રની – દ્રવ્ય ચારિત્રની જરૂરિયાત છે તે વર્ણવ્યું છે. જ્યાં સુધી આત્માને આંતરલક્ષ – શુદ્ધ થવાનું લક્ષ અંતરથી દૃઢ થતું નથી ત્યાં સુધી આ બાહ્યચારિત્રનું પાલન લગભગ અશક્ય કે અતિ અતિ કઠિન બને છે. પણ આંતરલક્ષ એકદમ દૃઢ થતાં નવમી કડીમાં વર્ણવેલું બાહ્ય ચારિત્ર સહજ થતું જાય છે. આ બાહ્યચારિત્રનાં પાલનથી સ્વરૂપસિદ્ધિ કરવા માટે જે આંતરચારિત્ર પ્રગટ થાય છે તેનો પરિચય દશમી કડીમાં થાય છે. પ્રત્યેક વિભિન્ન સ્થિતિમાં આત્મા કેવા સમભાવથી વર્તી શકે છે તે આપણને અહીં સમજાય છે, એટલું જ નહિ કલ્યાણ ભરિત મહાસંવર માર્ગની ઉપયોગીતા અનુભવાય છે.

નગ્નભાવ, મુંડભાવ, સહ અસ્નાનતા,<br>
અદંતધોવન આદિ પરમ પ્રસિધ્ધ જો,<br>
કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહિ,<br>
દ્રવ્ય, ભાવ સંયમમય નિર્ગ્રંથ સિધ્ધ જો. અપૂર્વ ૦ ૯

શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,<br>
માન અમાને વર્તે તે જ સ્વભાવ જો,<br>
જીવિત કે મરણે નહિ ન્યૂનાધિકતા,<br>
ભવમોક્ષે પણ શુધ્ધ વર્તે સમભાવ જો. અપૂર્વ ૦ ૧૦

નવમી કડીમાં સર્વસંગ પરિત્યાગી મુનિની આચરણામાં તેમણે દિંગબર અવસ્થા (જે દેહને માટે ટાઢ, તડકો, વર્ષાદિ સમભાવથી સહેવા માટે પરિષહરૂપ થાય છે), કેશ લુંચન (વાળનો લોચ કરતાં બળવાન અશાતા સમભાવે વેદવાની રહે છે), અસ્નાન (શરીર પ્રતિ ઘણો નિસ્પૃહભાવ ખીલે તો જ શરીરની મેલસહિતની દશામાં સમભાવ આવી શકે) અને અદંતધોવન (મુખ કે દાંત પણ સાફ ન કરવા, જેથી શરીરનું અશુચિપણું સતત પ્રત્યક્ષપણે અનુભવવું પડે) જેવી અનેક પ્રસિધ્ધ ક્રિયાઓને કોઈ પણ પ્રકારના વિભાવ રહિત પાળવાનો આદર્શ સેવ્યો છે. સાથે સાથે શરીરનાં લાલનપાલન કે શોભા માટે કોઈ પણ પદાર્થ અંગીકાર ન કરવાની નેમ તેમણે સેવી છે, જેથી આત્મશુદ્ધિના લક્ષવેધમાં અંશ પણ ખામી આવી શકે નહિ. કેશ, રોમ, નખ કે શરીરના કોઈપણ અંગનું આકર્ષણ વધે – વધારે એવા કોઈ જ પદાર્થનો ઉપયોગ ન કરવાની તેમની ધારણા છે. જેમકે વાળને આકર્ષક બનાવનાર તેલ, દાંતિયો, અરિસો આદિનો ઉપયોગ ન કરવો, વસ્ત્રો પરિધાન કરી દેહની શોભાને જાળવવાનો પ્રયત્ન ન કરવો, શરીરની સાફસફાઈ કરી માયાભાવમાં ન જવું; શરીરને આકર્ષક કરનાર સુગંધી પદાર્થોનો સર્વથા ત્યાગ કરી વિભાવભાવનું પોષણ છોડવું વગેરે કરી; તે ન કરવાના કારણે ધારણ કરવા પડતા પરિગ્રહથી અને તેની સારસંભાળથી છૂટી જવું. વળી, એ પદાર્થો ખૂટે ત્યારે નવા મેળવવા માટે યાચના કરવામાંથી પણ બચી જવું. જે બધું જીવ અનાદિકાળથી દેહ માટે કરતો આવ્યો છે અને પરવશપણાની વેદના ભોગવતો આવ્યો છે, તે બધાનો ઇચ્છાપૂર્વક ત્યાગ થતાં અનાદિકાળથી ચાલી આવતી દેહની મમતા છૂટતી જાય છે. દેહશોભાના અને મમત વધારનારા આ બધાં સાધનો આત્મ આરાધનમાં સતત ખલેલ પહોંચાડનારા છે, તેના ત્યાગથી આત્મારાધનનું સાતત્ય પોતે વધારી શકે એવા ભાવથી આ આદર્શ તેમણે જાળવ્યો છે. આ ઉપરાંત આ બધાનો ત્યાગ આત્મ આરાધનના ઊંડાણમાં તથા સ્વરૂપ સ્થિરતા વધારવામાં મદદરૂપ થાય છે તેનું સભાનપણું જે તેમને આવ્યું હતું તે "દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો" એ પંક્તિમાં વિશેષતાએ સ્ફૂટ થાય છે. યથાર્થ વ્યવહાર શુદ્ધિ સાથેનું આચરણ કરી

તેઓ દ્રવ્યથી તેમજ ભાવથી "સંયમમય સ્થિતિ" આજ્ઞાધીનપણે વર્તવાની વૃત્તિને બળવાનપણું આપે છે.

આ કડીનો જરા વિસ્તારથી વિચાર કરીએ તો, સમજાય છે કે આજ્ઞારૂપી તપનું યથાર્થ આચરણ જ્યારે મુનિ અવસ્થામાં કરવામાં આવે છે ત્યારે કર્મની નિર્જરા અને સંવર ખૂબ બળવાનપણે થાય છે. મુનિ દિગંબર દશા, કેશ લુંચન, અસ્નાનતા, અદંતધોવન, શૃંગાર માત્રનો સર્વથા ત્યાગ આદિનું ઉત્તમ ભાવ સહિત પાલન કરી, આશ્રવના સર્વ દ્વારો બંધ કરી સંવરની બળવાન આરાધના કરે છે, સાથે સાથે જે આજ્ઞાસહિત આ બધાનું પાલન થાય છે તેમાં થતા આજ્ઞારૂપી તપના આરાધનથી પૂર્વ સંચિત કર્મો અસંખ્યગમે નિર્જરી જઈ, આત્માની શુદ્ધિ ઝડપથી વધારવામાં મદદરૂપ થાય છે. આવી અદ્‌ભુત નિર્જરા તપના આરાધનથી કરી, સંવરને વધારી આત્મા આજ્ઞારૂપી ધર્મમાં કેવો સ્થિર થાય છે તેનું વર્ણન દશમી કડીમાં જોવા મળે છે.

નવમી કડીમાં દ્રવ્યથી અને ભાવથી ચારિત્રપાલન સેવી સંયમ સહિતના નિર્ગ્રંથ મુનિપણે વિચરવાનો આદર્શ શ્રી રાજપ્રભુએ વ્યક્ત કર્યો છે. આ ચારિત્ર પાલનથી આત્મા શુભભાવ અને કલ્યાણભાવમાં પ્રવર્તી પંચપરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓને બહોળા પ્રમાણમાં ગ્રહણ કરી શકે છે, આ પરમાણુઓની સહાયથી સ્વરૂપ સ્થિરતામાં જઈ આત્મા બાહ્ય નિમિત્તોમાં કેવી ઉદાસીનતાથી રહી શકે છે અને તે ઉદાસીનતાને વીતરાગતા તરફ દોરી શકે છે તેનું સ્વરૂપ આપણને દશમી કડીમાં જાણવા મળે છે. ઉદાસીનતા અને વીતરાગતાની વચ્ચે છઠ્ઠા સાતમા ગુણસ્થાને રમતો આત્મા જે પ્રકારના સમભાવમાં રહે છે તેની જાણકારી આપણને અહીં મળે છે. સંસારમાં શત્રુ હો કે મિત્ર હો — બંને પ્રતિ સમદર્શિતા માગી છે, અર્થાત્ આત્માનુભવની એવી સ્થિતિ રાખવી છે કે જેમાં બંને પ્રતિ એક સરખો કલ્યાણભાવ વરસ્યા કરે, તરતમપણું કે ક્રોધ આવે નહિ; રાગદ્વેષની માત્રા કેટલી કેટલી હદે તૂટી હોય ત્યારે આ સંભવિત બને! એ જ રીતે જગતજીવો તરફથી માન મળે કે અપમાન મળે, તેમાંની કોઈ પણ પરિસ્થિતિમાં એવો જ સ્વભાવ રહે,

એટલે કે નિસ્પૃહતાની ચરમ સીમા ઈચ્છી છે જ્યાં માનકષાય પ્રવર્તી શકે નહિ. જીવન અને મરણ વચ્ચે અન્યૂનાધિકપણું ઈચ્છી માયાભાવથી અલિપ્તપણું રાખવું છે. સામાન્ય રીતે આ જગતમાં જીવ મૃત્યુથી ડરી તેની અનિચ્છા અને જન્મથી આનંદી તેની માયા વેદે છે. મુનિ આ બંને દશામાં કર્મનું નિર્જરવાપણું સમજી સમભાવી થઈ આત્મરમણતામાં ખાંચ ન આવે તેની કાળજી કરે છે. આ ત્રણે કષાય જયના પુરુષાર્થના પરિપાક રૂપે આત્મા ભવ તેમજ મોક્ષનો ભેદ ભૂલી, મોક્ષનો પણ લોભ ત્યાગી સતત આત્મસુખ વેદી શકે એવી પરિસ્થિતિ પ્રાપ્ત કરે છે.

આમ આ કડીમાં ચડતા ક્રમમાં કષાય જય યથાર્થતાએ વર્ણવાયો છે. શત્રુ અને મિત્ર વ્યક્તિઓ છે, તેમાં ક્રોધ કષાય ત્વરાથી ડોકિયા કરી જાય છે, માન અને અપમાન પરિસ્થિતિ છે જે માન કષાયને પોષણ આપે છે, જીવન અને મરણ વચ્ચે માયા પોતાનું રૂપ બતાવે છે. આમ આ ત્રણે ઘટના સંસારની છે, તેથી તેમાં સ્વરૂપને સાચવવા સમભાવ રાખી શકાય. કારણકે તે બે વચ્ચેનો ભેદ ભ્રાંતિગત છે. પણ ભવ તથા મોક્ષ વચ્ચેનો ભેદ તો સદાસર્વદા સ્વયં વિરોધી જ છે, તેમાં સમભાવ ઘટે નહિ, તે વચ્ચેનો ભેદ તો શુધ્ધ સ્વભાવથી જ ભૂંસી શકાય. આ શુધ્ધ સ્વભાવ ક્રોધ, માન,માયા અને લોભ એ ચારે કષાયથી અલિપ્ત છે. આ રીતે આ કડીમાં ચડતા ક્રમમાં અનુભવાતું આજ્ઞારૂપી ધર્મનું પાલન વર્ણવ્યું છે.

શત્રુ કે મિત્રરૂપ વ્યક્તિ કષાય કરવા માટે બાહ્ય કે સ્થૂળ નિમિત્ત છે, તેના પ્રસંગમાં ક્રોધ પર જય કરવાથી સ્થિરતા પ્રગટે છે, તે પછી તેમના પ્રતિથી સર્જાતી માન કે અપમાનની સ્થિતિ જે વિશેષ સૂક્ષ્મ તેમ જ અંતરને સ્પર્શનારી છે તેમાં પણ આજ્ઞારૂપી ધર્મનું પાલન કરી માનનો જય કરવા મુનિ ભાગ્યશાળી બને છે. તેનાથી આજ્ઞારૂપી ધર્મનાં પાલનમાં આગળ વધી આખા જીવનને આવરી લેતી જીવન મરણની સ્થિતમાં માયાનો જય કરી સ્વરૂપ સ્થિરતા માણવા મુનિ ભાગ્યશાળી થાય છે. આ એક ભવથી વિસ્તરી સમસ્ત પરિભ્રમણનું અનુસંધાન કરી ભવ તથા મોક્ષની બાબતમાં શુધ્ધ સ્વભાવ પ્રવર્તાવી લોભ કષાય સહિત ચારે કષાયનો સંપૂર્ણ જય કરી આજ્ઞારૂપી ધર્મના પાલનની ઉત્કૃષ્ટતા અભિલાષી છે.

આ નવમી તથા દશમી કડીમાં મુનિ અવસ્થાને યોગ્ય સહજ આચારના અનુસંધાનમાં કષાય જય કેવી રીતે થાય છે, ઉત્તમ શ્રેણિની તૈયારી કેમ થતી જાય છે તે દર્શાવ્યું છે, એટલે કે મુનિ અવસ્થામાં આજ્ઞારૂપી તપના પાલનથી અસંખ્યગમે નિર્જરા કરી આજ્ઞારૂપી ધર્મમાં સ્થિર રહેવા આત્મા સતત પ્રયત્નવાન રહે છે. તેમ છતાં કેટલાંક અર્ધ નિકાચીત કર્મો એવાં હોય છે કે જે અમુક ગાળા પછી જ ઉદયમાં આવે, તે ઉદયમાં આવી ભોગવાય ત્યાં સુધી રાહ જોવાથી મુનિનો સંસારકાળ લંબાઈ જાય છે. આવા સંજોગોમાં મુનિ આદરેલા મહાસંવરના માર્ગમાં આજ્ઞાપાલન સાથે ઉત્તમ કલ્યાણભાવ ભેળવી સંસારનો અંત ઝડપથી લાવવાનો પુરુષાર્થ કરે છે. તે પુરુષાર્થ શ્રી રાજપ્રભુએ ૧૧મી અને ૧૨મી કડીમાં વર્ણવ્યો છે.

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો,
અડોલ આસન, ને મનમાં નહિ ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. અપૂર્વ ૦ ૧૧

ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહિ,
સરસ અન્ને નહિ મનને પ્રસન્ન ભાવ જો,
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો. અપૂર્વ ૦ ૧૨

અગ્યારમી કડીમાં, સ્મશાનમાં, જંગલમાં, પર્વતોમાં જ્યાં અશાતાના અનેક ઉદયોની સંભાવના છે, તેવાં સ્થળોમાં મુનિ એકાકીપણે વિચરી ભાવિમાં ઉદયમાં આવનાર અશુભ કર્મોને વર્તમાનમાં ઉદેરી આણવા આહ્વાન આપે છે. જ્યાં સુધી અશાતાના ઉદયો બાકી રહે છે ત્યાં સુધી કેવળજ્ઞાન પ્રગટતું નથી, કારણ કે કેવળજ્ઞાન થયા પછી આત્માને અશાતા બાકી રહેતી નથી. તેથી શ્રેણિને ઝડપથી આંબવા મુનિ ભાવિકાળના અશુભ ઉદયોને વર્તમાનમાં ઉદેરી આણી પ્રદેશોદય કે વિપાકોદયથી ભોગવી નિવૃત્ત થતા જાય છે. અને આ કર્મો ભોગવતી વખતે પોતાનાં મનને અંશ માત્ર ચલિત ન થવા દેવાની, વિભાવમાં ન જવા દેવાની તકેદારી રાખી, પોતાના

ઉત્તમ કલ્યાણભાવને વીરતાથી ફેલાવતા રહેવાનો અભિલાષ સેવે છે; તે વ્યક્ત કર્યું છે. જો વેદનાના ઉદયમાં જીવ વિભાવભાવમાં જાય તો નવાં અશુભ કર્મ બંધાતા હોવાથી આદરેલો પુરુષાર્થ નિષ્ફળ થાય છે, વળી અન્ય જીવો સાથે મૈત્રીભાવનો ફેલાવો ન કરી શકે તો શ્રેણિ ધૂંધળી બની જાય છે. તે સમજણથી, અને પોતે સાધેલા આત્મવિકાસના આધારથી, સ્મશાનની ભૂતાવળની જાળ હોય કે જંગલના વાઘસિંહાદિ હિંસક પશુઓ મુનિને ફાડી ખાવા તલસતા હોય તેવા સંજોગોમાં પણ મુનિ પોતાના આત્માને જરા પણ ચલિત થવા ન દઈ, પોતાના પરમ કલ્યાણભાવને (મૈત્રીભાવને) વીરતાથી ફેલાવતા રહેવાની મનીષા કરે છે. કોઈ પણ પરિસ્થિતિમાં, ગમે તેવા વિકટ સંજોગોમાં પણ આત્મા પોતાના પરમ (ઉત્તમ) મિત્ર સાથે જે કલ્યાણભાવથી વર્તે એ જ ભાવ સહિત સર્વ જીવ પ્રત્યે વર્તવું છે એવો નિર્ણય "પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો" એ પંક્તિ વ્યક્ત કરે છે. આ વર્તનાની સમજણ લેતાં સ્પષ્ટ થાય છે કે શ્રેણિની પૂર્વ તૈયારી બળવાનપણે કરતો આત્મા, આજ્ઞારૂપી તપનું ઉત્તમ પાલન કરી આજ્ઞારૂપી ધર્મમાં સ્થિર રહેવાનો પુરુષાર્થ કેવી રીતે કરી શકે છે. અને આ આરાધનથી આજ્ઞારૂપી તપ અને આજ્ઞારૂપી ધર્મને એકબીજા સાથે કાર્યકારણ સંબંધ કેવો સ્થપાતો જાય છે તેની સમજણ મળે છે. આમ "અપૂર્વ અવસર"ની ૧૧મી કડી આજ્ઞારૂપી ધર્મ તથા આજ્ઞારૂપી તપની સહવિદ્યમાનતાની પ્રાથમિક અવસ્થા વર્ણવી જાય છે.

તે પછીની એટલે કે બારમી કડીમાં મુનિની આગળની દશાનું ચિત્ર આપ્યું છે. સ્મશાન, જંગલ, પર્વતાદિમાં એકાકિ વિચરવા છતાં જો કોઈ અશુભ કર્મ બાકી રહી જાય તો તેને દળી નાખવા મુનિ તરીકે ઘોર તપશ્ચર્યા કરવા રાજપ્રભુ ઇચ્છે છે; જેથી કોઈ પણ રહ્યું સહ્યું કર્મ આત્મા પર સવાર થઈ શકે નહિ. જ્યાં દેહ અને આત્મા છૂટા પડી જાય તેવી બળવાન તપશ્ચર્યા કરતી વખતે પણ મનમાં લેશ માત્ર ઉચાટ કે ગરમી આવે નહિ, સ્થિર પરિણામ સ્થિર જ રહે, અસ્થિર બને નહિ. વળી એટલા જ બળવાન શાતાના ઉદયો આવે તો પણ અંશ માત્ર રાગ વેદે નહિ એવી અપૂર્વ સ્થિરતાની ભાવના રાખી છે. પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં

રસના ઇન્દ્રિયને જીતવી ભગવાને કઠિન બતાવી છે, તેનો જય પણ “સરસ અન્ને નહિ મનને પ્રસન્ન ભાવ જો” એ પંક્તિ દ્વારા સૂચવ્યો છે. શાતા અશાતા બંનેના ઉદયને કર્મફળ ગણી, સમચિત્ત રહી, મુનિવેશે તે ઉદય પ્રતિ પરમ નિસ્પૃહી રહી સ્વભાવની અનુભૂતિમાં લીન રહેવા તેમણે ઇચ્છયું છે, અને આ સ્વરૂપલીનતા એટલી ગાઢી વિચારી છે કે ધૂળની રજકણ કે વૈમાનિક દેવની ઋદ્ધિ એ બંને તેમને માત્ર પુદ્‌ગલરૂપે જ અનુભવાય.

આમ આજ્ઞારૂપી તપના ઊંડા અને બળવાન આરાધનથી આત્મા આજ્ઞારૂપી ધર્મનાં પાલનમાં સ્થિર થતો જાય છે, અને આજ્ઞારૂપી ધર્મની અનુભૂતિ વધતાં મુનિનું આજ્ઞારૂપી તપ કેવું ઉત્કૃષ્ટ થઈ બંન્ને એકબીજામાં કેવા ભળી જાય છે તે બારમી કડીમાં જોવા મળે છે. અને તેથી શ્રેણિમાં ચડતાં પહેલાં રાજપ્રભુ કેવા પ્રકારની આત્માનુભૂતિમાં રહેવા માગે છે તેનું તાદૃશ ચિત્ર આપણને અહીં મળે છે. આ દશા સર્વ જીવને ઉત્તમ શ્રેણિ પ્રતિ દોરનાર છે તે સહેલાઈથી સમજી શકાય એવી બાબત છે.

આવા આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપના પ્રભાવથી મુનિના આત્મપ્રદેશો પરથી સતત કલ્યાણભાવ વહેતા જ રહે છે, જે તેમને આત્મસુખની લીનતામાં વધારે એકાગ્ર કરે છે; કારણ કે જ્યારે સહુ જીવ માટે તેમના આત્મપ્રદેશો પરથી કલ્યાણભાવના પરમાણુઓ છૂટે છે ત્યારે તે જગ્યાએ અવકાશ સર્જાય છે, અને એ વખતે કષાય નહિવત્‌ હોવાથી મુનિને પોતે વહાવ્યા છે તેથી વિશેષ ઉચ્ચ પ્રકારનાં કલ્યાણનાં પરમાણુઓ એ અવકાશ પૂરવા પ્રાપ્ત થાય છે.

આમ બાહ્યથી અને અંતરથી આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપનું પાલન કરવાથી મુનિની ક્ષપક શ્રેણિએ ચડવાની તૈયારી થતી જાય છે. આ શ્રેણિને યોગ્ય શુભ અને શુદ્ધ કલ્યાણનાં પરમાણુઓ આત્મપ્રદેશ પર એકઠાં થાય છે. તેના સાથથી આત્મા સંવર પ્રેરિત મહાસંવરને ઓળંગી, કલ્યાણ પ્રેરિત મહાસંવરથી આગળ વધી આજ્ઞામાર્ગ પ્રેરિત કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગની આરાધના કરે છે, જેમાં તેનો

કલ્યાણભાવ પણ આજ્ઞાધીનપણે પ્રસરે છે. જે પુરુષાર્થ મોટા ભાગના આત્માઓ શ્રેણિ દરમ્યાન કરે છે, તે પુરુષાર્થ જે આત્મા શ્રેણિ પહેલાં છઠ્ઠા સાતમા ગુણસ્થાને કરે છે તેની શ્રેણિ વધારે શુધ્ધ અને નાના ગાળાની થતી જાય છે. તેથી શ્રેણિને ઉત્તમોત્તમ કરવા રાજપ્રભુ આ આરાધન શ્રેણિ પહેલાં જ કરવા ઈચ્છે છે. આવી વિશિષ્ટ ઝડપથી આરાધન કરી, આગળ શ્રેણિએ જવાનું કાર્ય તેરમી ચૌદમી કડીમાં તેમણે મૂક્યું છે. બાર કડી સુધી ૬-૭ ગુણસ્થાનની વર્તના તથા કર્તવ્ય સ્ફૂટ કરી શ્રેણિની મનીષા જણાવી છે.

એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો,
શ્રેણિ ક્ષપક તણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુધ્ધ સ્વભાવ જો. અપૂર્વ ૦ ૧૩

મોહસ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો,
અંતસમય ત્યાં પૂર્ણસ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો. અપૂર્વ ૦ ૧૪

આ કાવ્યની સાતમી તથા આઠમી કડીમાં કરવા ધારેલા કષાયજયને સફળ કરવા માટેનો પુરુષાર્થ નવમીથી બારમી કડીમાં વર્ણવ્યો છે, તે આપણે જોયું. આ પુરુષાર્થમાં જીવ વિશેષ વિશેષ શુધ્ધ કલ્યાણનાં પરમાણુઓ ગ્રહતો જાય તેમ જ છોડતો જાય છે અને કષાયને અલ્પ અલ્પ કરતા જઈ અંતિમ કષાય જય માટે — શ્રેણિએ જવાની તૈયારી કરતો જાય છે. આમ કરતાં કરતાં તે પંચપરમેષ્ટિનાં આજ્ઞાકવચને ધારી શ્રેણિના ગુણસ્થાનો એક સપાટે ચડવામાં સફળતા મેળવે છે. આ સમયમાં તે એટલો બળવાનપણે ગુણાશ્રવ કરે છે કે ઘણા નાના ગાળામાં (૯ સમયથી બે ઘડી સુધીના કાળમાં) પૂર્ણતાએ અપ્રમાદી રહી સર્વ ઘાતી કર્મોનો ત્વરાથી ક્ષય કરી, ૮માથી બારમા ગુણસ્થાન સુધીનો વિકાસ કરી શકે છે.

પૂર્વ વર્ણિત પુરુષાર્થના આધારે આત્મા પૂર્ણ અપ્રમાદી થઈ ચારિત્રમોહનો બાહ્યથી નાશ કરી, અંતરંગમાં પ્રવર્તતા ઉદયગત કે સત્તાગત, સૂક્ષ્મથી લઈને અતિ અતિ સૂક્ષ્મ કષાયના પણ ક્ષય કરવા પ્રતિ વળે છે. આ ક્ષપક શ્રેણિના આઠમા ગુણસ્થાનની શરૂઆત છે. આ ગુણસ્થાન 'અપૂર્વ કરણ' તરીકે ઓળખાય છે, કારણ કે આવો અદ્‌ભુત ગુણાશ્રવ અને કર્મ નિર્જરા જીવે આ પૂર્વે કદી પણ અનુભવ્યા હોતાં નથી; જે આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપની એકતાની શરૂઆત કહી શકાય. ક્ષપક શ્રેણિના આ ગુણસ્થાનને જે અનુભવે, તેનો પુરુષાર્થ એટલો ઉગ્ર થાય છે કે તે આત્મા દશમાથી બારમા ગુણસ્થાને જઈ તેરમા 'સયોગી કેવળી' ગુણસ્થાને પહોંચીને જ રહે છે. તેરમા ગુણસ્થાને પહોંચવા માટેની – શ્રેણિ પસાર કરવા માટેની પ્રક્રિયા ચોથી 'અનન્ય ચિંતન અતિશય શુધ્ધ સ્વભાવ જો' પંક્તિમાં જણાવી છે.

શ્રેણિમાં આત્મા પ્રત્યેક સમયે સ્વરૂપ લીનતા વધારતો જાય છે. તે માટે તે ઉત્તમોત્તમ સ્વરૂપ ચિંતવન કરે છે, પોતાનાં મૂળ શુધ્ધ સ્વરૂપના અનુભવને વધારવા માટે ગુણાશ્રવ કરતા કરતા, શ્રી પંચપરમેષ્ટિ ભગવંત જેઓ આ દશાના અનુભવી છે અને જેમણે સહુ જીવો માટે કલ્યાણભાવ વેદ્યો છે, તેમનાં કલ્યાણનાં પરમાણુ ગ્રહી, તેની સહાયથી પોતાનું વીર્ય વર્ધમાન કરતાં જઈ, એક પછી એક શુદ્ધિ અને સિદ્ધિનાં સોપાન સર કરતો જાય છે. આ ગાળામાં આત્માનાં આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપનું ઐક્ય થતું જાય છે અને બંને એકરૂપ થઈ જાય ત્યારે તેરમું ગુણસ્થાન પ્રગટ થાય છે. આજ્ઞારૂપી ધર્મ અને તપના ઐક્યપણાની ઉત્કૃષ્ટતાને આધારે આઠમાથી તેરમા ગુણસ્થાનની રચના શ્રી પ્રભુએ કરી છે.

આ પ્રકારે આજ્ઞામાર્ગમાં અત્યંતપણે સ્થિર થઈ, મોહરૂપી મોટામાં મોટો દરિયો જેને લોકના સ્વયંભૂરમણ સમુદ્રની ઉપમા આપવામાં આવી છે, જેમાં મહા ભયંકર જીવો પુરુષાર્થીને પાડવા સતત પ્રયત્નવાન રહે છે તેવા વિશાળ અને ઊંડા મહાસાગરને આત્મા પંચપરમેષ્ટિના આજ્ઞારસની સહાયથી

સ્વપુરુષાર્થી બની તરી જાય છે, અને 'ક્ષીણમોહ' નામના બારમા ગુણસ્થાને આવે છે.

"મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી..." આ પંક્તિ વિચારતાં સમજાય છે કે જીવ આજ્ઞાધીન બની ક્ષપક શ્રેણિના ૮, ૯, ૧૦ ગુણસ્થાને થઈ, ૧૧મા ગુણસ્થાનને ટપી જઈ બારમા ગુણસ્થાને – "ક્ષીણમોહ" નામના ગુણસ્થાને આવે છે. ૧૦મા ગુણસ્થાનના અંતસમયે આત્માના મોહનો – કષાય માત્રનો પૂર્ણતાએ ક્ષય થાય છે અને અન્ય ઘાતિ કર્મના બંધ પડવા અટકી જાય છે, તેથી પ્રગટેલાં અપૂર્વ વીર્યની સહાયથી આત્મા ૧૧મું ગુણસ્થાન ઓળંગી બારમા ગુણસ્થાને આવી શકે છે. આ ગુણસ્થાને આત્મા બાકી રહેલાં ત્રણ ઘાતિ કર્મોના અવશેષો બાળી, તેના અંતસમયે પોતાના "કેવળજ્ઞાન કેવળદર્શન" રૂપ ખજાનાને પ્રગટાવે છે. એટલે કે કર્મબંધનાં પાંચ કારણોમાંથી પહેલાં ચાર કારણો નિર્મૂળ થાય છે અને એક માત્ર યોગ જ કારણરૂપ રહે છે. તેથી આત્મા "સયોગી કેવળી" ની દશા મેળવે છે.

આ ક્ષપક શ્રેણિમાં આત્માની ઉત્તમોત્તમ ગુણશ્રેણિ રહેલી છે, ત્યાં આત્મા પ્રત્યેક સમયે અનંતગુણો આશ્રવતો જાય છે, અને પૂર્વ સંચિત ઘાતિ કર્મો તથા શેષ અશુભ અઘાતિકર્મ ત્વરાથી નિર્જરાવતો જાય છે. આઠમા ગુણસ્થાનથી સત્તાગત અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની કષાયને સંજ્વલનરૂપ કરી નિર્જરાવે છે અને અતિઅલ્પ માત્રામાં સંજ્વલન મોહ આશ્રવે છે. અમુક માત્રામાં તે કર્મોનો ક્ષય કરી નવમા અનિવૃત્તિકરણ ગુણસ્થાને આવે છે જ્યાં પૂર્વ પ્રક્રિયાને સઘન કરી, ગુણાશ્રવ વધારી અનેક ઘાતિ તથા અઘાતિ કર્મનાં બંધનનો પણ છેદ કરે છે. અને આ ગુણસ્થાનના મધ્યભાગથી સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભનો ક્રમથી ક્ષય કરવાનો પુરુષાર્થ ઉપાડે છે; એ પુરુષાર્થમાં સફળ થઈ દશમા ગુણસ્થાનના અંત ભાગમાં સર્વ પ્રકારના મોહનો નાશ કરી, અન્ય ઘાતિકર્મના બંધનો છેદ કરી, શેષ રહેલાં અત્યંત અલ્પ સંજ્વલન લોભને જ્ઞાનાવરણમાં રૂપાંતરિત કરી, બારમા ગુણસ્થાને આવી શેષ રહેલાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ તથા અંતરાયનો પૂર્ણ ક્ષય કરી તેરમા "સયોગી કેવળી" ગુણસ્થાને

આવે છે. આ સયોગી કેવળી અવસ્થામાં આત્મા ક્યા રૂપને ભજે છે તેનું વર્ણન ૧૫મી તથા ૧૬મી કડીમાં શ્રી રાજપ્રભુએ કર્યું છે.

ચાર કર્મ ઘનઘાતિ તે વ્યવચ્છેદ જ્યાં,
ભવનાં બીજતણો આત્યંતિક નાશ જો,
સર્વભાવ જ્ઞાતાદૃષ્ટા સહ શુધ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો. અપૂર્વ ૦ ૧૫
વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરીવત્‌ આકૃતિ માત્ર જો,
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે,
આયુષ પૂર્ણે મટિયે દૈહિક પાત્ર જો. અપૂર્વ ૦ ૧૬

"સયોગી કેવળી" દશામાં ચાર ઘાતિ અને ચાર અઘાતિ કર્મની સ્થિતિ કેવી હોય છે, અને આત્મા સ્વસ્વભાવનું વેદન કેવું કરે છે તેનો ચિતાર શ્રી રાજપ્રભુએ આ બે કડીમાં આપ્યો છે. ચારે ઘાતિકર્મનો પૂર્ણતાએ ક્ષય થયો હોવાથી, નવો ભવ ધારણ કરવા માટે જે ઘાતિ કર્મની જરૂરિયાત છે તે તૂટી જવાથી કેવળી અવસ્થાવાળો ભવ આત્મા માટે ચરમ ભવ બની જાય છે. એક માત્ર મોહના કારણે અન્ય સાત કર્મો બંધાતા હોવાથી, તેનો ક્ષય થતાં જ જન્મ ધારણ કરવા માટેના મૂળ બીજ – કારણનો સંપૂર્ણ નાશ થઈ જાય છે. છદ્મસ્થ અવસ્થામાં મોહના ઉદયને કારણે જીવ કષાય વેદી, પ્રત્યેક કર્મોદયના પ્રત્યાઘાત અનુભવી નવાં કર્મ ઉપાર્જન કરતો હતો, તેમાં કેવળીદશા પ્રગટતાં ધરખમ ફેરફાર થઈ જાય છે. મોહક્ષયને કારણે કોઈ પણ ઉદય સાથે આત્મા જોડાતો નથી, આત્માના પ્રદેશો મુખ્યતાએ અકંપિત રહેતા હોવાથી કર્મબંધ થતા નથી, એટલે મોહને કારણે થતું કર્મોપાર્જન અટકી જાય છે. એટલું જ નહિ જ્યારે અમુક સમયના આંતરે કેવળીપ્રભુનો આત્મા યોગ સાથે જોડાઈ કંપિત થાય છે ત્યારે પણ તેમાં કષાયનો અંશ માત્ર ન હોવાથી, પ્રભુને માત્ર શાતાવેદનીય અને તેમાં પણ કલ્યાણભાવનાં

પરમાણુઓનો આશ્રવ મુખ્યતાએ થાય છે. આમ જગતમાં પ્રવર્તતા સર્વ પ્રકારના ભાવને માટે શ્રી પ્રભુનો આત્મા જ્ઞાતાદૃષ્ટા બની, અલિપ્ત ભાવે રહી પોતાની શુધ્ધતા સતત જાળવતો રહે છે. આ સ્થિતિ છે તે આત્મા માટે મેળવવા યોગ્ય ઉત્કૃષ્ટ અવસ્થા છે. તેથી આત્માએ જે કંઈ મેળવવા યોગ્ય છે તે મેળવી લીધું હોવાથી તે "કૃતકૃત્ય" બને છે. આ કૃતકૃત્ય સ્થિતિમાં તેમનું અનંત વીર્ય, સર્વજ્ઞ અને સર્વદર્શીપણું તથા યથાખ્યાત ચારિત્ર ઉત્કૃષ્ટતાએ પહોંચે છે.

ઘાતિકર્મના ક્ષયવાળી કેવળી દશાની વિચારણામાં આજ્ઞામાર્ગ પ્રેરિત કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગની ઉત્કૃષ્ટતા અને સાર્થકતા આપણને જોવા મળે છે. ઘાતિકર્મના અભાવમાં કેવળી પ્રભુ એક સમયના યોગના જોડાણ વખતે માત્ર કલ્યાણમિશ્રિત શાતાવેદનીયનાં પરમાણુઓ જ આશ્રવે છે, જેનો એક જ સમયમાં ભોગવટો કરી, પોતાના પૂર્વ સંચિત કલ્યાણભાવ તેમાં ઉમેરી તે પરમાણુઓની જગતને ભેટ આપે છે, અને બાકીના સમયમાં શેષ રહેલા કર્મબંધના કારણરૂપ યોગથી પણ અલગ રહી સિધ્ધસમાન આત્માનુભવમાં નિમગ્ન રહી એક પણ નવા કર્મનો આશ્રવ કરતા નથી. આ કાળનું તેમનું આજ્ઞાપાલન સિધ્ધ સદૃશ રહે છે. વળી યોગના જોડાણના સમયે આશ્રવની સામે અઘાતિ કર્મની બળવાન નિર્જરા કરતી વખતે એમનું આજ્ઞાધીનપણું એવું અદ્‌ભુત હોય છે કે તેમના થકી કલ્યાણભાવ બળવાનપણે પ્રસરે છે. જે આજ્ઞાપ્રેરિત, કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગનું પ્રતિનિધિત્વ કરે છે. આમ ઘાતિ કર્મનો નાશ કરી, કૃતકૃત્ય બની, અનંત કાળનાં પરિભ્રમણમાં જગતનું જે જે ઋણ સ્વીકાર્યું હતું તેની ચૂકવણી કલ્યાણનાં ઉત્તમ પરમાણુઓની જગતને ભેટ આપીને કરે છે. આ કલ્યાણકાર્યમાં તેમનું ઉત્કૃષ્ટ વીર્ય પ્રકાશિત થાય છે. આ પ્રકારે ચારે ઘાતિ કર્મના નાશથી આત્મા જે અદ્‌ભુત અવસ્થા મેળવે છે તેનું વર્ણન ૧૫મી કડીમાં થયેલું છે.

આ જ કેવળી પર્યાયમાં ચારે અઘાતિ કર્મની અવસ્થા કેવી હોય છે તેનું વર્ણન ૧૬મી કડીમાં થયેલું છે; સાથે સાથે સિધ્ધપર્યાય મેળવવા માટે આત્મા કેવી ભવ્ય તૈયારી કરે છે તેનો ચિતાર પણ અપાયો છે. ચારે અઘાતિ કર્મમાં

જીવને પરેશાન કરનાર વેદનીય કર્મ છે, અને શુધ્ધત્માને પણ આ વેદનીય કર્મનો ઉદય વેદવો જ પડે છે, ઘાતિ કર્મની જેમ એક સાથે તેને ક્ષીણ કરી શકાતું નથી. અન્ય ત્રણ અઘાતિ કર્મ કરતાં વેદનીય કર્મ વિશેષ પરમાણુઓના જથ્થાવાળું અને બળવાન હોવાથી તે કર્મને વર્ણવી આદિ શબ્દથી અન્ય કર્મોની સ્થિતિ સૂચવી છે. તેમાં “વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં” એમ કહી તે કર્મો “બળી સીંદરીવત્‌ આકૃતિ માત્ર જો” જેવા છે અર્થાત્‌ ઘાતિ કર્મો ગયા પછી અઘાતિ કર્મની સ્થિતિ, સીંદરી બળી ગયા પછી જેમ તેની માત્ર આકૃતિ જ રહે છે પણ તેનામાંથી અન્યને બાંધવાની, આદિ શક્તિનો હ્રાસ થઈ જાય છે, તેવી થઈ જાય છે. જ્યાં સુધી ઘાતિ કર્મનું અસ્તિત્વ હોય છે ત્યાં સુધી જ અઘાતિ કર્મો નવાં ઘાતિ કર્મોનો બંધ કરાવી શકે છે, ઘાતિ કર્મ જતાં અઘાતિ કર્મની નવાં કર્મો બંધાવવાની શક્તિનો હ્રાસ થઈ જાય છે. તેથી પૂર્વ સંચિત અઘાતિ કર્મ ભોગવતાં આત્મા યોગના જોડાણના સમય સિવાય એક પણ નવું કર્મ બાંધતો નથી. અને યોગના જોડાણ વખતે માત્ર એક શાતા વેદનીય કર્મ અને તેમાંય મુખ્યત્વે કલ્યાણનાં પરમાણુઓનો જ આશ્રવ કરે છે; અને તે આશ્રવ પણ માત્ર એક સમયની મર્યાદા પૂરતો જ રહે છે. શાતાવેદનીય કર્મ એક સમયમાં બંધાઈ, બીજા સમયે ભોગવાઈ ત્રીજા સમયે તો ખરી પણ જાય છે. આમ આ કર્મો જીવનાં જન્મમરણને વધારવામાં અંશ માત્ર સફળ થઈ શકતાં નથી, તેથી આ કર્મોની હાલત બળેલી સિંદરી જેવી નિષ્ક્રિય કહી શકાય. નવો દેહ ધારણ કરવાની પીડા તો છૂટી જાય છે, પણ પૂર્વ કર્મને કારણે જે દેહ બાંધ્યો છે તે પણ આયુષ્ય કાળ સુધી જ ટકે છે, એટલે કે તે આત્મા આયુષ્ય કાળ પૂરો થતાં ચરમ દેહ ત્યાગી સિધ્ધ થાય છે. અઘાતિ કર્મની પણ આવી નિર્બળ સ્થિતિ થવાથી, ઘાતિકર્મ રહિતની અવસ્થામાં પૂર્ણ શુધ્ધ થવાનો આત્માનો પુરુષાર્થ વિશેષ આકાર ધારણ કરતો જાય છે.

આવી સયોગી કેવળી અવસ્થામાં અઘાતિ કર્મની માત્રા ઓછી ઓછી કરતાં જ્યારે આયુષ્ય કર્મ ઘણું નાનું બાકી રહે છે ત્યારે તે આત્મા કેવળી

સમુદ્ઘાત કરી ચારે અઘાતિ કર્મની સમસ્થિતિ કરી, મન, વચન, કાયાના યોગને રુંધવાની – છોડવાની તૈયારી કરે છે; અને એક પણ નવું અઘાતિ કર્મ બંધાતું નથી. આ અયોગી કેવળી અવસ્થાનું – ૧૪મા ગુણસ્થાનનું વર્ણન સત્તરમી કડીમાં થયું છે.

મન, વચન, કાયાને કર્મની વર્ગણા,
છૂટે જહાં સકળ પુદ્ગલ સંબંધ જો,
એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું,
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો.   અપૂર્વ ૦ ૧૭

કેવળી સમદ્ઘાતમાં ચારે અઘાતિ કર્મની સ્થિતિ સમ કર્યા પછી, આત્મા મન, વચન અને કાયા સાથેના અનુસંધાનનો ત્યાગ કરવા તે ત્રણે યોગનું રુંધન શરૂ કરે છે; જે ચૌદમું ગુણસ્થાન કહેવાય છે. આ ગુણસ્થાને બચેલા ચારે અઘાતિ કર્મની પૂર્ણતાએ નિર્જરા થાય છે, અને એક પણ નવું કર્મ બંધાતું નથી કારણ કે આત્મા કર્મબંધના પાંચે કારણોથી છૂટી જાય છે. કેવળજ્ઞાન લીધા પછી જે એક "યોગ" કર્મબંધના કારણરૂપ હતો તે પણ નીકળી જાય છે. આમ નવાં કર્મનો સંવર અને જૂનાં કર્મની નિર્જરા પૂર્ણતાએ પહોંચતા આત્મા સર્વ પુદ્ગલ સાથેના સંબંધથી વ્યાવૃત્ત એવી મુક્ત અયોગી કેવળી દશા માણે છે. આ દશા મહા મહા ભાગ્યવાળી છે; આત્માને સ્વસુખમાં સતત રાખનાર છે, અને પૂરેપૂરી અબંધ સ્થિતિવાળી છે. એટલે કે સયોગી કેવળી દશામાં આત્મા અમુક સમયના આંતરે યોગ સાથે જોડાઈ કર્માશ્રવ કરતો હતો તે પણ અયોગી કેવળી દશામાં છૂટી જાય છે.

ચૌદમા અયોગી કેવળી ગુણસ્થાને આજ્ઞામાર્ગ પ્રેરિત કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગની ચરમ સીમા આવે છે, કારણ કે ત્યારે આત્મા પોતે એકત્રિત કરેલા સર્વ પ્રકારનાં કલ્યાણનાં પરમાણુઓ પંચપરમેષ્ટિ ભગવંતની આજ્ઞાથી આખા લોકમાં પાથરી દઈ, લોકનાં લીધેલાં ઋણથી મુક્ત થાય છે, અને પૂર્ણ અબંધ થઈ

જાય છે. આ દશાએ આવ્યા પછી માત્ર એક જ સમયમાં લોકના મધ્યભાગનો ત્યાગ કરી, સિધ્ધભૂમિમાં સ્થિર થાય છે. આત્માની સિધ્ધાવસ્થાનું વર્ણન શ્રી રાજપ્રભુએ અઢારમી કડીમાં કર્યું છે.

એક પરમાણુ માત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો,
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુલઘુ અમૂર્ત સહજપદ રૂપ જો. અપૂર્વ ० ૧૮

સિદ્ધાવસ્થામાં આત્મા લોકના અગ્રભાગે રહેલી સિધ્ધભૂમિમાં બિરાજમાન થાય છે. એ વખતે આત્માને પુદ્‌ગલનાં એક પણ પરમાણુનો સ્પર્શ રહેતો નથી. અને એ સ્થિતિમાં આત્મા "પૂર્ણ કલંક રહિત અડોલ સ્થિતિ" મેળવી પૂર્ણ આજ્ઞાસિધ્ધિ કરે છે.

"પૂર્ણ કલંક રહિત અડોલ સ્થિતિ" એટલે આત્માની એવી શુધ્ધ અવસ્થા કે જેમાં કોઈ પણ સ્થૂળ કે સૂક્ષ્મ પુદ્‌ગલ દ્રવ્યનો કોઈ પણ માત્રામાં સ્પર્શ રહેતો નથી, વળી, આત્માની સ્વરૂપ સ્થિરતા એટલી બળવાન થાય છે કે ભાવિમાં પણ ક્યારેય એવો સંપર્ક થવો પણ સંભવતો નથી. આનું રહસ્ય એ છે કે આ દશામાં આત્મા આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપનું પાલન એવી ઉત્કૃષ્ટતાએ કરે છે કે તેનાં પ્રભાવથી એક સમય માટે પણ તે આત્મા સ્વસ્વરૂપથી ચ્યુત થતો નથી. ચ્યુતિના અભાવમાં અડોલપણું આવે જ. આત્મા સ્વસ્વરૂપથી ખસે ત્યારે આત્મપ્રદેશો કંપાયમાન થઈ કર્મ ગ્રહણ કરે; પણ જ્યાં સ્વરૂપથી ખસવાપણું નથી ત્યાં પ્રદેશોને કંપવાનો સંભવ રહેતો નથી; અને આત્મપ્રદેશનાં કંપન વિના તો કોઈ પુદ્‌ગલ પરમાણુ આત્મા પાસે આવી શકતું જ નથી, આથી સિદ્ધ દશા "પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ" છે. જે આત્માની સહજ સ્થિતિ છે. આત્માની સહજ સ્થિતિમાં આત્મા શુદ્ધ છે, પોતાના મૂળ સ્વરૂપમય છે, નિરંજન છે (અંજન એટલે મેલ – કોઈ પણ પ્રકારના મેલ વગરનો તે નિરંજન); ચૈતન્યમૂર્તિ – પોતાના ચેતનસ્વરૂપને પૂર્ણપણે પ્રકાશનાર છે;

અનન્યમય – આવી સુંદર અદ્‌ભુત આત્મદશા બીજી કોઈ પણ અવસ્થામાં વર્તતી ન હોવાથી તે અનન્યમય છે; અગુરુલઘુ – આત્મા શુધ્ધાવસ્થામાં ભારે પણ નથી, હલકો પણ નથી, સર્વને જાળવી શકે તેવો છે, આત્મા અમૂર્ત છે – કર્મ સહિતની અવસ્થામાં દેહનું મૂર્તરૂપ ધારણ કરનાર આત્મા છે, તે શુધ્ધ થયા પછી પોતાનાં અમૂર્ત રૂપને – ચર્મચક્ષુથી જોઈ ન શકાય એવાં રૂપને પ્રગટ કરે છે. આ બધા ગુણો સહિત રહેવું તે આત્માનું "સહજપદ" છે. આ સહજપદ – મૂળપદ એવું છે કે જે એક વખત પ્રાપ્ત કર્યા પછી ક્યારેય વિલિન થતું નથી.

આવી પૂર્ણ કલંકરહિત અડોલ સ્થિતિએ જવાનો સૌ પ્રથમ પુરુષાર્થ જીવ અંતર્વૃત્તિસ્પર્શ કરતાં કરે છે, તે પછી આવો પુરુષાર્થ નિશ્ચયથી વ્યવહાર સમકિત મેળવતાં, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક સમકિત પ્રાપ્ત કરતાં, છઠ્ઠા સાતમા ગુણસ્થાને વર્તતાં, શ્રેણિની તૈયારી કરતાં, શ્રેણિએ ચડતાં, સયોગી અયોગી કેવળીરૂપે ઉત્તરોત્તર ચડતા ક્રમમાં કલંક રહિત બનતાં બનતાં, છેવટે સિધ્ધભૂમિમાં પૂર્ણ કલંક રહિત અડોલ દશા મેળવતાં પૂર્ણ આજ્ઞાસિદ્ધિનું આરાધન કરે છે. આ આખો વિકાસક્રમ આપણને "અપૂર્વ અવસર"ની પ્રથમ ૧૮ કડીમાં વર્ણવાયેલો જોવા મળે છે. તેનું વિસ્તૃત વિશ્લેષણ કરવાથી આખો આજ્ઞામાર્ગ, સેવવાયોગ્ય કલ્યાણભાવ તથા મહાસંવર માર્ગની અપૂર્વતા આપણને સમજાય છે.

કોઈને સવાલ થાય કે અયોગી ગુણસ્થાને આવી અડોલ દશાએ પહોંચ્યા પછી આત્મા સિધ્ધભૂમિમાં કઈ પ્રક્રિયાથી પહોંચી શકતો હશે! તેનો જવાબ આપણને ૧૯મી કડીમાં મળે છે.

પૂર્વ પ્રયોગાદિ કારણના યોગથી,
ઉર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો,
સાદિ અનંત અનંત સમાધિ સુખમાં,
અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો. અપૂર્વ ૦ ૧૯

પૂર્ણ આજ્ઞાધીન થવા માટે જે બધો પુરુષાર્થ કર્યો હતો તેનું ફળ આત્માને સિધ્ધભૂમિમાં સ્થાયી થતી વખતે મળે છે. આત્માનો મૂળભૂત સ્વભાવ ઉર્ધ્વગામી – ઊંચે જવાનો છે. અત્યાર સુધી કર્મનાં દબાણને કારણે તે આખા લોકમાં કર્મોદય પ્રમાણે વસતો હતો, પરંતુ જેવું તેના પરથી કર્મનું દબાણ ઓછું થાય તેવો તે ઊંચે જતો; દબાણ વધતાં તે નીચે ઊતરતો. આ પ્રકૃતિના કારણે જ્યારે તે પૂરેપૂરો કર્મ રહિત બની અગુરુલઘુ થાય છે કે તરત જ તે ઠેઠ સિધ્ધાલયમાં લોકના ઊંચામાં ઊંચા ભાગમાં એક જ સમયમાં પહોંચી જાય છે, અને તેથી ઊંચે ગતિ કરવા ધર્માસ્તિકાયની સહાય ન હોવાથી ત્યાં જ સ્થિર થઈ જાય છે. આ ક્ષેત્રે શુધ્ધ આત્મા સાદિ અનંતકાળ માટે અનંત જ્ઞાન, અનંત દર્શન સહિત અનંત સમાધિ સુખમાં રહે છે. આ સુખ કેવું છે તેનું પૂરું વર્ણન શ્રી અરિહંત ભગવંત જે સર્વ અપેક્ષાએ પૂર્ણ છે તે પણ કરી શકતા નથી; તો તેનાથી નબળી કક્ષાએ રહેનાર અન્ય કોઈ પણ આત્મા કરી શકવા સમર્થ નથી, એવું આ પદનું અનન્યપણું તથા અવર્ણનીયપણું વીસમી કડીમાં વર્ણવ્યું છે.

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ પણ તે શ્રી ભગવાન જો,
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે,
અનુભવ ગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ ૦ ૨૦

સિધ્ધભૂમિમાં વસતા પરમ શુધ્ધ આત્મા જે સુખનો અનુભવ કરે છે તે પદનું વર્ણન કરવા શ્રી અરિહંતપ્રભુ કે કેવળીપ્રભુ પણ સમર્થ નથી, તો પછી અન્ય છદ્મસ્થ જીવની વાણી તો કઈ રીતે સમર્થ હોય? આ પદનું સુખવર્ણન કરવું પુદ્‌ગલવાણીની મર્યાદા બહારનું છે, કારણ કે આ પદ માત્ર અનુભવીને જ સમજી શકાય એવું છે. ચેતન જે સ્થિતિનો અનુભવ કરે છે તે પુદ્‌ગલના અનુભવથી પર છે, અને પુદ્‌ગલની આ મર્યાદા સિધ્ધદશાના અનુભવનું વર્ણન કરવામાં ખૂબ આડી આવે છે. આ અનંત સુખનાં ધામરૂપ આ પદનો આવિષ્કાર તો માત્ર તેના અનુભવથી જ થઈ

શકે એવો છે. તેથી તે પરમપદને પામવાની પરમ ઇચ્છા શ્રી રાજપ્રભુએ અંતિમ ૨૧મી કડીમાં સ્પષ્ટપણે મૂકી છે.

એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં
ગજા વગરને હાલ મનોરથ રૂપ જો,
તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો. અપૂર્વ ૦ ૨૧

પૂર્ણ શુધ્ધ આત્મા સિધ્ધભૂમિમાં જે સુખને માણે છે, તે સુખનું વર્ણન કરવા માટે શ્રી સર્વજ્ઞપ્રભુની અનેક ગુણોથી ભરેલી કલ્યાણમય વાણી પણ પૂરી સફળ થતી નથી, એવા આ "પરમપદ" ને હાંસલ કરવાનું ધ્યેય શ્રી રાજપ્રભુએ રાખ્યું છે. વર્તમાન અવસ્થામાં આ પદની પ્રાપ્તિ કરવી તેમને 'ગજા વગર' – શક્તિ વિના કાર્ય સિદ્ધિ કરવા જેવું લાગે છે, તેથી તે તમન્ના માત્ર મનોરથરૂપ – શેખચલ્લીના વિચાર જેવી અસંભવ દેખાય છે. તેમ છતાં તેમણે જે આજ્ઞામાર્ગ ગ્રહણ કર્યો છે, અને તેનાં ફળનો જે અનુભવ થયો છે તેના આધારે તેમનાં મનમાં અચળ શ્રધ્ધા છે કે આ આજ્ઞામાર્ગનું નિશ્ચયથી આરાધન કરવાથી, પ્રભુની સતત અખંડિત આજ્ઞામાં પ્રવર્તવાથી જરૂર આ મનોરથ પૂર્ણ થવાનો છે. આ કડી આપણને આજ્ઞામાર્ગનું અપૂર્વપણું નિશ્ચયથી સમજાવી જાય છે. વર્તમાનમાં આ પદને મેળવવા જે પાંચ સમવાયની સાનુકૂળતા મળી નથી, તે પ્રભુની આજ્ઞાએ સતત વર્તવાથી સાનુકૂળતા થવાની જ છે અને પૂર્ણ શુધ્ધ થઈ એ મહાપદના અનુભવી થવાનો અપૂર્વ અવસર આવવાનો જ છે એવું શ્રધ્ધાન આ કાવ્યની અંતિમ કડીમાં વ્યક્ત થતાં મંદિર ઉપરના કળશ જેવી શોભા આપે છે. આમ આ અદ્‌ભુત કાવ્ય ચોથાથી ચૌદમા ગુણસ્થાન સુધીનો આજ્ઞામાર્ગે શ્રી રાજપ્રભુએ વિકાસ કરવા ધાર્યો છે તેનું સુંદર, સાનુભવ વર્ણન કરે છે.

ૐ શાંતિઃ

'ભાવ પુરુષાર્થ' કરવો. સાંસારિક કર્મોનાં કારણે દ્રવ્ય પુરુષાર્થ શક્ય ન હોય ત્યારે પણ છૂટવા માટે ભાવ પુરુષાર્થ કરતા રહેવો એ કર્તવ્ય છે. છૂટવાના ભાવ સતત કરતા રહેવા એ જીવના હાથમાં છે, તેના પર કોઈનો પણ કાબૂ હોઈ શકે નહિ. એ પુરુષાર્થ કરવાની આઝાદી જીવ પાસે છે, માટે 'ભાવ પુરુષાર્થ' સતત ચાલુ રાખવો.

# પરિશિષ્ટ ૧

# શ્રી કેવળીપ્રભુનો સાથ (ભાગ ૪) – પ્રકરણ ૧૫માંથી

# અપૂર્વ અવસરની કડી – ૨૦

શ્રી અરિહંતપ્રભુ મુક્તિસુંદરીને વરવાના માર્ગના પ્રણેતા છે. તેઓ દેશકાલીન સત્ય તથા સર્વકાલીન સત્યને પાંચ સમવાયની અપેક્ષાથી એકત્રિત કરી, મુક્તિમાર્ગનો સંદેશો ૐ ધ્વનિના આધારે લોકમાં પ્રસારિત કરે છે. તેની વિસ્તરણા એવી હોય છે કે જેટલા કાળ માટે એ તીર્થંકર પ્રભુનું શાસન ચાલવાનું હોય એટલા કાળ માટે એ માર્ગમાં આજ્ઞારૂપી ધર્મ તથા આજ્ઞારૂપી તપનો આજ્ઞારસ 'રસ' રૂપે રહે છે, જેનાથી મહાસંવરના માર્ગને આદરવા જ્યાં નિર્જરા વધારે થતી હોય ત્યાં સંવર પૂરાય છે, અને જ્યાં સંવરની માત્રા વધારે હોય ત્યાં નિર્જરાની પૂરવણી થાય છે. આ સંવર સાથે નિર્જરાનું ભળવું અથવા નિર્જરા સાથે સંવરનું ભળવું એ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ પ્રમાણે ફેરફાર પામતા રહે છે. એ આજ્ઞારસ શ્રી અરિહંતપ્રભુનાં કલ્યાણનાં પરમાણુઓમાં આજ્ઞારસરૂપે ત્યાં સુધી રહે છે કે જ્યાં સુધી એ માર્ગનું કાર્યકારીપણું એ અરિહંતપ્રભુ દ્વારા સક્રિય રહેવાનું હોય. આ રસ પ્રભુનાં તીર્થંકર નામકર્મનાં ધ્રુવબંધીપણાને લીધે સતત બંધાયા કરે છે, અર્થાત્ આવા આજ્ઞારસની ઉત્પત્તિ પણ તીર્થંકર નામકર્મ નિકાચીત થયા પછીથી ધ્રુવબંધી થઈ જાય છે.

શ્રી અરિહંતપ્રભુ તીર્થંકર નામકર્મ નિકાચીત કર્યા પછી જેટલા અંશે પૂર્ણ આજ્ઞામાં રહે છે, તેટલા અંશે તેમની રત્નત્રયની આરાધના પંચપરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓ સાથે સુમેળ પામે છે, અને એટલી વિશેષ માત્રામાં કલ્યાણનાં પરમાણુઓ તેમનો આત્મા ખેંચી શકે છે. પૂર્ણ આજ્ઞામાં રહીને, જો

અરિહંતપ્રભુનો આત્મા મહાસંવરના માર્ગે તીર્થંકર નામકર્મ બાંધે છે તો એમનાં નામકર્મનાં પરમાણુઓનો આશ્રવ વધારે સકામ થાય છે. જેટલો સકામ આશ્રવ વધારે તેટલો વિશેષ આજ્ઞારસ તેમાં ભળે છે. આજ્ઞારસ જેટલો વધારે ભળે તેટલા વધારે કલ્યાણનાં પરમાણુઓ સઘન થાય છે. આ પરમાણુઓની સઘનતા જેટલી વિશેષ, તેટલા પ્રમાણમાં તેનો આશ્રવ કરનાર જીવ પર મહાસંવરના માર્ગનું સિંચન યોગ્યતાએ થતું જાય છે. અને આ સિંચન તે જીવને વિશેષ વિશેષ અપ્રમાદી બનાવવામાં કારણભૂત થાય છે. શ્રી અરિહંતપ્રભુનું અપ્રમાદીપણું જેટલું વિશેષ તેટલું વિશેષ તે કાળના જીવોનું પુરુષાર્થીપણું. એવી જ રીતે આ વિશિષ્ટ માર્ગનું વિશેષપણું તથા વિસ્તૃતપણું હોય છે. આ કાર્યથી એ ભાવિ અરિહંતને એમના કેવળીગમ્ય પ્રદેશો અને રુચક પ્રદેશો પાસેથી સહેલાઈથી શ્રુતજ્ઞાન મળે છે, સાથે સહજતાએ પણ મળે છે. આ દાન ખૂબ જ વિશાળ, ગંભીર અને ગુપ્તજ્ઞાનનું દાન છે, તે ઉપરાંત તેનાથી તે આત્માના સર્વ પ્રદેશો પર શ્રી પંચપરમેષ્ટિ ભગવંતનાં કલ્યાણનાં પરમાણુઓનો એક અપૂર્વ થર જામતો જતો હોય છે. જ્યારે એ આત્મા એક બાજુથી તીર્થંકર નામકર્મ બાંધે છે ત્યારે બીજી બાજુથી એ જ સમયે એ આત્મા શ્રી પંચપરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓના સ્કંધમાં પોતાના આજ્ઞારસને ભેળવીને એ સ્કંધોને જગતમાં વહેતા મૂકે છે. આવી અપૂર્વ પ્રક્રિયા કરવાને લીધે એ આત્માને મધ્યમથી વિપુલ ચાર જ્ઞાન પૂર્વ ભવમાં પ્રગટ થાય છે. આ ચાર જ્ઞાનની સહાયથી એ આત્મા શુક્લધ્યાન અથવા ઊંડા ધર્મધ્યાનમાં નિસ્પૃહતાથી જાય છે. એ ધ્યાન પ્રતિ એમનો લોભ અથવા તો સુખબુદ્ધિ બહુ જ અલ્પ અગર નહિવત્ હોય છે. તે કારણથી તેમને જ્ઞાનદર્શનનો ઊઘાડ વિશેષ થાય છે, વાણીની શુદ્ધિ મળે છે, જેમકે મૌખિક વચન કે લખાણની અભિવ્યક્તિ સિદ્ધહસ્ત રહે છે, છઠ્ઠા ગુણસ્થાને પરમ વીતરાગદશા આવે છે, અનાહદ નાદ અને ૐ ધ્વનિની વિશેષ સિદ્ધિ પ્રગટે છે, પરમ વિનયની પ્રાપ્તિ થાય છે વગેરે અનેક સિદ્ધિઓ મળે છે.

આ ઉપરાંત એક ગુપ્ત છતાં અતિસુંદર આંતરસિદ્ધિ પણ મળે છે. એ જીવ જ્યારે જ્યારે મહાસંવરના માર્ગે ધર્મધ્યાન અગર શુક્લધ્યાનમાં જાય છે ત્યારે ત્યારે તેના રુચક પ્રદેશ, નિત્યનિગોદમાંથી નીકળતી વખતે તેના રુચક પ્રદેશની જે આકૃતિ હોય તે આકૃતિમાં ગોઠવાઈ જાય છે. તેની સાથે સાથે તેના કેવળીગમ્ય પ્રદેશોની આકૃતિ પણ એ જ જાતની રચાય છે. એટલે કે તેમનાં ધ્યાનમાં રુચક પ્રદેશ અને કેવળીગમ્ય પ્રદેશથી બનતી આકૃતિઓ સમાન આકારની થાય છે. આમ થવાથી તેના રુચક પ્રદેશો કેવળીગમ્ય પ્રદેશોને અતિ શુધ્ધ જ્ઞાન તથા દર્શન (જે શ્રી સિધ્ધપ્રભુ પાસે અનુભવમાં છે અને શ્રી કેવળીપ્રભુ પાસે શ્રુતરૂપે છે) નું દાન કરે છે. આ વચનનું રહસ્ય એમ સમજવું કે શ્રી સિદ્ધપ્રભુને એવાં શુધ્ધ જ્ઞાનદર્શન અનુભવમાં છે કે જેનાથી તેમને અક્ષય સ્થિતિ મળી છે. વળી સિદ્ધપ્રભુના અન્ય ગુણો કે જે શ્રી અરિહંતપ્રભુમાં અનુભવરૂપે નથી, પણ અપેક્ષાએ શ્રુતરૂપે છે (જે ગુણો તેમને સિદ્ધ થયા પછી મળવાના છે) તેનું દાન મળે છે. આવા જ્ઞાનદર્શનનું દાન રુચક પ્રદેશો કેવળીગમ્ય પ્રદેશોને આપે છે.

જ્યારે ભાવિ તીર્થંકર પ્રભુનો જીવ ધ્યાનમાંથી બહાર નીકળી સ્વઉપયોગમાં આવે છે, ત્યારે તેમના કેવળીગમ્ય પ્રદેશો, પોતાના અશુદ્ધ પ્રદેશોને આ જ્ઞાનદર્શન દાનરૂપે આપે છે. આ દાનના પ્રભાવથી એ જીવ રત્નત્રયની આરાધના વિશેષતાએ કરી કેવળજ્ઞાનને નજીક લાવે છે.

જેમણે તીર્થંકર નામકર્મ બાંધ્યું ન હોય તેવા જીવ મહાસંવરના માર્ગને આરાધતા હોવા છતાં, તેમના રુચક પ્રદેશો અને કેવળીગમ્ય પ્રદેશોથી બનતી આકૃતિ સમાન થતી નથી. પરિણામે એ રુચકપ્રદેશો કેવળીગમ્ય પ્રદેશોને જ્ઞાનદર્શનનું યથાર્થ દાન આપી શકતા નથી. તેના અનુસંધાનમાં એ કેવળીગમ્ય પ્રદેશો અશુદ્ધ પ્રદેશોને જ્ઞાનદર્શનનું યથાર્થ દાન કરી શકતા નથી. તેટલા પ્રમાણમાં તેની રત્નત્રયની આરાધના અશુધ્ધ

રહે છે. આ સ્થિતિનું વર્ણન ગુપ્તતાએ શ્રી રાજપ્રભુએ અપૂર્વ અવસરની નીચેની કડીમાં કર્યું છે,

"જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ પણ તે શ્રી ભગવાન જો,
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો."    અપૂર્વ ૦ ૨૦

અહીં 'શ્રી સર્વજ્ઞ' એટલે કેવળીગમ્ય પ્રદેશો અને 'શ્રી ભગવાન' એટલે રુચક પ્રદેશો તથા રુચક પ્રદેશો પાસેથી આ અપૂર્વજ્ઞાન પામેલા કેવળીગમ્ય પ્રદેશો એમ અર્થ લઈ શકાય. આ વાણી માત્ર અનુભવથી એટલે કે ચેતન દ્વારા જ ચેતનને મળી શકે છે. આ ગુપ્ત જ્ઞાનદર્શન રુચક પ્રદેશથી કેવળીગમ્ય પ્રદેશોને અને કેવળીગમ્ય પ્રદેશોથી અશુધ્ધ પ્રદેશોને માત્ર અનુભવ દ્વારા જ મળે છે. આ અનુભવ જીવને ત્યારે જ થાય છે કે જ્યારે તેના આત્માને પરમાર્થિક સિદ્ધિ મળી શકે તેમ હોય.

# પરિશિષ્ટ ૨

## શ્રી કેવળીપ્રભુનો સાથ (ભાગ ૪) – પ્રકરણ ૧૫માંથી

## અપૂર્વ અવસરની કડી – ૨૧

જીવ જ્યારે શ્રી સત્‌દેવ તથા સદ્‌ગુરુનાં જ્ઞાન અને દર્શન કરતાં તેમને વર્તતાં શુભ અને શુદ્ધ ચારિત્રનો ભક્ત થાય છે, ત્યારે તે સત્‌દેવ અને સદ્‌ગુરુનાં આજ્ઞારૂપી તપ પ્રત્યે ભક્તિ કરે છે. આમ થવાથી, જીવના જે આઠ શુદ્ધ રુચક પ્રદેશ છે તે સતત પૂર્ણ આજ્ઞારૂપી ધર્મમાં આરૂઢ હોય છે, તે પ્રદેશો જ્યારે સત્‌દેવ કે સદ્‌ગુરુનાં આજ્ઞારૂપી તપને જુએ છે, અનુભવે છે ત્યારે તેના અશુધ્ધ પ્રદેશો પણ તે તપ માટે સહજતાએ અહોભાવ વેદે છે, આ અહોભાવ માનરહિત હોય છે. પરંતુ એ જીવ જ્યારે સત્‌દેવ અને સદ્‌ગુરુના આજ્ઞારૂપી ધર્મને જુએ છે ત્યારે આવો ધર્મ મારામાં પણ ક્યાંક રહેલો છે એવી સુક્ષ્મ લાગણી તે વેદે છે અને તેથી ધર્મ માટેનો તેનો અહોભાવ માન સહિત થાય છે. આ પરથી સમજાય છે કે આજ્ઞારૂપી તપ સર્વ પ્રદેશવર્તી થાય તે પછીથી તેનામાં સમાનતાની લાગણી આવે છે. અને આજ્ઞારૂપી ધર્મ માત્ર આઠ પ્રદેશવર્તી હોવાથી જીવ અપ્રગટપણે સમાનતા અનુભવી શકે છે. આમ થવાનું બીજું કારણ એ પણ ગણી શકાય કે આઠ શુધ્ધ પ્રદેશો આજ્ઞારૂપી ધર્મને પ્રત્યેક સમયે પૂર્ણ જ્ઞાનમયતા, પૂર્ણ દર્શન અને પૂર્ણ વેદકતામાં અનુભવે છે, પરંતુ આજ્ઞારૂપી તપનો ઉપયોગ તે જીવ અવ્યાબાધ સુખને મેળવવા માટે કરે છે. આથી આજ્ઞારૂપી ધર્મનું પ્રમાણભાન (Ratio) પ્રત્યેક સમયે આજ્ઞારૂપી તપ સાથે ૩:૧ નું થાય છે.

બીજી અપેક્ષાએ આજ્ઞારૂપી ધર્મ શુધ્ધાત્માનાં જ્ઞાન, દર્શન તથા વેદકપણાનું કારણ થાય છે, તેથી શુધ્ધ પ્રદેશોનું (રુચક પ્રદેશોનું) આજ્ઞારૂપી વર્તુળ (Aura) અશુધ્ધ પ્રદેશોનાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને વેદનીય કર્મના ક્ષય માટે કારણરૂપ બને છે. આજ્ઞારૂપી તપથી અવ્યાબાધ સ્વરૂપ પ્રગટ થાય છે, તેથી શુધ્ધ પ્રદેશોનું આજ્ઞારૂપી તપનું વર્તુળ (Aura) મોહનીય કર્મના ક્ષય માટે કારણભૂત થાય છે. માટે જે ભક્તિમાર્ગનો ધ્રુવકાંટો આજ્ઞારૂપી તપ છે, તે માર્ગથી મોહ (અર્થાત્ માન) નો ક્ષય થાય છે, અને જે ભક્તિમાર્ગનો ધ્રુવકાંટો આજ્ઞારૂપી ધર્મ છે એ માર્ગથી જ્ઞાનાવરણ તથા દર્શનાવરણનો ક્ષય થાય છે. પહેલા માર્ગમાં ચારિત્રની ખીલવણીથી જ્ઞાનદર્શનનો ઊઘાડ થાય છે, ત્યારે બીજા માર્ગમાં જ્ઞાનદર્શનના ઊઘાડથી ચારિત્રની ખીલવણી થાય છે. આમ ભક્તિમાર્ગમાં બે ફાંટા પડે છે, તેનાં કારણથી જીવની પૂર્ણતા અને સિદ્ધિમાં તફાવત પડે છે.

ભક્તિમાર્ગના બે ફાંટામાંથી મોટેભાગે જીવ એકને અપનાવે છે, જ્વલ્લે જ જીવ બંને માર્ગ સાથે અપનાવે છે, ભક્તિમાર્ગે જતા જીવમાંથી મોટાભાગના જીવો જ્ઞાનદર્શનની વિશુદ્ધિ કરતાં કરતાં ચારિત્રની ખીલવણી કરતા હોય છે. અર્થાત્ તેઓ બીજો ફાંટો અપનાવે છે કેમકે તેમ કરવાથી તેમનો માનભાવ પોષાતો હોય છે. આ માનભાવના પોષણ માટે જીવે પોતે જ્ઞાન મેળવવા માટે મહેનત કરવાની રહે છે; તેથી આવા જીવો ક્ષમાપના કરવા પર વિશેષ ભાર મૂકતા હોય છે. વિરલા જીવો જ ભક્તિનો પહેલો માર્ગ સ્વીકારતા હોય છે, તે માર્ગથી તેઓ ચારિત્રની ખીલવણી કરવા પર ભાર મૂકે છે. આવા વિરલા જીવોને જ્ઞાન તથા દર્શનની ખીલવણી મુખ્યતાએ દાનરૂપે અથવા સહજતાએ મળે છે. તેઓ પ્રાર્થના કરવા પ્રતિનું વલણ લઈ, તેના પર ભાર મૂકે છે. પરિણામે તેમની પ્રગતિ ઘણા ઘણા વેગથી થાય છે. આવા જીવો જ્યારે આજ્ઞામાર્ગમાં આગળ વધે છે ત્યારે તેઓ પૂર્ણ આજ્ઞા, પરમ આજ્ઞા, નિર્ગ્રંથ માર્ગ, નિર્વાણ માર્ગ અને પરિનિર્વાણ માર્ગમાં સહજતાથી જઈ શકે છે, અને જાય છે. આનું

મુખ્ય કારણ એ છે કે કેવળજ્ઞાન મેળવ્યા પછી બધાજ આત્માઓ આ માર્ગ સ્વીકારે છે. તેથી જ્યારે આવા વિરલા જીવોને આ શુધ્ધ માર્ગનું સાતત્ય (consistency) રહે છે ત્યારે તેઓને શક્લધ્યાનમાં સંસારી પુણ્યને કેવળજ્ઞાન પહેલાં ભોગવાય તેવા પરમાર્થ પુણ્યમાં અને તે પરમાર્થ પુણ્યને કેવળજ્ઞાન પછી ભોગવી શકાય તેવા પરમાર્થ પુણ્યમાં ફેરવવાનો અવકાશ મળે છે, કારણ કે જે ચારિત્રનું પાલન કેવળજ્ઞાન પછી અનિવાર્ય છે, તે જ ચારિત્ર તેમને કેવળજ્ઞાન લેતાં પહેલાં જ ખીલી જાય છે.

આ અપૂર્વ માર્ગમાં સત્દેવ, સત્ધર્મ અને સદ્ગુરુ પ્રતિનો વિનયભાવ વધુમાં વધુ ખીલતો હોવાથી શ્રી પંચપરમેષ્ટિ ભગવંતના નિસ્પૃહ કલ્યાણનાં પરમાણુઓ વધુમાં વધુ માત્રામાં જીવ ગ્રહણ કરી શકે છે. જેના લીધે તેનો માનભાવ સતત ઓગળતો જાય છે, અને અન્ય જીવોની સરખામણીમાં તેનો માનભાવ અતિ અલ્પ રહે છે. આ માર્ગમાં ચાલતા જીવોને ક્ષપક શ્રેણિમાં જવાનું અભયવચન મળે છે; અને સિદ્ધિ મેળવ્યા પહેલાં જ પંચપરમેષ્ટિપદમાં સ્થાન મેળવવાની તેની સંભાવના થાય છે, એટલું જ નહિ પણ પંચપરમેષ્ટિપદની શ્રેણિમાં પણ અગ્રસ્થાને રહેવાની તેની શક્યતા વધી જાય છે.

શ્રી પંચપરમેષ્ટિ ભગવંત પણ આ રીતે મુક્તિનો માર્ગ ભક્તિમાર્ગથી મેળવે છે. આ માર્ગમાં સર્વ જીવાત્મા માટે કલ્યાણના ભાવ કરવાનો તથા કલ્યાણ કરવાનો અવકાશ સૌથી વિશેષ રહેલો છે. તેથી પંચપરમેષ્ટિ ભગવંતો મુખ્યતાએ ભક્તિમાર્ગથી જ આગળ વધતા હોય છે, તેની સાથે તેઓ કેટલીકવાર જ્ઞાનમાર્ગ તથા ક્રિયામાર્ગનો સથવારો પણ લેતા હોય છે.

શ્રી તીર્થંકર પ્રભુના આત્માનો વિકાસ પણ ભક્તિમાર્ગના બે ફાંટામાંથી એકને અનુસરીને થતો હોય છે. ચારિત્રની ખીલવણીને પ્રાધાન્ય આપી પહેલો પ્રકાર સ્વીકારનાર શ્રી તીર્થંકર પ્રભુને સમકિત અને કેવળજ્ઞાન વચ્ચે ઘણો ઓછો કાળ ગાળવાનો વખત આવે છે, કેમકે ચારિત્રની વિશુદ્ધિથી સંવર

તથા નિર્જરા બંને જોરદાર રીતે તેમને થતાં રહે છે. ત્યારે જ્ઞાનદર્શનની ખીલવણીથી ચારિત્ર ખીલવવાનો બીજો માર્ગ સ્વીકારનાર તીર્થંકર પ્રભુને સમકિત તથા કેવળજ્ઞાન વચ્ચે અપેક્ષાએ વિશેષ લાંબો ગાળો પસાર કરવો પડે છે, કેમકે ચારિત્ર પહેલાં ખીલતાં જ્ઞાનદર્શનને કારણે અમુક માનભાવ તથા સુખબુદ્ધિને કારણે આવતાં આવરણો કાઢતાં વિશેષ કાળની જરૂર પડે છે.

કોઈ અપવાદરૂપ તીર્થંકર પ્રભુ બંને માર્ગે ચાલે છે. ઉદા. શ્રી કૃપાળુદેવ. એમના આત્માએ બીજા માર્ગનું અમુક અશુદ્ધિથી પાલન કરીને ઉપશમ શ્રેણિ અનુભવી. તે વખતે તેમના આરાધ્યદેવ હતા શ્રી મહાવીર પ્રભુ. એ જ આત્માએ શ્રી રાજપ્રભુના ભવમાં પહેલા માર્ગનું આચરણ કરી, બીજા માર્ગની સહાયતા લઈ, એ જ જન્મમાં કેવળ લગભગ ભૂમિકા સુધીનો વિકાસ કર્યો હતો. આવી બેવડી મહેનતના ફળરૂપે રાજપ્રભુનાં જીવનમાં એમનાં જ્ઞાનદર્શન તથા ચારિત્રની ખીલવણી વાયુવેગે થયેલ હતી. વળી, પુણ્યકર્મનું વિશિષ્ટ પરિણમન કરી તેમણે દેવલોકનો ભવ પણ કુદાવી દીધો. ક્ષાયિક સમકિત લીધા પછી એમનામાં પહેલા માર્ગનું મહાત્મ્ય વિશેષતાએ પ્રગટ્યું હતું. જે એમણે ‘શ્રી સદ્‌ગુરુ ભક્તિ રહસ્ય’ (વીસ દોહરા)માં ગુપ્ત રીતે સમજાવ્યું છે. ‘યમ નિયમ’ કાવ્યમાં પણ આ ભાવની ઝાંખી જોવા મળે છે – “પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસે, સબ આગમ ભેદ સુઉર બસે.” આ ભાવના વધતાં વધતાં એટલી તીવ્ર અને તીક્ષ્ણ બની કે એમના આત્માએ સર્વ માર્ગની જાણકારીને (બીજા માર્ગના આધારે) અપૂર્વ રીતે શ્રી પ્રભુની આજ્ઞાની પ્રસાદીમાં પરિણમાવી.

“એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથ રૂપ જો,
તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો.” અપૂર્વ ૦ ૨૧

અપૂર્વ અવસરની આ કડીમાં શ્રી રાજપ્રભુએ બીજા માર્ગની જાણકારીને (હે જીવ! ક્યા ઇચ્છત હવે, હૈ ઇચ્છા દુ:ખ મૂલ, જબ ઇચ્છા કા નાશ તબ મિટે અનાદિ ભૂલ) અપૂર્વ આરાધનથી પહેલા માર્ગમાં પરિણમાવવાની પ્રક્રિયાને ગુપ્તપણે સમાવી છે.

ચારિત્રની ખીલવણીરૂપ પહેલા માર્ગની સમજણ (પ્રેમ, શ્રદ્ધા, અર્પણતા અને તાદાત્મ્યભાવ) તેમને તેમના પરમ આજ્ઞાંકિત સખા પ.પુ. સૌભાગભાઈના આરાધનનાં અવલોકનથી મળી હતી. એમને મળેલી બીજા માર્ગની આજ્ઞાને કારણે એમણે છ પદનો પત્ર (આંક ૪૯૩) પ્રભુશ્રી માટે લખ્યો હતો. એ જ ભાવને વધારે ગૂઢ કરીને, સૂક્ષ્મ કરીને, પરમ આજ્ઞાની પ્રસાદીરૂપે છ પદના પત્રને પહેલા માર્ગમાં (ચારિત્રની ખીલવણીની પ્રધાનતાના માર્ગમાં) ગૂંથીને, પૂર્ણ આજ્ઞારૂપ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં પરિણમાવ્યો છે. આ શાસ્ત્ર, ક્ષપક શ્રેણિએ જતાં પહેલાં જે પરિપૂર્ણ વીતરાગમય સ્થિતિ આત્મા અનુભવે છે, એ માટે જે શુદ્ધિ, આજ્ઞા, ચારિત્ર, જ્ઞાન, દર્શન અને વીર્ય સ્ફૂરાયમાન થાય છે તે સ્થિતિના અનુભવમાં તરબોળ એવા વિરલા આત્માના ચારિત્ર સ્ફૂરિત ભક્તિમાર્ગની સુંદર પ્રસાદી છે. આ માર્ગની જાણકારીનું જે ઋણ તેમણે લીધું હતું તેનો ગુપ્ત અહોભાવ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં વર્ણવાયેલો છે.

# પરિશિષ્ટ ૩

# શ્રી કેવળીપ્રભુનો સાથ (ભાગ ૪) – પ્રકરણ ૧૭માંથી અપૂર્વ અવસરની કડી – ૨૧

શ્રી ૐ રૂપી પૂર્ણાતિપૂર્ણ આજ્ઞાના ધારકની પરમ પૂર્ણ આજ્ઞાથી ‘ૐ ગમય આણાયં, આણયં ગમય ૐ’ નો ઊંડાણથી વિચાર કરીએ તો તેમાંથી એક અપૂર્વ ભેદ સમજાય છે. શ્રી તીર્થંકર પ્રભુ પૂર્ણ થયા પછી, કલ્યાણનું કાર્ય ૐના માધ્યમથી જ કરે છે. તે શ્રી પ્રભુનાં આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપનાં પુરુષાર્થનું સિંચન બતાવે છે. આ ૐરૂપ કલ્યાણમય વાણી જ્યારે છદ્મસ્થ જીવો, તેમાં પણ ખાસ કરીને છદ્મસ્થ પરમેષ્ટિ ઝીલે છે ત્યારે તેમના આત્માની અંદર એ ૐમાંથી સ્ફૂરિત થતી એક અપૂર્વ આજ્ઞા ઉપજે છે. એ આજ્ઞાનું મહાત્મ્ય એ છે કે એ આજ્ઞા પાંચ સમવાયને અવધારી, આત્મિક શુદ્ધિથી પરમાર્થિક સિદ્ધિના ધ્યેયને સર્વોત્કૃષ્ટ શુદ્ધિથી સર્વોત્કૃષ્ટ સિધ્ધિના ધ્રુવસ્થાન સુધી વિકસાવે છે. એ આજ્ઞાને જે જીવો યથાર્થરૂપે ઝીલે છે તે સર્વ જીવો પંચ પરમેષ્ટિ પદમાં સ્થાન પામે છે.

આમ ‘ૐ ગમય આણાયં’ એટલે શ્રી તીર્થંકર પ્રભુની ૐમયી વાણીમાં જે જીવો આજ્ઞાને જુએ છે, જાણે છે, અવધારે છે, એ જ આજ્ઞા એમને ‘ૐ’માં લઈ જાય છે. ‘આણાયં ગમય ૐ’ પરથી એક ગુપ્ત ભેદરહસ્ય શ્રી પ્રભુની કૃપાથી પ્રાપ્ત થાય છે કે પંચપરમેષ્ટિ ભગવંતના ૧૦૮ સ્થૂળ ગુણો છે. પણ એ ગુણોની પાછળ જો આત્મિક શુદ્ધિનો વિચાર કરીએ તો જણાય છે કે એ સર્વ જીવો શ્રી તીર્થંકર પ્રભુની ૐમયી વાણીમાંથી આજ્ઞાતત્ત્વને શોધી, જાણી, અવધારી એ પોતાનાં કર્મબંધનનાં પાંચ કારણોને માત્ર પરમાર્થલોભ પ્રતિ અનુસરાવે છે. આથી આ વિરલા જીવોને શ્રી પ્રભુ પરમ ઈષ્ટ તરીકે

ઓળખાવે છે. આ પરથી જણાશે કે પંચપરમેષ્ટિ ભગવંત એ શ્રી તીર્થંકર પ્રભુની ૐરૂપી આજ્ઞાની પર્યાયો છે. એ પર્યાયોને જો એકરૂપ કરીએ તો તીર્થંકરપણું પ્રગટી જાય છે. આ ભાવનું વેદન એ સર્વ પરમેષ્ટિ ભગવંત છઠ્ઠા સાતમા ગુણસ્થાને ઉત્તરોત્તર વધતા ક્રમમાં કરે છે. પણ ભાવિ તીર્થંકર આ ભાવને અતિ ઉત્કૃષ્ટપણે અપૂર્વ પુરુષાર્થ સાથે છઠ્ઠા સાતમા ગુણસ્થાને વેદે છે. આથી એ ભાવ એમની અંદર એક ૐરૂપી અનાહદ નાદનું વર્તુળ એમના કેવળીગમ્ય પ્રદેશો, શુધ્ધ પ્રદેશોની આજ્ઞા લઈ પ્રવર્તાવે છે. આ વર્તૂળથી એ ભાવિ તીર્થંકરના અશુધ્ધ પ્રદેશ પર, આજ્ઞારૂપી ધર્મ તથા આજ્ઞારૂપી તપની વર્ષા થાય છે. આ વર્ષાને લીધે એ અશુધ્ધ પ્રદેશો એમનાં સ્વચ્છંદ અને પ્રમાદને ત્યાગી કષાયની મંદતા તથા પરમાર્થ લોભને ઉત્કૃષ્ટતાથી વેદે છે. આ પુરુષાર્થને લીધે એ આત્માનો અનાહદ ધ્વનિ ૐરૂપે અનાહદપણું અનુભવે છે. આ ૐરૂપ અનાહદ ધ્વનિમાં પૂર્ણ પરમેષ્ટિ પરમાણુનું સિંચન થાય છે.

આ પ્રક્રિયાનો વિચાર કરતાં 'અનાહદ ધ્વનિ' ક્યારે ઊઠે તેનો લક્ષ આવે છે. જ્યારે આત્મા અનાહદ આજ્ઞાને ૐ અનાહદ આજ્ઞામાં પરિણમાવે એટલે કે એમના કલ્યાણભાવથી એ પૂર્ણ પરમેષ્ટિ પરમાણુનો આહાર કરી એ પરમાણુઓને અનાહદ ધ્વનિમાં કવચરૂપે પરિણમાવે કે જેથી એ અનાહદ ધ્વનિની આજ્ઞા પૂર્ણમાંથી પૂર્ણાતિપૂર્ણ રૂપે પરિણમતી જાય. આ ૐ ધ્વનિથી એ જીવ લોકકલ્યાણની ભાવના વધારે છે. અને વીતરાગતાના ચડતા ક્રમમાં સ્થિર થતો જાય છે. આ અનુભવ સર્વ છદ્મસ્થ પરમેષ્ટિને થાય છે.

શ્રી તીર્થંકર પ્રભુને નામકર્મ બાંધ્યા પછી આ અનુભવ થાય છે. ગણધર પ્રભુને પણ નામકર્મ બાંધ્યા પછી આવો અનુભવ થાય છે. બીજા સર્વ પરમેષ્ટિને એમનું પદ ઉદયમાં આવ્યા પછી જ આ પ્રક્રિયા થાય છે. આપણને જિજ્ઞાસા

જરૂર થાય કે તીર્થંકર તથા ગણધરને નામકર્મ બાંધતાની સાથે આ પ્રક્રિયા કેમ ચાલુ થતી હશે! શ્રી પ્રભુ આપણને જણાવે છે કે એ બંને આત્માઓ લોકકલ્યાણની ભાવના પાંચ સમવાયના ખંડન વગર કરે છે; એટલે કે તેઓ આ પાંચ સમવાયને પ્રાધાન્ય આપી પોતાના કર્તાપણાના ભાવને આજ્ઞાધીન બનાવે છે. એ બે મહાત્માઓ વચ્ચે ફરક એ છે કે શ્રી તીર્થંકર પ્રભુ કાળને પ્રાધાન્ય આપીને કલ્યાણભાવ વેદે છે, અને શ્રી ગણધર પ્રભુ ભાવને પ્રાધાન્ય આપીને કલ્યાણભાવ વેદે છે. જ્યાં કાળને પ્રાધાન્ય અપાય છે ત્યાં તેઓ પોતે કલ્યાણભાવને ધરનાર જીવોની શક્તિને લક્ષમાં રાખી કલ્યાણભાવને ખેંચે છે, તેઓ ભાવથી નિસ્પૃહ હોય છે. ગણધર પ્રભુ ભાવમાં સસ્પૃહ છે, એ કારણે તેઓ પોતાના લોકકલ્યાણના ભાવને પ્રાધાન્ય આપે છે. તે પરથી પૂર્ણ પરમેષ્ટિ પરમાણુના આહાર, વિહાર અને નિહારની પ્રક્રિયા સમજવાનું સુગમ થાય છે.

આ પ્રક્રિયા સમજવામાં સુગમ થઈ છે, કેમકે શ્રી પૂર્ણ રાગરહિત ૐના પૂર્ણ આજ્ઞારૂપ સર્વ ૐની આજ્ઞા મળી છે, શ્રી દેવેશ્વેર પ્રભુની દૈવી ઈશ્વરતાનો પરમ સાથ મળ્યો છે, અને શ્રી વજ્રસ્વામીરૂપ પરમ પ્રેમની મૂર્તિ અને ભાવિ તીર્થરૂપના ૐના આજ્ઞાંકિત સાથરૂપ આત્માનુબંધી યોગ સક્રિય થયો છે.

એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથ રૂપ જો.
તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો. — અપૂર્વ અવસર.

અપૂર્વ અવસરની આ ચાર પંક્તિઓમાં શ્રી રાજપ્રભુએ આ માર્ગ ઘણી ગંભીરતાથી, અતિ ગૂઢરૂપે અને સુંદરતાથી સમાવ્યો છે. એમની જ કૃપાથી અને આજ્ઞાથી આ રહસ્યરૂપ ભેદજ્ઞાન શબ્દ દ્વારા પ્રગટ કરીએ છીએ. આ જ્ઞાન

અતિ સૂક્ષ્મ અને તીક્ષ્ણ છે, તેથી તે જેટલા ઊંડાણથી અને સૂક્ષ્મતાથી સમજાશે તેટલું કલ્યાણકારી નીવડશે.

શ્રી પંચપરમેષ્ટિના પૂર્ણ કલ્યાણપરમાણુનું બંધારણ કેવી સુંદર રીતે થાય છે, તે આપણે વિસ્તારથી જોયું. હવે, આ પરમાણુઓને કેવી રીતે આપણા તરફ ખેંચીને સ્વીકારીએ, તેનું સંક્રમણ કરી નિર્જરા રૂપ બનાવીએ તે વિચારવાનું છે. ટુંકાણમાં આ શુધ્ધ પરમાણુના યોગ્ય આહાર, વિહાર અને નિહાર માટે જીવે શું કરવું જોઈએ, કેવા ભાવ કે ગુણ કેળવવા જોઈએ કે જેથી આ પરમાણુઓ અસ્ખલિતપણે આપણા તરફ આવ્યા જ કરે, આનો લક્ષ કરવાનો છે.

કોઈ પણ પરમાણુના આહાર, વિહાર કે નિહાર કરવા માટે જીવે અમુક વિશિષ્ટ ભાવ કરવાના રહે છે, નરસા પરમાણુ ગ્રહણ કરવા માટે ખરાબ ભાવ કે વિભાવ કરવા પડે અને શુભ કે શુધ્ધ પરમાણુ મેળવવા માટે સારા ભાવ કે સ્વભાવ પ્રેરિત ગુણના ભાવ કરવા જોઈએ. પૂર્ણ પરમેષ્ટિ પરમાણુ મેળવવા માટે જીવે મુખ્યતાએ ચાર ગુણનો આશ્રય લઈ શુધ્ધ ભાવ કરવા ઘટે. આ ચાર ગુણો તે સરળતા, ભક્તિ, વિનય અને આજ્ઞા.

સરળતા એટલે જે વસ્તુ જેમ છે તેમ સત્ય સ્વરૂપે, અન્ય વિભાવ કર્યા વિના સ્વીકારવી કે માન્ય રાખવી. ભક્તિ એટલે જેના (ઇચ્છિતના) ચાહક છે એ પદાર્થ, વ્યક્તિ કે આત્મા, અગર સંજોગો પ્રતિ અહોભાવરૂપ નિર્માની ભાવ. વિનય એટલે એ પદાર્થ, આત્મા કે સંજોગના સ્થૂળ અગર સૂક્ષ્મ પર્યાયોને ઓળખી એના મૂળ ધર્મને ધર્મરૂપે સ્વીકારવો. અને આજ્ઞા એટલે એ પદાર્થ, આત્મા કે સંજોગ પ્રતિ, પોતાના સર્વ યોગ અધ્યવસાય રૂપ અભિસંધિજ વીર્યને, કોઈ પણ અભિલાષા કે અપેક્ષા વિના અર્પણ કરી દેવા. આ ચારે ભાવ શ્રી રાજપ્રભુએ ઘણી સુંદર છતાં ગુપ્ત રીતે અપૂર્વ અવસરની છેલ્લી કડીમાં નિરૂપ્યા છે.

"એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં" — આ પંક્તિ વાંચતા જ સમજાય છે કે તેમણે પરમપદ – સિધ્ધપદ મેળવવાનું લક્ષ બાંધ્યું છે. આ પરમપદ મોક્ષમાર્ગની આરાધના કરવાથી મેળવી શકાય છે, એટલે કે આત્માને પરમાત્મા કરવા માટે મોક્ષમાર્ગની જરૂર છે, જે શ્રી તીર્થંકર પ્રભુની ૐરૂપ દેશનામાંથી પ્રાપ્ત થાય છે. આ સર્વ પ્રક્રિયાનો સમાવેશ આ પહેલી પંક્તિમાં થયેલો છે, જે આપણને સરળતાના ગુણની સમજણ આપે છે. જે પદ જેમ છે તેમ સ્વીકારી, સમભાવે રહેવાની વૃત્તિનો પડઘો અહીં આપણને સંભળાય છે. જે પરમપદ — મોક્ષપદ છે તે સત્ય છે, તે મેળવવાનું લક્ષ મેં બાંધ્યું છે. આ ભાવમાં સરળતાનો ગુણ સ્પષ્ટપણે અનુભવાય છે.

"ગજા વગર ને હાલ મનોરથ રૂપ જો" આ લીટીમાં સરળતાથી જોયેલા મોક્ષમાર્ગને આરાધવા માટે પોતાના વીર્યની અપૂર્ણતાનો સ્વીકાર દેખાય છે. છતાં તે પદ મેળવવાની તમન્નાને લીધે, જેના આધારે આ પદ મેળવી શકાય છે તેમના પ્રતિનો ભક્તિપૂર્ણ ઝોક અહીં જણાય છે, અને તેની સ્પષ્ટતા આ પછીની પંક્તિમાં થાય છે.

"તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો" આ વિધાનથી, પોતાનાં હીનવીર્યની પૂર્ણ સભાનતા હોવા છતાં પ્રભુ કૃપાથી આ માર્ગે સફળતા મળવાની જ છે તેવો રણકાર અને નિર્ણય અનુભવવા મળે છે. અને એ દ્વારા સરળતાભરી ભક્તિ ઉચ્ચસ્વરૂપ પ્રાપ્ત કરે છે, ત્યારે તેમાં વિનય કેવી ઉત્તમતાએ વ્યક્ત થાય છે તેનું બળવાન દૃષ્ટાંત આપણને મળે છે.

"પ્રભુ આજ્ઞાએ થાશું તેજ સ્વરૂપ જો" આ ચોથા ચરણમાં સરળતાવાળી ભક્તિને કારણે વિનય સક્રિય બનતાં આજ્ઞાનો સાથ કેવો અનિવાર્ય છે તે સ્પષ્ટપણે સમજાય છે. જ્યારે જીવ સરળતાભરી ભક્તિથી વિનયી થઈ પ્રભુની આજ્ઞામાં લીન થઈ સતત વર્તતો રહે છે ત્યારે તે 'તે જ સ્વરૂપ' અર્થાત્ પોતાનું મૂળ રૂપ અગર 'તેજ સ્વરૂપ' અર્થાત્ તેજોમય આત્મસ્વરૂપની પ્રાપ્તિ

થાય છે, આ નિશ્ચય રાખી, એ જ રીતે વર્તવાનો નિર્ણય આ પંક્તિમાં જોવા મળે છે.

આમ તો આ ચારે પંક્તિઓ એકરૂપે વિચારીએ તો સરળતા, ભક્તિ, વિનય તથા આજ્ઞા એ ચારે ગુણો એકરૂપ બની સર્વત્ર વેરાયેલા છે. પરંતુ ગુણોની વિશેષ સમજણ માટે પંક્તિદીઠ ગુણોની સમજણ લીધી છે.